The Plague. With the advent of the wet season, we have rumours of plague, as well as actual cases. We must once more draw the attention of our Indian friends to the letter we published in these columns, addressed by the Health Officer for the Borough of Durban. We cannot but think that this is an opportunity for the Indians to show their capability, and it is for the leaders to come forward and appeal to the rank and file with reference to strict observance of sanitary regulations. The plague is undoubtedly the offspring of poverty and filth. We know that the poorer class of Indians are not in a position to do all that may be necessary. They may not, for instance, be able to have well-ventilated rooms or houses situated in healthy localities, but when allowance has been made for all these things, there is undoubtedly a great deal that can be done by proper co-operation and gentle coaxing, and we hope that the community will rise to the occasion and take the necessary precautions. We would, at the same time, draw the attention of our esteemed Health Officer to the condition of the Western Vlei and the Eastern Vlei. These two spots require immediate attention, and with them the Indians are unable to deal. It is for the Town Council to take heroic measures, and either permanently mend the two places or end them. They are, anyway, a reflection on the premier borough in South Africa. The disquieting news from Johannesburg, too, should place us on our guard, and we have no doubt that the British Indians there will do their duty, and assist the authorities in every possible manner to prevent a repetition of the outbreak that took place last year. We are informed that the attention of the authorities has been more than once drawn to the state of the Malay Location, and although it is kept by the inhabitants in a very good condition, whilst the houses are well-built, the fact that practically the whole of the Indian population of the burnt-down Location is now concentrated in the Malay Location should not be lost sight of, and the Town Council of Johannesburg will not be able to free itself from blame if the plague unfortunately breaks out in the Location. It has, certainly, hitherto failed in its duty to provide permanent shelter for those who were dispossessed on the burning of the Indian Location, and, as the custodian of the public health, it will have failed in its duty still further if it neglect to remove the pressure on the Malay Location.

Indian Traders in Potchefstroom.

A Strong Rejoinder.

(FROM OUR SPECIAL CORRESPONDENT.)

A statement was published, some time ago, regarding the number of Indian stores in Potchefstroom, and one of the delegates at the National Convention, warming to his task, with much gusto informed his hearers that there were 64 Indian stores in Potchefstroom. After very careful examination, I am now in a position to give chapter and verse in contradiction of that statement. There are only 22 Indian merchants trading in Potchefstroom, whose names I give below, and there are three more trading outside the town proper. I have also secured the names of those who were trading in Potchefstroom before the War, with or without licences. There were, *before the War*, in all 28 British Indian storekeepers. Thus, so far as the town limit, apart from the Location, is concerned, there are really, in Potchefstroom, at present only 22 British Indian storekeepers, instead of 28 before the war, and there are at least 100 European shops in Potchefstroom, these last figures being a considerable increase upon the pre-war numbers. The figures given above speak for themselves. Comment is needless.

Names of existing British Indian firms in Potchefstroom:—

Amod Moosa Cassim, Mahomed and Moosa, Mahomed Essack Chodri, Abdool Rahman, E. M. Patel, E. D. Bobert, M. E. Nanabhay, Abdoola Hajee Khan Mahomed (2), Hassen Tayob, Hassen Hajee Khan Mahomed, Ebrahim Amejee, Abdool Gane H. S. Mahomed, Essop Mahomed, Abdool Gane Joomun, Ayob Jeva, Hajee Ebrahim Jan Mahomed, Cassim Rajab, Hoosen Mahomed, E. S. Nuva, A. M. Patel, Moosa Hassen, Ebrahim Suliman.

Keshub Chunder Sen.

(By N. N. Ghose, Esq., Bar.-at-Law, F. R. S. L.)

(From *Unity and the Minister*, Nov. 20, 1904.)

In the article which I contributed last year to this paper, I said: "Keshub Chunder Sen is seen at his best, in the perfection of his glory, in the fulness of his intellectual and spiritual powers, in the latest years of his life. . . . By observation and reflection he discovered the virtue of yoga, and came to understand the yogi. The formulæ of Vedic worship and Vedantic Philosophy revealed their meaning to his ripened mind. By inner experience he came to realise the possibility and the value of Inspiration; and he was able to read in a new light the life and teachings of the great religious teachers of the world. The conflict, or even the diversity, of religions appeared to his instructed vision as a delusion. All Religions he saw were one, even as God Himself was one. The paths were different, but the goal was the same. . . . He saw a meaning in Forms and Ceremonies." In the same article I expressed the regret that Keshub Chunder Sen passed away in the fulness of his powers, before he had done more to spread the new light.

It is unfortunate, not only that Keshub Chunder Sen passed away before he had done more to spread the new light, but that the light itself was mistaken for a will-o'-the-wisp by so many of his followers, who, in consequence, repudiated his leadership and seceded from his party. No one was better fitted to proclaim the new gospel, to interpet and vindicate it to the classes that had come under the rationalistic influences of English education. Ramkrishna Paramhansa had already been inculcating it by parables and in an easy conversational way, to a miscellaneous group that was attracted to him. A little later, Pundit Bijaya Krishna Goswami, once a disciple of Keshub Chunder, was communicating similar truths to men, mostly Hindus, to whom his personality was a fascination. Several English-educated men came under the influence of these teachers and were profoundly affected by it, but neither of them commanded the respect of the educated classes generally to anything like the extent that Keshub Chunder Sen did. Nor did they know so well as Keshub Chunder how to reach the mind or the heart of those classes. His disciples had not his plasticity or openness of mind, and when he proclaimed his ideas, subsequently known as the New Dispensation, several of them mistook their own narrowness for superior wisdom and consistency, and regarded him as one misguided, suffering from an aberration or a weakening of the brain. They went further. When he spoke of being the recipient of *adesha* or Inspiration, they looked upon him very much in the same light in which so many English writers have regarded Mahomet, either as a maniac subject to delusions, or as a positive, pretentious impostor. His catholicity in religion, his idea of the Harmony of Religions, they regarded as a compromise with error. They held themselves to be the sole possessors of truth, and they could not permit their leader to dally with other systems of faith, or to recognise in them any substratum of truth. The new revelation, of which he claimed to be a possessor, was, in their judgment, only an instance of a relapse, a back-sliding. Keshub Chunder Sen lived to discover that his older teaching, if it had bred some sort of a faith, had bred more of scepticism and self-sufficiency. He was unable to slay the Frankenstein he had raised. He was overthrown.

It takes time for a creed to spread. It can only be regretted that Keshub Chunder did not live long enough to spread the new creed,—a creed new to him and his party, but by no means new in this country. As I have said already, nobody could have done it more effectively among the classes known as "Young Bengal". Those, however, who had willingly sat at his feet, to imbibe lessons in criticism and pick holes in the logical garments of the traditional religions, rebelled against him when he announced the conquests he had made in the field of spiritual truth by the newly-opened spiritual eye. The blind cannot always implicitly believe in the seer. Keshub as a seer could not be trusted by all of those who had so long cheerfully accepted his metaphysics, his logic, his iconoclasm. No wonder. Men who have never realised God may be forgiven if they take anybody to be a charlatan who professes to have realised Him. *Adesha*, or Inspiration, must appear as a morbid fantasy to one to whom God is only a hypothesis, a possibility, an inference, a latent force, a suggestion of the order of nature, an unknown and unknowable something. To one who has realised God as a near and friendly Personality, as an ever-present guide and companion, who listens and speaks, Inspiration is real as life. There is abundant evidence that it is no hallucination. Whether it comes from without, or is the voice of the indwelling Divine soul rendered articulate, there it is;—a fact that is undeniable, a fact that is confirmed by circumstances and verified by results, a fact that no psychic law can explain. It comes only to the pure, tranquil, devout mind. It is a direct proof at once of the existence of God and of His relations with man, offered, not to convince the sceptic, but to heal and guide the faithful, pious, and reverent soul. It comes not to the man proud of his intellect or purse, but to the humble, unsophisticated soul, to the guileless shepherd, the simple fisherman, the carpenter, the untutored village maiden, to the man in deep distress, who, losing all trust in himself and abandoning all hope of help from man, looks upwards for relief. It comes in different ways to different men, asleep or awake; comes sometimes as a message for a great purpose, sometimes as a guidance in a trivial matter of individual [illegible]. Blessed are they who can receive it. Every one who says he has received it is not an impostor or the victim of a delusion. When Keshub Chunder Sen received his inspirations he had spiritually progressed, not declined.

(To be continued.)

Coloured Immigration.

A propos of the extreme resolutions which were carried at the Asiatic Convention recently held in Pretoria, it is noteworthy that the Australian Commonwealth Government has found itself oblig d to relax the stringent provisions of the Immigration Act which it had such a difficulty some months previously in inducing the Imperial Government to sanction, it being a measure specially directed against one particular class of the Empire's subjects. This, therefore, is not the only portion of the British Dominions in which the vexed question of "colour" has arisen to cause trouble and threaten a difference with the Home Country. One of the main planks of the so-called "Liberal" party in the Commonwealth Parliament was the highly sentimental one of a "White Australia". Regardless of all possible conflicting Imperial interests, in season and out of season, this cry was advocated *ad nauseam*, and to the verge of fanaticism. Complications might arise; but that was naught in the eyes of the selfish advocates of the "White Australia" policy. Eventually, these views so far gained currency as to find embodiment in the statute book. The Postal Act was passed, with the reluctant concurrence of the Imperial Government, containing a clause prohibiting the execution by the Government of a contract for the conveyance of mails by any shipping-company employing other than exclusively white crews. This was followed by the Immigration Act, which laid an embargo upon all coloured persons desirous of entering the Commonwealth, be they British subjects or otherwise. Thus the fulfilment of a "White Australia" policy seemed an accomplished fact.

The folly of the former restriction was soon apparent. All the steamship companies plying between Great Britain and Australia employ coolies in the stoke-holes and engine-rooms of their steamers. Consequently, upon the expiration of the existing mail contracts with the Orient and the P. and O. Steam Navigation Companies, respectively, no companies were available to contract under the new legislation. What was to be done? The mails had to be carried. As the steamship com-

panies would not modify the personnel of their crews to suit the vagaries of an "extremist" Government, the latter had to resort to the "poundage" system. In other words, the mails had to be carried as ordinary cargo, subject to the usual regulations anent thereto, and upon payment of the ordinary rates for freight. The obvious outcome of this was three-fold. The mails continued to be conveyed by precisely the same steamship companies as hitherto; these companies received far more for the conveyance of the same by the "poundage" rate than by virtue of a subsidy under the contract system: they were, moreover, free from the rigid and frequently irksome provisions regarding times of departure and arrival, etc.

Admittedly, the enactment remained—and still remains—upon the statute book, but only as a monument of asinine stupidity, and as an emblem of how little an Act of Parliament can actually do. Not one coolie less or one white man more is employed by virtue of this enactment, the only result of which, so far as the Commonwealth is concerned, is that the mails are now carried when and how the shipping companies please, and at a greater cost to the Commonwealth Government. One of the two enactments referred to having absolutely proved a practical failure, the other is now confessedly a partial failure, inasmuch as its provisions have to be very considerably modified. In future, the Indian trader, student, and tourist may visit Australia (temporarily, at least) without restriction, upon production of a passport from the Indian Government, the Immigration Act to the contrary notwithstanding. Extreme and Utopian legislation is never a success, and seldom attains the object at which it aims. We have dwelt upon two pertinent cases in point, from which the citizens of the Transvaal might well learn a lesson.—*Transvaal Leader.*]

Indians in the Transvaal.

It is not surprising to find that the British Indians resident in the Transvaal are greatly concerned about the resolutions passed at a recent Convention at Pretoria. The British Committee of the Congress have received a telegram from Johannesburg, giving particulars of a crowded meeting held in that city to protest against the proposed regulations. "I understand that it has been decided to appeal direct to the Colonial Office for a public enquiry into the allegations made against the Indian community. It is evident that they will have to fight hard if they are going to retain any of their rights as British subjects. The Colonists don't want them at all, and they will do their best either to drive them out altogether or to reduce them to a condition little better than that of Chinese slaves on the Rand. I cannot believe that the British nation, when it knows the facts, will permit this injustice to be done. The action of Australia and the Transvaal with respect to our Indian fellow-subjects is a sad commentary on the boasted Imperialism of the Colonies. It is an Imperialism which begins and ends with their own miserable selves."

The friends of India in this country who belong to the Liberal party (as nine-tenths of them do) are in a somewhat painful dilemma upon a subject which will affect particularly our South African colonies and the Indians residing there. As Liberals, we are, of course heartily in favour of conferring the most ample means of self-government upon the Transvaal and the Orange River Colony as soon as possible. But we cannot conceal from ourselves the fact that the first use which will be made of the powers thus conferred will probably be in the direction of committing two very illiberal acts, especially in the Transvaal. The new Government, however representative it may be, will, it is to be feared, confirm the Chinese labour ordinance, and at the same time carry out a policy of rigid repression and exclusion with regard to the Indian immigrants.

I merely state the problems here. I make no attempt to discuss them, because I do not at present see wherein the solution lies. Both subjects will present enormous difficulty [illegible] the next Liberal Government, who will want all their statecraft to deal with them satisfactorily. The unreasonable decisions of the Convention just held at Pretoria show unmistakeably which way the wind is blowing in South Africa.—London Correspondent of the *Advocate*, Lucknow.

The Hoondamal Case.

Appeal Before the Town Council.

A special meeting of the Durban Town Council was held, on the 24th inst., for the purpose of hearing an appeal against the Licensing Officer's decision upon the application of Hoondamal for a wholesale and retail licence for premises in Durban. The Mayor (Mr. J. Ellis Brown) presided, and the other members present were Mr. J. F. Ferguson (Deputy-mayor), the Hon. R. Jameson, and Messrs. H. Ramsay Collins, P. Chappe, A. G. L. Houghting, and Holmes, with the Town Clerk (Mr. W. Cooley) and the Assistant Town Clerk (Mr. W. Henderson). Mr. Molyneaux, the licensing officer, was also present. Mr. W. Nicolson (Shepstone, Wylie & Binns) was for the applicant.

The licensing officer gave his reasons for his refusal of the licence, it being shown that a letter, read by the applicant's solicitor, asking for a licence for the West Street premises, had been written after the licence had been refused on the application for premises unspecified.

The Mayor held that there was no case for appeal before the Council, and that a fresh application for a licence would have to be made, specifying the premises for which the licence was required.

A Philosophic Radical View.

Negro and Chinese Problems.

London, Jan. 19 (Special).

Mr. John Morley, M.P., in a speech last night, devoted his remarks chiefly [illegible] the impressions derived from his recent visit [illegible] the United States and Canada. He said that America would soon have to face the problem of its enormous black population. That was a retribution following a wrong. Africans were imported to America much as the Chinese are being brought to South Africa. It might be 50 or 100 years before Heaven sent in the bill, but what sort of harvest could be expected when the foundations of a State were laid on an inferior civilisation? We were, by the importation of Chinese, changing the foundation of the State in South Africa. Some day the whites would have [illegible] pay the penalty following the wrong now being perpetrated.—*Natal Mercury.*

Indians on the Mines.

These mine cases leave a detestable flavour in the mouth, and a vigorous purging is necessary, which can only be done by a strict impartial enquiry. Wealth and poverty must be treated alike, and justice, that quality on which we as Britishers pride ourselves, must be shown, in order that the idea of fostered slavery may once and for all be removed from the minds of the public. —*Ladysmith Gazette.*]

Ourselves.

The *Natal Mercury* refers to the Indian Opinion in the following terms:—

"We congratulate the proprietors of Indian Opinion upon the improved appearance of their newspaper. In its present form it is altogether attractive, and the type is large and distinct. As regards the subject matter, we can only repeat what we have said before, that the articles are well written by thoughtful and well-informed writers, and if we disagree with their opinions, we always respect them as the honest convictions of men who write from the Indian point of view. There is always something well worth reading in the English language, but we must confess our inability to criticise what is written in Gujarati, Hindi, and Tamil."

A Local Scandal.

Church for Coloured People.

Boksburg Protests Unheeded.

The announcement that the Government intended to reserve Stands 1456-7-8, in Leeuwpoort Street, as a site for a church for coloured people brought forth a strong protest from the townspeople and the Town Council, but apparently all to no purpose. The following letter from the Town Clerk to the Secretary of the Boksburg Ratepayers' Association explains the position:—

Sir,—Referring to your letter of the 23rd December last, forwarding resolution passed by the Committee of your Association upon the subject of the reservation by the Government of Stands 1456-7-8, Leeuwpoort Street, as a site for a church for coloured people, I have the honour to inform you that my Council, at its meeting held on 21st December last, resolved that the Mayor formally protest against the action of the Government in this matter. My Council has now done all that it possibly can do to urge upon the Government the undesirability of granting Stands in this town for such a purpose, and especially seeing that no coloured people are living in our midst, the necessity for a church for them is not apparent.

Notwithstanding the strongest possible protests which have been made by my Council since the 22nd March last, the reservation of the stands in Leeuwpoort Street has been gazetted, and it would now appear that the only recourse is for the public to supplement the action of the Council by resolution, taken at a public meeting, to be [illegible] to the Government.—*East Rand Express.*

Notes and News.

NEWCASTLE LICENCES.—We regret that, through inadvertence, we stated that Mr. R. C. Roberts was the licensing officer for Newcastle. The town should have been Harding.

"THE PSYCHOLOGY OF THE BHAGAVAD GITA."—Readers of the above lecture, which appeared in our issues, numbered 23, 24, 26, 27, 28, and 29, will be interested to know that these numbers can be obtained at the office of the International Printing Press.

THE KING'S BIRTHDAY.—Our Potchefstroom correspondent informs us that a letter has been received by the Secretary of the British Indian Association of Potchefstroom, from the Colonial Secretary's Office, conveying the thanks of His Majesty the King-Emperor for the telegram of congratulation addressed to the Lieutenant-Governor of the Transvaal on the occasion of the King's Birthday.

AT THE DISTRIBUTION of prizes at the Pachaiyappah's College, Madras, the Trustees of the College announced that an Indian lady of the Vaisya community had left property worth one lakh of rupees for religious and education charities in aid of their community.—*Indian People.*

EDUCATION, from the point of view of public health, must aim at nothing less than the creation of national habits of hygiene. The formation of character is the true aim of education, and in public health, character means habits of cleanly, sanitary, and simple living.—*Lancet.*

A COMMITTEE has been appointed by the Lieutenant-Governor of Bengal to consider a letter from the Government of India on the subject of the establishment of a School of Mines in Bengal, and some proposals in regard to practical instruction being given in mining in mines districts.—*Indian People.*

THE COLONIES are independent nations, which yield us nothing but the name of Empire, and with which we have no concern beyond occasionally appointing their ornamental governors. But India not only pays the whole cost of her own administration, but is a productive power, which pays England splendid dividends.—Mr. J. M. Maclean, in the *South Wales Daily News.*

INDIAN WINS COBDEN PRIZE.—The Cobden Prize for 1904, at Cambridge University, has been won by an Indian, Manohar Lal, B.A., of St. John's College. The examiner states that the essay of Mr. D. H. MacGregor, B.A., Trinity College, is worthy of special mention. The title of Mr. Manohar Lal's essay is "The Causes and Effects of Combinations, and Suggestions as to Legislative Control". The Cobden Prize is awarded once in three years, and is offered by the Committee of the Cobden Club.—*Reynolds' Newspaper.*

LEADERS OF RESEARCH.—The British Association may be described as the organisation of democratic science. Its leaders are among the leaders of of research and thought; but its special object is to propagate interest in science and sympathy with scientific methods among people who lack the leisure, if they do not lack the ability also, to be scientists themselves. It makes known to all manner of men the latest discoveries of research, and discloses to the great world the position which scientific questions hold in the minds of the learned men who are engaged in grappling with them. One specially admirable feature of its work is that it is so far from quenching the smoking flax that it makes the quenched flax smoke again.—*South African News.*

INDIAN MAILS.—The Natal Direct Liner *Umfuli*, sails for Calcutta and Madras, transferring passengers at Colombo for Bombay, on or about 5th Feb. The *Umkuzi* is expected to arrive from India on or about the 7th prox., and the *Umhlali*, on or about the 9th. Messrs. King & Sons, West Street, Durban, are the Agents. The British India Liner, *Loodiana*, is due on or about the 3rd or 4th prox., and will sail for Bombay direct via Delagoa Bay, on or about the 8th or 9th. Messrs. W. Dunn & Co., Commercial Road, Durban, are the Agents. Mr. Dada Abdoola, is the Local Indian Passenger Agent.

INDIA AND THE COLONIES.—The Colonial Office issued, a few days ago, particulars of a new and interesting scheme designed to give to the school children of the United Kingdom better knowledge of the Colonies, and to give to the school children of each Colony better knowledge of the United Kingdom and of "other parts of the Empire." . . . . Colonial ignorance of England, and English ignorance of the Colonies are knowledge and wisdom compared with English ignorance of India. Why should not the India Office send round an army of Indian lecturers, with lantern slides, to tell the truth about India to English school children?—*India.*

THE UNIVERSITY OF OXFORD has accepted Mr. Alfred Beit's offer to found in it a Professorship of Colonial History. What interests us most is the anxious care with which Mr. Beit, in making his offer, went out of his way again and again to exclude India from the scope of the new professorship. Remembering the fortunes of British Indian citizens in the Colonies, and especially in those Colonies with which Mr. Beit has been specially associated, we do not deny that it would have been quite too grim a jest to include India among the territories that are to exhibit to the annual essayist "the advantages of Imperial citizenship."—*India*

Manager's Notice.

The International Printing Press has been removed to Phoenix. The Management beg to advise their clients and advertisers in the INDIAN OPINION, that their communications will receive prompt attention. The Durban Office for receiving printing orders, subscriptions to the INDIAN OPINION, &c., will still be at 113 Grey Street. All postal communications should be addressed: The International Printing Press, Phoenix.

ઇંડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૩. ફીનીક્સ—શનીવાર, તારીખ ૨૮ મી જાનેવારી, ૧૯૦૫. અંક ૪.

અઠવાડિક પંચાંગ.

ખ્રસ્તી—તા૦ ૨૮ જાનેવારીથી, તા૦ ૩ ફેબ્રુવારી સુધી, ઈ૦ સ૦ ૧૯૦૫.

હીંદુ—પોષ વદ ૮ થી, પોષ વદ ૧૪ સુધી, સંવત ૧૯૬૧.

મુસલમાની—તા. ૨૧ મા જીલ્કાદથી, તા. ૨૭ મા જીલ્કાદ સુધી ૧૩૨૨ હીજરી.

વાર.	ખ્રીસ્તી તારીખ	હિંદુ તીથી.	મુસલમાની તારીખ	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની...	૨૮	૮	૨૧	૫ ૨૨	૬ ૫૫
રવી...	૨૯	૯	૨૨	૫ ૨૩	૬ ૫૫
સોમ...	૩૦	૧૦	૨૩	૫ ૨૪	૬ ૫૫
મંગળ	૩૧	૧૧	૨૪	૫ ૨૫	૬ ૫૪
બુધ...	૧	૧૨	૨૫	૫ ૨૬	૬ ૫૪
ગુરૂ...	૨	૧૩	૨૬	૫ ૨૭	૬ ૫૩
શુક્ર...	૩	૧૪	૨૭	૫ ૨૮	૬ ૫૩

નાતાલ ડાઇરેક્ટ લાઇન ઓફ સ્ટીમર્સ

સ્ટીમર "અમ્રુલી" તા. ૫ મી ફેબ્રુવારી ડરબનથી ઉપડી પરબારી કોલંબો થઈ કલકત્તા ઉપડશે, ખાસ ખબરને વાસ્તે તેઓના એજંટો ડીંગ અને સન્સ, ડરબન, કેસલ બીલ્ડીંગ વેસ્ટ સ્ટ્રીટમાં, તપાસ કરવી અથવા તે લખવું. કોલંબોથી સ્ટીમરો બદલશે.

બ્રિટીશ ઈંડીઆ સ્ટીમ નેવીગેશન કંપની.

દરેક માસ ગોવા, મુંબાઇ તરફ જાય છે ને ડેલાગોઆબે, બેરા, અને ઝાંઝીબાર આગળ બંદર કરે છે.

વધારે ખબરને વાસ્તે ડબલ્યુ. કન, અને કંપનીને ત્યાં તપાસ કરવી.

ઠેકાણું કમરશિઅલ રોડ, ડરબન.

નોટીસ.

અમારા ઘરાકોને તથા વાંચનારાઓને ખબર આપવામાં આવે છે કે અમારું પ્રેસ ફીનિક્સ લઈ જવામાં આવ્યું છે અને ઈંગ્રેજી નોટીસ પ્રમાણે ઠેકાણું કરવાથી તેમના પત્ર ઉપર પુરતું ધ્યાન દેવામાં આવશે.

ઈંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા૦ ૨૮ જાનેવારી ૧૯૦૫.

મરકી.

વરસાદની ઋતુ શરૂ થઈ ચુકી છે. તેની સાથે પ્લેગની અફવા સંભળાય છે અને તેના સાચા કેસ પણ થયેલા છે. થોડા વખત અગાઉ અમારા પત્રમાં બહાર પડેલા ડરબનના હેલ્થ ઓફીસરના પત્રપર અમારે અમારા હિંદી ભાઈઓનું પુરી ધ્યાન ખેંચવું જોઈએ. અમારા ધારવા પ્રમાણે હિંદીઓએ પોતાની લાયકાત જણાવવાની આ ખરેખરી તક છે; અને આગેવાનોએ આરોગ્યતાના નિયમો સખત રીતે જાળવવા માટે દરેક હિંદીવાનને સમજુતી આપવા આગળ પડવું જોઈએ. દરિદ્રતા અને અસ્વચ્છતાથીજ આ પ્લેગની ઉત્પતિ છે એમાં શક નથી. અમે જાણીએ છીએ કે ગરીબ વર્ગના હિંદીવાનોની આવે વખતે અગત્યનું કરવાની સ્થિતિ નથી. દાખલા તરીકે તેઓની કોટડીઓ હવાની આવજાવવાળી હોવાનું અથવા તો તે સઘળાઓના ઘર આરોગ્યતાવાળી જગ્યામાં હોવાનું તેઓનાથી બની શકે નહિ; પણ આ વાતને બાજુએ મુકી એક સંપથી અને નરમાશ ભરેલી સમજુતી કરવાથી ઘણું કામ થઈ શકશે એમાં શંકા નથી. અમે આશા રાખીએ છીએ કે જાતીભાઈઓ આ સમયે જાગૃત થઈ અગત્યનાં પગલાં લેશે. તેમજ વળી અમારે અમારા માનવંતા હેલ્થ ઓફીસરનું ઉત્તર આંધ પુર્વભાગ તરફ ધ્યાન ખેંચવું જોઈએ. આ બે જગ્યાઓપર પુરતું ધ્યાન આપવાની જરૂર છે. હિંદીવાનો તે બાબતમાં નિરૂપાય છે. આ બન્ને જગ્યાઓને હમેશને માટે સુધારવાના અથવા તો નાબુદ કરવાના હિંમત ભરેલાં પગલાં લેવાં એ ટાઉન કાઉન્સિલની ફરજ છે. નહિ તો સાઉથ આફ્રિકાના મુખ્ય શહેરોપર તે કોઈ દીવસ ચેપ લગાડનાર થઈ પડશે. જોહાનેસબર્ગથી મળેલા અત્રાંતીના ખબરથી આપણે ચેતવું જોઈએ અને અમને ખાત્રી છે કે ગયા વરસમાં પ્લેગ ફાટી નીકળેલ હતું તેમ આ વખત ન થવા દેવા ત્યાંના હિંદીવાનો પોતાની ફરજ બજાવશે અને સત્તાવાળાઓને મદદરૂપ થશે. અમને ખબર મળ્યા છે કે ત્યાંના મલાય લોકેશનપર સત્તાવાળા સખ્ત નજર રાખે છે અને તેના વસનારાઓએ પણ તેને સારી સ્થિતિમાં રાખેલ છે. ત્યાંના જેવું સારી વ્યવસ્થાના છે. બાળી નાખેલાં લોકેશનની બાજુ વસ્તી આ મલાય લોકેશનએ આવીને વસી છે તે વાત ખ્યાલ બહાર જવી ન જોઈએ. કમનશીબે આ લોકેશનમાં મરકી થાય તો જોહાનેસબર્ગની ટાઉન કાઉન્સિલ ફરજમાંથી મુક્ત થઈ શકે તેમ નથી. જુના લોકેશનમાંથી ઘરબાર વિનાના થયેલા હિંદીઓને બદલામાં રહેવાનું સ્થાન પુરૂં પાડવાની પોતાની ફરજ તે બીલકુલ બજાવી શકી નથી. જો આ લોકેશન ઉપરથી ભાર ઓછો કરવા પર દરકાર નહિ રાખે તો સાર્વજનિકના તંદુરસ્તીના સંબંધમાં પોતાની ફરજ બજાવવામાં પાછા પડ્યા વિના રહેનાર નથી.

રૂશિયામાં ભયંકર મામલો.

રાજધાનીમાં ત્રાસદાયક દેખાવ.

ઝારનું નાસી છુટવું.

રૂશિયાની પ્રજા ઘણીજ ઉશ્કેરાઈ ગઈ છે, અને આખા દેશમાં ભયંકર મામલો મચી રહ્યો છે.

ગેપનની સરદારી નીચે આખી વસ્તીએ ભેગા મળી અરજી ઘડી છે. તે અરજીમાં ઝારપાસેથી દેશના લોકોને અમુક અમુક છુટ આપવા એવું જણાવેલું છે. તેમાં એક લાખથી વધારે માણસ જોડાશે એવું પ્રથમ ધારવામાં આવ્યું હતું. પણ પાછળથી પાંચ લાખ માણસ કરતાં પણ વધુ માણસ જોડાવાના ખબર મળ્યા છે.

ગેપન પોતાની જીંદગી જોખમમાંજ છે એવુ સમજે છે છતાં પોતાના દેશની સ્વતંત્રતાની ખાતર પોતાનો પ્રાણ અરપણ કરવા તઈયાર થયો છે.

આ બળવો ફક્ત રાજધાનીમાંજ જામી રહ્યો નથી પણ આખા દેશમાં ચારે તરફના ભાગમાં એટલે કે મોસ્કો, ઓડેસા, રીગા વિગેરે ભાગોમાં પણ ફેલાયો છે. આ સઘળા

ભાગમાંથી બુધવારે એજ વખતે ભયંકર બંડ જાગવાના ખબર મળ્યા છે

લશ્કરે બળવાખોરોપર તોપનો મારો શરૂ કરેલો છે અને તેથી સેંકડો માણસો ક્ષણમાં નજીવ થઇ જાય છે. શહેરમાં કાપાકાપી ચાલી રહી છે.

એવા ખબર મળ્યા છે કે રૂશિઅન રાજધાનીમાં રાત્રે ભયંકર અંધાર જામી રહ્યું છે. લોકો દિવસે કે રાત્રે જીવવાની આશા છોડી બહાર ફરે છે, અને મામલો દર કલાકે બારીક બનતો જાય છે.

બળવાખોરોએ સરકારી મકાન ઉડાવી દેવાની ધાસ્તી આપી છે. સરકારી અમલદારો અને કામ કરનારાઓ બાકમાં ફાવે તેમ નાસવા લાગ્યા છે.

પોલીસે સેન્ટપીટર્સબર્ગની હથીયારની બધી દુકાનો બંધ કરી હથીયાર કબજે કરેલ છે.

છાપાઓ બધા બંધ છે નોવોએ વરેમ્યા નામના મુખ્ય છાપાનું સંચાકામ બળવાખોરોએ પાયમાલ કરી નાંખ્યું છે.

ઝાર પોતાનાં કુટુંબ સહીત કોપનહેગન નાશી ગયાનું સંભળાય છે.

મુખ્ય સહેરની હાલતનું વરણન કરતાં એક ખબર પત્રી જણાવે છે કે એક ક્ષણે ચોતરફ તદન શાંતિ ફેલાયલી માલુમ પડે છે, તેવામાં અચાનક લશ્કરનું વાદળ આવી પડે છે. બંદુકોના અવાજો ઉપર અવાજો થાય છે અને એકદમ નિરદોષ પ્રાણીઓ જમીનદોસ્ત થાય છે, જેમાંનાં ઘણાક નાનાં બાળકો સ્ત્રીઓ અને જુવાન છોકરાઓ હોય છે. લોહીની નદીઓ ચો તરફ જોવામાં આવે છે.

માણસોનાં ટોળાં ઉપર તલવાર ચલાવી તેઓને કસાઇની માફક રેસીજ નાંખે છે. ટોળાંમાનાં કોઇપાસે હથીયાર હોતાં નથી. તેઓ જરા પણ સામાં થતાં નથી અને લાચારીથી મરણે વશ થઇ પોતાનો પ્રાણ ખુએ છે. થોડે થોડે અંતરે લશ્કરી ટુકડીઓ માલુમ પડે છે અને શહેર ત્રાસદાયક દીસે છે.

ટપાલની ખબર.

સ્ટીમર કમકુઝી તા. ૭ મી તથા અગ્ગી થો તા. ૯ મીના લગભગ આવી પહોંચવાની વકીરહે છે.

બ્રિટિશ ઇન્ડિઆ લાઇનની સ્ટીમર ગુર્ખા આના તા. ૩ જી કે ૪ થી ફેબરવારીએ અહિં પહોચવાની વકી છે. અને તા. ૮ મી કે ૯ મીએ ડેલાગોઆબે થઇ મુંબઇ ઉપડી જશે.

આત્મચરિત્ર.

—0—

ઓનરેબલ મી૦ દાદાભાઇ નવરોજીએ લખેલું પોતાનું જન્મચરિત્ર.

(પ્રોફેસર દાદાભાઇ નવરોજી.)

મારી બાલ્યાવસ્થામાં મારો બાપ ગુજરી જવાથી ચંદ્રમા જાણે મારી ગરીબ સ્થિતિને માટે મારી તરફ મારા બીજા મીત્રોની માફક દીલસોજીની લાગણી બતાવતો હોય એમ મને લાગતું હતું. બાળપણાની આવી મારી કલ્પના હજી પણ મને યાદ છે. મારા બાળપણમાં મારા મનમાં કોઇપણ પહેલી કલ્પના ઉત્પન થઇ હોય તો તે ફક્ત આજ છે. મારૂં રક્ષણ કરવાને ચંદ્રમા જાણે મારી પછવાડે પછવાડે ફરતો હોય એમ મને લાગતું હતું. મને આવી દયાની જરૂરીઆત મારી બાલપણમાં હતી, અને હજી પણ છે. મારો બચપણની બીજી બાબતનો ખ્યાલ જો કે મને પોતાને યાદ નથી તોપણ મારી માતુશ્રીના કહેવા પ્રમાણે એ હતો કે જ્યારે જ્યારે મને કોઇ પણ છોકરો અપશબ્દ કહેતો ત્યારે હું એટલુંજ કહેતો કે તારા અપશબ્દો તારા મહોડામાંજ રહેવાના.

નાનપણમાં હું ક્રીકેટ રમવામાં ઘણો ભાગ લેતો અને તેમાં મને ઘણો આનંદ આવતો. રમવામાં હું ચાલાક હતો અને એસપ્લેનેડ ઉપર બપોરે નિશાળેથી અરધા કલાકની ખાવાની રજા આપવામાં આવતી ત્યારે પણ અમો રમતા. મારી ગુજરાતી નિશાળમાં હું આંકમાં ઘણો હુશીયાર હતો, તેની સાથે નાનો અને દેખાવડો હોવાથી જ્યારે જ્યારે મારી ગુજરાતી નિશાળમાં કોઇપણ મોટો માણસ આવતો ત્યારે મને મહેતાજી આગળ ધરતા કેટલીક વખતે નિશાળના બધા છોકરાઓને રસ્તા ઉપર હારબંધ ઉભા રાખવામાં આવતા, મહેતાજી પલાખાં પુછતા, લોકો તે જોવાને ઉભા રહેતા અને જ્યારે જવાબો સાચા પડતા ત્યારે વાહવાહના પોકારનો અવાજ પાસે ઉભેલા ટોળામાંથી થતો

મારો ચહેરો ખુબસુરત હોવાથી વિવાહ અથવા બીજા કોઇપણ ઉત્સવને વખતે મારા પર સરવેની નજર જતી. ઇંગ્રેજ સેનાધિપતીજેવો રાજાના જેવો અથવા રાજદરબારી માણસના જેવો રેશમી ભભકાદાર પોશાક હું તે વખતે પહેરતો. પ્રેમના આવેશમાં મારા વહાલાં વડીલો મને બચીઓ કરતાં. મારા સ્વપ્નામાં પણ નહોતું કે હું મારો જુવાની અને પટપણનો વખત અંગ્રેજોના દેશમાં કાઢીશ, અને તેઓનો પોશાક ખરેખર પહેરીશ. જ્યારે જ્યારે હું ઇંગ્રેજોના રાજદ્વારી પોશાક પહેરૂં છું ત્યારે ત્યારે મને મારા નાનપણના દીવસો યાદ આવે છે. સ્વર્ગવાસી મહારાણી વીક્ટોરીઆ ઇમ્પીરીઅલ ઇન્સ્ટીટ્યુટ ખુલ્લું મુકવાની વખતે જે ડેપ્યુટેશન ગયેલું હતું તેમાં હું પણ હતો અને તે વખતે મને મારૂં નાનપણ યાદ આવેલ હતું

મારા નાનપણમાં મને ફારસી ભાષામાં લખાયેલું ફીરદૂસ પ્રખ્યા શાહનામા વાંચવા ઘણો શોખ હતો. હું તેનો ગુજરાતીમાં તરજુમા કરીને મારા પારસી ભાઇઓને વાંચી સંભળાવતો. મારે જણાવવું જોઇએ કે મારી રહેણી અને વરતનનો પાયો આવાં વાંચન ઉપરથી બંધાયલો હતો.

હું જે ગામઠી નિશાળમાં ભણતો હતો તે મહેતાજીના છોકરો એક ઇંગ્રેજી નિશાળમાં ભણવા જતો હતો આ ઇંગ્રેજી નિશાળ બ્રિટિશ સરકારના આશ્રય નીચે નેટીવ એજ્યુકેશન સભાથી ચલાવવામાં આવતી હતી. મને તે ઇંગ્રેજી સ્કુલમાં મોકલવા મહેતાજીએ મારી માતુશ્રીને સમજાવ્યું, અને તેથી ફરી મારી ભવિષ્યની જીંદગાનીનું રૂપ ફર્યું.

માણસની જીંદગાનીનો આધાર ઘણી વખત એક નજીવી બાબત ઉપર રહે છે. મહેતાજીએ તેના છોકરાને ઇંગ્રેજી નિશાળમાં ન મોકલ્યો હોત તો તે મારી માને કેવીરીતે સમજાવત ? અથવા મારી મા તેના કહેવા પ્રમાણે ન ચાલી હતતો ?

કેળવણી તે વખતે મફત આપવામાં આવતી હતી. મારે નિશાળના ફી આપવી પડતી નહોતી. હમણાં માબાપોને તેઓનાં છોકરાંને કેળવણી આપવાનો જે ખરચ કરવો પડે છે તેવો ખરચ જો મારી માને કરવો પડ્યો હોત તો મારાથી કેળવણીનો લાભ લેવાતજ નહિ.

આ બનાવ ઉપરથી મને સીદ્ધ થયું કે મફત કેળવણી આપવાથી ગરીબ અને તવંગર સરવેને સરખો લાભ મળી શકે છે. તેટલા માટે વગર પૈસે કેળવણી આપવાના રીવાજને ઉત્સાહથી ટેકો આપવાને હું આગેવાન થયો.

હું જ્યારે પંદર વરસનો થયો ત્યારે મારા મનના વિચારો દ્રઢ સ્વરૂપ પકડવા માંડ્યા અને મારૂં મન જાગૃત થયું.

ગુજરાતી અને ઇંગ્રેજી નિશાળમાં શીખ્યા પછી હું ઉંચા પ્રકારની કેળવણી લેવા સારૂં કોલેજમાં ગયો. કોલેજનો ખરચ મને સ્કોલર શીપ મળતી તેમાંથી ચાલતો. નિશાળમાં ફી આપવી પડતી નહોતી અને કોલેજમાં સ્કોલર શીપ મળતી. આ પ્રમાણે મારા નશીબનું ચક્કર મને અનુકુળ પડે તેમ ફરતું હતું.

આ વખતે હું જે જે ચોપડીઓ વાંચતો અને જેથી કરીને મારી વરતણુકનો પાયો બંધાયો અને જે મારી ભવિષ્યની કારકીર્દીને માર્ગદર્શક થઇ પડી તે તે ચોપડીઓમાં એક ", ફીરદોસનું શાહનામું " અને બીજું "ઝોરોસ્ટ્રીઅનની ફરજ " નામનું ગુજરાતી પુસ્તક હતું. આ શીવાય હું ઇંગ્રેજી ચોપડીઓ પણ વાંચતો. મારી ઇંગ્રેજી ભાષાની શૈલી "ઇંપ્રૂવમેન્ટ ઓફ ધી માઇન્ડ " નામના પુસ્તકથી સુધરી; અને આંગ્લ ભાષામાં વિચારો દરશાવવા મને વધારે સારા લાગ્યા. ઝટાદાર અલંકૃત ભાષાને મેં આ દીવસથી રજા આપી.

જેમ જેમ મારી કેળવણી વધતી ગઇ તેમ તેમ મારા વિચારો સુધરતા ગયા. મને

લાગ્યું કે હું એક ગરીબ માબાપનો છોકરો હતો, અને લોકોએ મને ભણાવ્યો. મારી ચોપડીઓ જીજી કામા નામના પૈસાદાર ગૃહસ્થ કે જે મારી સાથે ભણતા હતા અને એના વધારે પરિચયમાં ભવિષ્યમાં આવવાનું મારા નસિબમાં લખેલું હતું, તેમણે પુરી પાડયા. આવી મદદ મને નહિ મળી હોત તો મારો અભ્યાસ થઇ શકત નહિ. મને મને મળેલા લાભો માટે લોકોનેજ હું ઉપકૃત હોવાથી, તે ઉપકારનો બદલો લોક હિતકામો કરી આપવાનો ધાર્યો. અને લોકોને વાસ્તેજ મારી જીંદગી અરપણ કરવી એ મારી ફરજ છે એમ હું સમજવા લાગ્યો. આવા વિચારો જ્યારે ઉત્પન્ન થતા હતા ત્યારે મારા વાંચવામાં ગુલામોના વેપારને લગતી ઇંગ્રેજી ચોપડીઓ તથા હાવર્ડના પરોપકારી કામોની વાતો મારા જાણવામાં આવી તેથી મારા વિચારો સબળ થયા, અને મારી ભવિષ્યની કારકિર્દીનો પાયો તેજ વખતે પડી ચુકયો હતો.

જ્યારે મારો કોલેજનો અભ્યાસ પુરો થઇ રહેવા આવ્યો ત્યારે સર અરસકાઇન પેરી કે જે તે વખતે એજ્યુકેશન બોર્ડના પ્રેસીડેન્ટ હતા અને જે મારા વિષે સારો વિચાર ધરાવતા હતા તેણે મને વિલાયત કાયદાનો અભ્યાસ કરવા મોકલવાનું ધાર્યું અને વિલાયતનું અરધું ખરચ આપવાનું મને કહ્યું અને બાકીનુ ખરચ મારી પારસીકોમની પાસેથી લેવાનું કહ્યું. કેટલીક ગેરસમજને લીધે મારી કોમના આગેવાનોને એમ લાગ્યું કે કદાચ ખ્રિસ્તી પાદરીઓ મને તે ધરમમાં ફેરવી નાંખશે અને તેથી કરી તેઓએ મારી માગણી કબુલ કરી નહિ.

(અધુરૂં.)

ખબર પત્ર.

મરકી.

[અમારા ખબર પત્રી તરફથી.]

જોહાનેસ્બર્ગ, તા. ૨૩-૧-૧૯૦૫.

હું ગયે અઠવાડીએ મરકીના સમાચાર તથા તેના કેટલાક નિયમો લખી મોકલ્યો છું દરમીઆન ખબર મળ્યા છે કે ડરબનમાં છ સાત કેસ થઇ ચુકયા છે તેમાં હિંદી તથા કાફરાજ છે. આપણા લોકોમાં મરકી ફેલાતાં વાર નથી લાગતી એ દેખીતું જણાય છે. જો મરકીએ ઘર કરયું તો વળી ફરવા હરવાની મુસ્કેલી શરૂ થશે. એટલે જે નીયમો હું ગયે અઠવાડીએ આપી ગયો છું તે પાળવામા કોઇએ ચુકવાનું નથી.

જે છોકરો મરકીથી ગુજરી ગયો તેના મામા તેને જોવાને આવેલ. ધાસ્તિથી તે પ્રીટોરીઆ નાશી ગયા. પરિણામ એ આવ્યું કે તેની ઉપર વધારે ઇજા આવી. તેને તથા કુટુંબીઓને સિળી કહાડવામાં આવ્યા અને થોડા દિવસ ક્વોરન્ટાઇનમાં રાખ્યા. નાસી ન જતાં જો સત્તાવાળાઓની નજર નીચે અહીંજ રહેત તો તેને આ બધી તકલીફ નહિ પડત.

મલાઇ લોકેશનની સ્થિતિ અહીં કેટલેક દરજ્જે ઘણી ખરાબ થઇ ગઇ છે. લોકો મીચોગીચ ભરાઇ ગયા છે અને કેટલાક તો ચોખાઇ રાખવાની વાતજ સાંભળતા નથી. એક કમીટી નીમાઇ છે તે હમેશાં રાતના ઘર તપાસવા નીકળે છે. અને હવે એવો વિચાર કરયો છે કે જો તેનું લોકો નહિ માને તો સત્તાવાળાઓને ખબર આપવી. આમ કરવું તે બેશક વધારે સારૂં છે. જો હાલ તુરત આપણો કઇપણ સડો ઢાંકી રાખવામાં આવશે અને પાછળથી મરકી ત્યાં ફાટી નીકળશે તો ઇન્ડિઅન લોકેશનની માફક મલાઇ લોકેશન પણ ઉડી જશે અને આપણે હાથ ઘસતા બેસી રહેવું પડશે. એટલે હાલ જેઓ મંદવાડમાંથી નીકળવા માંગતા હોય તેઓનાં નામ જાહેર કરવાં ને તેના તેમજ બીજાના સ્વારથને સારું કડવો ઘુંટડો પાવો બરોબર છે.

અહીંના દાકતરને જો કંઇ હિંદી મરણ મરકીના ઇસ્પીતાલમાં થાય તેના ખબર તુરત આપવા લોકોને આપવા વિનંતી કરવામાં આવેલ, એ વિનંતિ તેમણે સ્વિકારી છે. આમ કરવાનો હેતુ એ છે કે લાસ મળે તો તેની પાછળ ધર્મ ક્રિયા થઇ શકે.

જાપાની વાર નરોની તવારીખ.

અમારા વાંચક વરગમાં જાપાની એડમીરલોની તવારીખ જાણવાની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ હોય એમ જણાવાથી અમો આ કોલમ તેઓના જન્મચરીત્રને માટે રાખીએ છીએ

(૧) એડમારલ ટોગો.

આ મહાન પુરૂષનું વૃતાંત અમે અમારા આગલા અંકોમાં આપી ગયા છીએ; તેથી માત્ર એટલુંજ જણાવીએ છીએ કે એડમીરલ ટોગોની સરખામણી યુરોપમાં જે જે વીરપુરૂષો થઇ ગયા છે તેમાંથી સરવેથી ચઢીઆતા નેલસનની સાથે કરવામાં આવે છે. જેમ નેલસને ૧૮૦૦ની સદીની શરૂઆતમાં નેપોલીઅન બોનાપાર્ટની ખોટિ રસ્તે દોરાયેલી આકાંક્ષાઓને ટ્રફાલગર આગળ મોટી જીત મેળવી આગળ વધતી અટકાવી હતી અને તેથી કરી ઇંગ્લંડતો શું પણ આખા યુરોપને ઉથલ પાથલ કરી નાંખવાના નેપોલીઅનના વિચારને ધકો પહોંચાડયો હતો; તેવીજ રીતે ચીન અને જાપાનની લડાઇ વખતે એડમીરલ ટોગોએ પોતાનું પરાક્રમ બતાવેલું હતું. વળી નેલસનનો મુખ્ય સિદ્ધાંત તે એડમીરલ ટોગોનો પણ છે—દેશની સેવા બજાવવી એતો દરેક માણસની ફરજ છે. અને તેમાં જીંદગી જાય તો પણ શું!—બેઉનાં પરાક્રમ સરખા છે; કારણ કે બેઉનાં સિદ્ધાંત સરખા છે. સરખા મનોબળવાળાના સરખા વિચારોનું પરિણામ સરખુંજ આવે છે. આ પ્રમાણે હોવાથી એડમીરલ ટોગોની સરખામણી નેલસનની સાથે થાય છે તેમાં જરા પણ અતીશયોક્તિ નથી. બીજું વળી નૌકાશાસ્ત્રની કેળવણી ઇંગ્લંડમાં લીધેલી હતી તેથી ખલાસીઓ કેવી રીતે કેળવાય છે તેનું તેને સારી રીતે જ્ઞાન હતું. તેજ ધોરણ તેણે જાપાનમાં દાખલ કરયું હતું.

અમારે અહીંઆ જણાવવું જોઇએ કે જાપાનના નૌકાને લગતા સઘળા અમલદારો એ યુરોપના સુધરેલા દેશની કેળવણી લેવી એ જાપાનનું ખાસ ધોરણ છે. કેટલાક અમલદારોએ પોતાની કેળવણી ઇંગ્લંડમાં લીધેલી છે તો બીજાઓએ જરમનીમાં લીધેલ છે અને કેટલાક અમેરીકામાં આવેલા યુનાઇટેડ સ્ટેટસમાં વહાણોને લગતી કેળવણી લઇ તેવા પ્રકારની કેળવણીનો લાભ જાપાનને આપે છે. આ પ્રમાણે જુદા જુદા દેશોની નૌકાને લગતી કેળવણીનું પરિણામ જાપાનની નૌકા સૈન્ય છે. તેથીજ તે રૂશિયા જેવા મોટા રાજ્યની સાથે ટક્કર લઇ શકે છે. આ બાબત જુદા જુદા અમલદારોનાં ચરિત્રો વાંચવાથી માલુમ પડશે.

(અધુરૂં.)

વીસમી હિંદી નેશનલ કોંગ્રેસ.

સર હેન્રી કાટનનુ ભાષણ.

આ ભાષણ અમે બહુ અગત્યનું માનીએ છીએ, તેથી તેનો તરજુમો નીચે આપીએ છીએ. ભાષણ આ છાપાના કદને સારૂં મોટું હોવાથી તેના વિભાગ કરવા પડયા છે.

ગૃહસ્થો અને બાનુઓ

આ કોંગ્રેસના એક માજી પ્રમુખે કહ્યું છે કે જો કોઇપણ હિંદીને મોટામાં મોટું માન આપવું હોય તો હિંદી પ્રજાના કબજામાં આ કોંગ્રેસનું પ્રમુખસ્થાન આપવું તે છે. એ માન તમે જ્યારે પરપ્રજાના માણસને આપો ત્યારે તેનું મહત્વ વધે છે. એટલે આજે તમે મને પ્રમુખપદ આપ્યું છે તેનું મને અભિમાન છે. હું જાણુંછું કે તમારા માંનાજ માણસ આ કામ વધારે સારી રીતે બજાવી શકે અને ઇંગ્રેજના કરતાં હિંદીને હિંદી કોંગ્રેસનું પ્રમુખપદ મળે તે વધારે શોભે. તેથી જ્યારે મને તમારે નામે આ પદ લેવાનું નોતરૂં મળ્યું ત્યારે મને લાગ્યું કે તમે બધાએ મને બહુજ મોટું માન આપ્યું. અને તે મેં મારી જવાબદારી ખુબ સમજીને કબુલ કરયું છે. વળી એ પ્રમાણે માન આપીને મેં જે સેવા હિંદની કરી હોય તેની તમે ખુબ જાણો છો. અને એ જોઇને હું તમારો આભાર માનું છું અને મગરૂબ પણ થાઉં છું.

કોંગ્રેસનો હેતુ.

આ કોંગ્રેસને આજ વીસ વરસ થયાં. તેનું નામ જણાવ છે ત પ્રમાણે તે દેખીતી

સાર્વજનિક છે. આપણે અહીં સાર્વજનિક કામોનું વિવેચન કરવા તથા તે પાર પાડવા એકઠા થઇએ છીએ. હું મારી સામે ઘણા સભાસદો જોઉં છું અને તે દરેક કોમ, દરેક ધંધા, દરેક દરજ્જા તથા દરેક ધર્મને લગતા છે. જો સગવડને સારૂં તમે સંખ્યાની હદ ન રાખી હોત તો તેથી પણ વધુ સભાસદ આવત. અહિં રાજ્ય પ્રકરણી કામમાં આગેવાની ધરાવતા મુખ્ય માણસો હિંદુસ્થાનના દરેક પ્રદેશમાંથી આવ્યા છે. અહિં તમે એકઠા થઇ કામ કરી શકો છો ને કરોડો માણસના વતી ચોકસ રીતે કામ કરી શકો છો. તમે કંઇ નાની સુની જગાએ નથી ઉભા. હિંદુસ્થાનની બુદ્ધિ તમે છો. તેનું મુળ તમે છો. અહિં મારી સનમુખ હું મોટી પ્રજાના પ્રતિનીધિઓને જોઉં છું. તમારી સ્થિતિ એવી છે કે જો તમારી ધારણાઓ પાર ન પડે અથવા તમારી સલાહનો રાજ્યકર્તાઓ દરકાર ન કરે તો પણ રદ થતી નથી. તમે અહિં એકઠા થયા છો તે કોણ છો? બહુ કેળવાયેલા પારસીઓ, કચ્છ, ગુજરાતના તવંગર ને ખંતીલા રહેવાસીઓ, આ મહાન શહેરના શહેરીઓ કે જેઓ પોતાના વેપાર તથા કેળવણીની ચડતીમાં મુખ્ય ભાગ લે એ છો. વળી તમારી ગયેલી કીર્તિનું અભિમાન ધરાવનારી, સ્વદેશાભિમાની અને તેજી મરાઠા તિવ્ર બુદ્ધિવાળા મદ્રાસી બ્રાહ્મણો, પેશાવરથી ચીતાગાંગ સુધી જેણે પોતાની છાપ પાડી છે એવા હુશિયાર બાબુઓને હું જોઉં છું. પંજાબ તથા મધ્ય પ્રદેશના આગેવાનોને પણ જોઉં છું. જે હિંદુધર્મની તમારી પ્રજામાં ન વર્ણવી શકાય તેવી અસર થયા કરે છે એવા હિંદુધર્મ પાળનારા હિંદુઓ તથા જે ઇસલામ ધર્મના ઝનુન, તાકાદ અને તેજ સદાય હમેશાં રહેલા છે તે ઇસલામ ધર્મના માણસોને હું જોઉં છું. આપણે આ પ્રતિનિધિઓની મંડળીમાં રાજકારભાર કેવી રીતે ચાલવો જોઇએ તે સુચવનારા વિષયો લોકો તથા સરકારની પાસે રજુ કરીએ છીએ અને તે બધા વિષયો હિંદુસ્થાનની શાહેનશાહતની રાજ્ય પ્રકરણી તેમજ પઇસા સંબંધી સ્થિતી બતાવનારા છે. એવા વિષયોનો જન્મ કાંઇ આપણી મંડળીમાં થાયછે. એવો હક આપણે ધરાવતા નથી. લોકો ને કેવી જાતના વિચાર બાંધવા જોઇએ તે બાબતની કેળવણી વરસો વરસ વર્તમાન પત્રો વડે તથા બીજા એસોશીએસનની મારફતે અપાય છે; એ બધા કામને જુદા જુદા ઇલાકાની કાઉંસિલોના સભાસદો જો કે તેઓ ને થોડી તક મળે છે તોપણ તેટલી તકનો લાભ લઇને બાબતો કરી ઉત્તેજન આપે છે. આ પ્રમાણે લોકોનો મત બંધાય છે. રાજ્ય નીતિનું ધોરણ સ્થપાય છે અને કાળે કરીને તે ધોરણ આ કામમાં આવે છે. આપણું કામ, આવી રીતે લોકોમાં જે મત બંધાયો હોય ને મત તથા ધોરણો એ આખી હિંદી પ્રજાના મત તથા ધોરણો છે, એમ બતાવવાનું છે. એવા કામને સારૂં આજે આપણે મળ્યા છીએ. અને તે ફરજ અદા કરવાને આપણાં કરતા વધારે લાયક એવી બીજી કોઇ પણ મંડળી નથી.

આગેવાનો તથા જનસમુહ.

કોંગ્રેસનું શું કામ છે તે જોઇ ગયા. મેં કોંગ્રેસને તેના જન્મ દિવસથી તે આજ લગી જોયા કરી છે. અને હું કહી શકું છું કે કોંગ્રેસે પોતાનું કામ ઘણી વફાદારીથી વિચાર સહીત અને નરમાસથી કરયું છે. તમારી તવારીખ તમને દિપાવનારી છે. અને તમે કદી સરકારના ધોરણને બાંધી શકયા ન હો તોપણ તમારા દેશની તવારીખ તથા તમારા સ્વદેશીઓ ઉપર તમે ઘણી સરસ અસર કરેલી છે. તમારી સત્તા આ દેશમાં ઘણી પ્રબળ થઇ છે અને તમારો અવાજ હિંદુસ્થાનના એક છેડાથી બીજા છેડા સુધીમાં એક રણશીંગડાની માફક જબરદસ્ત ધ્વનિ કરી રહેલો છે. તમારા મહાન આગેવાનોએ કિર્તિ મેળવી છે અને તેનાં નામ હવે પછી પણ હમેશાં યાદ રહેશે. એ બધાઓમાં સર્વોપરી તમારા માજી પ્રમુખ બુજરગ મી. દાદાભાઇ નવરોજીને ગણું છું. તેઓ સાહેબ તેની ઉત્તર અવસ્થામાં ૮૦ વરસની ઉમરે પણ અતિ મહેનતથી અને સ્વદેશાભિમાનથી તમારૂં કામ બજાવે જાય છે. જેઓ ચાલ્યા ગયા છે તેઓમાં સર્વોપરી હું મહાદેવ ગોવીંદ રાનાડેને ગણું છું. એનું ડહાપણ અતુળ હતું અને એનું મરણ આપણાથી વિસરાય તેવું નથી. મરહુમ મન મોહન ઘોસનું નામ પણ આ ઠેકાણે ભુલવાનું નથી. એની ચાતુરી અને દુન્યાદારી અકલ કિમતી હતાં. રીસેપશન કમીટીના નામાંકીત ચેરમેન સર ફીરોજશાહ મહેતા તે આપણી સાથેજ છે તેમજ આપણા પહેલા પ્રમુખ મી. ઉમેશચંદ્ર બેનરજી, મી. જસ્ટીસ બદરૂદીન તૈયબજી, મી. શંકરન નાયર, મી. રોમેશચંદ્ર દત્ત, બાબુ સુરેંદ્રનાથ બેનરજી, મી. દીનશાહ એદલજી વાચ્છા અને મી. ગોપાલ કીશન ગોખલે તે પણ આપણી સાથે છે. મારે વધારે નામ આપવાની શી જરૂર છે! એ બધા સાહેબો ઘરોઘર ઓળખાય છે. તેઓના નામ મહેલાઓમાં કે ઝુંપડાંમાં, નહિ કે માત્ર કોંગ્રેસની છાવણીમાં જ ગવાય છે. તેઓના કામને ઇંગ્લંડમાં જ કોંગ્રેસના કમીટી છે તેથી બહુ જોર મળે છે અને મી. હ્યુમ તથા સર વિલ્યમ વેડરબર્નના હિંમતવાળી મહેનતના જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે. સર વિલીયમ વેડરબર્ન આજે આપણી સાથે છે તે આપણને ખુશાલી ઉપજાવનારૂં છે. એટલુંજ નહિ પણ તેનું આપણને માન છે. જ્યારે જ્યારે કોંગ્રેસના જન્મ, કોંગ્રેસની આબાદી, કોંગ્રેસની જીતો અને કોંગ્રેસની હારોની વાત આપણે કરશું ત્યારે ત્યારે મી. હ્યુમનું નામ આપણે મોઢે હમેશાં ચડનારૂં છે. ઇંગ્લંડમાં હિંદુસ્થાનના રાજ્યપ્રકરણી ખાતાથી સર વિલિયમ વેડરબર્ન બહુ વાકેફ છે. મુંબઇ ઇલાકાનું તેમનું જ્ઞાન ઘણું છે. એ બને આપણને બહુ ઉપયોગી થઇ પડયા છે. મરહુમ મી. વીલ્યમ ડીગબી એ બ્રિટિશ કમીટીના મેમ્બર નહોતા છતાં હિંદુસ્થાનના ઉપર તેમનો અગાધ પ્રેમ હતો. ખરૂં જોતાં તેમની આખી જીંદગી તેણે હિંદુસ્થાનને અરપણ કરી અને આ જગોએ તેની સેવાની યાદગીરી રાખવા અને હિંદુસ્થાનને તેમના મરણથી બહુ ધકો પહોંચ્યો છે એમ જણાવવા ઇચ્છું છું.

હવે કોઇ પ્રજાકાય કામના આહવાનોમાં ધિરજ ખંત સારૂં કહેવાય અથવા તો નરસુ કહેવાય તોપણ એક દિલી, ચુસ્તપણું અને સ્થિરતા એ બધા ગુણોની જરૂર હોય છે. તમારા આગેવાનોમાં આ બધા ગુણો છે એમ હું બેધડક પણે કહી શકું છું. તેઓ એવા છે કે જેને સારૂં તમે અભિમાન ધરાવી શકો છો પણ તે જીત ને કઇ આગેવાનો એકલા મેલવી શકતા નથી. તેઓની પાછળ ચાલનારાઓની વફાદારી અને તેમના ટેકાની હમેશાં જરૂર રહે છે. બધા કાંઇ આગેવાન થઇ શકતા નથી. કેપટનોની અને જનરલોની સંખ્યાં થોડી રહે છે. લડાઇ કેમ ચલાવવી એ તેઓ બતાવી શકે છે પણ જીત મેળવવામાં લશ્કરની તાબેદારીની જરૂર છે. હું તમને તમારા મિત્ર તરીકે ચેતવણી આપું છું કે માહોમાહે ખટપટ, તકરારો અને આ જમાનાના આગેવાનો જેઓએ પોતાની જીંદગીનો ભોગ તમને આપ્યો છે તેઓની અદેખાઇ અને તેઓનું ઓછું બોલવું એથી તમને મોટું જોખમ છે. તમારા મંડળની આ એક નબળાઇ છે. એવી નબળાઇ કુદરતી છે અને જ્યાં જ્યાં મોટા કામની શરૂઆત થાય છે ત્યાં ત્યાં એવી નબળાઇ જોવામાં આવે છે. પણ તેથી કરીને એવી નબળાઇ ઓછો ધસારો આપે છે અથવા તો એ એવી જોખમકારક છે એમ માનવાનું નથી. તે નબળાઇ છે તે આપણે જાણીએ છીએ તો પછી ગમે તે પ્રકારે પણ તમારામાંના જેનાં અંતઃકરણમાં સ્વદેશાભિમાનનો તણખો ઝળકયા કરે છે તેઓએ

તે નમળાઇ નાબુદ કરવાનો દૃઢ નિશ્ચય કરવો જોઇએ.

ઇંગ્લાંડ તથા હિંદુસ્થાન.

એટલું ખરૂં છે કે આપણે જે સુધારા દાખલ કરવા માંગીએ છીએ તેનો આધાર ઘણે ભાગે ઇંગ્લંડના મત ઉપર રહે છે. દાખલા તરીકે આયરલાંડ. આયરલાંડ તળમાં હિલચાલ થઇ તે સુધારાનું પહેલું પગથીઉં હતું. પણ આયરલાંડ એકલું આગળ વધ વાને માટે અશક્ત હતું. જ્યારે તે હિલચાલ ને ઇંગ્લાંડની લીબરલ પાર્ટીએ ટેકો આપ્યો અને ઇંગ્લાંડનો પ્રજા મત તેની તરફેણમાં થયો ત્યારેજ આયરલાંડને કંઇ હક મળ્યા. એજ પ્રમાણે હિંદુસ્થાનનું સમજવું. બને દેશને સારૂં એકજ ઉપાય છે. સુલેહથી ચોખવટ થવાનો આધાર બનેની બાબતમાં ઇંગ્રેજી પ્રજા ઉપર છે. તેઓજ માત્ર ગવર મેન્ટની ઉપર જોર કરી શકે જ અને તેથીજ તમારી બ્રિટિશ કમીટીની કિંમત છે.

[અધુરૂં.]

રોકડ બજાર ભાવ.

આવક.		શી.	પે.		શી.	પે.
ચાંખા	૧ બસ્તાનું	૧૮	૬	થી	૧૯	૦
બીમડીના	,,	૨૪	૦	,,	૨૫	૦
એફ. એફ. ડી. આર,		૧૬	૦	,,	૧૬	૬
એફ. ડી. આર.	,,	૧૫	૦	,,	૧૫	૬
ચીની સક્કર	,,	૧૯	૦	,,	૧૯	૬
કુડાના	,,	૧૯	૦	,,	૧૯	૬
દેશી તુવેર દાળ.		૧૫	૦	,,	૧૫	૯
તુવેર દાળ કાનપુરી		૧૫	૬	,,	૧૬	૦
મસુરની	,,	૧૫	૦	,,	૧૫	૬
મગની	,,	૨૨	૦	,,	૨૩	૦
અડદની	,,	૨૦	૦	,,	૨૧	૦
કઠોળ						
ચણા	,,	૧૮	૦	,,	૧૯	૦
વટાણા	,,	૧૬	૦	,,	૧૮	૦
મકાઇ	,,	૭	૩	,,	૭	૯
તેલ.						
કડવુ	૧ ગ્યાલન	૨	૭	,,	૨	૯
એરડીનુ	,,	૨	૧	,,	૨	૨
મીઠું	,,	૨	૭	,,	૨	૮
નાળીએરનું	,,	૨	૯	,,	૨	૧૦॥
ખાંડ નાતાલની.						
સફેદ	,,	૨૧	૬	,,	૨૨	૬
પીળી	,,	૨૦	૦	,,	૨૧	૦
વીરફુળ	,,	૧૩	૬	,,	૧૪	૬
આટો	,,	૧૦	૩	,,	૧૦	૬
મડાસી સોપારી.	૧ રતલ	૦	૬	,,	૦	૯
મરચાં.		૦	૫	,,	૦	૬
ઘી ગેદી		૬૭	૯	,,	૭૧	૩
ખારકીન ટી—રોસ.		૭	૩		૭	૬
,, ,, વ્હાઇટ રોસ		૬	૯		૭	૦
,, ,, ,, ગાલન					૧૩	૩
કેલી		૧૦	૬	,,	૧૧	૦
નાળીએર		૧૫	૦	,,	૧૬	૦

આ અઠવાડીઆમાં મળેલ લવાજમ.

મી. બાણા રતનજી.	૦	૬	૩
,, આર. સામી.	૦	૧૦	૦
,, ડબ્લ્યુ. સી. ડોગરટી.	૦	૧૨	૬
,, સઇયદ ઇસ્માઇલ.	૦	૧૭	૦
,, એ. એસ. સલીમ.	૦	૧૭	૦
,, મહમદ અબેદ.	૦	૧૨	૬

હમેશનું સુખ.

ડા૦ વિલયમની ગુલાબી ગોળીથી થતો ફાયદો કાયમને માટે છે.

૧૮ મહિના ઉપર આરામ થયા પછી દરદની નિશાની પણ જોઇ નહિ.

કેપકોલોનીના સમરસેટ ઇસ્ટ નામના ગામડામાંથી મીસ એની. વી. રસેલ લખે છે કે હું આજથી અઢાર માસ ઉપર ડા૦ વિલયમની ગુલાબી ગોળીઓનો ઉપયોગ કર વાથી સાજી થઇ હતી અને ત્યાર પછી મને દરદ કોઇ પણ રીતે કદી કનડી શક્યું નથી. આ ઉપરથી જણાશે કે ડા૦ વિલયમની ગુલાબી ગોળીથી થતો ફાયદો કાયમને માટે છે આ હકીકત મીસ રસેલે, જ્યારે અમે તેણીને મળવા ગયા હતા ત્યારે અમારી પાસે તેણીએ ખાત્રી પુરવક જણાવી હતી.

તેથી એકવાર ફરીને અમે કહીએ છીએ કે આ ગોળી કાયમને માટે ફાયદો કરે છે. મીસ રસેલની બાબતમાં એવું બનેલું કે તેનાં શરીર ઉપર માત્ર હાડ ચામજ રહેલાં. લોહી માત્ર નાશ પામેલું હતું. ક્ષય લાગુ પડયો હતો અને આવી સ્થિતિમાં જ્યારે તેણીએ આ દવાનો ઉપયોગ કરયો ત્યારે નવી જીંદગી આવી. નવું લોહી આવ્યું, શરીર તંદુરસ્ત થતું ગયું અને થોડા વખત તદન નિરોગી બની ગઈ.

અમારા વાંચકોની જાણ માટે અમે મીસ રસેલનો વિગતવાર હેવાલ નીચે મુજબ આપીએ છીએ.

પહેલ વહેલા તેની ભુખ જવા લાગી અને તેથી શરીર નબળું અને દુબળું પડી ગયું. તે દીવસે દીવસ ક્ષીણ થવા લાગી. અને છાતી માં તથા માથામાં સખત દરદ થયું. તેણીથી ભાગ્યેજ ચાલી શકાતું. ડાક્તરોની સલાહ લેવામાં આવી પરંતુ તેઓએ તેની સાજા થવાની આશા નજી. આવી સ્થિતિ હતી તેવામાં નસીબ જેગે ડા૦ વિલયમની પીલ સંબંધી કેટલીક હકીકત તેણીના બાપનાં વાંચવામાં આવી અને તે ઉપરથી તેનો ઉપ યોગ કરયો. ત્રણ બાટલી પુરી ન થઈ તેટ લામાં તેના શરીરમાં નવું લોહી આવ્યું અને શરીરમાં તકાત આવવા લાગી.

મારી છાતીનો અને માથાનો દુખાવો કમ તી થઇ ગયો અને બીજી બેક બાટલીઓ પુરી કરી એટલે તો તદન નિરોગી થઇ ગઈ.

Poverty and un-British Rule in India.—BY DADABHAI NAOROJI. This is a compendium and reprint of all that the author has uttered on this, and on kindred subjects, during a long and busy life. These consist of a paper read before the East India Association in 1876, correspondence with the India Office 1883, a memorandum on the moral poverty of India of 1880, papers of 1887, refuting articles by Sir Mountstuart Grant Duff, the author's speeches in the House of Commons in 1894 and 1895, his contributions written in 1895 to the Royal Commission on Indian Expenditure; a paper on the simultaneous Examination question, his statements submitted to the Indian Currency Committee in 1898, selections from his addresses and a paper on the State and Government of India under its native rulers. **Price 6/- post free.**

Ranade and Telang.—Appreciations by the Hon. Mr. G. K. Gokhale, C.I.E., Member of the Imperial Legislative Council, and by Mr. Dinshaw Edulji Wacha, President of the 17th Indian National Congress. With Portraits of Ranade, Telang, Gokhale and Wacha. **Price 1/- post free.**

Industrial India. By Glyn Barlow, M.A., Principal Victoria College, Palghat, and formerly Editor of *The Madras Times*. Contents:—1. Patriotism in Trade. 2. Co-operation. 3. Industrial Exhibitions. 4. The Inquiring Mind. 5. Investigation. 6. Indian Art. 7. Indian Stores. 8. India's Customers. 9. Turning the Corner. 10. Conclusion. **Price 3/- post free.**

Aspects of the Vedanta.—Essays by various writers. **Price 3/- post free.**
Contents: The Vedanta in Outline: Pandit Sitanath Tattvabhushan. The Vedanta—Some Reasons for its Study: The late Mr. N. Vythianatha Aiyar, M.A. The Vedanta Religion: Prof. M. Rangachariar, M.A. The Ethics of the Vedanta: The late Mr. N. Vythianatha Aiyar, M.A. The Vedantic Doctrine of Future Life: Pandit Sitanath Tattvabhushan. The Vedanta: Its Theory and Practice: Swami Saradananda. The Vedanta for the World: Swami Vivekananda. Veda and Vedanta. The Late Prof. Max Muller. The book also contains the opinions of Max Muller, Dr. Goldstucker, Schopenhauer, Victor Cousin and Dr. P. Deussen on the Vedanta. The book is dedicated to Max Muller and contains an excellent likeness of his.

Sri Sankaracharya.—I. His Life and Times. By C. N. Krishnasami Aiyar, M.A., L.T. II. His Philosophy. By Pandit Sitanath Tattvabhushan. It is hoped that the readers of this volume will find therein such materials of thought and history as will enable them to know accurately the position of Sankara in the evolution of the national religious life of the Hindu people, and enable them also at the same time to estimate correctly the great value of this work in life as viewed from the standpoint of history. Both in one volume. Cloth bound. **Price 2/- post free.**

Agricultural and Industrial Problems in India.—By Alfred Chatterton, B.Sc. Professor of Engineering, on Special Duty Madras. Contents. Agricultural:—Water-Lifts. Underground Water-Supply. Well-Irrigation, The Cost of Power, The Value of Wind-Mills in India, Agricultural Education. Industrial:—Tanning in the Madras Presidency, Hand Weaving, Manual Training, Industrial Education, District Board Industrial Schools. Cloth Bound. **3/- post free.**

Apply to—

G. A. NATESAN & Co., Esplanade, Madras

જાહેર ખબર.

સર્વે ઇંડીઅન ભાઇઓને સુચના.

હું નીચે સહી કરનાર સર્વે હીંદી ભાઈઓની જાણ માટે ખબર આપું છું કે મારે સ્ટીમર જનરલમાં હિંદુસ્થાન જવાનું હતું પણ કેટલાક કામકાજ ને લીધે તા. ૩૧ મીના રોજ રવાના થતી સ્ટીમર અંદુસરામાં જવાનું રાખ્યું છે. મારે જરમન લાઇનનું સઘળું કામકાજ મી. એન. એમ. ડાહરને સોંપેલું છે. જે હવે પછી લોકોને સઘળી તરેહના સંતોષ આપી મારીજ ઓફીસમાં કામ શરૂ કરશે. આશા છે કે સહુ ભાઇઓ તેને મદદ કરશે.

લી. ઓસમાન અહમદ.

விளம்பரம்.

சென்னை உபகாரப்பிரமாண ஜங்கம்.

[illegible]

இங்ஙனம்,

என். பி. கே. சண்முகம் பிள்ளை,
இம்பீரியல் ஹோட்டல்,
பீட்டர் மேரிட்ஸ்பர்க்.

N. P. K. Shunmugam Pillai,
Imperial Hotel,
P. M. Burg.

ઇંડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૩. | ફીનીક્સ—શનીવાર, તારીખ ૧૫ મી એપ્રીલ, ૧૯૦૫. | અંક ૧૫.

અઠવાડિક પંચાંગ.

ખ્રીસ્તી—તા૦ ૧૫ એપ્રીલથી તા૦ ૨૧ એપ્રીલ સુધી ઇ૦ સ૦ ૧૯૦૫

હીંદુ—ચૈત્ર શુદ ૧૦ થી, ચૈત્ર વદ ૨ સુધી, સંવત ૧૯૬૧

મુસલમાની—તા. ૯ મી સફરથી, તા. ૧૫ મી સફર સુધી ૧૩૨૩ હીજરી.

વાર.	અંગ્રેજી તારીખ	હિંદુ તીથી.	મુસલમાની તારીખ	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની...	૧૫	૧૦	૯	૬ ૧૭	૫ ૩૬
રવી...	૧૬	૧૨	૧૦	૬ ૧૮	૫ ૩૫
સોમ...	૧૭	૧૩	૧૧	૬ ૧૮	૫ ૩૩
મંગળ.	૧૮	૧૪	૧૨	૬ ૧૯	૫ ૩૨
બુધ...	૧૯	૧૫	૧૩	૬ ૧૯	૫ ૩૧
ગુરૂ...	૨૦	૧	૧૪	૬ ૨૦	૫ ૩૦
શુક્ર..	૨૧	૨	૧૫	૬ ૨૦	૫ ૨૯

ઇંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા૦ ૧૫ એપ્રીલ, ૧૯૦૫.

હિંદુસ્થાનમાં ધરતીકંપ.

ઉત્તર હિંદુસ્થાનમાં જે ધરતીકંપ થવાના તાર આવ્યા છે એવો ધરતીકંપ અગાઉ કદી થયો હોય એવું કોઇને યાદ નથી. લાહોરથી સીમલા સુધી તેની અસર જણાય છે. ધરમસાલા અને તેની આસપાસના ગામો ઉજડ થઇ ગયાં છે. હજારો માણસો દટાઇ ગયા તેમાં કેટલાક ગોરા પણ હતા. લાહોરમાં મોટી મસજીદ અને બીજાં મજબુત મકાનો ને જફા લાગી છે અને લાખો રૂપિઆનું નુકશાન થયું છે. શહેનશાહે તથા શહેનશાહ જાદાએ લાગણી ભરેલા તારો લોર્ડ કરઝન ઉપર મોકલ્યા છે

એક શાસ્ત્રિ એમ જણાવે છે કે આ પ્રમાણે ધરતીકંપ હજુ વધારે થવા જોઇએ; અને તેમ માનવાનું કારણ એમ બતાવે છે કે હિમાલય પર્વત વધતો જાય છે અને વધવાની ક્રિયામાં આ પ્રમાણે કંપ થાય તે કુદરતી છે.

હિંદુસ્થાનની દશા ખરેખર અત્યારે બહુ નબળી આવી પડી છે. મરકીથી લાખો માણસો મરે છે. આ વખતે જેટલી જોરથી મરકી થઇ છે તેવી ૧૮૯૬ થી આજ સુધીમાં કદી થઇ નથી. જે ગામો તથા શહેરોમાં બીલકુલ મરકી નહોતી થતી ત્યાં પણ થવા લાગી છે અને મરણની સંખ્યામાં વધારો થતો જાય છે. મરકીના સપાટામાં આવેલા માણસો અંગ્રેજ વગેરે છે.

દુકાળ દેશમાંથી ગયો છે એમ હજુ નથી કહી શકાતું. આજ ૨૦ વરસ થયાં આખા હિંદુસ્થાનમાં ૧૬ આના વરસ નથી થયું. કોઇક જગ્યાએ તો દુકાળ હોયજ.

દેશ કંગાલ થતો જાય છે. ભુખમરો વધી ગયો છે. લોકો પેટનું કેમ કમાવો તે સમજી શકતા નથી. કામ કરવાને રાજી છતાં કામ મળતું નથી. નાણાંની તંગી છે, વેપાર તદન ઓછો થઇ ગયો છે અને ખરાબ મોસમમાં કેમ નિભાવ કરવો ને ભલાભલાને સવાલ થઇ પડે છે.

આવી કંગાલીયત છતાં, પરદેશ કે જ્યાં રોજી ચાલી શકે એવી સ્થિતિ છે ત્યાં જવામાં અડચણ આવે છે. દક્ષિણ આફ્રિકામાં, આસ્ટ્રેલીઆમાં અને એવી બીજી જગ્યાઓમાં આપણા લોકો ગુજરો કરી શકે છે, પણ સત્તાવાળાઓ પગ પેસારો કરવા દેતા નથી.

મુલકમાં શહેનશાહતના અમલદારોની લાગણી બુઠી થઇ ગઇ છે. લોર્ડ કરઝન જેવા હોદ્દેદારો અભિમાન અને પોતાની ચાલાકીમાં મોહાઇ પડયા છે. લોકવાણીની દરકાર નથી રાખતા અને સ્વછંદે જે કરવું હોય છે તે કર્યે જાય છે.

આપણે પોતે સારી સ્થિતિને માટે લાયક થવા પ્રયત્ન કરતા હોઇએ એમ જણાતું નથી. કેટલાક મહાપુરૂષો હિંદુસ્થાનના ભલાને સારૂ મથ્યા કરે છે પણ જન સમૂહનાં હૈયાં કઠણ થઇ ગયાં છે. સ્વાર્થ સિવાય બીજું જોઇ શકતા નથી અને અડચણો આવે છે ત્યારે હાથ જોડી બેસી રહીએ છીએ. દેશમાં એક સંપને બદલે તડાભારી ચાલે છે. એક બીજાની અદેખાઇ અને કુથલી એ ધંધો આદરી બેઠા છે પરદેશ જઇએ છીએ તો આપણું ખીસું કેમ ભરવું એજ સવાલ ઉપર ધ્યાન દઇએ છીએ. આપણી કુટેવોને છોડતા નથી અને પઇસો કમાવાને સારૂ ગમે તેવાં કામ કરવા તઇયાર થઇ જઇએ છીએ.

આ બધાનો શો અર્થ? આવી સ્થિતિ લાંબો વખત રહે તો હિંદના શા હાલ થશે? તેમાં સુધારો કેમ થાય? આપણી ફરજ શી છે? આ સવાલો દરેક હિંદીના મનમાં ઉઠવા જોઇએ. અમે માનીએ છીએ કે આપણી ઉપર જે કેર વરતે છે તે ઇશ્વરી કોપ છે. આપણા પુન્ય ખવાઇ રહ્યાં છે હિંદુસ્થાન એ અસલી મુલક છે. તેની પ્રજા ઉપર ઇશ્વરનો પ્રેમ છે. પણ જે છોકરાં પોતાનાં માબાપનાં વહાલાં હોય તેની પાસેથી માબાપ આશા વધારે રાખે છે અને એ પ્રમાણે જ્યારે સંતોષ ન મળે ત્યારે માબાપ નિરાશ થાય છે. તેવી હાલત આપણી છે બીજા મુલકના લોકો કેટલુંક કરી શકે તેટલું આપણાથી નથી થઇ શકતું. સફેત કપડા ઉપર જરા સરખો ડાઘ પડશે તે તુરત જણાઇ આવશે પણ કાળા કપડા ઉપર બાગ્યેજ ડાઘ જોઇશું. તેમ આપણે જે કંઇ ભૂરૂં કરીએ તે ઇશ્વરી નજરમાં અવશ્ય મહોટું દેખાશે અને તે પ્રમાણે આપણે સહન કરવું પડશે. એટલે જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ હિંદની દશા ખોટી જોઇએ છીએ.

આ પ્રમાણે લાંબો વખત ચાલે તો હિંદ ઉજડ થઇ જાય તેમાં પણ કાંઇ શક નથી. મોટાં મોટાં મુલકો અને રાજ્યો વેરાન થઇ ગયાં છે તો હિંદની શી વિસાત છે? એવો અવસર આવવાનો સંભવ છે કે જે વખતે ગમે તેટલો પશ્ચાતાપ કરીએ તે કામમાં ન આવે.

આમ ભયંકર દશા છે એ વાતમાં કોઇ વાંધો ઉઠાવી શકે તેમ નથી. તેના ઉપાય શોધવા એ આપણી ફરજ છે: અને અમે ધારિએ છીએ કે જ્યાં સુધી હિંદીઓ, મુસલમાન કે ખ્રીસ્તિ ઇશ્વર તરફ નજર નહિ રાખે, સચ્ચાઇ ઉપર નહિ આવે, અસલી નમ્રતા નહિ પકડે, સ્વાર્થ છોડી પરમાર્થ નહિ સહણ કરે ત્યાં સુધી ગમે તેટલા ગજ્ય પ્રકરણી સાહસ કરે તોપણ કશો સુધારો નહિ થાય. બીજા દેશમાં જે થઇ શકયું છે તે આપણા મુલકને લાગુ નથી પડતું ફ્રાન્સમાં બંડ કરી લોકોએ પ્રજાસત્તાક રાજ્ય મેળવ્યું અને હાલ ઉપરના બબકાથી તપાસતાં ફ્રાન્સની સ્થિતિ ઠીક છે રૂસિઆમાં બળવો કરી લોકો પોતાની સ્થિતિ સુધારી શકે એવો સંભવ છે. હિંદુસ્થાનમાં તેવું કંઇ થાય તેમ નથી. બળવો કરે તેવા લોકો નથી. કદી બળવો કરે તો શાની સામે? તેથી મરકી જશે? ધરતીકંપ થતા અટકશે? હાડમાં પેસી ગએલો ભૂખમરો જશે? અમે ના પાડીએ છીએ એટલુંજ નહિ પણ જેથી બીજા મુલકના લોકો સુખ માને છે તેથી હિંદુસ્થાનના કરોડો માણસો સુખ માનતા નથી. માનનાર

પણ નથી. એટલે હિંદુસ્થાનની દુનિયાદારી સ્થિતિ હમેશાં મધ્યમજ રહેવાની. હિંદુસ્થાનનું રાજ્ય ખુદાઇ છે. હિંદુસ્થાનની નજર વધારે પરદુનિયાપર છે. આ જગત તરફ નથી. "પણ બધા માણસોની વૃત્તિ એમ ચોખી થાય, બધા માણસો સાથ પકડે સ્વાર્થ છોડે એને જમાનો જોઇએ. એ બધું લખવાનું ને બોલવાનું છે બનવાનું નથી." આમ આપણે બોલીએ છીએ. અમે એને બાયલાં વચન માનીએ છીએ. તમારૂં અને અમારૂં મન શું કહે છે? બીજાની ખબર રાખનારો મહાપુરૂષ માથે ઉપર બેઠો છે. તમે અમે એનો તાર થયા છીએ કે નહિ એ સવાલ છે. જગતનો ભાર ઉપાડવાનું કોઇ તમને કહેતું નથી. એવો મનમાં વિચાર લાવવો એ પણ મગરરી છે. પણ આપણે પોતે જે કરવું ઘટે તે કરવું અને ફરજ સમજવી એ બનવા જેવું છે અને સહેલું છે. તમને એમ લાગે કે તમારી ફરજ બીજા ગમે તેમ કરે તે છતાં સ્વાર્થ છોડી પરમાર્થ કરવાની છે, તમારે કોઇને દુશ્મન ગણવા નથી, તમારે હમેશાં સાચનેજ પકડી બેસવું છે અને તમારા ભાઇને સુખે સુખ અને દુઃખે દુઃખ માનવાનું છે. આ બધી ફરજ જો તમે સમજતા હોયતો તે પ્રમાણે તમે શું કામ બીજાના બહાના કાઢી બેસી રહેશો! એવું આળસ શાને ઘટે! એ પ્રમાણે કરવું તે તલવારની ધાર ઉપર ચાલવાનું છે પણ તેનું ફળ પણ પ્રમાણમાં ઘણું જંગી મળનાર છે. તમે તમારી ફરજ બજાવશો? એ સવાલ ઉપર હિંદુસ્થાનની સ્થિતિનો આધાર છે.

જ્યારે મહમદ પેગમ્બર ગુફામાં પોતાના બે શિષ્યોની સાથે હતા ત્યારે અને જ્યારે લશ્કર તેમની ઉપર ચડી આવતું હતું ત્યારે બે શિષ્યો ગભરાયાને કહ્યું કે આપણે ત્રણ છીએ ને તેઓતો ઘણાં છે. પેગમ્બરે જવાબ આપ્યો કે નહિ આપણે ચાર છીએ. ખુદા આપણી પાસે છે એ તમે કેમ ભુલો છો? એવો વિશ્વાસ રાખીને જો આપણે પોતાનું કર્તવ્ય કરશું તો હિંદુસ્થાનની આફતો તુરતજ દુર થશે.

સ્ટીમરોની આવ જાની ખબર.

નાતાલ ડાયરેકટ લાઇનની સ્ટીમર ઉમકુઝી તા. પહેલી મેએ કલકત્તા માટે ઉપડી જશે. મુંબઇ જનારા પાસેંજરોને કોલંબો ઉતારશે.

જરમન લાઇનની સ્ટીમર ખુ કેસરાથ ૨૪ મી એપરીલે સીધી મુંબઇ માટે ઉપડશે.

બ્રિટિશ ઇંડિઆ લાઇનની ફોરવીકલી સ્ટીમર ઝુઘીઆના તા. ૨૩ કે ૨૪ મીએ સીધી મુંબઇ માટે ઉપડશે.

ટ્રાંસવાલમાં નેટીવ જમીન ખરીદી શકે કે નહિ?

કાફરાઓને કંઇ હક ટ્રાંસવાલમાં નથી એમ આપણે આજ સુધી બધા જાણતા આવ્યા છીએ. પણ થોડા દિવસ ઉપર સુપ્રીમ કોરટે ટ્રાંસવાલમાં ચુકાદો આપ્યો તે ઉપરથી આપણી આંખ ઉઘડી છે. એક કેપ કોલોનીના કાફરે પ્રીટોરીઆના રજીસ્ટ્રારની પાસે પોતાને નામે જમીન ચડાવવા અરજી કરી. રજીસ્ટ્રારે ના પાડી. કાફરે તે ઉપરથી સુપ્રીમ કોરટમાં અરજી કરી કે રજીસ્ટ્રારને તે જમીન તેના નામ ઉપર ચડાવવાની ફરજ પાડે. આ સવાલ જજ બ્રિસ્ટોનપાસે ગએલો. તેઓએ સુપ્રીમ કોરટની આગળ રજુ કરેલો; અને સર જેમ્સ રોઝ ઇનીસ, જસ્ટીસ વેસલ્સ તથા જસ્ટીસ સોલોમને ફેંસલ આપ્યો કે કાફરને જમીન પોતાના નામ ઉપર લેવામાં કાંઇ વાંધો નથી. તેઓએ જણાવ્યું કે ટ્રાંસવાલ સરકારની વખતમાં કાફરોને જમીન ન મળી શકે એવો કાયદો હતો ખરો. પણ તે બ્રિટિશ સરકારે કેટલાક કાયદા રદ કરયા તેની સાથે રદ થયા છે. સરકાર તરફથી જ્યારે લંડન કનવેનસનનો દાખલો દેવામાં આવ્યો ત્યારે ચીફ જસ્ટીસે કહ્યું કે હવે લંડન કનવેનશન કાંઇ કામનું નથી, ને તે કાંઇ કાયદો નથી. રજીસ્ટ્રારને હુકમ કરયો છે કે તે અરજદાર કાફરાને નામે જમીન ચડાવે.

આ કેસ એ ઇંગ્રેજી રાજ્યના બંધારણની ખરી ખુબી બતાવી આપે છે. ગમે તે માણસ વડી અદાલતમાં ચોખ્ખો ન્યાય મેળવી શકે છે. ત્યાં કોઇ પણ માણસની પરવા રાખવામાં નથી આવતી. અને વાત ઇંગ્રેજી મુલકના બધ ભાગમાં લાગુ પડે છે. રાજ્ય પ્રકરણી કારણોને લઇને સરકાર કાયદાઓ પસાર કરી પ્રજાના હક છીનવી લેય છે પણ વડી અદાલતમાં તેવી બાબત ઉપર ધ્યાન આપવામાં નથી આવતું. છતાં જો કાયદા ઘડનારાઓ કંઇ હક છીનવી લેય તો વડી અદાલતો લાચાર થઇ પડે છે. અને એવી સ્થીતી જમીન લેવા બાબત ટ્રાન્સવાલમાં હિંદીઓની છે. ઉપરનાં ઠરાવથી આપણામાંના ઘણા માણસોને એમ લાગે છે કે આપણને પણ હવે જમીન લેવાનો હક ટ્રાન્સવાલમાં મળી શકે. પણ અમે જણાવવાને દિલગીર છીએ કે એવી આશાઓ જેણે બાંધી હોય તેઓ નાઉમેદ થશે. કાફરોની સામે ખાસ કાયદો જમીન બાબતમાં નથી એ યાદ રાખવાનું છે. એજ સુપ્રીમ કોરટે કાફરાઓ ફુટપાથ ઉપર નચાલી શકે એવો કાયદો કબુલ રાખ્યો છે. કેમકે તેમાં તેનો કંઇ ઉપાય નહતો. આપણા લોકોની સામે ૧૮૮૫ની સાલમાં થએલો કાયદો હજુ મોજુદ છે એટલે તે કાયદા પ્રમાણે આપણને હક મળે યા ન મળે તેમ છે. તે કાયદામાં એવું લખ્યું છે કે આપણા લોકોના નામ ઉપર સ્થાવર મીલકત નહી ચડી શકે. એટલે જનમ ખરીદ જમીન તો નજ ચડે એ વાત ચોકસ છે. પણ ૯૯ વરસના પટા આપણા લોકો લઇ શકે કે નહી એ વાત જરા વિચારવા જેવી છે ખરી. પણ સૈયદ ઇસ્માઇલના કેસમાં જજે ઠરાવ આપ્યો છે તે ખરો હોયતો ૯૯ વરસના પટા પણ આપણા લોકોના નામ ઉપર રજીસ્ટર નથી થઇ શકતા. તોપણ ઉપરના ઠરાવથી આપણને આગળ વધવાનું બળવાન હથીયાર મલ્યું છે. જો કાફર લોકો જમીનના માલેક થઇ શકે તો આપણે શા માટે ન થઇ શકીએ એ સવાલ સાધારણ રીતે [illegible] છે. આ લડત રાજ્ય પ્રકરણી રહી. સુપ્રીમ કોરટની નહી. આ પ્રસંગે અમારે એટલું પણ જણાવવું જોઇએ કે કાફરોની સામે કાયદો હતો તે એમ જણાય છે કે સરત ચુકથી રદ થઇ ગયો. કંઇ લૉર્ડ મીલનરની ગવરમેન્ટે જાણી જોઇને રદ કર્યો નથી. તે કાયદો ગોરા લોકો જેઓ બરાબર ન થયા હોય તેમને જમીન ન મળે એવા પ્રકારનો હતો તે રદ થતાં કાફર લોકો બચી ગયાં. અને ૧૮૮૫ ને કાયદો હિંદીના સામે ખાસ હોવાથી તે રહી ગયો.

ઓરેંજ રીવર કોલોનીમાં કાળી ચામડીપર કેર.

ઓરેંજ રીવર કોલોનીમાં કાળી ચામડી ઉપર ચડાઇ હજુ ચાલ્યાજ કરે છે. તા. ૩૧ મી માર્ચના ત્યાંના ગવરમેન્ટ ગેઝેટમાં વીંટ તથા રેડેસબર્ગ નામના શહેર સારૂ ધારા બહાર પડયા છે. તેમાં કાફરાઓને તથા બીજા કાળા માણસોને લગતા ધારાઓ પણ છે. રેડેસબર્ગની મ્યુનિસિપાલિટિએતો 'નેટીવ' એ શબ્દમાં બધ કાળા માણસોને ગણ્યા છે. એટલેકે તેમાં હિંદીઓ પણ આવી ગયા. આ ધારાઓ એવા સખત છે કે કોઇ કાળો માણસ લોકેશન સિવાય બીજી જગ્યાએ રહી ન શકે. એક સ્ટાંડ ઉપર એકથી વધારે ઝુંપડાં બાંધી ન શકાય. કોઇને ત્યાં મેમાન આવે તો તરતજ તેના ખબર મ્યુનિસિપાલિટિને આપવા. ધંધા વિનાનો કોઇ કાળો માણસ જોવામાં આવે તો તેને મ્યુનિસિપાલિટિ હદ બહાર કરી શકે. કોઇ સ્ટાંડ ઉપર એકથી વધારે કુટુંબ ન રહી શકે. અમુક કરતાં વધારે ઢોર કોઇ કાળો માણસ ન રાખી શકે. રાતના નવ વાગતાં પહેલાં દરેક કાળા માણસે લોકેશનમાં પહોંચી જવું અને રાતના અગીઆર વાગ્યાબાદ લોકેશનમાં પણ ફરી હરી

ન શકાય. આવી સ્થિતિમાં અને જેલમાં ઘણો થોડો તફાવત છે. આખા દક્ષિણ આફ્રિકામાં કોઇ પણ જગ્યોએ ઓરેંજ રીવર કોલોની જેટલી સખતાઇ કાળા માણસોપર જોવામાં નથી આવતી.

આ બધા ધારા મ્યુનિસિપાલિટિ ઘડે છે તેથી વિલાયત નથી મોકલવા પડતા. જો ધારા સભામાં ઘડાયા હોય તો શહેનશાહની સંમતિ વિના અમલમાં ન આવી શકે. એટલે અર્થ એ થયો કે જે જુલમ ધારા સભામાં ન થઇ શકે તે જુલમ મ્યુનિસિપાલિટિઓ બે ધડક કરે છે અને લેફટેનન્ટ ગવરનર સાહેબ આંખ મીચીને મતું મારતા જાય છે.

જ્યાં સુધી હિંદીઓ ઓરેંજ રીવર કોલોનીમાં પેસી નથી શકતા, ત્યાં સુધી આપણને આવા ધારાઓ ઇજા નથી કરીતા. પણ એવી ઉમેદ રાખવામાં આવે છે કે મોડા વહેલા પણ ઓરેંજ રીવર કોલોનીના દરવાજા આપણે સારૂ ખુલશે. જ્યારે એવો વખત આવશે ત્યારે આવ ધારા પુરી રીતે નડશે. અને તેવી સ્થિતિમાં તે કોલોનીમાં રહેવું ગરીબ હિંદીને પણ ભારે થઇ પડશે. એમ છતાં એ સખતાઇની સામે આપણે મોટી લડત લેવી મુશ્કેલીની વાત છે આપણે જેઓ ઓરેંજ રીવર કોલોનીની બહાર છીએ તેઓ વચમાં પડી અરજી કરી શકતા નથી એટલે સ્થિતિ ખરેખરી બારિક છે. વિલાયતમાં આપણા ખેરખ્વાહ ગૃહસ્થો એ બાબત આમની સભામાં ઉપાડે ત્યારેજ કાંઇ લાભ થવાનો સંભવ છે.

મી. એકેંટીલ અને ગીરમીટીયાઓ.

નાતાલના કેળવણી ખાતાના માજી ઉપરી મી. બારનેટે થોડા મહિના પહેલાં વિલાયતમાં નાતાલની કેળવણી બાબત ઘણું સખત ભાષણ કરયું. તે ભાષણ કરતી વેળા તેઓએ જણાવ્યું કે નાતાલમાં ગીરમીટીયા હિંદીઓને સારૂં જે ઝુપડા બાંધવામાં આવે છે તે જનાવર ખાનાં કરતા ખરાબ છે અને તેની કોઇ સંભાળ રાખતું નથી. આ ભાષણ વખતે સર આલબર્ટ હાઇમ જે અહીનાં મુખી પ્રધાન હતાં તે હાજર હતા તેમણે આ તહોમતની સામે કાંઇ ટીકા નહિં કરી. ગયા હફતામા મી. એકેંટીલ જે લેજીસ્લેટીવ કાઉન્સીલના મેમ્બર છે તેમણે મી. મેડનને સવાલ પુછયો કે મી. બારનેટના તહોમત બાબત ગવરમેન્ટ કંઇ કરવા માગે છે કે નહીં. કોલોનીયલ સેક્રેટરી મી. મેડને જવાબ આપ્યો કે મી. બારનેટે વધારે પડતી વાત કરી છે અને પ્રોટેકટર બધી સંભાળ રાખે છે. "તેથી કંઇ વધારે કરવાની જરૂર નથી" આ જવાબ ઘણો અસંતોષ કારક છે. મી. બારનેટે જે તહોમત મુકયું છે તેમાં પ્રોટેકટર પહેલા ગુનેહગાર ઠરે છે. ગુનેહગારની પાસેથી તેનાં ગુન્હા બાબત ઇનસાફ કરાવવા જેવું મી. મેડન સાહેબે કરયું છે. પ્રોટેકટર સારો રીપોર્ટ આપે તેમાં શી નવાઇ? જો પ્રોટેકટરને ગીરમીટીયાઓના ઝુપડાં ખરાબ લાગ્યા હતતો આજે એવાં ઝુપડાં શાનાં નજરે પડે? મી. બારનેટના તહોમતમાં નાતાલની નામોશી સમાએલી છે. અને ગવરમેન્ટને લાજમ છે કે તેઓએ આ તહોમતની પુરતી તપાસ કરવી. પુરતી તપાસ કરવા સારૂં વાકેફ માણસોના કમીશનની જરૂર છે. અને તેઓ જો તપાસ કર્યા પછી મી. બારનેટે મુકેલું તહોમત બરોબર નથી એમ કહી શકે તોજ મી. બારનેટ વધારે પડતું બોલ્યા એમ કહેવાય. અમને ઉમેદ છે કે મી. એકેંટીલે આ સવાલ ઉપાડયો છે એટલે હવે તેનું છેવટ લાવ્યા વિના નહિં રહે.

કેપ ટાઉનમાં જાણવા જોગ મ્યુનીસીપાલીટીનો નવો ધારો.

રસ્તામાં થુંકવાની મનાઇ.

તા. ૩૧ મી માર્ચના કેપ ગવરમેન્ટ ગેઝેટમાં કેપટાઉનની મ્યુનીસીપાલીટીએ એક નવો ધારો પસાર કર્યો છે તે બહાર પડયો છે. તેનો અર્થ એવો છે કે પેવમેન્ટ અથવા ફુટપાથ અથવા પબ્લીક મકાનોમાં કે ટ્રામ ગાડીમાં કે બીજી કોઇ પણ જાહેર જગ્યામાં બીલકુલ થુંકવું નહિ જેને થુંકવાની હાજત થઇ હોય તેણે થુકદાની અથવા બીજી કંઇ વસ્તુ જેમાં થુંક ઝીલી લેવાય તેવી વસ્તુ વાપરી તેમાં થુંકવું. આ ધારો જે માણસ પહેલી વખત તોડે તેની શી. ૫ ની સજા ઠરાવી છે અને ત્યાર પછી જેટલી વખત તોડે તેટલી વખત તેની સજા ૪૦ શીલીંગ ઠરાવી છે.

આ ધારાનું મુળ અમેરીકામાં છે. ત્યાંના શોધકોએ એમ શોધ્યું છે કે ક્ષય કે બાંકણના રોગ વાળા માણસોના થુંકની અને કફની અંદર ચેપી જંતુઓ રહે છે. માણસો રસ્તા ઉપર બહુ થુંકતા તેથી થુંક સુકાઇ તેમાં રહેલાં જંતુઓ હવામાં ફેલાઇ બીજા માણસોમાં પ્રવેશ કરી તેને ક્ષય વિગેરે દરદનો ચેપ લગાડતાં. તે ઉપરથી અમેરીકામાં જાહેર મકાનો કે પગથીઓ ઉપર થુંકવાની સખત મનાઇ છે.

આ બાબતની ચર્ચા હાલ કેટલાક વખત થયાં દક્ષિણ આફ્રિકામાં થઇ છે. કેપટાઉન મ્યુનીસીપાલીટીએ એ બાબત પહેલ કરી છે. અમને લાગે છે કે બીજી મ્યુનીસીપાલીટીઓ પણ તેમ કરશે.

આપણા લોકોને આ ઉપરથી શિખામણ લેવા જેવું છે. આપણામાં ગમેતે જગ્યાએ થુંકવાની ઘણી ગંદી આદત ઘણાઓમાં જોવામાં આવે છે. ઘરમાં પણ થુંકીએ છીએ એ આદત નીકળવાની પુરતી જરૂર છે. કેપ ટાઉનમાં વસતા હિંદીઓએ તો ખુબ યાદ રાખવાનું છે કેમકે જો આપણા લોકો વાંકમા આવ્યા તો હલકુ લોકો લાગુ એ કેહેવત પ્રમાણે પહેલી સખતાઇ આપણી ઉપર ચાલશે. રસ્તામાં ચાલતાં થુંકવાની હાજત થાય તો રૂમાલનો ઉપયોગ કરવો એ દુરસ્ત જણાય છે. પણ એમ થાયતો રૂમાલ હમેશા ધોવો જોઇએ.

લડાઇના સમાચાર.

જનરલ લાઇનવીચ તરફથી પુરા ખબરો નહિ મળવાને લીધે એવું માનવામાં આવે છે કે તે માર્શલ ઓયામાના હલ્લાની તૈયારી કરે છે.

એવું માનવામાં આવેલું છે કે આ ચિમ્હની મોટી લડાઇ હજુ હવે શરૂ થશે અને તે કીરીન અને ક્વાંગટસેની વચ્ચે લડવામાં આવશે જાપાનીઓ તા. ૨૦ મીના અરસામાં કીરીનનો કબજો અને તા. ૬ ઠી મેના અરસામાં હારબીનનો કબજો લેશે.

ક્વાંગટસેની બાજુમાં અને મોંગોલીઆની સરહદ ઉપર આવેલા હારબોશન શહેર આમજ એક જાપાની મોટું લશ્કર એકઠું થવાના ખબરો મળેલા છે.

રીઉટર માર્શલ ઓયામા ખબર આપે છે કે કાયેન આગળનુ જાપાની લશ્કર ઉત્તર તરફ ધીમે ધીમે આગળ વધતું જાય છે.

રૂસીઆ અને જાપાનની વચ્ચે દરીઆઇ લડાઇનો સંભવ હાલમાં બહુ ઓછો છે.

છુપા વેશે ફરતા પાંચ જાપાની અમલદારોને વ્લાડીવોસ્ટોક આગળથી રૂશીઅનોએ પકડી ફાંસી આપેલી છે. તેમના કબજામાંથી મળેલા કાગળ ઉપરથી માલુમ પડેલું છે કે તેઓએ અહીં આગળની સઘળી રૂશીઅન યોજના નકશા અને ફોટોગ્રાફ સહીત ટોકીયો મોકલી આપેલી છે સેંટપીટર્સબર્ગમાં પોંડ ૭૫,૦૦૦,૦૦૦ની લોન કાઢી લડાઇના બારકસો બાંધવાની યોજના ચાલે છે એવું ધારવામાં આવે છે કે રૂશીઆની પૈસા સંબંધી સ્થિતિ બહુ કઢંગી હોવાથી આ યોજના અમલમાં આવશે કે નહિ તે શક વાળી વાત છે.

લોર્ડ મીલનરની હાઇ કમીશનરવાળી જગ્યાએ અર્લ ઓફ સેલબર્નની નીમણુક સત્તાવાર બહાર પડી ચુકી છે.

મી૦ ગાંધીનાં જોહાનેસ્બર્ગની થીઓસોફિકલ સોસાયટીની મીટીંગમાં ભાષણ.

—:*:—

જોહાનેસબર્ગના છાપા ઉપરથી માલુમ પડે છે કે ત્યાંની થીઓસોફિકલ સોસાયટીએ મી૦ ગાંધીને હિંદુ ધર્મ ઉપર ભાષણ કરવાનું આમંત્રણ કરેલું અને તે ઉપરથી તેમણે ચાર ભાષણો મેસોનીક ટેમ્પલમાં આપ્યાં. દરેક વેળા હોલ ભરાઇ જતો હતો. છેલ્લુ ભાષણ માર્ચ મહિનાની તા. ૨૫ મીએ આપ્યું. તેમાંનાં બે ભાષણોનો હેવાલ સ્ટાર ન્યુસપેપરમાં આવી ગયો છે. અમારા કેટલાક વાંચક વર્ગની સુચના મળ્યાથી ચારે ભાષણોનો મુખતેસર હેવાલ તેમની પાસેથી લઇ નીચે આપીયે છીયે.

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ સામે તિરસ્કાર.

થીઓસોફીકલ સોસાયટીએ મને ભાષણ કરવાનું આમંત્રણ કર્યું ત્યારે મેં બે વિચાર ઉપરથી તે આમંત્રણ સ્વીકાર્યું. મને દક્ષિણ આફ્રિકામાં વસવાને હવે બાર વરસ થવા આવ્યા. અહીં મારા સ્વદેશીઓ ઉપર જે તકલીફો પડે છે એ સહુ કોઇને ખબર છે. તેમની ચામડીની સામે લોકો તિરસ્કારની નજરથી જોય છે. આ બધું અણસમજુતીથી થાય છે એમ હું માનું છું; અને એ અણસમજુતી દુર કરવામાં મારાથી બને તેટલી મદદ કરવાના હેતુથી હું દક્ષિણ આફ્રિકામાં પડયોછું એટલે મને લાગ્યું કે જો હું સોસાયટીનું આમંત્રણ કબુલ કરૂં તો કેટલેક દરજ્જે મારૂં જે કરતવ્ય છે તેમાં મદદ મળશે, અને હું તમને આ ભાષણોમાં જરાએ સારો ખ્યાલ હિંદીઓ વિષે આપી શકું તો મારા ધન્યભાગ્ય સમજીશ. મારે તમને હેવાલતો હિંદીઓ વિષેજ આપવાનો છે; પણ હિંદુ અને બીજા જે હિંદીઓ છે, તેઓની ઘણી ખરી રિતી એકજ છે. ગુણ દોષ બધા હિંદીઓના સરખા છે અને બધા એકજ શાખા માંથી ઉતરેલા છે. વળી બીજું કારણ એ હતું કે થીઓસોફીકલ સોસાયટીના હેતુઓમાં એક હેતુ એવો છે કે જુદા જુદા ધર્મની સરખામણી કરી તેમાંનું તત્વ શોધી લોકોને બતાવવું કે ખરૂં જોતાં બધા ધર્મો એ ઇશ્વરની ઓળખાણ કરવાના જુદા જુદા રસ્તાઓ છે અને કોઇ ધર્મ ખોટો છે એમ કહેતાં આંચકો ખાવો જોઇએ. મેં ધાર્યું કે જો હું તે હિંદુ ધર્મ ઉપર બે બોલ કહીશ તો આ હેતુ પણ કંઇક ભાગે પાર પડશે.

હિંદુઓ.

હિંદુઓ એ અસલ હિંદુસ્થાનના રહેનારા નથી મનાતા. પશ્ચિમના વિદ્વાનો કહે છે કે હિંદુઓ તથા યુરોપની ઘણીખરી પ્રજા, એ બધા એક [illegible] તે મધ્ય એશિઆમાં વસતા હતા ત્યાંથી છુટા પડી કેટલાક યુરોપ ગયા, કેટલાક ઇરાન ગયા તથા બીજા હિંદુસ્થાનમાં પંજાબવાટે ઉતરવા અને ત્યાં આર્ય ધર્મ પ્રસારયો. હિંદુઓની સંખ્યા ૨૦ કરોડ કરતાં ઉપર છે. તેઓનું નામ હિંદુ એ ઉપરથી કહેવાય છે કે તેઓ સિંધુ નદીની પેલે પાર વસતા હતા. તેઓનું મુળ ધર્મપુસ્તક વેદ છે. ઘણુ ખરૂ હિંદુઓ એમ માને છે કે વેદ એ ઈશ્વરકૃત છે અને અનાદી છે. પશ્ચિમના વિદ્વાનો માને છે કે ઈ૦ સ૦ પુર્વે ૨૦૦૦ વરસ પહેલાં વેદ થયા. પુનાના પ્રખ્યાત મી૦ તિલકે બતાવ્યું છે કે વેદની આવરદા ઓછામાં ઓછી ૧૦૦૦૦ વરસની હોવી જોઈએ. હિંદુઓની મુખ્ય ઓળખ એથી થઇ શકે છે કે તેઓ સર્વવ્યાપક બ્રહ્મ સ્વરૂપ છે એમ માને છે. આપણે બધાને જે કરવાનું છે તે મોક્ષ મેળવવો, અને અહીં મોક્ષનો અર્થ એ છે કે જન્મ મરણના ભયથી છુટવું અને બ્રહ્મમાં લીન થઈ રહેવું. તેઓની નીતિમાં તેઓની નરમાશ અને સમદૃષ્ટિ એ મુખ્ય ગુણો છે અને તેઓના સંસારી વ્યવહારમાં જ્ઞાતિભેદ સરવોપરી છે. હિંદુ ધર્મની પહેલી કસોટી બુધદેવ જન્મ પામ્યા ત્યારે થઇ. બુધદેવ પોતે બાદશાહના પુત્ર હતા. તેમનો જન્મ ઇ૦ સ૦ પુર્વે ૬૦૦ વરસ પહેલાં થયો કહેવાય છે. તે વખતે હિંદુઓ ઉપરના દેખાવ ઉપર મોહી રહયા હતા અને બ્રાહ્મણો સ્વારથથી હિંદુ ધર્મની રક્ષા કરવાનો તેમનો ધંધો ચુકી ગયા હતા. આ બધું જ્યારે બુધના જોવામાં આવ્યું ત્યારે તેમને, પોતાના ધર્મની આ દશા જોઇ દયા આવી. દુનિયા છોડી તપશ્ચર્યા આદરી કેટલાંક વરસ ઈશ્વર ભક્તિમાં લીન થઇ ગાળ્યાં. છેવટે તેમણે હિંદુ ધર્મમાં સુધારો કરવા સુચવ્યું. તેમની પવિત્રતાથી બ્રાહ્મણોના મન ઉપર અસર થઈ અને પ્રાણીઓને યજ્ઞને સારૂ મારવાનું ઘણે ભાગે બંધ થયું. એટલે બુધદેવે નોખો ધરમ સ્થાપ્યો એમ ન કહી શકાય. પણ તેમની પછી જેઓ થયા તેઓએ બુધદેવના શિક્ષણને નોખું રૂપ આપ્યું. મહાન અશોક રાજાએ બૌધ ધર્મનો પ્રચાર કરવા જુદે જુદે દેશ માણસો મોકલ્યા; અને લંકા, ચીન, બ્રહ્મદેશ વિગેરે મુલકોમાં બૌધ ધર્મ ફેલાવ્યો એટલી હિંદુ ધર્મની ખુબી આ વખતે બહાર આવી કે કોઇને પરાણે બૌધ કરવામાં આવ્યા નહોતા. માત્ર વાદવિવાદથી દલીલો કરી અને મુખ્યત્વે કરીને શિક્ષકોની પોતાની અત્યંત શુધ્ધ ચાલચલણથી લોકોના મન ઉપર છાપ પાડવામાં આવતી હતી. એમ કહી શકાય છે કે બૌધ ધર્મ અને હિંદુ ધર્મ બને હિંદુસ્થાનમાંતો એકજ હતા અને હાલમાં પણ બનેના મુળ તત્વો એકજ છે.

મહુમદ પેગંબરનો જન્મ.

આપણે જોયું કે હિંદુ ધર્મ ઉપર બૌધ ધર્મની અસર સારી થઇ અને તેથી હિંદુ ધર્મના રક્ષકો જાગૃત થયા. આશરે ૧૦૦૦ વરસ ઉપર હિંદુ ધર્મને એક બીજો મેળાપ થયો કે જે વધારે કઠણ હતો. હજરત મહમદ ૧૩૦૦ વરસ ઉપર જન્મ્યા. તેમણે અરબસ્તાનમાં બહુ અનાદર જોયો. યહુદી ધર્મ ત્યાં ડુબકાં ખાતો હતો. ખ્રીસ્તી ધર્મ ત્યાં પગ મુકી શકતો નહોતો અને લોકો વિષયી તથા સ્વછંદી બન્યા હતા. આ બધું મહમદને ઠીક નહિ લાગ્યું. તેનું મન બળવા લાગ્યું અને તેણે ઇશ્વરને યાદ કરી પોતાના સ્વદેશીઓને તેનું ભાન કરાવવા નિશ્ચય કરયો. પોતાની લાગણી એટલી તીવ્ર હતી કે આસપાસના લોકો ઉપર પોતાના જુસ્સાની છાપ તુરત પાડી અને ઇસ્લામનો ફેલાવો ઘણા ઝપાટાથી થયો. ઝનુન એ ઇસ્લામની જબરદસ્ત ખુબી છે, એથી બહુ સારાં કામ થયાં છે અને કેટલીક વખત બહુ બુરાં કામ પણ થયાં છે. ૧૦૦૦ વરસ પહેલાં ઇસ્લામનો ફેલાવો કરવા હિંદુસ્તાનપર ગીઝની લશ્કર ચડી આવ્યું. હિંદુ મુર્તિઓનું ખંડન શરૂ થયું અને સોમનાથ સુધી હલ્લા થયા. એક તરફથી આમ જબરદસ્તી થતી ચાલી અને બીજી તરફથી મુસ્લામી ફકીરો તેની ખરી ખુબી બતાવવા લાગ્યા. ઇસ્લામમાં જે આવે તે બધા સરખા છે આ વાતની છાપ હલકા વર્ણના લોકો ઉપર ઘણી સરસ પડી અને લાખો હિંદુઓએ ઇસ્લામ ધર્મ કબુલ રાખ્યો. આથી હિંદુઓમાં બહુ ખળભળાટ થયો. કબીર બનારસમાં પેદા થયા તેમણે વિચાર્યું

પેગંબર ઇસુખ્રીસ્ત.

આ પ્રમાણે ઇસ્લામ હિંદુ વચ્ચે હરિફાઇ ચાલતી હતી તેટલા દરમીયાન લગભગ ૫૦૦ વર્ષ પહેલાં ખ્રીસ્તીઓ ગોઆ બંદર ઉતર્યા ને હિંદુઓને ખ્રીસ્તી ધર્મ આપવાનું શરૂ કર્યું. તેઓએ પણ કંઇક જોરાવરી ને કંઇક સમજુતી વાપરવા માંડી. તેઓના પાદરીઓ કેટલાક અત્યંત કોમળ તથા માયાળુ હતા. ઓલીયા કહીયે તો ચાલે. તેઓની અસર ફકીરોની માફક હિંદુ કોમના હલકા વર્ણ ઉપર ખુબ થઇ. પણ પાછળથી જ્યારે ખ્રીસ્તી ધર્મ અને પશ્ચિમનો સુધારો જોડાયા ત્યારે ખ્રીસ્તી ધર્મ હિંદુઓએ પસંદ નહિ કર્યો. અને આજ આપણે જોઇએ છીયે કે બહુ મોટું રાજ્ય ખ્રીસ્તી લોકોનું હોવા છતાં કોઇકજ હિંદુ ખ્રીસ્તી ધર્મ કબુલ કરે છે. છતાં ખ્રીસ્તી ધર્મની અસર હિંદુ ધર્મ ઉપર બહુ મોટી થઇ છે. તેઓના પાદરીઓએ કેળવણી ઉંચા પ્રકારની આપી હિંદુ ધર્મની મોટી ખામીઓ બતાવી અને પરીણામ એ આવ્યું કે કબીરની માફક બીજા હિંદુ શિક્ષકો પેદા થયા અને તેઓએ ખ્રીસ્તી ધર્મમાં જે સારૂં હોય તે શિખવવા શરૂ કર્યુ અને હિંદુઓની ખામીઓ દુર કરવાનો પોકાર કર્યો. આવા, રાજારામ મોહનરાય, દેવેંદ્રનાથ ઠાગોર અને કેશવચંદ્રસેન થઈ ગયા. પશ્ચિમ હિંદુસ્થાનમાં દયાનંદ સરસ્વતિ થયા અને હાલ હિંદુસ્થાનમાં બ્રહ્મોસમાજ અને આર્યસમાજ પેદા થઇ છે તે ચોકસ ખ્રીસ્તી ધર્મની અસર છે. વળી મેડમ બ્લેવેટસ્કીયે હિંદુસ્થાનમાં આવી હિંદુ તથા મુસલમાન બનેને પશ્ચિમના સુધારાથી મોહાઇ ન જવા સમજાવ્યા અને તે સુધારાની માઠીઆ અસર ચોક્કસ રીતે બતાવી.

હિંદુઓ શું માને છે.

આ પ્રમાણે આપણે જોયું કે હિંદુ ધર્મ, ઉપર ત્રણ ચડાઇ—બુધની, ઇસ્લામની, ને

ખીસ્તીની થઇ પણ એકંદર જોતાં હિંદુ ધર્મ તેમાંથી ઉગરી નિકળ્યો છે દરેક ધર્મમાં જે સારૂં હતું તે તેણે ગ્રહણ કરવા પ્રયત્ન કરયો છે. આ ધર્મના લોકો શું માને છે તે જાણવું જોઇએ. ઈશ્વર છે. તે અનાદિ છે નિરંજન છે નિરાકાર છે સર્વવ્યાપક સર્વશક્તિમાન છે, તેનું મુળ સ્વરૂપ બ્રહ્મ છે. તે કરતું નથી કરાવતું નથી. તે રાજ્ય નથી ચલાવતું અને તે આનંદ મય સ્વરૂપ છે. અને આ બધું તેથી નભી રહ્યું છે. આત્મા છે તે દેહથી જુદો છે. તે પણ અનાદિ છે અજન્મ છે તેના મુળ સ્વરૂપમાં ને બ્રહ્મમાં ભેદ નથી. પણ કર્મે કરીને અથવા માયા બળે વખતો વખત દેહ ધારણ કર્યા કરે છે. ને સારા નરસાં કામને લઈ સારી અને નરસી યોનીઓમાં ફર્યા કરે છે. તેવા જન્મ મરણમાંથી છુટાં થવું અને બ્રહ્મમાં લીન થવું તે મોક્ષ છે આ મોક્ષ મેળવવાના સાધન અત્યંત સારાં કામ કરવાં, જીવ માત્ર ઉપર દયા રાખવી અને સત્યમય થઈ રહેવું આટલે દરજ્જે પહોંચતા પણ મોક્ષ નથી મળતો કેમકે તેવાં પણ કામ કર્યા એટલે તેને પરીણામે દેહ ભોગવવો જોઇએ. તેથી હજુ એક પગલું આગળ જવાની જરૂર છે. હવે આપણે કાર્યો તો કરવાંજ જોઇએ પણ તેમાં આશક્તિ નહિ રાખવી. તે કરવાંની ખાતર કરવા પણ તેના પરિણામ ઉપર નજર નહિં રાખવી ટુંકામાં બધુ ઇશ્વરને અર્પણ કરવું આપણે કંઈ કરીએ કે કરી શકિએ છીએ એવું ગુમાન સ્વપ્ને પણ ન રાખવું. સૌ ઉપર સમભાવે જોવું. આ પ્રમાણે હિંદુ ધર્મની માન્યતા છે. તેનાં કેટલાક ફાંટા છે. વળી સંસાર વહેવારને લઈ કેટલાક વાડાઓ બન્યા છે તે બધાનો વિચાર આ પ્રસંગે કરવાની જરૂર નથી.

સમાપ્તિ સાંભળનારાને વિનંતિ.

જો તમારામાં કોઈને પણ આ બધું સાંભળીને સારી અસર થઇ હોય; અને જો તમને એમ લાગતું હોયકે હિંદુઓ અથવા હિંદીઓ જેઓના દેશમાં ઉપર પ્રમાણે ધર્મ વર્તે છે તેઓ એકદમ હલકા નહોવા જોઇયે તો તમે રાજ્ય પ્રકરણી બાબતમાં ગુંચાયા વિના પણ મારા સ્વદેશીઓની સેવા કરી શકો છો. આપણે બધાએ ભાવાથી રહેવાનું છે એમ બધા ધર્મ શિખવે છે. મારે તમને ધર્મોપદેશ કરવાનો હેતુ નહોતો તે કરવાને હું લાયક પણ નથી. મારો વિચાર પણ નથી. પણ જો તમારા મન ઉપર કંઈ સારી અસર થઇ હોયતો તેનો લાભ મારા ભાઇઓને આપજો. તેઓની જ્યારે નિંદા થાય ત્યારે બચાવ કરજો અને તેજ ઇચ્છા પ્રભુને કરવું કાલે છે.

કે હિંદુ વિચાર પ્રમાણે હિંદુ મુસલમાનમાં ફેર ન હોય. એ બને જો સારા કામ કરેતો સ્વર્ગે પહોંચે. મુર્તિપુજા એ હિંદુ ધર્મમાં જરૂરની વસ્તુ નથી. આ વિચારે તેમણે ઇસ્લામ અને હિંદુ ધર્મની મેળવણી કરવાનું શરૂ કર્યું; પણ તેની બહુ અસર ન થઇ અને તેમનો નોખો પંથ રહી ગયો, જે હાલ પણ જોવામાં આવે છે. થોડા વરસ પછી પંજાબમાં ગુરૂ નાનક પેદા થયા તેમણે તેમ કબીરનાં હલીલો કબુલ રાખી બને ધર્મને એક કરવાનો વિચાર આદરયો; પણ તેની સાથે જરૂર જણાયેથી તલવારથી પણ ઇસ્લામની સામે હિંદુ ધર્મનો બચાવ કરવો એમ તેમને લાગ્યું અને તે ઉપરથી સીખ ધર્મ નીપજ્યો અને સીખ લડવૈયા તૈયાર થયા. આ બધાનું પરિણામ એ આવ્યું છે કે જોકે હિંદુસ્થાનમાં હાલ હિંદુ અને મુસલમાન એમ બે મુખ્ય ધર્મ છે, છતાં રાજદ્વારી ખટપટો તથા ઉશ્કેરણીને લઇને જે ખટાશ દાખલ થાય છે તે બાદ કરીએ તો બને કોમ હળીમળી રહે છે અને બને એક બીજાની લાગણી ન દુઃખાય તેમ વરતે છે. હિંદુ જોગી અથવા ઈસ્લામી ફકીર વચ્ચે ઘણોજ થોડો તફાવત જોવામાં આવે છે.

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.
૨. અક્ષર ચોખા શાહીથી લખવા.
૩. નામ તથા ઠેકાણુ બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ પણ અમારી જાણને સારૂં
૪. લખાણ હમેશાં ટુંકુ અને મુદ્દાસર કરવું.—આધપતિ.]

હિંદુસ્થાનમાં ધરતીકંપ.

મે. ઇંડિઅન ઓપીનીઅનના અધિપતિ સાહેબ,

આપે તા. ૫ તથા ૬ ના રૂઅરના તારથી હાલમાં ઇંડિઆમાં જે ભયંકર ધરતીકંપ થયો છે તે જાણેલ હશે. આથી હજારો માણસો ઘરબાર વિનાના થઇ ગયાં છે: અને તે વિષે વધારે લખવાની જરૂર ધારતો નથી, પણ તે લાચાર ભાઈઓને મદદ કરવાને આપ આપના પેપરમાં ખાસ ફંડ ખોલશો એવી ઉમેદ છે કારણ કે અહીં ઈંડિઅન ભાઇઓ ઘણા છે અને તેઓ થોડી થોડી રકમ આપશે તો મોટી રકમ થશે. આ વખતે સાઉથ આફ્રિકાવાળાએ મદદ કરવાની ખાસ જરૂર છે. મારાથી બનતી કોશેશથી અહીં ફંડ ખોલી જે રકમ થાશે તે આપના તરફ રવાના કરીશ. એજ

લી લીલાધર ડાયાભાઇ પારેખ.

પ્રેટોરીઆ.

તા. ૭-૪-૧૯૦૫.

ધરતીકંપથી નિરાધાર થએલા સેંકડોની મદદ માટે અમે એક ફંડ ઉભા કેલું છે તેમાં સખી ગ્રુહસ્થોની શક્તિ અને ઇચ્છા અનુસાર સહુ કોઇ નાની મોટી રકમ ભરી પોતાની ફરજ બજાવશો એવી આશા છે. ફંડનાં નાણાં ઇંડિઅન ઓપીનીઅનના અધિપતિને સરનામે મોકલવા.

ઇંગ્લંડમાં ન્યુસ પેપરો ઉપર દારથી અની ટીકીટ લગાડવાની હીલચાલ ચાલે છે.

રશિઆમાં કોલેરાનું દરદ શરૂ થવાના ખબરો મળ્યા છે. આ દરદ વધારે ન ફેલાય તેટલા માટે રશિઅન સરકારે અગમચેતી ઉપાયો શરૂ કરયા છે.

સ્પેનની રાજધાની માડરીડની એક મોટી ટાંકી ફાટી જવાથી ૪૦૦ જાન ની ખુવારી થઇ છે. આ અકસ્માતની જગ્યાએ સ્પેનીશ લશ્કર અને સ્પેનનો રાજા વિગેરે ઘણાં માણસો દોડી ગયા હતા.

હિંદુસ્તાનમાં ત્રાસદાયક ધરતીકંપ—લાહોરના વસ્તી ધરતીકંપના આંચકા લાગતી વખતે પોતાના ડોલતા ઘરોમાંથી બહાર નાકળી પડી હતી ઘણાં ઉંચા અને સુંદર મકાનો જમીનદોસ્ત થઇ ગયા છે. હાલ સુધી મળેલા ખબરો મુજબ આ ધરતીકંપથી કુલ ૨૦,૦૦૦ માણસના જાનની ખુવારી થએલી જણાય છે આ ધરતીકંપથી મસુરીના સેવોય હોટેલની બાજી પાંખ પડી ગઇ છે અને રોમન કેથોલીકનું નવું ચર્ચ તરડાઇ ગયું છે. પંજાબમાં ઉત્તરમાં આવેલા કાંગરાવેલી, ધરમસાલા, આગ્રા, પાલમપુર, સીઆલકોટ. લાહોર, મસુરી, કુલુવલી અને તેની આસપાસના ભાગોમા મોટી અસર જણાઇ છ. આ સિવાય કેટલાક ભાગોમાં તાર તુટી જવાથી પુરા ખબર મળ્યા નથી. આ ધરતીકંપના આંચકાની વધતી ઓછી અસર મધ્ય એશિઆ સુધી જણાઇ છે.

લાહોરથી મળેલી છેલા ખબર ઉપરથી જણાય છે કે આ ધરતીકંપથી હજારો માણસો ઘરબાર અને કોઇપણ જાતના આધાર વિનાના થઇ પડ્યા છે. આ નિરાધારના મદદને માટે એક ખાસ ઉઘરાણું થયું છે તેમાં વોઈસરોયે રૂ. ૧૦,૦૦૦ ભરેલા છે.

આ અઠવાડીઆમાંમળેલ લવાજમ.

મી. એસ. અનાસામી નાઇડુ	જર્મીસ્ટન.	૦ ૧૭ ૦
,, એસ. નંજપા.	,,	૦ ૧૭ ૦
,, એસ. જે. નાઈડુ.	,,	૦ ૫ ૦
,, એ. જી. નાઈડુ.	,,	૦ ૫ ૦
,, મહમદ ઇબ્રાહિમ. પોઈંટ		૦ ૧૨ ૬
,, નરસીંહમુલુ. સરદાર. ડરબન.		૦ ૧૨ ૬
,, કાસીમ ઈબ્રાહીમ. એદાપ્રિન.		૦ ૧૦ ૦
,, ચંગલરાયન નાઇડુ. ગ્રેહેમ	જોહાન્સ.	૦ ૧૨ ૬
,, પી. બી. દેશાઇ. ટોંગાટ.		૧ ૫ ૦
,, વેલજી ગોપાલજી.	,,	૦ ૧૨ ૬
,, રાજ ફકીર.	,,	૦ ૧૨ ૬

બાબર ભાવ ગયા વીક સમજો.

इंडिअन ओपिनिअन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. १५ वी अपरेल, १९०५. नम्बर १५.

सप्ताहिक पंचांग.

इंग्रेजी—ता. १५ वी अपरेलसे, ता. २१ वी अपरेल १९०५ तक.

हिंदु—चैत्र सुदी १० से चैत्र वदी २ सम्वत् १९६१ तक.

वार.	अंग्रेजी तारीख.	हिंदु तिथि.	सूर्य उदय. क.मि.	सूर्य अस्त. क.मि.	त्योहारोंकी यादी.
शनि.	१५	१०	६ १७	५ ३६	
रवि.	१६	१२	६ १८	५ ३५	
सोम.	१७	१३	६ १८	५ ३३	
मंगल	१८	१४	६ १९	५ ३२	
बुध..	१९	१५	६ १९	५ ३१	
गुरु..	२०	१	६ २०	५ ३०	
शुक्र	२१	२	६ २०	५ २९	गुड फ्राइडे.

इंडिया जानेवाली मैल स्टीमर.

इन्डिया-मेल स्टीमर "समकुही" ता. १ ली मई और पिछे सुरत जानेवाली है.

इंडिअन ओपिनिअन.

शनिश्चर, ता. १५ वी अपरेल, १९०५.

ट्रांस्वालमें काफिर लोग जमीन खरीद कर सकतें वा नहि?

काफिर लोगोंके कुछ हक ट्रांस्वालमें नहि है, ऐसा सब हमारे लोगों आजतक समझते आये थे. परन्तु कई रोज पहले ट्रांस्वालमें सुप्रिम कोर्टने फैसला दिया, उसीसे खबर पातें है. एक कपवाली काफिर ने प्रिटोरियाके रजीस्टार पास अपना नाम पर जमीन चडानेपर अर्जी दी. रजीस्टार ना बोले. इससे काफिरने सुप्रिम कोर्टको अर्जी किया, कि रजीस्टारको यह जमीन उसीका नामपर चडानेका हुक्म फरमाना चाहिये. इस प्रश्न जज ब्रिस्टोन पास गया, उन्होंने सुप्रिम कोर्टमें रजु किया. सर जेम्स रोझइनीस, जस्टीस वेसल्स, तथा जस्टीस सोलोमनने चुकादा दिया, कि काफिर अपना नामपर जमीन लेवे, उसमें कुछ बाधा नहि है. साथ कहा, कि ट्रांस्वाल सरकारके समयपर काफिरोंको जमीन न मिल सके) ऐसा कायदा था सही; परन्तु वे ब्रिटिश सरकारने कई कई कायदे रद बाद किये, उसकी साथ यह रद हुआ है. सरकार तरफसें लन्डन कनवेनशनके दृष्टान्त देनेमें आये, जब चिफ जस्टीसने कहा, कि अब लन्डन कनवेनशन कुछ कामकी नहि और वह कुछ कायदा नहि है. रजीस्टारको हुकम दिया है, कि अरजदार काफिरके नामपर जमीन चडाना.

इस चुकादेने ब्रिटिश राज्यतंत्रकी सत्य खुबी प्रकट कर दी है. चाहे ऐसा आदमी हो, लेकीन बडी अदालतमें सत्य न्याय पाते है, वहां किसी मनुष्यका पक्ष करनेमें नहि आता है. राजद्वारी कारणसे सरकार कायदा पास करके प्रजाके हक छिन लेते है, परन्तु बडी अदालतमें ऐसी बातपर ध्यान दिया नहि जाते है; लेकीन धाराशास्त्रीयो कुछ हक छिन लेवें तो न्यायभूवनमें लाचार होते है. ऐसी बजह जमीन लेनेके बारेमें हमारे हिंदीओंकी ट्रांस्वालमें हो रही है.

उपरके चुकादेसें हमारे लोग बहुत कुछ समझते होगे, कि अब यहां जमीन लेनेका हक हमको भी मिल सकें, परन्तु ऐसी उमेद रखना व्यर्थ है. काफिर सामने खसुस कायदा जमीनके बारेमें नहि है, यह भूलना न चाहिये. यह ही बडी अदालतने, काफिर लोगों फुटपाथपर न चल सकें, ऐसा कायदा स्थिर किया है; क्यों कि उसका कुछ इलाज नहि था. हमारे लोगोंके सामने सन १८८५ में हुआ कायदा अब कायम है, इस बजहमें हक मिले या न मिले; यह ही है. कायदा कहता है, कि हमारे नामपर स्थावर मिलकत न चड सकें—अन्य खरीद जमीन तो नहि ही चड सकें, यह बात साफ है. परन्तु ९९ वर्षके पटेसें हमारे लोग ले सकें या नहि, यह बात कुछ ख्याल करना रही है सही; लेकीन सयद इस्माइलके केस ईमें जो चुकादा दिया है, वे सत्य होवे तो ९९ वर्षका पटा भी हमारा लोगोंके नामपर रजीस्टर नहि हो सकतें. परन्तु यह चुकादासें हमारे लोगको आगे बढनेका बलवान हथियार मिले है. काफिर लोग जमीनका मालिक होवे, तब हमारे हिंदीओं कौन तरहसे न हो सकें; यह प्रश्न उठतें है. मालुम होता, कि काफिरके विरोधी कायदा सरकार की भूल-चूकसें बरबाद हो गये है और १८८५ का कायदा हिंदीओं सामने खसुस होनेसें, वह कका ही रह गये.

मि० एकेटील और गिरमीटीयें.

नातालके शिक्षा-डिपारटमेन्टके माजी चिफ अमलदार मि० बारनेटने कई महीने पहलें विलायतमें नातालकी शिक्षाके सम्बन्धमें खूब गंभीर व्याख्यान दिया. साथ साथ कहा, कि नाताल गिरमीटीयें हिंदीयोंके लिये जो झुंपडे तय्यार किये जाते है, वह जानवर खाना हीसें बहुत खराब ढंगके है और उसकी कोई जांच लगाता नहि है.

यह समयपर बोडके माजी सभा-प्रधान सर आलबर्ट हाइम हाजर थे, उन्होंने इस लगाये दोषपर कुछ जिक्र न कोंकी.

गत सप्ताहमें धारासभाके मेम्बर मि० एकेटीलने मि० मेडनसें प्रश्न किया, कि मि० बारनेटने लगाये तोहमदके सम्बन्धमें गवरमेन्ट कुछ करने चाहती था नहि? कोलोनियल सेक्रेटरी मि० मेडनने उत्तर दिया, कि मि० बारनेटने बात बढाकर कही है. साथ कहा, कि प्रोटेक्टर सब जांच लगाते है, इससें अधिक करनेकी जरुरत नहि है. इस उत्तर संतोषदायक है. मि० बारनेटने जो तोहमत रखा है, उसमें प्रोटेक्टर अपराधी पहिला बनते है. अपराधी पाससें अपना तोहमतका न्याय करवानेपर मि० मेडन साहबने ठीक ताल लगाइ है. प्रोटेक्टर रिपोर्ट अच्छी देवे, उसमें अजायबी क्या? उसीको गिरमीटीयेंके झुंपडेका ढंग अच्छा न दिखता, तो आज यह झुंपडा क्यो रह जावे!

इस तोहमतसे नातालको डाघ लग जाते है. सरकारने इसी बारेमें जांच लगाना चाहिये और शाहित आदमीयोंका कमिशन स्थिर करना चाहिये. हमें आशा है, कि मि० एकेटीलने इस प्रश्न उठाया है, इससें उसका अन्त आवेंगे.

रस्तेपर थुंकनेकी मनाइ—गत ता. ३१ मार्चके रोज केप गवरमेन्ट गेझटमें एक नया धारा केपटौनकी म्युनीसिपालीटी ने पसारकर प्रकाश किया है. कायदा कहता, कि पेवमेन्ट, फुटपाथ, पबलिक मकान, ट्राम गाडी या दुसरी जाहेर जगहपर थुंकना नहि. ऐसी आदतवालोंने थुंकदानी या ऐसी दुसरी चीजोंका उपयोग करना. पहलीवार कायदाका भंग करनेपर ५ शिलींग और दुसरी प्रत्येक बार ४० शिलींग जुर्माना लगा दिया है.

एक अगत्यका चुकादा.

—0—

सब कोइ जानते है, कि ट्रांस्वालमें हिंदीओं अपने नामपर जमीन नहि रख सकते है. इससे गोरोंके नामपर कितनेक रखते है. इस तरहसे जोहानेसबर्गवासी मि० सैयद इस्माइलने अपने गोरे दोस्त मि० ल्युकासके नामपर कितनीक जमीन लेकर रखी. जब जोहानेसबर्गकी कोर्पोरेशनने लोकेशन ले लिया, तब यह जमीन भी ले ली. ल्युकासके नामसे २,००० पौंड नुकशानी बदल देनेका ठहराव हुआ. लडाइके समय पर ल्युकास मर गये और माल-मिलकत नादारीमें चली गई. नादारीमें जानेका कारण यह था, कि ल्युकासकी माल-मिलकतसे महाजन लोगोंका पैसा वसुल न होता था. इसी वजहसे ट्रस्टीने सैयद इस्माइलकी, जमीनके पैसेपर ल्युकासके नामसे अधिकार लगाया. इससे सैयद इस्माइलने बडी अदालतमें दावा पेश किया, कि वह पैसे उसीको मिलना चाहिये. ल्युकासके महाजन लोगोंने दो प्रश्न उठाये, कि जो पैसा सैयद इस्माइल लेने चाहता, वह पैसा ल्युकासके नामपर है और जो जमीनपर वे अधिकार रखता है, वह स्थावर मिलकत होनेसे उसीकी मालिकी करनेका उसका अधिकार न था. सैयद इस्माइलने कहा, कि वह जमीन ९९ वर्षके पटेपर होनेसे स्थावर मिलकत न गिनी जाए और इससे हिंदीको मालिकी अख्त्यार करनेपर कुछ बाधा न उठाना चाहिये. इस बात ठीक न होवे, तो जो कायदासे स्थावर मिलकतकी मालिकी हिंदीको नहि देनेमें आती है, वह कायदा ऐसा नहि कहता, कि दूसरे आदमी—गोरे लोग हिंदीके लिये स्थावर मिलकत अपना नाम पर न रख सके. जज साहबने चुकादा सैयद इस्माइलके लाभपर दिया और कहा, कि ९९ वर्षका पटा स्थावर मिलकत गिनना चाहिये, इससे ऐसी जमीन हिंदीके नामपर नहि रह सके; परन्तु सैयद इस्माइलके दुसरा जवाब मान्यकर फैसला दिया, कि हिंदीके लाभके लिये गोरे लोग जमीन ले सकते है और गोरे कुछ करने चाहता, तो हिंदी मालिकका हक कायदा बचावेगे.

यह फैसला लाभदायक है. अब गोरेके नामपर जमीन लेनेके लिये हिंदीको भय रखनेकी जरूरत नहि है, परन्तु गोरा विश्वासवाला होनेपर साफ करार-पत्र लिखाना चाहिये. सूनते है, कि ल्युकासके ट्रस्टी लोगोने इस चुकादासे नापसंद होकर अपील किया है. अब देखते है, कि चुकादा कैसा मिलता है.

भारत और लार्ड कर्झन.

—0—

कलकत्तेकी कनवोकेशन.

हमें गत ता. १ अपरेलके अंकमें कह चूके है, कि कलकत्तेवाली कनवोकेशनमें लार्ड कर्झनने एक व्याख्यान दिया था. इससे भारतवासीयों नाराज हुए है. इस व्याख्यानसे हमारे पाठकगण अज्ञात है, इससे "बंगवासी" पत्रमेंसे हम प्रकाश करते है.

"गत ११ वी फरवरीके रोज कलकत्तेके सिनेटहालमें विश्वविद्यालयकी कनवोकेशन वा उपाधि-वितरण सभाका अधिवेशन हुआ था. खूब सजा हुआ सिनेट हाल भला जान पडता था और लोगोंकी बडी भीड बाहर और भीतर थी. कलकत्ता-विश्वविद्यालयके चेन्सेलर लार्ड कर्झन तथा वाइस चानसेलर पेडलर साहेब अपनी अपनी जगह बैठे थे.

सभाका कार्य आरम्भ होनेपर पेडलर साहब उठे. पहले उन्होंने गत वर्षके निर्वाचित फेलोगणमें परलोकगत, पदत्याग करने वालों और इस्तीफा देनेवालोंका विवरण पाठ किया. फिर विश्वविद्यालय और उसकी शिक्षापर लम्बा भाषण दिया. पेडलर साहबका भाषण हो चुकनेपर लार्ड कर्झन उठे. आपने उपस्थित शिक्षित युवकवृन्दको सम्बोधन करके पहले सत्यकी उत्कृष्टि दिखाई, कोई विषय अतिरंजित ■ करने—किसीकी खुशामद न करने और सदैव सत्य बोलनेके लिये कहा. साथ साथ यह भी कहा:—

"सत्यका सम्मान प्राच्य (पूर्व) देशमें प्रतिष्ठित होनेके बहुत पहले पाश्चात्य (पश्चिम) प्रदेशमें प्रतिष्ठित हो चुका था. पाश्चात्य देशमें सत्यका सम्मान नीतिशास्त्रमें उच्च स्थान ■ चुका है. प्राच्य देशमें चतुरता और कुट राजनीति हीका सम्मान बहुत ज्यादा है." कर्झन साहबकी यह बात ठीक नहि हुई. उन्होंने पाश्चात्य देशके जो सत्य आसमानपर चढाकर दिखाया है, वही सत्य इस देशमें आकाशका सूर्य बनकर उद्भासित था हमारे वेद, पुराण, तन्त्र, काव्य प्रभृति इसके नित्य प्रमाण है. वेदकी बात नहि कहेंगे,—हमारी मनुसंहिता कहती है:—

"धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रिय निग्रहः।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्म्मलक्षणम्॥"

हमारी याज्ञवल्क्य कहती है:—

"अहिंसा सत्यमस्तेयं शौचामिन्द्रिय निग्रहः।
दानं दया दमः क्षान्तिः सर्वेषां धर्म्मसाधनम्॥"

हमारी आत्र संहिता कहती है:—

"आनृशं क्षमा सत्यमहिंसा दानमार्जवम्।
प्रीतिः प्रसादो माधुर्य्यं मार्दवञ्च यमादश॥"

हमारी रामायण कहती है:—

"सत्यमेव परंब्रह्म सत्यं हि परमं तपः।
सत्यमूलाः क्रियाः सर्व्वाः सत्यात्परतरो नहि॥"

हमारा तंत्र शास्त्र कहता है:—

"नहि सत्यात्परोधर्म्मो न पापमनृतात् परम्।
तस्मात् सर्व्वात्मना मर्त्यः सत्यमेकं समाश्रयेत्॥"

हमारे शास्त्रके ये वाक्य उस समयके है, जब ईसामसीह और ईसाइयोंका नामो निशानतक संसारमें नहि था—ये वाक्य लिखे जानेके सहस्र सहस्र वर्षके उपरान्त भी पैदायश संसारमें नहि हुई थी.

(अपूर्ण.)

भारतमें भयंकर भूकम्प.

—*—

खूब शोचदायक खबर तारद्वारा पाते है, कि इसी मासके पहिला सप्ताहमें हिंदमें एक भारी भूकम्प हुए. इस भूकम्पसे लाहोरसे सिमलातक पृथ्वी कांपती रही. सुनते है, कि २०,००० मनुष्य मरे है और बहुत नुकशान हुआ है. लाहोरमें टौनहाल, कैथेड्रल चर्च, मस्जीद, और दूसरे सैकडो सुन्दर मकान गीरे है. आमामें मध्य मस्जीद और वजीरखान मस्जीदके मिनारा टूट पडे है. मसुरीकी सेवाय होटेलकी बाजे बगल गिर गई, और रोमन कैथोलीकके नया चर्च फट गये. धरमशालाका बनाव हृदयभेदक है. लगभग सब बस्ती मृत्युगत् हुई और सभी बाहर दब गये है. गोरेकी छावनीके चिफ कमान्डरकी औरत, उसकी दो लडकी और दूसरे कितने गोरे मर गये है. पंजाबके उत्तर-विभागमें आये कांगरावेली उजड हुए है और बहुत आदमी मरे है. कई कई प्रदेशके तार तुट जानेसे सम्पूर्ण खबर नहि मिली है. हमारा महाराजा एडवर्ड और प्रिन्स आफ वेल्सने इसी भूकम्पसे जो जान-मालकी हानि हुई है, वह बारेमें एक दिलसोजीका तार वाइसरायपर भेजा है. लाहोरसे अब खबर मिली है, कि यह भूकम्पसे सैकडो मनुष्य निराधार, बिना अन्न और बिना घरबारसे हो रहे है. निराधारको सहायता करनेवास्ते एक फंड खोला है. उसमें लार्ड कर्झनने १०,००० रूपैये भरे है. क्यों? आफ्रिकावासी हिंदी भाइयों! कुछ यह बारेमें सहायता करने चाहता!

संकटनिवारण फंड.

भूकम्पसे भारतमें हमारा सैकडो भाइयों निराधार हो रहे है, उसीको सहायता करना सब भाइयोंकी फर्ज है. इस बारेमें हमें एक फंड खोला है, तो जिन महाशयों यथाशक्ति सहायता करने चाहता हो, उन्होंने रकम इस समाचार-पत्रके पत्तासे कृपाकर भेज देना.

இந்தியன் ஒப்பீனியன்.

வாராந்தரப்பத்திரிகை

நேட்டால் பீனிக்ஸ், 1905ஆ ஏப்ரல்மீ 15உ சனிக்கிழமை.

பஞ்சாங்கம்.

விசுவாவசு வருஷம் சித்திரை மாதம்.

கிழமை.	இங்கிலீஷ் தேதி.	தேதி.	திதி.	நட்சத்திரம்.	யோகம்.
ஞாயிறு.	16	4	[illegible]	[illegible]	[illegible]
திங்கள்.	17	5	[illegible]	[illegible]	[illegible]
செவ்வாய்.	18	6	[illegible]	[illegible]	[illegible]
புதன்.	19	7	[illegible]	[illegible]	[illegible]
வியாழன்.	20	8	[illegible]	[illegible]	[illegible]
வெள்ளி.	21	9	[illegible]	[illegible]	[illegible]
சனி.	22	10	[illegible]	[illegible]	[illegible]

மார்க்கட் விலை.

	முதல்	வரை
மாஞ்சா அரிசி.	16/-	17/6
பீமடி அரிசி.	1-3/-	1-3-6
புழுங்கலரிசி.	14	15
பருப்பு.	14/9	15/-3
மைசூர் பருப்பு	14	15/-
சோளம்.	7/-	7/6
கல்லெண்ணை.	2/8	2/9
கடலையெண்ணை.	2/7	2/8
தேங்கா யெண்ணை.	3	3/1
நேட்டால் சர்க்கரை	1-3-	1-4-
சிகப்பு ,,	1-3-0	1-3-6
திரிகை ,,		19/
கோதுமை மாவு	9-	10/3
பாக்கு	6 பென்ஸ்,	8பெ
மிளகு	5 ,,	5½ ,,
நெய்	3-7-9	3-11-3
பெர்பின் எண்ணை கேஸ்	6/3	6/6
ஷி . வைட் ரோஸ்	7/	7/3

வேண்டுகோள்.

இப்பத்திரிகையின் கையொப்பக்காரர்கள் சென்ற வருஷத்திற்குச் சேர வேண்டிய கையொப்பத்தொகையும் நிகழும் வருஷத்தின் தொகையும் தாமதிக்காமல் அனுப்பும்படி வணக்கமாய்க் கேட்டுக்கொள்ளப்படுகிறது.

கையொப்பக்காரர்களுக்கு பத்திரிகை வாரந்தோறும் கிடைக்காமலிருந்தால் தயவுசெய்து பத்திராதிபருக்குத் தெரியப்படுத்தும்படி கேட்டுக்கொள்ளுகின்றோம்.

இந்தியன் மெயில்.

நேட்டால் [illegible] லைன்.

[illegible] மேமீ 1உ புறப்பட்டு [illegible], மதராஸ், கல்கத்தா முதலிய [illegible] துறைமுகங்களுக்குப் போய்ச்சேரும்.

பிரிட்டிஷ் இந்தியா லைன்.

[illegible] ஏப்ரல்மீ 2[illegible]உ புறப்பட்டு பம்பாய்போகும். [illegible] அல்கோ, [illegible].

ஜெர்மன் ஈஸ்ட் ஆப்ரிக்கா லைன்.

[illegible] ஏப்ரல்மீ 2[illegible]உ புறப்பட்டு [illegible] பம்பாய்போகும்.

இந்தியா ஆப்ரிக்கா லைன்.

எஸ். எஸ். [illegible] ஏப்ரல்மீ 30உ [illegible] சரக்கு ஏற்றிக்கொண்டு [illegible] புறப்படும். [illegible] அல்லது [illegible].

"இந்தியன் ஒப்பீனியன்"

பீனிக்ஸ் நேட்டால்,

சனிக்கிழமை.

1905ஆ ஏப்ரல்மீ 15உ

காட்டுச்சுரம்.

இக்கவியாதி [illegible] பட்டணங்களிலும் கிராமங்களிலும் அதிகமாகப் பரவி இருக்கிறது. சில இடங்களில் [illegible] தனால் பிடிக்கப்படாதவர்களில்லை. இது மிகவுங்கொடுமையான வியாதியாயிருந்தாலும் இப்போது காணும்வியாதி நான்பட நீடித்திருப்பதாகத்தெரியவில்லை. இக்க சுரம் சிலருக்கு மாறிமாறிவரக்கூடும். இது தொத்திப்பரவும் வியாதி. இதற்குக்காரணம் பெரும்பாலும் ஓர்வித கொசு (மொஸ்கிட்டு) என்று தெரிந்திருக்கிறார்கள். சேற்றுப்பாங்கான பூமியும், சேறுபடிந்து துர்நாற்றமுடைய வாயுவை வெளியிடும் ஜலதாரைகளும் சுகாதாரமில்லாத வீடுகளும் இவ்விஷக் கொசுக்களுக்கு உற்பத்தி இடம். இப்படிப்பட்ட இடங்களில் வாசஞ்செய்துவருவதாலும் இச்சுரத்தை உடையவர்களுடன் கலந்திருப்பதாலும் இவ்வியாதி தொற்றும். இத்தச்சமயத்தில் உடை, சாப்பாடு, தூக்கம், சுகம் முதலியவை [illegible] ஒழுங்காக நடத்தி வருவது அவசியம். வியாதிகண்டவர்கள் வியாதி அதிகரிக்காமல் வேண்டியபரிகாரங்களைத் தேடுவதுமிகவும் நலம். இவ்வியாதியால் நான்பட்டப்பீடிக்கப்பட்டவர்கள் அதிகபலக்குறைவை அடைவார்கள்.

யுத்தம்.

[illegible] ஜப்பானியர் கைப்பற்றியபிறகு ருஷியஜப்பான் யுத்தம் ஒருவகையாய் சமாதானத்திற்கு வருமென்றெதிர்பார்த்திருந்தது கூடிவரவில்லை. ஜப்பானியருக்குத் தோல்வியடைந்து சமாதானத்தோடு அகங்காரத்தையும்மேற்கொண்ட ருஷியரின் மனம் இடங்கொடுக்கவில்லை. ருஷிய உள்நாட்டுக்குடிகளின் கலகமும நாளுக்குநாள் பரவிவருகிறது. இதுவும் ஒழுங்குபடவில்லை. இவ்விருவகையான தொந்திரவுகளில் செய்யும்வகை ஒன்றுந்தெரியாமல் ருஷியாசக்ரவர்த்தி அதிககலக்கமடைந்திருக்கிறார். ஜப்பானியருடைய சேனை மிகவும் ஒழுங்கும் கீர்த்தியும் உடையது. ருஷியசேனை எண்ணிக்கையாலும் சீர்திருத்தத்திலும் மிகவும் குறைவுபட்டது நான்பட யுத்தம் நீடிப்பதால் ருஷியருக்கு அவமதிப்பும், பொருள்செலவும், பலக்குறைவும் நேரிடுமே அல்லாது அவர்கள் எண்ணம் பெரும்பாலும் கைகூடுமென்பது புலப்படவில்லை.

ருஷிய ஜப்பான் யுத்தம்.

ஜப்பானியர் பிரவேசம்.

ஜெனரல் லீனவிட்ச் அபாயநிலை.

கொரியாவில் சண்டை.

லண்டன் ஏப்ரல் 7உ கொரியாவுக்கு இடதுபாரிசத்தில் ஜெனரல் ஒக்கு கொஞ்ச சைன்யத்தை எடுத்துக்கொண்டு பிரவேசித்திருக்கிறார். ஜெனரல் நோக்கியும், ஜெனரல் கோடதும் [illegible] தானத்திற்கு பிரவேசித்திருக்கிறார்கள்.

ஜெனரல் குரோபக்கி, ஜெனரல் காவாருபாரவும் [illegible] பிரவேசித்திருக்கிறார்கள். அவர்களுடைய படைகளின் மொத்தம் ஏறக்குறைந்து [illegible] பேர்களென மதிக்கப்படுகிறது.

ஜெனரல் லினெவிட்ச் அவருடைய பாகத்தின் கீழ் தாக்கிட்ட கட்டளையின்படி மிகவும் பயங்கரமாய் பலாத்காரஞ்செய்ய முயலுவாரென்று சொல்லப்படுகிறது.

கொரியாவுக்கு வடகிழக்கில் ஒரு ருஷியசேனைக்கும், விலாடிவாஸ்டாக் பக்கத்திலுள்ள ஒரு ஜப்பானிய பகுப்பாருக்கும், இடையில் ஒரு கலகம் நடந்ததென்று ஜெனரல் லினெவிட்ச் தெரிவிக்கிறார்.

டைலிங்கிற்கு வடக்கே 30 மைல் தூரத்தில் டாவா என்னுமிடத்தில் ருஷிய ஒருபகுப்பார் அபஜெயமடைந்து, வடக்குபாகத்திற்கு பின்வாங்கினார்களென்று மார்ஷல் ஒயாமா தெரிவிக்கிறார்.

கண்ட்ருவின் சமாச்சாரம்: ஜப்பானியர்கள் படையெழுச்சிசெய்து மெதுவாய் வடக்குபக்கம்போகிறார்கள். முதலாவது சேனை டைலிங்கிற்குச் சமீபத்தில் தங்கியிருக்கிறது.

ஜெனரல் லார்க்கனிட் தெரிவிக்கிறார்: ருஷியர்கள், ஒருபகுப்பு ஜப்பானிய குதிரைவீரர்களை இன்டேயிலிருந்து சனிபோ என்னுமிடத்திற்கு [illegible] போகும்படியாய் கட்டாயஞ்செய்தார்கள். டாவா யுத்தத்திற்கு அதுதான் அத்தாக்ஷியாயிருக்கிறது.

லண்டன் ஏப்பிரல் 8: சிங்கப்பூருக்குவடக்கே 130 மைலுக்கப்பால் ருஷிய 47 சண்டைக்கப்பல் தோன்றியதாகத்தெரிகிறது.

பினங்கிற்கு தென்மேற்கே 70 மைலுக்கப்பால் ஜப்பானிய 27 சண்டைக்கப்பல்கள் காணப்பட்டதாகத்தெரிகிறது.

பினங்கு துறைமுகத்திற்குவந்த இரண்டு ஸ்டீமர்கள் தெரிவிக்கின்றன: ருஷிய போர்க்கப்பற்கூட்டம் மலாக்கா ஜலசந்தியில் ஏராளமாய்க்காணப்பட்டன. 25 கப்பல் [illegible] யுத்தவீரர்களிருந்தார்கள்.

ருஷியபோர்க்கப்பற்கூட்டம் சிங்கப்பூரிலிருந்து பகல் மூன்றுமணிக்கு புறப்பட்டு வடக்கே போகின்றது.

மூன்றாவது பால்டிக் போர்க்கப்பற்கூட்டம் அட்மிரல் நீபகாட்டோவால் தென்புறமாய் நடத்தப்படுகின்றது.

இந்திய பூகம்பம்.

இந்தியாவின் தென்மேற்குபாகத்தில் சிலவாரங்களுக்குமுன் மிகவும்பயங்கரமான பூமியதிர்ச்சி நேர்ந்தது. தற்காலங்களில் இவ்வளவு பலமான அதிர்ச்சி உண்டானதில்லையென்று தெரியவருகிறது. அநேக [illegible] அதிக பலமுள்ளமையான கட்டடங்கள் இடிந்துசேதமடைந்தன. கட்டடங்களினால் புதைக்கப்பட்டு அநேகர் உயிர் இழந்தார்கள். தர்மசாலா என்னும் பட்டணத்தில் உள்ள வீடுகள் முழுவதும் இடிந்துபோய்விட்டது. அங்கு 16 ஐரோப்பியர்களும் 1500 இந்தியர்களும் உயிர்துறந்தார்கள். கூர்க்காரிஜ் சொல்ஜர்கள் [illegible] பேர்கள் காயமும் மரணமுமடைந்தார்கள். டல்ஹௌசியிலாவது புதைக்கப்பட்டவர்கள் [illegible] பேர். மற்ற வெளியிடங்களில் புதைக்கப்பட்டவர்கள் [illegible]. வடக்கு ஜில்லாக்களில் மடிந்தவர்கள் 100 பேர்கள்.

பஞ்சாபிற்கு வடகிழக்கு காங்ரா வேலியில் பூமியதிர்ச்சியுண்டாகி பிரமாண்டமான சேதத்தை விளைத்தது. இம்மரணச்செய்தியைச் சக்ரவர்த்தினிக்குத்தெரிவிக்கப்பட்டிருக்கிறது

ராண்ட்பாண்டின் மைனில் சீனர்கள்.

வேலைக்காரர்களின் குற்ற உணர்ச்சி.

ஜோஹானஸ்பர்க் ஏப்பிரல் 7: சென்றமாதம் 30உ வரை சுரங்கங்களில் 34,815 சீனகூலிகள் வேலைசெய்துவந்தார்கள். சென்றமாதம் 31உ சீனர்களின் மொத்தம்பார்த்ததில் இறந்தவர்கள் 25 பேர்கள்போக பாக்கியிருப்பவர்கள் 34,290பேர். இன்னும் 2434 சீனகூலிகள் கப்பலில் வருகிறார்கள்.

சென்ற வெள்ளிக்கிழமை [illegible] கோர்ட்டில் 58 சீனகூலிகள் [illegible] கலகத்திற்கு முகாமையாயிருந்ததற்காக குற்றத்திற்கு ஏதுவாக்கப்பட்டு ஒவ்வொருவருக்கும் 5 மாதம் கடினகாவல் விதிக்கப்பட்டது. இப்போது அக்கம்பவுண்டில் உள்ளவர்கள் ஒப்புரவாய் வேலை பார்த்து வருகிறார்கள். [illegible]

ஜோஹானஸ்பர்க் ஏப்பிரல் 8உ: 500 சீனகூலிகள் இன்றுகாலமே [illegible] மைனில் கம்பவுண்டை உடைத்துக்கொண்டு வெளியேறி ஜோஹானஸ்பர்க் வழியே 6 மைல்தூரம் போனார்கள். அதைத்தெரிந்து சுரங்க அதிகாரிகள், ஜோஹானஸ்பர்க் அரணிலும், ஜெர்மிஸ்டனிலும், [illegible]ம் போலீசாரை வரவழைத்தார்கள். பிறகு [illegible] சீனர்களும் திரும்பிவந்து போலீசார்மேல் கல்லெறிந்தார்கள். ஆனால் ஒருவருக்கும் காயப்படவில்லை. ஒரு சீனன் மட்டும் காயமுற்றுப்போயிருக்கிறான். [illegible] போலீசாருக்குத் தெரிவிக்கிறார்கள். 28 சீனர்களைப் பிடித்து [illegible] கொண்டு போனார்கள். போலீசார் துப்பாக்கி உபயோகப்படுத்தவில்லை.

கேப்துறைமுகத்தில் உடைந்தது.

டர்பனிலிருந்து புறப்பட்ட ஸ்டீமர்.

உயிர்ச்சேதம்.

கொம்ஸ்டவுன் ஏப்பிரல் 7: சேதமடைந்த கப்பலின் சமாச்சாரம் போர்ட் ஆல்பிரட்டிலிருந்து வந்திருக்கிறது. அக்கப்பல்பேர் [illegible] நகரத்துக்குச் சொந்தம், [illegible] பேர் மெடேசைகள். இந்தஸ்டீமர் [illegible] மூன்றுமைலுக்கப்பால் [illegible]

டால்உவார்ட்பாயிண்டுக்கும் மத்தியில் உடைந்துபோயிற்று. அது புதன்கிழமை 5–30மணிக்கு ஒருபாறை மேல்போய் மோதியதென்று சொல்லப்படுகின்றது. சிட்னே, மெல்போர்ன் என்னுமிடங்களில் சர்க்கரை ஏற்றிவந்து, டர்பன்துறைமுகத்திலிருந்து லிவர்ப்பூலுக்கு செவ்வாய்க்கிழமை பிரயாணப்பட்டது. கப்பல் தலைவனும், வேலையாட்களும் கப்பலில் பாதிவரை தண்ணீர் நிறம்பியவுடன், 5–30 மணிக்கு கப்பலைவிட்டு மூன்றுபடகுகளிலேறிக்கொண்டு போர்ட் ஆல்பிரட்டை நோக்கிவந்தார்கள். வேலையாட்கள் மூன்றுபடகுகளையுங் கரைசேர்க்க முயற்சித்தார்கள், அங்குள்ள சிலபாறைகளில் படகுகள் மோதப்பட்டுக்கவிழ்ந்து 8 பேர் மூழ்கிவிட்டார்கள். ஆனால் கப்பல் தலைவன் காப்பாற்றப்பட்டான். என்ன பயங்கரமான ஆபத்து?

லார்ட் மில்னரும் இந்தியாவும்.

ஒரு சமுசயமான அறிக்கை.

ஜொஹானஸ்பர்க் ஏப்ரில் 7: லார்ட்மில்னர் இந்தியா வைசராய் லார்ட் கர்ஸனுக்குப்பதிலாக ஒருவேளை நியமிக்கப்படுவாரென்று தெரிகிறது. (ரியூட்டர்) ஏஜண்டால் விசாரிக்கப்பட்டதில், லெய்ட் ஹைகமிஷனர், லார்ட் மில்னர் இந்தியாவில் அதிககாலம் தங்கமுடியு அபிப்பிராயப்பட்டு, அவரை அங்கு நியமிக்க ஏற்றுக்கொள்வாரென்பது அதிக சந்தேகத்தைக் கொடுக்கிறதாகச் சொல்லப்படுகிறது.

மிர். பீச் இதுவரை சவிக்கியமாயிருக்கிறார்

டாக்டர் உவில்லியம்ஸ் பிங்மாத்திரையால் இரண்டுவருஷங்களுக்குமுன் சுகமடைந்தது.

இதுவரை அவ்வியாதி திரும்பவில்லை.

அவருடைய நிலைமையைப்பற்றி மறுபடியும் ருஜுவாக்கப்பட்டது.

திரான்ஸ்வால் குருகர்ஸ்டார்ப், பர்கர்ஸ்டைப், மிர். டிர்க்காரன்பீசால் 18 மாதங்களுக்குமுன் செய்யப்பட்ட பிரதிக்கினை:

"என் சிநேகர்கள் வந்தால் அவர்களுக்கு 'குட்பாய்' என்று சொல்லமுடியாத அவ்வளவு சௌகரியத்தாழ்வாயிருந்தேன். அவர்கள்போய், பிறகு என்னைப்பார்க்க வந்ததேயில்லை. ஆனால் நான் இப்போது சிறிது பலமும் சுகமும் அடைந்தேன். அதைப்பற்றி டாக்டர் உவில்லியம்ஸ் பிங்மாத்திரைகளுக்கு வந்தனமளிக்கிறேன்."

ஒருவருஷத்துக்குமுன் மிர். பீச் பின்வருமாறு பிரதிக்கினை செய்தார்: "எனக்குண்டாயிருந்த வியாதி டாக்டர் வில்லியம்ஸ் பிங்மாத்திரைகளைச் சாப்பிட்டமுதல் மறுபடி என்னைப்பிடிக்கவில்லையென்று சந்தோஷப்படுகிறேன்."

பர்கர்ஸ்டார்ப்பிலுள்ள ஒவ்வொரு வீட்டாரும் மிர். பீச்சினுடைய ஆச்சரியமான சுகத்தைப்பற்றி அறிந்திருக்கிறார்கள். அதிசமீபத்திலுள்ள மிர். பி. ஜெ. பிரிட்டோரியஸ் சொன்னார்: "மிர். பீச்சின் சொஸ்தம் அதிக ஆச்சரியப்படக்கூடியதாயிருந்தது. எங்களில் ஒருவரும் அவர் [illegible]ப்படுவாரென்று நினைக்கவில்லை. ஆனால் டாக்டர் உவில்லியம்ஸ் பிங் மாத்திரைகளை எடுத்துக்கொண்டபிறகு கொஞ்சம் சவிக்கியத்துக்குவந்தார்."

"I was observant also of a great deal of house-building in Bombay, nearly all of European design and under European superintendence. The only exception was a little mosque in the north-east quarter of the island, near the seashore, under Chinchpoogly Hill. It was built by a small body of stonemasons, and from first to last not only without a draughted plan, but without measurements. I have often cited the case in opposition to my distinguished friend, Sir Caspar Purdon-Clarke's contention that no one can build a house without a plan. I was officially with these masons daily, and only occasionally would they have an aside consultation over some hitch in the construction, or some point of decoration—which was nearly all in the proportion of the construction—and then they would trace out their casual 'plannings' in the dust on the ground, and with their fingers, or I would help them with my walking-stick. I do not know how it is done—by instinct, by rote, or by divine inspiration (i.e., genius). I only know that the thought of 'Glory to God' works wonders by the hands of these men, Hindus and Muslims, and that honest payment, as God's blessing on their work, fills them with devout gratitude and inestimable gratification in it."

No Franchise For Indians.

"No Pledges Given."

In the House of Commons on the 12th inst., says Reuter, Sir M. M. Bhownaggree, conservative member for Bethnal Green, pointed out that the term of surrender excluded only African natives from the franchise. He will therefore ask Mr. Lyttelton to amend the new Transvaal Constitution in order to enfranchise British Indians in the country.

Mr. Lyttelton's Reply.

In the House of Commons on the 15th inst. The Hon. A. Lyttelton, replying to a question by Sir M. M. Bhownaggree regarding the political status of British Indians in the Transvaal, said the Imperial Government understands that the Boers interpret the terms of surrender as meaning that the question of enfranchising any coloured people be deferred until self-government is granted. Considering this, and the importance of not giving any ground for the charge that the Imperial Government is departing from the terms of surrender, he was not prepared to advise the king to amend the the Constitution. The Colonial Secretary denied that any special pledge had been given on the subject.

Facts and Comments.

"TAMIL SUBSCRIBERS."—Your letter is receiving attention.

RADIUM, says Professor J. J. Thomson, has been found in flour. The poor man's loaf will be getting expensive if this sort of thing goes on.—*Globe*.

THE CALCUTTA PROTEST.—The Government of India have expressed their inability to accede to the request of the President of the Calcutta Meeting to forward the resolution protesting against the Viceroy's speech to the Secretary of State for India.

A BOMBAY COUNTER PROTEST.—About one hundred Mahomedans met to protest against the Bombay protest meeting with regard to Lord Curzon's speech. No prominent Mahomedans were present. The meeting was very unruly. On first being put to the meeting the resolution was not passed, but on being put a second time it was declared carried. The meeting terminated in great confusion.

INDIAN MAILS.—The Natal Direct Liner *Umhlali* sails for Calcutta and Madras, transferring passengers at Colombo for Bombay, on or about 20th May. Messrs. King & Sons, West Street, Durban, are the Agents.

The German East Africa Liner, *Somali*, sails for Bombay direct, on or about 29th May. Mr. N. M. Kador, 115 Grey Street, Durban, is the Agent.

ઇંડિયન ઓપિનિયન.

પુસ્તક ૩. | ફીનીક્સ—શનીવાર, તારીખ ૨૦ મી મે, ૧૯૦૫. | અંક ૨૦.

અઠવાડિક પંચાંગ.

ખ્રીસ્તી—તા૦ ૨૦મી મેથી તા૦ ૨૬ મી મે સુધી ખ્રી૦ સ૦ ૧૯૦૫.

હીંદુ—વૈશાખ વદ ૨થી. વૈશાખ વદ ૮ સુધી, સંવત ૧૯૬૧

મુસલમાની—તા. ૧૪ રબીલાખરથી તા. ૨૦ રબીલાખર સુધી ૧૩૨૩ હીજરી.

વાર.	[illegible]	હિંદુ તીથી.	[illegible]	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની...	૧૦	૨	૧૪	૬ ૩૬	૫ ૭
રવી...	૨૧	૩	૧૫	૬ ૩૭	૫ ૭
સોમ.	૨૨	૪	૧૬	૬ ૩૮	૫ ૬
મંગળ	૨૩	૫	૧૭	૬ ૩૮	૫ ૬
બુધ...	૨૪	૬	૧૮	૬ ૩૯	૫ ૫
ગુરૂ...	૨૫	૭	૧૯	૬ ૩૯	૫ ૫
શુક્ર..	૨૬	૮	૨૦	૬ ૪૦	૫ ૫

ઇંડિયન ઓપિનિયન.

શનીવાર, તા૦ ૨૦ મે, ૧૯૦૫.

નાતાલના નવા કાયદા.

તા. ૪થી મેના નાતાલ ગવરમેન્ટ ગેઝેટ માં નવા બીલો બહાર પડ્યાં છે. તે જાણવા તથા વિચારવા જોગ છે. તે બીલો ત્રણે પૈસા એકઠા કરવાની બાબતના છે. તે ઉપરથી જણાય છે કે નાતાલની સ્થિતિ હાલ ઘણી ખરાબ છે. લડાઇને વખતે નાતાલમાં ઘણી વસ્તી વધી પડી, વિલાયતથી ઘણો માલ નાતાલમાંજ ઉતરયો, અને બીજી રીતે નાતાલની તીજોરીમાં તેમજ લોકોના તીજોરીમાં પૈસાનો ભરાવો થયો. તેથીજ આબાદી હમેશાં નભી રહેશે એમ ધારી નાતાલની સરકારે મોટા ખરચના બોજા ઉપાડયા. એ ઉમેદ બર ન આવવાથી તે ખર્ચ ઉપડતો નથી. તેમ ખર્ચો કાઢી પણ શકાતો નથી. વાર્ષિક હિસાબ કરતાં ખોટ માલમ પડે છે, તેથી પૈસા કેમ ઉઘરાવવા એ નાતાલના રાજ્યકારભારીને મહાન વિચાર થઇ પડ્યો છે. તેનું પરિણામ ઉપલા ત્રણ બીલો છે. તેમાંનું પહેલું તે માથાવેરો નાંખવા વિષેનું છે. તે બીલની રૂએ ૧૮ કે તેથી વધારે ઉમરના દરેક માણસ પાસેથી ૧ પાઉન્ડ એક પાઉન્ડ ઉઘરાવવાનો છે. વેરો દર વરસે પહેલી જાનેવારીએ પાકે, અને તે માજીસ્ટ્રેટની ઓફીસમાં ભરવો. જો કોઇ માણસ વેરો ન ભરે તો તેની ઉપર સમન્સ કરીને વેરો ઉઘરાવવો. ગમે તે પોલીસ અમલદાર વેરાની પહોંચ માંગી શકે છે. કાદર કે છુટા થએલા ગીરમીટીયાને જ્યાં સુધી તે પહોંચ ન બતાવે ત્યાં સુધી તેને કોલોની છોડવાની પરવાનગી ન મળે. કોઇ પણ માણસ બીજાને નોકરીમાં રાખે તો તે નોકરના વેરાને સારૂ જવાબદાર થાય છે. ગવરનરને ધારા બાંધવાની સત્તા મળે છે, અને તે ધારાથી ગવરનર દરેક માણસે રજીસ્ટર થવા બાબત અથવા હાથ ઉપર વેરો આપ્યાની નિશાની રાખવા વિગેરે ફરજ પાડી શકે છે. આ કલમ હિંદીઓને જોખમ કારક થવાનો સંભવ છે છતાં તેની સામે થવાય તેવું હાલ નથી. ધારા બહાર પડે ત્યારેજ આપણાથી બોલાય તેમ છે. ગીરમીટીયા હિંદી, કંગાલ માણસો, અને માત્ર ત્રણ મહિનાજ કે તેથી ઓછી મુદતને માટે આવેલા માણસને ઉપરનો કર આપવાની ફરજ નથી. જો બધા માણસો કર આપે તો લગભગ ૧,૦૦,૦૦૦ પાઉન્ડની ઉપજ થવાનો સંભવ છે.

બીજું બીલ એ છે કે મ્યુનિસિપાલિટિની હદ બહારની જમીન ઉપર ૨૫૦ કરતાં વધારે એકર એક માણસના હાથમાં હોય તો, અને તે જમીન ઉપર ગોરા ન વસતા હોય તો, અથવાતો ધણી પોતે ન રહેતો હોય તો, દર એકરે દર વરસે અરધી પેનીનો કર તેનો માલેક આપે. આ કાયદાની સામે હિંદીઓએ થવા વિના ચાલે તેમ નથી. હિંદી બાહુતો વસે તો પણ કર આપવો એ દેખીતું ગેર વાજબી છે અને તેવો ધારો આપણે વગર લડતે કબુલ રાખીએ તે નજ બનવું જોઇએ. આ કર દેખીતો બહુ ઓછો છે પણ જ્યારે લાખો એકર જમીન તેવી નાતાલમાં છે તેનો વિચાર કરીએ છીએ તો કર ઘણો મોટો થવા આવે છે. કેમકે દર ૪૮૦ એકર જમીન ઉપર પાઉન્ડ એકનો વાર્ષિક બોજો થયો. અને ગોરાઓ ન વસતા હોય એવા હજારો એકરો ઉપર આ કર બોજા રૂપ થવા સંભવ છે.

ત્રીજું બીલ મુએલા માણસોના મીલકત ઉપર કર નાખવાનું છે. મરનારના છોકરા, પોત્રા, કે બાપ વારસ હોય તો માલકતની કિંમત ઉપર સેંકડે [illegible] ટકો, જો ભાઇ વારસ હોય તો સેંકડે ૨ ટકા, જો ભાઇ બહેનની પ્રજા વારસ હોય તો સેંકડે ૩ ટકા અને તે શિવાય કોઇ વારસ હોય તો સેંકડે ૫ ટકા, એમ મરનારની મીલકત ઉપર કર રાખ્યો છે. જો મીલકત ૫૦ પાઉન્ડથી વધારે ન હોય તો ઉધડ એક પાઉન્ડ દશ શિલિંગ ઠરાવ્યો છે, અને જો ૧૦૦ પા. ની હોય તો ઉધડ ૨ પાઉન્ડ દશ શિલિંગ ઠરાવ્યા છે. ગીરમીટીયા હિંદીની મીલકત આ કરમાંથી મુક્ત છે.

આ પ્રમાણે ત્રણ બીલો હાલ નાતાલની પારલામેન્ટ પાસે રજુ છે. તે પસાર થાય છે કે નહિ તે જોવાનું છે. મરનારની મીલકત ઉપર વેરો એ નવાઇની વાત નથી. તે ઘણા મુલકમાં હોય છે. વિલાયતમાં છે. પણ જમીન ઉપર તથા માથા ઉપર વેરો કોઇજ ઠેકાણે લેવામાં આવે છે. ટ્રાંસવાલમાં તેવો વેરો હતો તે સરકાર બીલકુલ ઉઘરાવતી નથી. અને તે વેરો ઉઘરાવતા ઘણી વખત બહુ મુશ્કેલીઓ પડે છે. છતાં આવો કર દાખલ કરવાનો સરકાર ઇરાદો રાખે છે, તે બતાવે છે કે કોલોની ઘણું કંગાલ થઇ ગયું છે, અને અગાઉની આવકના ઝરા સુકાઇ ગયા છે.

લોર્ડ કરઝનનું મોટી ધારા સભામાં હિંદીઓ વિષે ભાષણ.

લોર્ડ કરઝને કલકત્તામાં જે દક્ષિણ આફ્રિકાના હિંદી વિષે વડી ધારાસભામાં ભાષણ કર્યું તે હિંદુસ્થાનથી આવેલી મેલમાં મળ્યું છે. તે ઉપરથી જણાય છે કે તેઓ સાહેબે સારી મહેનત લીધી છે. નાતાલથી તેમને મન વવા બે એલચીઓ મળેલા તે અમારા વાંચનારને યાદ હશે. તેમનો હેતુ એવો હતો કે હિંદી સરકાર ગીરમીટિયાઓ ફરજીઆત રિતે ગીરમીટ ખલાસ થતાં પાછા જાય આ દરખાસ્ત કબુલ રાખે; પણ તેવી દરખાસ્ત લોર્ડ કરઝને કેટલીક શરતો જો નાતાલ કબુલ ન રાખે તો નામંજુર કરવા કહ્યું. તેમની શરત એ હતી કે ત્રણ પાઉંડનો કર કાઢી નાંખવો, હિંદીઓને લાઇસેન્સની હરકત પડે છે તે દુર કરવી. ઇમીગ્રેશન કાયદામાં સુધારો કરી હિંદીભાષાઓને માન આપવું. આ ઉપરાંત બીજી શરતો પણ તેઓ સાહેબે

રાખી. આ બધી નાતાલની સરકારે નામંજુર કરી તેથી લોર્ડ કરઝને એલચીઓની દર ખાસ્ત પણ રદ કરી છે. ટ્રાન્સવાલના હિંદીઓ બાબત પણ બાવણુ કરતાં નેઓ સાહેબે જણાવ્યું કે જે મી. લીટલટનના ડીસપાચમાં હકીકત આવી ગઇ છે ને બધું તેમની માગ ણીનું પરિણામ છે. મી. લીટલટને માત્ર એક જ વાત કબુલ નહિ રાખી તે એ કે હિંદીબાયા વિષે. મી. લીટલટને જો ટ્રાંસવાલ સરકાર નાતાલ અથવા કેપની માફક ઇમીગ્રેશન કાયદો કરેતો કબૂલ રાખવા જણાવ્યું છે. લોર્ડ કરઝન વળી કૌન્ટમાં કહી ગયા છે કે જ્યાં સુધી હિંદીઓના હકમાં સુધારો નહિ થાય ત્યાં સુધી તેઓ સાહેબ કશી મદદ કોલોનીઓને નહિ કરે આ બધું સંતોષ કારક છે અને આપણી લડતનું પરિણામ છે એમ અમે માનીએ છીએ

હવે નાતાલમાં આવતા ગીરમીટીયાઓને અટકાવવાની લડત લેવાની જરૂર છે અને બાકી જે લડત આપણે ચલાવીએ છીએ તે જારી રાખવાની છે. એમ કરવાથી આપણી સ્થિતિમાં કંઇક પણ સુધારો થશે એમ તો અવશ્ય જણાય છે

કેપમાં ઇમીગ્રેશન કાયદો.

કેપમાં જે ઇમીગ્રેશન કાયદો થયો છે તે ઉપર ડાક્તર ગ્રેગરી જે ત્યાંના ઇમીગ્રેશન ઓફીસર છે તેનો રિપોર્ટ બહાર પડ્યો છે. તે ઉપરથી જોવામાં આવે છે કે ગયા માસ માં ૨૯૮ મુસાફરોને પાછા કહાડ્યાં હતાં. તેમાંના ૫૬ અભણ હતા તેથી પાછા કહા ડ્યાં. ૧૫૬ પૈસા વિનાના હતા. ૭૪ અભણ અને કંગાલ હતા, ૧૨ વેશ્યા હતી તેને ઉતર વાની મનાઇ કરવામાં આવી હતી. ડાક્તર ગ્રેગરી માને છે કે ખરાબ વખતને લીધે ઘણાં માણસો આવવાને માગત. તેઓ નથી આવ્યા એટલે આ કાયદાની ખરી અસર શી થઇ છે તે કહી શકાતું નથી. ડાક્તર ગ્રેગરી માને છે કે ઘણાં હિંદીઓને ન ઉતરવાને લીધે તકલીફ પડી છે. અને કદી એમ મનાય કે હિંદીઓને અટકાવવા સારૂં આ કાયદો સારો છે તોપણ જ્યારે યીડીશ બોલનારા હિબ્રુ લોકો જેઓ ખરેખરા ભીખારી છે પણ પોતાના ભાઇબંધોના પાસેથી પૈસા ઉછીના લઇને આવી શકે છે, ત્યારે હિંદી બ્રિટિશ રૈયતને આવતાં અટકાવવી એ ન્યાયી છે કે નહિ એ સવાલ વાળી વાત છે. આ રિપોર્ટ ઉપરથી જણાય છે કે ડાક્તર ગ્રેગરી પોતે આ કાયદો અન્યાયી ગણે છે. કેપના હિંદીઓ ને કેપની સરકારે વચન આપેલ છે કે તે કાયદામાં ભણતર બાબત ફેરફાર કરવામાં આવશે અને હિંદી ભાષાનું જ્ઞાન કબુલ રાખ વામાં આવશે. આ વચન પળાવવાનું કામ કેપના આગેવાન હિંદીઓનું છે. તેઓ ખરો ખરૂ મહેનત કરશે તો અમને ખાત્રી છે કે સરકાર ઘટતો ફેરફાર તે બોલમાં કરશે. અમે ઉમેદ રાખીએ છીએ કે કેપના હિંદીઓ ઉત્સાહથી કામ ઉપાડીને પાર મુકશે.

મરહુમ મીં૦ તાતા.

મરહુમ મીં૦ તાતાની યાદગીરી કાયમ રાખવા સારૂ મુંબઇના ટાઉન હોલમાં ગયા એપ્રીલની શરૂઆતમાં જંગીવર સભા મળી હતી. ગવરનર સાહેબ લોર્ડ લેમીંગટન પ્રમુખ સ્થાનકે બીરાજ્યા હતા. અને પહેલો ઠરાવ યાદગીરી કાયમ રાખવા બાબતનો મુંબઇના હાઇકોર્ટના ચીફ જસ્ટીસ વડા જડજ સર લોરેન્સ જેન્કીન્સે રજુ કર્યો હતો. તે સભામાં જસટીસ બદરૂદીન તૈયબજી, જસટીસ ચંદા વરકર, ઓનરેબલ મીં૦ પારેખ, સર ભાલ ચંદ્ર વિગેરેએ ભાગ લીધો હતો. ગવરનરથી કરી બીજા બધા ભાષણ કરનારાઓએ બતા વી આપ્યું કે મીં૦ તાતાના જેવો ઉદાર, સાદો અને સાચો પુરૂષ હિંદુસ્થાનમાં ભાગ્યેજ થયો છે. મીં૦ તાતાએ જે કાંઇ કર્યું તેમાં પોતાનો સ્વાર્થ જોયોજ નહિં હતો. તેણે સરકારની પાસેથી ખેતાબોની ગરજ રાખી નથી. અને જાતોનો ભેદ ગણ્યો નથી. તેમને જસ્ટીસ બદરૂદીને કહ્યું તે પ્રમાણે પારસી મુસલમાન, હિંદુ બધા સરખા હતા. તેઓ બધા હિંદી છે એટલું તેમને વાસ્તે બસ હતું. તેમની દયા બહુ તીવ્ર હતી. ગરીબોનું દુઃખ વિચારી પોતે રડી પડતા. પોતાના પાસે અથાગ પૈસો હતો તેમાંથી પોતાના મોજ મજામાં પોતે કાંઇજ ન વાપરતું તેમની સાદાઇ જબરદસ્ત હતી. હિંદુસ્થાનમાં ઘણાં મીં૦ તાતા થાઓ એવું અમે ઇચ્છીએ છીએ.

સંયુક્ત પ્રાંતોમાં હમીરપુર જીલ્લા જમુને ની દસણે નદીમાંથી એક નહેર બાંધવા માટે રૂપીયા સાડી ચાળીસ લાખના જે અડસટો કરવામાં આવ્યો છે તેને હિંદી પ્રધાને બહાલી આપી છે. મુખ્ય નહેર સાડી પાસ ઇંચના થશે અને તેને મહાવીર માઇલ તથા ચાકૂડ માઇલની બે શાખાઓ થશે. તે સાધારણ વરસોમાં સત્તાવન હજાર એકરને પાણી પાશે અને દુકાળ જેવા વખતમાં તોંતેર હજાર એકર ઉપર ફરી વળશે, અને આપણ ઉપર બે ટકા ઉપજાવી શકશે.

સર ફીરોજશાહ મહેતા.

સર ફીરોજશાહા મહેતાએ જેવી મુંબઇ ની સેવા કરી છે તેવી કોઇએ નથી કરી. આજ ત્રીશ વર્ષ થયાં પોતે કોરપોરેશનમાં દાખલ રહ્યા છે અને મોટા મોટા કેસો છોડી ને પોતે કોરપોરેશનમાં હાજર રહ્યા છે તેથી પોતે કારપોરેશનના પિતા ગણાય છે આ વરસે તેમને કારપોરેશનનું પ્રમુખ પદ આ પવાની વાત ચાલે છે કેમકે પ્રીન્સઓફ વેલ્સ આ વરસે હિંદુસ્થાન જનાર છે. તેમને નાઇટનો ઇલકાબ છે એટલે ટાઇમ્સ ઓફ ઇન્ડિયા સુચના કરે છે કે સર ફીરોજશાહ પ્રમૂખ સ્થાને બિરાજે તે વખતે સરકાર પ્રમૂખને લોર્ડ મેયરનો ઇલકાબ આપે તો ખોટું નહિં. જો મેલબર્ન તથા સીડનીના કોર પોરેશનના પ્રમૂખ લોર્ડ મેયર કહેવાય છે તો કલકતા તથા મુંબઇમાં શા સારૂં નહિ?

જોહાનીસબર્ગમાં મરકીને વખતે બાળી નાંખેલા સામાન વિષેના દાવા.

ગયે વરસે જ્યારે જોહાનીસબર્ગમાં મરકી થઇ ત્યારે લોકેશનનો ઘણો માલ બાળી નાંખે લો હતો. તે બાબત હિંદીઓએ દાવા કરેલા. તે દાવા ચુકવવાની ટાઉન કાઉંસીલે ના પાડી તે ઉપરથી ગવરનરને અરજી થએલી. તેના પરિણામમાં ટાઉન કાઉન્સિલે જે માણસો પોતાના દાવા સાબેત કરી આપે તેને ૪૦ ટકા આપવાનું કબૂલ કર્યું છે. તે એવી શરતે કે જો બધા માણસો કબૂલ રાખે તો. હવે તે બાબતની તપાસ ચાલે છે. જેઓના ક્લેમ સાબેત છે તેઓને ઓર્ડર મળી ચુકી છે. પણ જેના ક્લેમ સાબેત નથી થયા તેની તપાસ ચાલે છે. વધારે ખબર મળવાથી અમે જાહેર કરશું.

ઇટાલીના રોમ શહેરમાં મળનારી રસાયણ શાસ્ત્રીઓની સભામાં હિંદુસ્થાન તરફથી મેજર સી, એચ. બેડફર્ડ આઇ. એમ. એસ. ની ચુંટણી થએલી છે.

અમેરિકામાં આવેલ શીકેગોના પાઠશાળા ના એક વિદ્વાન પ્રોફેસર લેબ્સ પોતાના ભાષણમાં મક્કમપણે જણાવે છે કે જીવ બના વવો એ સંભવિત વાત છે. રસાયણના અમુક તત્વોના મીશ્રણથી જીવ પેદા થવોજ જોઇએ. રસાયણશાળામાં ટુંકી મુદતમાં જીવ બનાવ વાના અખતરાને ફતેહ મળશે. એવી તેણે ખાત્રી આપી છે. આ બાબત ઉપર બીજા વિદ્વાનોએ જુદા જુદા મત આપેલા છે.

ટ્રાન્સવાલ લેણદારોને સુચના.

ટ્રાન્સવાલ ગવરમેન્ટ ગેઝેટમાંથી માલમ પડે છે કે નીચેના એસ્ટેટના પૈસા તેની સાથે જણાવેલા માણસોને મળવાના છે. તેઓ અરજી કરશે તો મળશે.

એચ. કોર્નફોર્થ પાસેથી અબુબકર આમદના લેણા ૭-૧૮-૭.

એમ. એમ. ખરસાણી પાસેથી એ છ. હુસેનના લેણા ૨૦-૧૬-૦.

એ. સી. પટેલ ના લેણા ૮૫-૧૯-૮.

એમ. શી. ચોવાણના લેણા ૪-૧૯-૫.

ઉમર ગુલંદ પાસેથી અબદુલ રહેમાનના લેણા ૫-૧૫-૪.

મહમદ સાલેના લેણા ૧-૮-૮.

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

1. કાગળની એકજ બાજુએ લખવું.
2. અક્ષર ચોખા સાહીથી લખવા.
3. નામ તથા ઠેકાણું બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ પણ અમારી જાણને સારૂં
4. લખાણ હમેશાં ટુંકું અને મુદાસર કરવું.—અધિપતિ.]

ઇંડિઅન ઓપિનિઅનના અધિપતિ જોગ.

સાહેબ,

આપના માનવંતા પત્રમાં નાચેની બીના પ્રગટ કરી સેવક ઉપર ઉપકાર કરશો.

આપના માનવંતા પેપરનો લાભ ઘણા ખરા મુસલમીન ભાઇઓ લીએ છે, અને તેને વાંચવાની તક અંધારામાં મળવાથી, તેનો લાભ મળતો નથી. એ આપના તા. ૧૫ મી એપ્રીલ ૧૯૦૫ ના અંકપરથી માલમ પડે છે. મી. ગાંધીએ જોહાનીસબર્ગની થીઓસોફિકલ સોસાઇટિમાં જે ભાપણો કર્યાં તેના બીના જોહાનીસબર્ગના પેપરોમાં વાંચી આપે ઈંડિઅન ઓપિનિઅનમાં પણ તે પ્રગટ કરવા, તે વાંચી ખુશી પેદા થઇ છે. તેમજ ઘણી દીલગીરી પેદા થાય છે જે મી. ગાંધી પોતાના ભાપણમાં જણાવે છે કે, ૧,૦૦૦ વરસ પહેલાં ઇસલામના ફેલાવો કરવા હિંદુસ્થાન ઉપર ગીઝની લશ્કર ચડી આવ્યુ, હિંદુ મુર્તિઓનું ખંડન શરૂ થયુ અને સોનનાથ સુધી હલ્લા થયા. એક તરફથી આમ જબરદસ્તી થતી ચાલી અને બીજી તરફથી ઇસલામી ફકિરો તેની ખરી ખુબીઓ બતાવવા લાગ્યા. ઇસલામમાં જે આવે તે સરખા છે આ વાતની છાપ હલકા વરણના લોકો ઉપર ઘણી પડી, અને લાખો હિંદુઓએ ઇસલામ ધરમ કબુલ રાખ્યો આ તેમનું કહેવું ખોટું છે. કારણ હલકી વરણનાં ઉપર નહિ પણ ઉંચ્ચ વરણના એવા કે બ્રાહ્મણ વિગેરેના ઉપર તે છાપ વધારે પડી હતી, અને એની સાબિતી તૈયાર છે. મી. ગાંધીનું કહેવુ એમ થયું કે હિંદુસ્થાનમાં જે સઘળા મુસલમાનો છે તે ઢેડ વિગેરે માના છે. કારણ હલકી વરણનાં તો તેજ છે. આ તેઓનું બોલવું વ્યાજબી નથી. તેઓ લખી જણાવશે કે કઈ કઇ ઉંચ્ચ વરણના હિંદુઓએ મુસલમાન ધરમ ન સ્વિકાર્યો. વળી બીજું તેઓનું બોલવુ એવું છે કે, ઝનુન એ ઇસલામની જબરદસ્ત ખુબી એ ખરૂ છે. મગર મી. ગાંધી કહે છે કે એથી બહુ સારા કામ થયા છે અને કેટલીક વખત બુરાં કામો પણ થયા છે. તે બુરાં કામો શુ છે તે આ વાંચીને તેઓ મહેરબાની કરી આનો ઉત્તર આપવા તસ્દી લેશે.

વેરૂલમ. લી. આપનો સેવક.
તા૦ ૬-૫-૦૫. એ. ઇ. વાવડા.

મી. ગાંધીનો ખુલાસો.

અધિપતિએ મને ઉપરનો કાગળ મોકલ્યો તેથી હું રાજી થયો છું. મી. વાવડાએ પોતાના વિચાર બતાવ્યા તેને સારૂં હું તેનો આભારી થયો છું. મેં જે ભાપણ કર્યાં તેમાં મારો એકજ હેતુ હતો. તે એ કે હિંદીની સેવા કરવી. હિંદુસ્થાનમાં હિંદુ ધર્મ શુ છે તેનો ચિતાર આપવાનું મને આમંત્રણ મલ્યું તે મેં સ્વીકાર્યું. તે વિષે વિવેચન કરતાં બીજા ધર્મોની સરખામણી કરવી જરૂરની વાત થઈ પડી. પણ તેમ કરતાં મેં એવો ખ્યાલ રાખ્યો કે દરેક ધર્મની બને ત્યાં સુધી સારી ખુબીઓ બતાવવી, અને ગોરાઓના મન ઉપર સારી છાપ પાડવી. જે જે હકીકત મેં કહી, તે માત્ર ઇતિહાસ ઉપરથી લીધેલી છે, કે જે આપણે બચપણથીજ નિશાળમાં શિખતા આવ્યા છીએ. જબરદસ્તિથી ઇસલામનો ફેલાવો થયો તે તવારિખની વાત છે. પણ તેની સાથે મેં બતાવ્યું કે ફેલાવાનું સબળ કારણ તે ઇસલામની સાદાઈ અને બધાઓને સરખા ગણવાની ખુબી. હલકા વર્ણના હિંદુઓ ઘણે ભાગે મુસલમાન થયા એ પણ સિધ્ધ થઇ શકે એવી વાત છે. અને તેમાં હું મારા મનથી કશી ખોડ માનતો નથી. મારા પોતાના મનમાં બ્રાહ્મણ કે ભંગી વચ્ચે ભેદ નથી. અને હું ઇસલામી ધર્મની એ શ્રેષ્ઠતા માનું છું કે જે લોકો હિંદુ ધર્મના વર્તાવથી નારાજ થયા તેઓએ ઇસલામ ધર્મ પકડી પોતાની સ્થિતિ સુધારી છે. વળી મારૂં કહેવું એમ પણ નથી થયું કે જેટલા મુસલમાન થયા તે બધા હલકા વર્ણનાંજ હિંદુઓ હતા. અને હલકા વર્ણમાં માત્ર ઢેડજ આવે છે એ તો તો મને વ્યાજબ નથી. ઉંચા વર્ણના એટલે બ્રાહ્મણ ક્ષત્રિઓ પણ મુસલમાન થયા છે એમ કબુલ કરૂં છું પણ ઘણો ભાગ તેવો ન હતો એ જગત પ્રસિધ્ધ વાત છે. પણ મારો મુખ્ય ભાર એ વાત ઉપર મુકવાનો છે કે હલકા વર્ગના હિંદુઓ મુસલમાન થયાં તેમાં મુસલમાન ધર્મની હિણપત જરાએ નથી. પણ તે તેની ખુબી બતાવે છે અને મુસલમાને તેમાં મગરૂર થવા જેવું છે.

ઝનુન વિષે મારો મત મેં બતાવ્યો તેમજ છે. ઝનુનનો અરથ મી વાવડા ઉલટો કરે છે. ઝનુન એ શબ્દ મેં સારાઅર્થમાં વાપર્યો છે અને મેં ચોખું બતાવ્યું છે કે એ ઇસલામનું એક જોર છે. ખરા ઝનુન વિના કંઇ સારૂં કામ થઇ શકતું નથી. જ્યારે તુરકીઓ ખરા ઝનુનથી મરણીઆ થઇ લડ્યા ત્યારેજ રૂશિયા તથા ગ્રીસની સાથે બાથ ભીડી શક્યા અને હાલ તુરકી સિપાઇથી સહુ ડરે છે. ઝનુનથી રજપુતો લડ્યા ત્યારે રજપુતાના ઉપર કોઇ હાથ નહોતું લગાડી શક્યુ. ઝનુનથી જપાન લડે છે ત્યારેજ પોર્ટઆરથરનો કિલ્લો સર કરી શકે છે. એ ઝનુન લડવામાં તેમજ બીજા કામમાં જરૂરનું છે અને સારો ગુણ છે. ઝનુનથી એડીસન સારે શોધો કરે છે. ઝનુનથીજ વેટે રેલવે શોધી અત્યારે દુનિયામાં ફરવું સહેલું કર્યું. અને એજ ઝનુન હશે તોજ આપણે એકઠા થઇ ગોરાઓની સાથેની લડતમાં જીની આપણી હલએ દુર કરશું. એ ઝનુન ઇસલામમાં ખાસ ગુણ છે. એવુંજ ઝનુન બીજા કામોમાં પણ વાપરવામાં આવે તો અત્યંત ફાયદો થાય.

હવે મારે વધારે કહેવાનું રહેતું નથી. જે સવાલ મી. વાવડાને કઠ્યો તેજ બીજાઓને કઠ્યો છે મારી જાણમાં છે. એ જે હું સાચું સમજ્યો તે મેં કહ્યું છે. તે કહેતાં એક પણ માણસની લાગણી દુખાવવાનો મારો વિચાર નહોતો. અને મારા મનમાં હિંદુ મુસલમાન કે ખ્રિસ્તિ વચ્ચે કશો તફાવત નથી. એમ ઘણી વખત હું કહી ગયો છું ને મને લાગે છે કે તેજ પ્રમાણે હું ચાલ્યો છું. હિંદુ મુસલમાન બ્રાહ્મણ કે ભંગી તેઓની વચ્ચે કશો પણ તફાવત રાખ્યા વિના સર્વની ઉપર સમ દ્રષ્ટિ રાખવી એ હિંદુ ધર્મ શિખવે છે એમ મારો આગ્રહ છે ને તે મારો ધર્મ છે.

તા. ૧૩-૫-૦૫. મો. ક. ગાંધી.

વાઇસરાયની ધારાસભામાં હિંદી બજેટ.

જુદા જુદા સવાલોપર ઓનરેબલ સભાસદોની લડત—વાઇસરોયનો ખુલાસો—આબ્ધા છોડવાની ખબર.

[ગુજરાતી ઉપરથી લીધેલું.]

ગયા માર્ચ મહિનાની તા. ૨૯મીને રોજ ભરાયેલી વડી ધારાસભાની બેઠકમાં નામદાર વાઈસરાય લોર્ડ કરઝન પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. તે વેળા હિંદી બજેટ વધારેને નહિ રજુ કરવામાં આવ્યું હતું. જુદા જુદા ઓનરેબલ સભાસદોએ તેના ઉપર સાથે

સંબંધ ધરાવતા જુદા જુદા અગત્યના સવાલો ઉપર વિવેચન કરયું હતું. એનો લંબાણમાં સામટો ઉત્તર નામદાર વાઇસરાય તથા ખજાનચી ઓનરેબલ મીo બેકર વિગેરે તરફથી આપવામાં આવ્યો હતો. નામદાર વાઈસરાયે પોતાના ભાષણમાં જે ઈશારો કરયો હતો તે ઉપરથી માલમ પડે છે કે તે નામદાર આવતે વરસ ઓફીસ છોડી જવાની ધારણા રાખે છે. તેમણે જણાવ્યું હતું કે મારા ઓદ્દાની મુદતનો છેડો જેમ નજીક આવતો જાય છે તેમ આવતા વરસનું બજેટ—એ તેટલા સુધી હું હયાત રહેવા પામું તો—મારૂં છેલ્લું બજેટ ગણાશે, અને તે વેળાએ મેં મારે હાથ ધરેલું કામ પાર ઉતારયું છે કે તેમાં નિષ્ફળ થયો છું તે ઉપર વિવેચન કરવાની મને ફરજ પડશે. મારી નિમણુંક કરવામાં આવી ત્યારેજ મેં વડા પ્રધાનને લખી દીધું હતું કે જે કામો કરવાની હું ધારણા રાખું છું તે પુરેપુરાં બજાવવાને મને સાત વરસ જાશે. શરૂઆતમાં નવાબ સૈયદ મહમદ સાહેબ બહાદુરે મરકીનું એક કમિશન નિમવાની બાબતમાં સવાલ ઉઠાવ્યો હતો, અને સરકારે તરફથી સર એરંડલે જવાબ વાળ્યો હતો કે, તે સવાલ અત્યાર અગાઉ ઉપાડી લેવામાં આવ્યો છે, અને તેને લગતી તપાસની એક વળ કરવાને કમીશનનો એક સભાસદ હિંદુસ્થાન આવવાને ઉપડી ચુક્યો છે. નવાબ અલીખાને બજેટ ઉપર પહેલું ભાષણ કરતાં દેશની આબાદ હાલતના સંબંધમાં સરકારને મુબારકબાદી આપી હતી તથા કરમાં થયેલા ઘટાડા માટે સંતોષ બતાવ્યો હતો. મદ્રાસવાળા મીo સીમે નહેરોનાં બાંધકામો પાછળ વધુ નાણાં ખરચવાની ભલામણ કરી હતી. જીલ્લા બોરડોને કરવામાં આવેલી મદદ તરફ પસંદગી બતાવી મીo હેરે જણાવ્યું હતું કે પ્રાણીવૈદાના સાયન્સના સુધારા માટે હજી કાંઇ કરવામાં આવ્યું નથી, અને બંગાળામાં ઢોરોના બચાવ માટે પરતાં પગલાં ભરવાની જરૂર છે. ઓન મીo પોર્ટરે વધું રેલવેની ખાસ જરૂર તરફ ધ્યાન ખેંચ્યું હતું, અને સ્કુલોના બોર્ડિંગ હાઉસ વધારે સારાં બનાવવાની તેણે હિમાયત કીધી હતી અને હાલની પોલીસ ફોજનો તેણે બચાવ કીધો હતો.

ઓન. રાય શ્રી રામબહાદુરનું ભાષણ.

ઓન. રાય શ્રી રામબહાદુરે પોતાના ભાષણમાં અનેક બાબતો હાથ ધરી હતી અને વચલા તથા યુનાઇટેડ પ્રાંતો મધ્યના પતદારીઓના હકો તથા જમીનના કરના સંબંધમાં લંબાણથી વિવેચન કરયું હતું. ફાજલ પુરાંતનો એક ભાગ ખેડુતોને વધુ મદદ કરવા માટે વાપરવાને તેમણે આગ્રહ કરયો હતો; લશ્કરી ખરચમાં વધતો રહેલો હદ વગરનો ઉછાળો તેમણે વખોડી કહાડયો હતો, તથા ટીકિટની આવકમાંથી ખરચ હિંદુ [illegible]

ગેરઇનસાફ માટે તેમણે પોતાની નાપસંદગી જાહેર કરી હતી. સરકારી નોકરીઓમાં હિંદીઓને પુરતી સંખ્યામાં રોકવામાં નથી આવતા તેને લગતા સવાલ ઉપર તેમણે લંબાણથી વિવેચન કરયું હતું. પોલીસ, તાર, નીમક, કસ્ટમ, જાહેર બાંધકામ, રેલવે તથા બીજા ખાતાઓમાં મોટા પગારના જે ઓદ્દાઓ યુરોપીઅનો ધરાવે છે તે બતાવનારા આંકડાઓ તથા વિગતો તેઓએ સભાની ટેબલ ઉપર રજુ કરી હતી.

ઓન. મીo ગોખલેનું ભાષણ.

નવા બજેટ માટે હિંદી સરકારને મુબારકબાદી આપી ઓન મીo ગોખલેએ નીમક ઉપરના કરમાં બોલમાં વધુ ઘટાડો કરવાની ઉમેદ રજુ કરી જણાવ્યું કે અરધા આનાના ટપાલના દરમાં પેલો તોલો કાગળ મોકલવાની જે છુટ મુકવામાં આવી છે તેનો પ્રજા તરફથી સારો લાભ લેવાશે. પોલીસ ફોજના બંધનમાં સુધારો કરવા માટે રૂ. ૫૦ લાખની જે રકમ આપી છે તે પગલાંની અગત્ય સ્વીકારી તેઓએ જણાવ્યું કે પોલીસ ફોજના ચડતા ઓદ્દાઓને માટે અમલદારો મેળવવાની બાબતમાં ગમે તેવો મતફેર હોય પણ તે મતફેરથી કાંઇ એ સુધારા ઉપર અસર થનાર નથી. ડીસ્ટ્રીક્ટ અને લોકલ બોરડોને મદદ કરવા માટે તેમજ ખેતીવાડીના અખતરાઓ માટે સરકારે આપેલી ગ્રાંટને તેઓએ પસંદ કરી હતી. સરકારની નાણાં સંબંધી સ્થિતિ વિષે વિવેચન કરી મીo ગોખલેએ જણાવ્યું કે કરજમાં ઘટાડો કરીને બાકી પુરાંત ખરચાવી જોઇએ છે. વધ્યા જતા ખરચો સામે વિરૂદ્ધતા દરશાવીને મીo ગોખલેએ જણાવ્યું કે ચલણને લગતી સરકારની રાજ્યનીતિથી પ્રજાને ઘણું ખમવું પડયું છે. તેમણે જણાવ્યું કે મુંબઇ અને મદ્રાસ ઇલાકાના તેમજ કેટલા પ્રાંતો અને મધ્ય પ્રાંતોની જમીનનાં દેવામાં સેંકડે ૨૦ ટકા જેટલો ઘટાડો કરવો જોઇએ છે. મરકીને લીધે મ્યુનિસિપાલિટિઓને તેમાં અવશ્ય કરીને મુંબઈ ઇલાકાની મ્યુનિસિપાલિટિઓને વળી સરકારે નાણાં સંબંધી મદદ કરવી જોઈએ. છેવટે મીo ગોખલેએ સરકારને અરજ કરી કે હિંદીવાનોને હાલના કરતાં વધુ સંખ્યામાં સરકારી નોકરી આપવાની, તેમજ ચડતા ઓદ્દાઓ આપવાની સરકારે કૃપા કરવી કે જેથી મોટી સત્તા અને જોખમદારીઓવાળા એકજ વર્ગના હાથમાં ન રહે.

દરભંગાના મહારાજાનું ભાષણ.

દરભંગાના મહારાજા ઓન. સર રામેશ્વર સીંગે જણાવ્યું કે જે જાતનો કર માફ કરવામાં આવ્યો છે તેની વધારે જરૂર હતી. તે પછી હિંદી રેલવેઓ અને ખાસ કરીને ત્રીજા વર્ગના ઉતારૂઓના સંબંધમાં નિયમિત સુધારો કરવાની જરૂર ઉપર વિવેચન કરયું હતું. તેમણે જણાવ્યું કે આ બાબતમાં આગ્રહ અને રોહીલખંડ રેલવેએ વખાણવા [illegible] છે, ત્રીજા વર્ગના

ઉતારૂઓ માટે સારા વેઇટીંગ રૂમો અને રીફ્રેશમેન્ટ રૂમો કરવાની ખાસ જરૂર છે. તેઓએ વળી એવી ભલામણ કીધી કે રેલવે બોરડોએ શેરોનું વ્યાજ આપવાની જામીનગીરીની યોજના તઇયાર કરવી જોઈએ કે જેથી હિંદુસ્થાન ખાતે ખાનગી નાણું ખેંચાઈ આવે. તેઓએ વળી જણાવ્યું કે હલકા ખાતે રેલવેના દર અતી ઘણા ઉંચા છે. તીજોરીની વડાઇ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે વાસા ખાતે કરવામાં આવેલા લખવ ■ હિંદુસ્થાનને કેટલા વેપારી લાભ હાંસલ થયા છે અને તેથી વેપારનું ભવિષ્ય કેવું થશે તે વિષે સરકારનું મત જાહેર કરવામાં આવે તો ઠીક. તેમણે સરકારને વિનંતી કરી કે બંગાળા, મુંબઈ અને મદ્રાસના ચોકસ જીલ્લાઓમાં કારોબાર તથા ન્યાયનાં કામ જુદા જુદા અમલદારોને હાથે કરાવવાની રૂઢી અખતરા તરીકે દાખલ કરવી.

ઓન મીo કેબલનું ભાષણ.

સંતોષકારક બજેટ માટે તેમજ કરની માફી માટે સરકારને મુબારકબાદી આપવા પછી ઓન. મીo કેબલે જાણવા માંગ્યુ કે ટપાલ તથા મહેસુલના એકજ જાતના સ્ટાંપ દાખલ કરવા માટે કાંઈ પગલાં ભરવામાં આવે છે, અને તારના દર હજુ વધારે ઓછા કરવાનો ઈરાદો છે કે નહિ? તેણે ભલામણ કરી કે એક કરોડ ઉપરની સીલક ઉપરની રકમમાંની અરધી અનામત સોનામાં રોકવી તથા બીજી અરધી બ્રિટિશ સિવાયની સધ્ધર જમીનગીરીમાં રોકવી કે નહિ તે વિષે સરકારે વિચાર ચલાવવો જાઇએ. તેણે જણાવ્યું કે ઉગતા હિંદી ઉદ્યોગોને બનતી દરેક મદદ આપવી તે સરકારની ફરજ છે હિંદમાં રેલવેનો દર ઓછો કરવાને હજુ ઘણી જગ્યા છે એમ તેણે જણાવ્યું, તથા દેશના સુધારા વધારા માટે લાગ લઇને કરવાની સગવડ વધારવાની ઘણી જરૂર છે અને તે માટે લોન ઉઘાડવા સરકારે અચકાવું જોઇતું નથી. ચાહ ઉપરની અતી ભારી જગાત બાબત ટીકા કરી જણાવ્યું કે હિંદમાં પરદેશી થાપણો ખેંચવા માટે ઉપાયો લેવા જોઇએ. તેણે કહયુ કે બ્રિટિશ થાપણવાળાઓને વધારે સાહસ આપી તેમને પોતાની થાપણ હિંદમાં રોકવા લલચાવવાની હાલની તકનો લાભ લેવો જોઇએ કે જેથી તેઓ હિંદી બાબતોમાં હાલ કરતાં વધું કાળજી ધરાવતા થશે.

ઓન. મીo હુએટનું ભાષણ

ઓન. મીo હુએટે રેલવે તથા બીજા જાહેરકામો પાછળ જે વધારે ખરચ કરવામાં આવનાર છે તેની સમજ આપી જણાવ્યું હતું કે, ૧૯૦૧ અને ૧૯૦૩ દરમ્યાન માલ ગાડીના ૧૪ હજાર ડબાઓ ઉમેરવામાં આવ્યા છે. એ કામ માટે હાલના તથા આવતા વરસમાં ખરચ ૩ કરોડ તથા બે કરોડ ત્રીસ લાખ થશે. રેલવે બોર્ડના સંબંધમાં કેટલાક ખુલાસા કરી ઓન. મી. [illegible] ત્રીજા વર્ગના ઉતારૂઓની [illegible]

જવાબ આપતાં જણાવ્યું કે તેણે તે સવાલ ઉપર વિચાર ચલાવવા માંડયો છે. લખનૌ અને અલ્લાહાબાદ વચ્ચે સળંગ વ્યવહાર સ્થાપવા બાબત તેણે જણાવ્યું કે હિંદી સરકાર પાસે તે કરતાં વધુ અગત્યની યોજના પડેલી છે. કસ્ટમની સનંદી નોકરી બાબત સરકારે યોજના તૈયાર કીધી છે અને તે હિંદી પ્રધાન ઉપર મોકલવામાં આવી છે, જેનો જવાબ ફરી વળવાની રાહ જોવામાં આવે છે. હિંદી સરકારે અરધા આનાના દરમાં પોણા તોલાના વજનના કાગળો મોકલવાની જે ગોઠવણ કરી છે તેના સંબંધમાં તેણે જણાવ્યું કે તે વજન એક તોલા સુધી કરવાનો સરકારનો ઇરાદો છે. દેશમાં તેમજ પરદેશમાં મોકલવામાં આવતી વસ્તુઓ ઉપર વીમાનો જે દર લેવામાં આવે છે તે આવતી તા. ૧ લી જુલાઈથી અરધો ઘટાડી નાંખવામાં આવનાર છે. કોઇ પણ રજીસ્ટર કરવામાં આવેલી ટપાલની ચીજ ગુમાઈ જાય તે માટે રૂ. ૨૫ સુધીનો બદલો આપવાની ટપાલ ખાતાને સત્તા આપવામાં આવી છે. ઉપસાવેલા પરબીડાંની ટીકીટો વર્તમાનપત્રોને વિટાળવામાં આવેલા કાગળને ચોટાડવાની બંધી કાઢી નાખવામાં આવી છે. એડન તથા કરાંચી વચ્ચે દોડતી ટપાલ લઇ જનારી સ્ટીમરોના સંબંધમાં તેણે જણાવ્યું કે તેનો ખરચ આ દેશનેજ આપવો પડશે. ટીકના તારના સદેશાને તાકીદના તથા સાધારણ સદેશાના જેવીજ હાલત ઉપર મુકવાની દરખાસ્ત ઉપર સરકાર વિચાર ચલાવે છે. તેમજ પરદેશી તારોના દરો ઘટાડવાનો પણ સરકારનો ઇરાદો છે.

આન. સર ઇબેટસનનું ભાષણ.

આન. સર. ઇબેટસને ભાષણ કરતાં ખેતીવાડીનાં કામે છેલ્લાં સાડાત્રણ વરસમાં કરેલા વધારાનો હેવાલ રજુ કર્યો હતો. તેણે જણાવ્યું કે ખેતીનાં કામમાં રોકવામાં આવેલા પ્રવિણોની સંખ્યા વધારીને છ ઉપરથી દસની કરવામાં આવી છે. પુસા ખાતેની કોલેજના મકાનોનો અડસટ્ટો સાડાસોળ લાખ રૂપિઆનો થયો છે, જેમાંનો મુખ્ય ભાગ તમાં સાડાસાત લાખ લાગશે. ઉત્તમ સ્ટાફ રોકવામાં આવ્યો છે અને તેને શોધ ખોળ તથા અખતરાઓનાં કામમાં જોડયાં છે અને તેમાના ૭ હિંદી ગ્રેજ્યુએટોને હુશીઆર કરવામાં આવે છે. હિંદી રૂની સ્થિતિ સુધારવા માટે ૪૫ હજાર રૂપીઆ કહાડયા છે. ખેતી કામ ઉપર ગઈ સાલમાં ૧૪।। લાખની રકમ ખરચવામાં આવી છે ખાસ વિભાગે સખત અખતરા સુધી કઢાડેલા ખેતરોની પેદાશમાંથી સ્થાનિક સરકારો તરફથી કરવામાં આવે છે. મુખ્ય મુશ્કેલી શીખેલા આદમીઓની તાણ છે તથા તે સાથે તેને કેળવવા માટેના સાધનોની ગેરહાજરી છે. એ સઘળી જરૂરીઆતો પુસા ખાતેની કોલેજ પુરી પાડશે. એ પછી ખેતીવાડીના સંબંધમાં સરકારે કેવા કેવા ફેરફાર કરવા ધારે છે તે વિગેરેની લંબાણ સમજણ સર ઇબેટસને આપી હતી.

(અપૂર્ણ.)

ટ્રાંસવાલના નવા લાઇ કમીશનર લોર્ડ સેલબોર્ન તા. ૧૬મીએ કેપટાઉન ખાતે આવી પહોંચ્યા છે.

રોમેશચંદ્ર દત્તે વડોદરા રાજ્યમાં મહેસુલ રૂપીઆને બદલે અનાજથી ઉઘરાવવાનું ધોરણ દાખલ કરયું છે.

કીંગ એડવર્ડે હિંદુસ્થાનના ધરતીકંપ રીલીફ ફંડમાં ૧૦૫ પાઉંડ તથા પ્રીન્સ ઓફ વેલ્સે પાઉંડ ૫૦ અને પ્રીન્સેસ ઓફ વેલ્સે પાઉન્ડ ૨૫ની રકમો હિંદુસ્થાન મોકલી આપી છે.

તીબેટ રોડ ઉપર આવેલા નગરદેવાના ગામની નજદીકનો એક જ્વાળામુખી પહાડ ફાટસે જણાય છે. આ એવાઇ મળેલો પહાડ ફરીને ફાટશે તેને લીધે ધરતીકંપ થયો એમ કેટલાએકનું માનવું છે.

ઇન્ડિઅન એસોસિએશનની આગેવાની હેઠળ એક ચોપાનીયું પ્રગટ કરવામાં આવ્યું છે જેમાં લોર્ડ કર્ઝને કલકત્તા યુનિવરસિટિના કોનવોકેશન મેળાવડામાં ચેન્સેલર તરીકે એશિઆટિક પ્રજાનું અપમાન કરનારાં વાંધા ભરેલા ભાષણ સામે, તેમજ તેની સામાન્ય રાજ્યનીતિ વિરૂદ્ધ વાંધો ઉઠાવવા કલકત્તામાં મળેલી જાહેર સભાના કામકાજની વિગત, મજકુર સભાના પ્રમુખ ડા૦ રાસ બીહારી ઘોસે કરેલું ભાષણ તેમજ તે બાબત ઉપર આગેવાન એંગ્લો ઇન્ડિઅન તથા હિંદી વર્તમાન પત્રોએ કરેલી ટીકાના ઉતારા વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. "બંગાળી" પત્ર જણાવે છે કે એ ચોપાનીઆની હજારો નકલો પારલામેન્ટના મેમ્બરો તથા ઇંગ્લાંડના આગેવાન વર્તમાનપત્રોમાં વહેંચવા લંડન ખાતે મોકલવામાં આવી છે.

સ્ટીમરોની આવ જાની ખબર.

નાતાલ ડાઇરેક્ટ લાઇનની સ્ટીમર અમલોઠી તા. ૨૦મી મેએ કલકત્તા માટે ઉપડી જશે, મુંબઇ જનારા પાસેંજરોને કોલંબો ઉતારશે.

જરમન લાઇનની સ્ટીમર સકારી તા. ૨૫મી મેએ ઉપડી જશે.

જાહેર ખબર.

ડરબન હિંદુસ્મશાન ફંડનો રિપોર્ટ બહાર પાડવા તથા તે સંબંધી હકીકત જાહેર કરવા, અને આજ દિવસ સુધી થએલ કામો રજુ કરવા સારૂ મુલતવી રહેલી જનરલ સભા તા. ૨૧ માહે મે સને ૧૯૦૫ રવીવારે બપોરના એક વાગે મે સ્ટ્રીટમાં આવેલા હાઇબોરી વાળા મકાનમાં મળશે. આ પ્રસંગે સર્વે હિંદુ ગ્રહસ્થોને પધારવાની વિનંતી કરવામાં આવે છે.

તા. ૯-૫-૧૯૦૫. આર. બી. [illegible]

"ટ્રસ્ટી" હિંદુ સ્મશાન ફંડ.

ગ્રાહકોને વિનંતી.

ચાલુ સાલનું લવાજમ જે ગ્રાહકોની પાસે બાકી રહેલું હોય તેમણે મોકલી આપવા મે. કરવી

રોકડ બજાર ભાવ.

		શી.	પે.		શી.	પે.
ચાવલ.						
ખાજ	૧ બસ્તાનુ	૧૬	૭	થી	૧૭	૦
બીમડીના	,,	૨૨	૦	,,	૨૩	૦
એફ. એફ. ડી. આર.		૧૪	૦	,,	૧૩	૬
એફ. ડી. આર.	,,	૧૩	૦	,,	૧૪	૦
ચીની સકરર	,,	૧૮	૬	,,	૧૯	૦
કુડાના	,,	૧૮	૦	,,	૧૯	૦
દેશી તુવેર દાળ.		૧૪	૦	,,	૧૫	૦
તુવેર દાળ કાનપુરી		૧૪	૬	,,	૧૫	૦
મસુરની	,,	૧૪	૦	,,	૧૫	૦
મગની	,,	૨૨	૦	,,	૨૪	૦
અડદની	,,	૨૦	૯	,,	૨૧	૦
ચણા	,,	૧૭	૦	,,	૧૮	૦
,, દાળ	,,	૧૭	૦	,,	૧૮	૦
વટાણા	,,	૧૬	૦	,,	૧૮	૦
મકાઇ	,,	૬	૦	,,	૭	૦
તેલ.						
કડવું	૧ ગ્યાલન	૨	૯	,,	૨	૯
એરંડાનું	,,	૨	૧	,,	૨	૨
મીઠું	,,	૨	૯	,,	૨	૬
નાળીએરનું	,,	૩	૪	,,	૩	૧
ખાંડ મોરીસની						
સફેદ	,,	૨૧	૬	,,	૨૨	૬
પીળી	,,	૨૨	૬	,,	૨૩	૦
તીરકુણ નાતાલ		૧૯	૬			
આટો		૫	૭	,,	૫	૯
મદ્રાસી સોપારી, ૧ રતલ		૦	૬	,,	૦	૮
મરચાં.		૦	૫	,,	૦	૫।।
ઘી પેટી		૬૭	૯	,,	૭૧	૩
પારાફીન ડીવોસ.		૬	૩	,,	૬	૬
,, વાઇટ રોસ		૭	૦	,,	૭	૩
,, ,, ગાલન		૧૨	૯	,	૧૩	૩
કોફી		૧૨	૦	,,	૧૨	૬
નાળીએર ૧૦૦		૧૪	૦	,,	૧૬	૦

આ અઠવાડીઆમાં મળેલ લવાજમ.

મી. આઇ. ફકાભાઇ પથર ડરબન.		૦ ૧૨ ૬
,, રાજકુમાર.	ડરબન.	૦ ૧૨ ૬
,, એ. એમ. ભાયાત.	ઇમ્પેન્ડહીલ.	૦ ૧૨ ૬
,, ઇસપ ઇબ્રાહિમ	રસ્ટેનબર્ગ.	૦ ૧૨ ૬
,, એમ. ગુરસામી નાઇડુ.	પી. એમ. બર્ગ	૦ ૧૨ ૬
,, ઇસમાઇલ ઇબ્રાહિમ. [illegible]	[illegible]	૦ ૧૫ ૦

इंडिअन ओपिनिअन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. २० वी मेई, १९०५. नम्बर २०.

सप्ताहिक पंचांग.

इंग्रेजी—ता. २० वी मेईसें, ता. २६ वी मेई १९०५ तक.

हिंदु—वैशाक वदी २ से वैशाख वदी ८ सम्वत् १९६१ तक.

वार.	अंग्रेजी तारीख.	हिंदी तिथि.	सूर्य उदय.	सूर्य अस्त.	त्योहारोंको यादी.
			क.मि.	क.मि.	
शनि.	२०	२६	३६५	७	
रवि.	२१	३६	३७५	७	
सोम.	२२	४६	३८५	६	
मंगल	२३	५६	३८५	६	
बुध..	२४	६६	३९५	५	
गुरु..	२५	७६	३९५	५	
शुक्र	२६	८६	४०५	५	

इंडिया जानेवाली मेल स्टीमर.

इन्डिया-मेल स्टीमर "अमलोर्टी" ता. २० वी मेई और पिछे तुरत कलकत्ता जानेवाली है.

इंडिअन ओपिनिअन.

शनिश्चर, ता. २० वी मेई, १९०५.

नातालमें नवीन कायदा.

गत ता० ४ अप्रलको नाताल गवरमेन्ट गेझटमें नवीन तीन बिल प्रसिद्ध हुआ है. वह बिलपर ध्यान लगानेकी आवश्यकता है. तीन बिल पैसा बढानेके सम्बन्धमें है, इससें ज्ञान पडता है, कि नातालकी स्थिती अब बहुत खराब है. लडाइके सबबपर नातालमें बस्ती बढ गई, विलायती माल की आय यहां ही विशेष हुई. उपरान्त सरकारके खजानेमें और लोगोंके घरमें पैसे उछलने लगे और सदाय लक्ष्मीका और ऐसा ही वास कायम रहेगा, ऐसा समजकर सरकारने भारी खर्चका बोझ शिरपर उठाया. वखत बितनेपर लक्ष्मी चंचल हुए और मामला बिगड गया. आशा फलिभूत न होनेसें खर्चका बोझ भारी पडा. एक तरफ खर्च नहि हटाया जाता है और दुसरी तरफ आमदनी भी नहि हो सकता है. वार्षिक आय व्ययका हिसाब करनेसें बडी तोटी ज्ञान पडो है. इससें पैसा कौन प्रकारसें वसुल करना, यह बाबेमें नातालके राज्य-कर्मचारीयों भारी विचार कर रहे है. इसी वजहपर उपरके तीन बिल पेश हुए है.

१ ला बिल—मुंडी करका है. इसीलिये अढारा वर्ष और इससें ज्यास्ती वयवाले हरेक मरदपर हरसाल एक पोन्डका महेसुल लगाया जायगा. महेसुल माजीस्ट्रेटकी आफि-समें हरसाल जनवरीकी पहिला तारीखके रोज भरना. कोइ आदमी महेसुल भर न देवे, तो समन निकालकर वसुल कर सकता है. कोसी पुलिस अमलदार महेसुलको रसीद मांग सकते है. जहांतक काफिर और छुटे हुए गिरमीटीयें रसीद न दिखावे, वहांतक वे लोग विना परवानगीसें वह कोलोनी छोडने न पावे. नौकरके महेसुलके सम्बन्धमें शेठ लोग जवाबदार बनते है. कानुन बनाने की सत्ता गवरनरको मिलती है. गवरनर हरेक आदमीपर रजीस्टर होनेके और हाथ पर रजीस्टरी चिन्ह रखनेके सम्बन्धमें सत्ता चला सकते है. गिरमीटीयें हिंदी, कंगाल आदमी और सिर्फ तीन महीने और इससें कमती मुदतके लिये आनेवाले मुसाफिर लोग यह महेसुलसे मुक्त है. सब आदमी महेसुल देवे तो १,००,००० पोन्डकी वार्षिक आय होनेका सम्भव है.

२ रा बिल—कोरपोरेशनकी हद बहार २५० एकरसे ज्यास्ती जमीन एक आदमी रखता होवे, इसी जमीनपर कोइ गोरा और आप रहता न होवे, तो हरेक एक एकर पर हरसाल आधी पेनीका महेसुल उसका मालिक देवे. इस महेसुलसे हजारो इस्टेटो पर भारी बोझ लग जायगा.

३ रा बिल—मृत्त आदमीकी आमदनी पर महेसुल लगा देनेके सम्बन्धमें है. मरे हुए आदमीका वारस उसीका छोकरा और उसीका बापदादा होवे, तो उनकी आमदनी की किंमतपर सैंकडे पीछे एक टका; भाई और बहन वारस होवे, तो दो टका; भाई और बहनकी प्रजा वारस होवे, तो तीन टका; और दुसरा कोइ वारस होवे तो ५ टका. आमदनी ५० पोन्डसें ज्यास्ती न होवे, तो उसपर १ पोन्ड १० शिलिंग, और १०० पोन्डपर २ पोन्ड १० शिलिंगका दर रखा गया है। गिरमीटीयोंका मिलकत यह महे-सुलसें मुक्त नहीं गई है.

यह तीन बिल अब नाताल पारलीया-मेन्टके पास है. वह पसार होता है या नहि, वह अब देखनेका है. मरे आदमीकी मिलकतपर महेसुल लगाना, उसमें आश्चर्य नहि है. बहुत प्रदेशोमें मंजुर है—विला-यतमें है. परन्तु जमीनपर और मुंडी कर बहुत ही कमती जगहपर देखनेमें आता है. ट्रान्स्वालमें इसी मुजब, महेसुली कायदा है, लेकीन वहांकी सरकार वसुल नहि करती है. वसुल करनेमें बहुत तकलीफ उठाना पडती है. परन्तु ऐसा महेसुल पेश करनेकी चाहना नाताल रखता है, इससें ज्ञान पडता है कि यह कोलोनी कंगाल बन रही है.

दक्षिण आफ्रिका और लोर्ड कर्झन.

कलकत्तामें लार्ड कर्झनने दक्षिण आफ्रि-काके हिंदीओंके सम्बन्धमें जो भाषण दिया था, यह हिंदुस्थानसे आई डाकद्वारा मिल गया है. देखनेसें ज्ञान पडता कि वह साहब ने लडत अच्छी चलाइ है. हमारे पाठकगण जानते है, कि दो एलचीओं नातालसे लार्ड कर्झनको मलने भनाये गया था. एलचीओंने लार्ड कर्झनसे ऐसी बात कहि, कि गिरमी-टीये लोगों अपनी गिरमीट खतम करने पिछे स्वदेश लौट जावे; ऐसी दरखास्त हिंदी सरकार पास रखी. लार्ड कर्झनने भी कई कई शर्ते लगा दी. साथ साथ कहा कि नाताल सरकार हिंदी सरकारकी लगाई शर्तेका स्विकार नहि करेंगे तो उनकी दर-खास्त भी रद होती है. लार्ड कर्झनकी शर्ते यह ही था:—तीन पौन्डका कर निकाल देना; हिंदीओंको लाइसेंन्सके सम्बन्धमें जो तकलीफों उठाना पडती है, वह दूर करना; और इमीग्रेशन कायदामें सुधार कर कर हिंदीभाषाका रक्षण करना. उपरान्त विशेष शर्ते वह साहबने लगाइ थी. इसी शर्ते नाताल सरकारने मान्य न की, इससे एलचीओंकी दरखास्त रद हुई है.

ट्रांस्वालके हिंदीओंके लिये वह साहबने भाषण साथ कहा है, कि जो बात मि० लिटलटनके खिस्सामें आइ है, वह सब उनकी नर्मीका परिणाम है. मि० लिटल-टनने सिर्फ हिंदीभाषाके बारेमें स्विकार न किया. मि० लिटलटनने कहा है, कि ट्रांस्वाल सरकार नाताल और केप कोलोनी की तरह इमीग्रेशन कायदा बनावेंगे, तो

स्विकार कर सकेंगे. लार्ड कर्झनने अंतमें और कहा है, कि जहांतक हिंदीओंके हकके सम्बन्धमें सुधार नहि होवे, वहांतक हिंदि सरकार कुछ सहायता कॉलोनीओंको नहि देवे.

यह सब बात ठीक हुई है. हम मान्य करते है, कि यह सब हमारे हिंदी भाइओं की लडतका फल है.

अब नातालमें जो लोग गिरमीटमें आते है, उनको अटकानेके लिये लडत चलानेकी जरूरत है और अपनी जो लडत चलती है, वह जारी रखनेसें तकलीफो कुछ दूर होगी, ऐसा जान पडता है.

सर फीरोजशाह महेता.

सर फीरोजशाह महेता बम्बइ कार्पोरेशनमें एक सुप्रसिद्ध मेम्बर है. आपने शहर वासीओंकी बडी प्रिती सम्पादन की है. आप तीस वर्षसे कार्पोरेशनमें दाखिल है, और भारी भारी मुकदमा छोडकर, आपने कार्पोरेशनका कार्य बजाया है. इससें आप को सब कोइ कार्पोरेशनका पिता कहता है. वर्तमान साल हमारे युवराज प्रिन्स आफ वेल्स भारतकी भेट करनेवाले है, इससें आपको कार्पोरेशनका प्रेसिडन्टका पद देनेकी गोष्टी हो रही है. आपकी बहादुरी देखकर सरकारने आपको "नाइट" का खिताब लगा दीया है, इसीलिये 'टाइम्स आफ इन्डिया' सूचना करते है, कि सर फीरोजशाह जब प्रमुखस्थानपर बिराजमान होवे, तब ही अवसरपर सरकारने उसीको "लॉर्ड मेयर" का खिताब लगा देना चाहिये. मेलबर्न और सिडनीके कार्पोरेशनके प्रेसिडन्टको "लॉर्ड मेयर" कहा जाता है, तो कलकत्ता और बम्बइमें कैसे कहा न जावे?

जोहानस्बर्गके हिंदीओंका दावा.

गत साल जोहानेस्बर्गमें जब प्लेग चला तब लोकेशनके बहुत सामानको आग लगा दिया था. नुकशानीका पैसा मिलनेके लिये हिंदीओंने दावा दाखिल किया. कौन्सिलने दावा निकाल दिया, इससें गवरनरको अर्जी करनेमें आइ. अंतमें टौन कौन्सिलने, जो आदमी अपना दावा साबित कर सके, वह लोगको ४० टका देनेका स्विकार किया है. उसमें शर्त है, कि सब आदमीको उसकी बातका स्विकार करना चाहिये. अब यह बाबेमें जांच चल रही है. जिसका क्लेम साबित है, उसीको ओफर मिल चुकी है. जिसका क्लेम साबित नहि हुए है, उसकी जांच चलती है. विशेष खबर मिलनेसें प्रकाश करेंगे.

चीठी पत्री.

श्री हिन्दु सनातन धर्म सभा.

हार्डिंगस्प्रुट (नाताल), १५वीं मेइ.

हमारे प्रिय हिन्दु भाइओंके लिये यह बहुत हर्षकी बात है, कि गत ता० ७ वीं को लेडिस्मिथमें श्री हिन्दु सनातन धर्म सभाकी एक सभा हुई थी. उसमें यह निश्चय हुआ, कि शहरमें श्री हिन्दु सनातन धर्म सभा अस्थापित की न जाय और उसमें अपने धर्म कार्यको उत्तेजन देकर अपने प्रिय धर्मको बढानेकी चेष्टा हुई. उस दिन सभामें जो महाशय पधारे थे, उन्हें सहायता करनेसें, और इसी सभाद्वारा एक दुसरी सभा हार्डिंगस्प्रुटमें ता० १४ मेइको हुई, इससें हार्डिंगस्प्रुटके सब कौलगीस और बहारके महाशय लोग मिलके सहायता करनेसें पौन्ड २४-७-० इकठा हुआ है. यह सभामें लेडिस्मिथकी श्री हिन्दु सनातन धर्म सभा तरफसें सभापति बाबू राजकुमारसिंह, धर्म उपदेशक पन्डित रामसुन्दर पाठक और बाबू मन्दराजसिंह, मंत्री श्री देशगर हरिजी वालजी पधारे थे. बाद सभाका कार्यकर्ताओं तरफसें सब महाशयोंको धन्यवाद दिया गया था.

अभिनन्दपत्र—कुछ रोज पहले पिटर्मेरित्सबर्गके हिंदीओंने हाइ कमिशनर सर आरथर लोलीको एक अभिनन्दपत्रकी भेट की थी.

स्वर्गवासी मि० ग्लेडस्टन—एक गृहस्थ लिखते है, कि माननिय स्वर्गवासी मि० ग्लेडस्टनको आयरलान्ड देशके लोगो की स्थिती देखनेके लिये, रेलमें तिसरा क्लासकी गाडीमें मुसाफरी करते, उन्हें देखा था.

डी वेथर—डी वेथर अबतक लंकामें कैद है. वह ट्रान्सवालमें अंग्रेजका आधिपत्य स्विकार करना नहि चाहते इस लिये अंग्रेज सरकार उनको कैदसें छोडना भी नहि चाहती.

प्रिन्स आफ वेल्स—आगामी डिसेम्बर महिनेमें प्रिन्स आफ वेल्स 'रिनॉन' जहाजद्वारा विलायतसें भारत तरफ रवाना होंगे. इसी जहाज गत १९०२ ई. के डिसेम्बरमें दिल्ही दरबारके अवसरपर ड्युक आफ कॉनोटको लेकर विलायतसें भारत गया था.

भारतके वर्त्तमान.

कलकत्तेमें प्लेग—कलकत्ता शहरमें प्लेग का भय दिन दिन बढ रहा है. इससे वहांकी स्कूल और कालेज जल्द जल्द बन्द हो रही है.

बडी क्वायत—आगामी वर्ष धारवाल और कुमाओनकी टेकरी तरफ भारी क्वायत होनेवाली है. क्वायतमें २०,००० गुरखा सिपाहीयों शामिल होवेंगे.

काबुल मिशन—गत अप्रेल महीनेमें काबुल मिशन अपना काम खतम कर कर काबुलसे लौटकर भारतमें आ पहुंची है. परन्तु मिशन वहां क्या क्या कर आई है, वह देख नहि पडता है.

भारतवासीओं जापानमें—"हिंदी बंगवासी" खबर देते है, कि गत १० वीं अप्रैलको पेहारा जहाजद्वारा ८ बंगाली लडके शिल्पशिक्षा ग्रहण करनेके लिये जापान गया है.

विचित्र बालक—खबर सुनते है, कि मन्दालेके सरांगमें एक विचित्र बालक पेदा हुआ है. इसके दो शिर, तीन पैर, और चार हाथ है. अठारह दिन बीत गये, अभी यह जीता और तन्दुरुस्त है.

परलोकगत मि० ताताकी स्मृति—गत महीनेमें बम्बइके टौनहालमें परलोकगत मि० जमशेदजी नसरवानजी ताताकी स्मृति के लिये एक बडी सभा नगरवासीओंकी हुई थी. सभापतिका स्थान बम्बइके गवरनर लार्ड लेमिंगटनने लिया था.

अकालका प्रभाव—भारतमें अकाल अपनी लीला प्रकट कर रहे है. सुनते है कि अन्नकष्टकी व्याधिसे मद्रासके चिंगलपुर जिल्लेके लोग एक वक्त भोजन करते है. अन्नका अभावसें कोइ कोइ पेटके लडकेको मिशनके सुपुर्द करते है! कैसा बुरा समय आया है!

केशरिया वृष्टि—'हिंदी बंगवासी' में एक सम्वाददाता पटियालेसें लिखता है, कि "गत ता० २५ वी और २६ वी मार्चको पटियाला शहरके अमिय स्थार (?) वस्तीमें पिले रंगकी हलकी वृष्टि हुई. जितनी बुंदे पडती, केशरिया रंगकी पडती थी. इसमें भूमि, लोगोंके कपडे और मकानोंकी दीवारें पिले रंगमें रंग गइ."

இந்தியன் ஒப்பீனியன்.

வாராந்தரப்பத்திரிகை

நெட்டால் பீனிக்ஸ். 1905ஆ மேய் 20உ சனிக்கிழமை.

பஞ்சாங்கம்.

விசுவாவசு வருஷம் வைகாசி மாதம்.

கிழமை.	இ-த.	திதி.	நட்சத்திரம்.	யோகம்.
ஞாயிறு. மே.	21- 8	திரிதி	மூலம்	அமிர்
திங்கள்.	22- 9	சதுர்த்தி	பூராட	சித்த
செவ்வாய்.	23-10	பஞ்சமி	உத்திரா	அமிர்
புதன்.	24-11	சஷ்டி	திருவோ	சித்த
வியாழன்.	25-12	சப்தமி	அவிட்	சித்த
வெள்ளி.	26-13	அஷ்டமி	சதயம்	சித்த
சனி.	27-14	நவமி	பூரட்	மரண

மார்க்கட் விலை.

	முதல்	வரை
மாஞ்சா அரிசி.	16/-	17/
பீம்டி அரிசி.	1-2/-	1-3-0
புழுங்கலரிசி.	14/	15/-
பருப்பு.	14	15/-
மைசூர் பருப்பு	·	15/-
சோளம்.	6/-	7/-
கல்லெண்ணை.	2/8	2/9
கடுகெண்ணை.	2/8	3/0
தேங்கா யெண்ணை.	3/	3/1
நெட்டால் சர்க்கரை	1-2-0	1-3-0
சிவப்பு ,,	1-3-0	1-3-0
மிரிசன் ,,		19/
கோதுமை மாவு	9/-	10/3
பாக்கு	6 பென்ஸ்,	8பெ
மிளகு	5 ,,	5½ ,,
நெய்	3-7-0	3-11-3
பேர்பின் எண்ணை கேஸ்	6/3	6/6
டெ. ஒயட் ரோஸ்	7/	7/3

வேண்டுகோள்.

இப்பத்திரிகையின் கையொப்பக்காரர்கள் சென்ற வருஷத்திற் தந்தோ வேண்டிய கையொப்பத்தொகையும் நிகழும் வருஷத்தில் தொகையும் தாமதிக்காமல் அனுப்பும்படி வணக்கமாய்க் கேட்டுக்கொள்ளப்படுகிறது.

கையொப்பக்காரர்களுக்கு பத்திரிகை வாரந்தோறும் கிடைக்காமலிருந்தால் தயவுசெய்து பத்திராதிபருக்குத்தெரியப்படுத்தும்படிக் கேட்டுக் கொள்ளுகின்றோம்.

இந்தியன் மெயில்.

நெட்டால் டைரக்ட் லைன்.

அங்லேசட்டி மேமீ 20உ புறப்பட்டு மொம்பாசா, மதராஸ், கல்கத்தா முதலிய துறைமுகங்கள் போய்ச்சேரும்.

ஜெர்மன் ஈஸ்ட்ஆப்பிரிக்கா லைன்.

சபாரி மேமீ 29உ புறப்பட்டு நேரே பம்பாய்ப்போகும்.

"இந்தியன் ஒப்பீனியன்"

பீனிக்ஸ் நெட்டால்,
சனிக்கிழமை.

1905ஆ மேமீ 20உ

சீனர்கள் தொந்திரவு.

ஒரு காபிரியையும் ஒரு இந்தியனையும் கொன்றுவிட்டார்கள்.

ஜோஹானஸ்பர்க் மே 15- ஆக் கலோ மைனில் சாப்பாட்டு அறையில் ஒரு காபிரிக்கும் ஒரு சீனனுக்கும் சண்டை உண்டாயிற்று. அதில் காபிரி சீனனை அடித்துவிட்டான். பிறகு சீனன் தன் தேசத்தாரிடம் போய்ச்சொல்ல அவர்கள் ஒரு கும்பலாய்வந்து அந்தக் காப்பிரியையும் மற்றொரு இந்தியனையும் அடித்துக் கொன்றுவிட்டு, திரும்ப வேலைக்கு வழக்கம்போல் மைக்காரர்கள் காலபோ வந்தார்கள். இன்னும் அக்கேசைப்பற்றி விசாரிக்கவுமில்லை சினர்களை அரஸ்ட் செய்யவுமில்லை.

மைன் கண்காணி அடிபட்டது.

பதினைந்து கூலிகள் பிடிபட்டார்கள்.

ஜோஹானஸ்பர்க் மே 15— ஜியு காபிட் மைனில் கண்காணி வேலை பார்க்கும் மிஸ்டர். இ. ஜெ. கூக் என்பவரை சீனக்கூலிகள் அடித்துக் காயப்படுத்திவிட்டார்கள்.

அதன் காரணம்:— ஒரு சீனக்கூலி மிஸ்டர். கூக் ஆபீசுக்குப்போய் தன் டிக்கட்டை வாங்கிக்கொண்டு போய்விட்டான். பின்பு பத்து நிமிஷத்துக்கெல்லாம் கம்பவுண்டு வாசலில் ஒரு கூட்ட சீனர்கள் வந்திருந்துகொண்டு மல்லு கனிவாரி மிஸ்டர். கூக் வேலைசெய்யும் அறைக்குள் எதிர்த்தும் பிறகு கிட்ட நெருங்கி அவரை அடித்து தலையிலும் முகத்திலும் பலமாக காயப்படுத்திவிட்டார்கள். பதினைந்து கூலிகளைப் பிடித்துவைத்திருக்கிறார்கள்.

உ

திருச்சிற்றம்பலம்.

குருபூஜை உற்சவம்.

ஸ்ரீமத் திருநாவுக்கரசுசுவாமிகளு குருபூஜா மகோற்சவ அற்புத காட்சி!!!

டிரான்ஸ்வால் இப்பிரிட்டோரியாவில் கனமுள்ள சிவசுப்பிரமணியர் ஆலயத்தில் முன்வருஷம் போல் இவ்வருஷமும் வடப்புறத்தில் சிறந்த பந்தல் அமைத்து வாழை, கரும்பு முதலியவற்றால் அலங்கரித்தார்கள்.

நமது ஆளுடைய அரசுகளின் திவ்ய தினமாகிய ஏப்ரல் 29 தேதி சனிக்கிழமை பகல் 1 மணிக்கு, ஷெபந்தலில் புட்பங்கள் பட்டுகளினாலும் அலங்கரித்த விமானத்தில் ஆளுடைய அரசுகளின் திருவுருப்படத்தை யமைத்து சகல வைபவத்துடனே மகாதூப தீப நைவேத்தியம் நடந்தது. இப்பிரிட்டோரியாவிலுள்ள அன்பர்களும் அவர்கள் மனைவிமக்களும் இம்மகோற்சவத்தைக் கண்டு பரிசுத்தமேனியராய் இரண்டிருந்தார்கள்!!! அன்பர்கள் ஆர்வத்தோடு ஓதிய தேவாரத்திருப்பதிகத்தின் இசையின் இனிமை க

ன்னெஞ்சருடைய மனமதையும் உருகச்செய்ததென்றால் அதன் பெருமையை என்னால் சொல்லத்தகுமோ? இரண்டுமணிக்கு மகேசுவர ஆசிர்வாதம் வாசிக்கப்பட்டு அன்பர்கள் குதூகல ஹரா! ஹரா! ஒலி கடலெழவைச்சப்பித்தது. 2 மணிமுதல் 3 மணிவரையில் மாகேசுரர்களும் அன்பர்களும் ஆயிரசபதார்த்தங்களோடு விருந்துண்டுசெய்து திருப்தியானார்கள்.

பிறகு இரவு 6-30 க்கு தெய்வகுஞ்சரி வள்ளி சமேதராய் இளையப்பிள்ளையாரையும், ஆளுடைய அரசுகளின் திருவுருவப்படத்தையும் திவ்யாலங்கிருத மஞ்சத்தில் வைத்து ஆபரணமுதலியவற்றால் அலங்கரித்து தீபாராதனைசெய்து அன்பர்கள் தாள மிருதங்க சகிதராய் தேவாரத்திருப்பதிகங்களை பண்ணோடு பாடுகின்ற ஒலி முழக்கத்தோடு திருவுலா வெகு விமரிசையாய் நிலைசேர்ந்தது. 8-30 க்கு அன்பர்கள் யாவரும் சமது ஆளுடைய அரசுகளின் திவ்ய சரித்திரத்தை உபந்நியாசிக்கும்பொருட்டு மிர். சுப்புபிள்ளை அவர்களை விரும்பினார்கள்.

பிள்ளையவர்களும் சம்மதித்து வராமனை அன்பர்கள் சிரவணஞ்செய்ய விஜயஞ்செய்திருந்தார்கள். பிள்ளையவர்கள் இதிப்படி கற்பூரமேத்தி தெய்வத்துதியும் சபை வணக்கமும் கூறினர்.

பின்னர் ரா. அப்பாக்கண்ணு செட்டியார் ஆளுடைய அரசுகளின் புராணச்செய்யுள்களை இனிமையான இசையோடு வாசிக்க பிள்ளையவர்கள் முக்கியச் செய்யுள்களுக்கு விருத்தியும் வினையச்செய்யுட்கட்குப் பொழிப்புமாய் அரசுகட்கு சூலைநோய் நீங்கிய திருப்பதிகத்தை அன்பர்கட்கு வெளியிலே பொருள் விளக்கும்பொருட்டு பிரசங்கித்தும் இடையிடையே அற்புத தேவாரத்திருப்பதிகங்களை மிர். ரா. அப்பாக்கண்ணு செட்டியாரைக்கொண்டு பண்ணோடு பாடச்செய்து அதற்கும் பொருள்கூறிக்கொண்டும் அன்பர்கள் மனதைப் பக்தி கடலிலாழச் செய்தார். சுமார் 12 மணிக்குச் சரித்திரம் பூர்த்தியானது. அதற்குமேல் ஆளுடைய அரசுகளின் இக்கிய பதிகம் வாசிக்கப்பட்டது.

பின் தீபாராதனையும் விபூதி பிரசாத விநியோகமும் நடந்தேறி சந்தனம் பனிநீர் தெளிக்க அன்பர்கள் யாவரும் சிவபெருமான் திருச்செயலையன்னி நினைந்து சிந்தித்துக்கொண்டு சுரகோஷத்தோடு யாவரும் தத்தம் வீடுபுக்கனர்.

மிக்க இம்மகோற்சவத்தை இவ்வளவு இனிதுபெற நடத்திவைத்தருக்கு மிர். சுப்பராயப்பிள்ளை, மிர். ஆர். பொன்னுச்சாமி நாயுடு, மிர். வீ. முத்துரெங்கப்பனாயக்கர், மிர். செ. அரைசாமி செட்டியார், மிர். பெ. குருசாமி செட்டியார், மிர். என். வேணு நாயுடு, மிர். வெங்கடாசல செட்டியார், மிர். அ. கோவிந்தசாமிபிள்ளை, மிர். சின்னச்சாமி படையாச்சி, மிர். வி. நடராஜபத்தர், மிர். மா. பக்கிரிப் படையாச்சி, மிர். அண்ணாமலை படையாச்சி, மிர். மு. வ. குருசாமி செட்டியாரும் இன்னும் மற்றுமுள்ள அன்பர்கள்பெருதவியாலும் மெய்முயற்சியாலும் நன்குபெற சுத்தசன்மார்க்க அன்பர்க்கு குருலிங்க சங்கமபக்தியும் சிவஞானமும், ஆரோக்கிய ஐசுவரியமும், சிந்திரம் ... மென்மேலும்பெருகியுண்டாகும்பொருட்டுச் சிவபெருமான் திருவருள்செய்வாராக.

இவ்வற்புத மகோன்னதக்காட்சி பிரதிவருஷங்கள்தோறும் இந்நகரத்தில் இவ்வாறே சிறப்பாய் நடந்துவரும்பொருட்டுத் திருவருளைச்சிந்திக்கின்றோம்.

சுபம்! சுபம்!! சுபம்!!!

ருஷிய ஜப்பான் யுத்தம்.

ஜப்பானிய கடலில் ருஷியர்கள்.

ருஷியபோர்க்கப்பல் ட்ஞகாரு ஜலசந்தியில் வந்திருக்கின்றன. ரோசியா, குரோமாபோய் என்னும் ருஷியகாவற்கப்பல்கள் விலாடிவாஸ்டாக்கிலிருந்து ஜப்பான் கடல்வழியாக வருகிறது. ஜப்பானியர்கள் அதைப்பற்றி மறுக்கவில்லை. ருஷிய புதியசண்டைக்கப்பல் அன்றிபெரோஸ்லாவி, பிரக்கிடட்ரூ, கினினில், செண்ட்பீட்டர்ஸ்பர்க்கிலிருந்து புறப்பட்டிருக்கிறது.

ஏமேசிப் என்னுமிடத்தில் ருஷியர்கள் ஜப்பானியர்களை எதிர்த்து, 60 பேர் கொல்லப்பட்டும் 160 பேர் காயமுமடைந்து திரும்பினார்கள். ருஷியாசேதம் 300 பேர், ஜப்பானியர் ஒருவர் கொல்லப்பட்டும் ஐம்பதுபேர் காயமுமடைந்தார்கள். ருஷியர்கள் ... என்ற இடத்திற்கு 2 பீரங்கிப்படை, 5 குதிரைப்படைகளைக்கொண்டுபோய் ஜப்பானியர்களை எதிர்த்ததில் ஜப்பானியர் இவர்களைத் துரத்திவிட்டார்கள்.

ருஷிய தளகர்த்தன் லைன்விட்ச் இடதுபாரிசத்தில் ஜப்பானியசேனை போவதைப்பார்த்தால் மிகவும் பயங்கரமாயிருக்கிறதாகச்சொல்லப்படுகிறது.

செப்கோனிலிருந்து ருஷிய ரண்டுசண்டைக்கப்பல் ... டாவிற்கு வந்திருக்கிறது.

சென்ற 16வ. மூக்டனில் சுங்க அதிகாரி, ருஷியர்கள் குண்டாலும் துப்பாக்கியாலும் அடிபட்டிறந்தவர்கள் 100 பேர்களெனத் தெரிவிக்கிறார்

ஜப்பானில் இப்பொழுது இருக்கிற ருஷிய கைதிகளின் மொத்தம் அறுபதனாயிரத்துக்கு அதிகமென்றே சொல்லப்படுகின்றது.

ஜப்பானிய நேகநோமாரு என்னுங்காவற்கப்பல் கொரியாகடற்கரை பூசான் என்னுமிடத்தில் ஒரு பாறையில் மோதி உடைந்து சேதமாகிவிட்டது.

லண்டன் மே 13— வெளிதேச கப்பலில் வந்த எலிகள் மூலமாய் எடின்பர்க், லெத்தில் என்ற இடத்தில் பிலேக் வியாதிகண்டு ஒரு கூலியாளையும் அவன் குடும்பத்தையும் அடைத்துவிட்டது.

கேப்டவுன் மே 18— சொலவ்ரி ரோட் ஆப்பிரிக்காபேங்கில் இரவில் ஒரு திருடன் கதவையுடைத்துக்கொண்போய் பணத்திருடாமல் ஒரு ரிவால்வரைமட்டும் எடுத்துக்கொண்டுபோய்விட்டான்.

பத்திராதிபர் குறிப்பு.

ஐயா, இச்சவுத்ஆப்பிரிக்கா அனேக இடங்களிலிருந்து அநேகர் "இந்தியன் ஒப்பீனியன்" பத்திரிகைக்கு நிருபங்கள் எழுதுகிறார்கள். இதிலிருந்து பம் கல்விஷயத்தைப்பற்றியும், ஒழுங்காயும், தெளிவாயும், சுருக்கமாயும், இருக்கிறது; செலிரும் கூத்தாட்டம் குரங்காட்டம், திருட்டு முதலியவைகளைப்பற்றி எழுதப்பட்டிருக்கிறது. இந்நிருபங்களை பிரசுரஞ்செய்யும்படிக்கு கடிதம்மேல் கடிதம் எழுதுகிறார்கள். இம்மாதிரியான நிருபங்களுக்கு "இந்தியன் ஒப்பீனியன்" இடங்கொடுக்காதென்று முன்பே வெளிப்படுத்தியிருப்பதாகவே நினைக்கவில்லையென்று தெரிகிறது.

JAMESON & CO.,

Manufacturers.

Ask us for Quotations before placing Orders elsewhere for

Natal Jams,
Curry Powder, Chutneys,
Cayenne Pepper,
White and Black Pepper,
Sauces,

And other goods too numerous to mention.

Prices to suit all buyers.

JAMESON & Co.
Box 63, Durban.

THE DURBAN UNDERTAKERS

FRERE ROAD,
Off Clark Road, Berea.

Telephone 834.
Telegraphic Address: "Undertaker."

FOR

Tobacco, Ground Nuts, Beans & Mealies,

WRITE TO
VERGATSAMY NAIDOO,
TONGAAT.

S. D. BOBERT,

General Importer, Wholesale and Retail Merchant.

Cheapest House in the Market Square.

BRANCHES AT
LOCATION, POTCHEFSTROOM.

M. E. Nanabhay

Retail and Wholesale Merchant,
Market Square, P.O. Box 55.
POTCHEFSTROOM.

Ebrahim Brother

Direct Importer & General Merchant,
POTCHEFSTROOM, Trans.
P.O. Box 100. *Tel. Add.: "Souera."*

D. I. Varyava,

GENERAL MERCHANT,
King Edward Street, *P. O. Box 100,*
POTCHEFSTROOM.

Aumed Mamoojee Patel,

GENERAL MERCHANT,
S.A.C. [illegible], *P.O. Box 55,*
POTCHEFSTROOM.
Tel. Add.: "Mamoojee." *Transvaal.*

AYOB MOHAMED,

General Merchant & Direct Importer,
MARKET SQUARE,
PIETERSBURG.
Box 184. Tel. Add.: "AYOB."

Stranack Glew & Co.,

General Merchants

AND DEALERS IN

Soft Goods,
Hardware,
Stationery,
Kaffir Goods,
Jewellery,
etc., etc.

80 ALBERT St., DURBAN.

TEL. ADD.: "STRANCO."
TELEPHONE No. 482.
P.O. Box 914.

H. LANGLEBEN,

Wholesale Clothier & Manufacturer,
327 Pine Street, Durban.
IMPORTER OF NEW CLOTHING FOR NATIVE TRADE.
Largest Importer in South Africa of English Second-hand Clothing.
Tel. Add.: "Leman." *P.O. Box 418, Durban.*

એચ. લેંગ્લેબન.

જથાબંધ કપડાં રાખેનાર તેમજ બનાવનાર, કાફરોવાસ્તે નવા કપડાં મગાવનાર, ઈંગ્લીશ સેકન્ડહેન્ડ કપડાં દક્ષિણ આફ્રિકામાં મંગાવનાર.

૩૨૭ પાઇન સ્ટ્રીટ, ડરબન.

PARSI MANCHERJI,

MERCHANT & IMPORTER.

Up-country Orders carefully and promptly executed. Full details will be given through correspondence.

Telegrams: "MANCHERJEE," P.O. Box 1036, CAPE TOWN.

दरियाइ मुसाफरोंको खुश खबर.

हम तरह तरहका पक्षी और प्राणी, जैसे कि कौंआ, मोर, देल, चक्री, कबुतर, पोपट, पतंगीयें, सुवर्ण मच्छी, बन्दर, इत्यादी खरीदतें हैं. हिंदुस्थानसें आनेवालें जो ऐसे प्राणी लातें हैं उनको अच्छा दाम मिलता है.

स्कोटवेकफर्ड,
वेस्ट स्ट्रीट, डर्बन.

ABDOOL GAFFOOR & Co.,

Arabian and General Merchants and Drapers,
125 Commercial Road, Maritzburg.

Cheapest House in Town for Indian and Japanese Silks, Ladies' Boots & Shoes, Fancy Silk Skirts, Blouses, Fancy Hats, and all sorts of Fashionable and Stylish Goods.

દરેક હિંદીભાઈ માટે ખોરાકી તથા કપડ વિગેરેની સગવડવાળી દુકાન.

દેશ જનારાઓ માટે ઘણી સંભાળથી સારો સાફ ચીજોનો સામાન પુરો પાડવામાં આવે છે. આજ સુધીમાં ઘણા દેશ જનારાઓ માટે ચીજોનો સામાન પુરો પાડયો છે.

પી. વી. સંઘવી,
૨૦૧ ગ્રે સ્ટ્રીટ, ડરબન.

FOR SUITS TO MEASURE

GO TO

Makanjee Bros.,

OUTFITTERS.
152, Grey Street.

HASSIM JOOMA,

GENERAL MERCHANT.
Head Office—370 Pine Street.
Branch—Leribe, Basutoland.

HOUSES TO LET.

A. LATIEF,

General Dealer, – – – –
– – Outfitter and Draper,

BARBERTON,
TRANSVAAL.

P.O. Box 84.
TEL. ADDRESS: "LATIEF."

MAHOMED ENUS,

INTERPRETER,
22 BUTEN STREET, CAPE TOWN.

મહમદ ઇનુસ ઇન્ટરપ્રીટર,
૨૨ બ્યુટન સ્ટ્રીટ, કેપ ટાઉન.

HOSSEN EBRAHIM,

GENERAL DEALER,
1 KINSLEY ROAD, SALT RIVER,
And 25 Duke Street, WOODSTOCK.
Goods Supplied on Commission.

જાહેર ખબર

આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે પ્રીન સ્ટ્રીટમાં આવેલ "સન બ્રેન્ડ ટોબેકો વર્કસ" નામનું તમાકુનું કારખાનું જે મેસર્સ નુરદીન મહમદ તથા ઇબ્રાહીમ ગુલ [illegible] ભાગમાં હતું તે મેસર્સ દાદા એોસમાન તથા ઇબ્રાહીમ ગુલઝારે સઘળી લેણદેણ સહીત રાખી લીધુ છે. તો આજથી સઘળી લેણદેણ તથા પત્ર વ્યવહાર "ધી સન બ્રેન્ડ ટોબેકો વર્કસ" બોક્સ ૮૮ ડરબન ના સરનામાથી કરવો.

P.O. BOX 441.

ઇ૦ અબુબકર આમદ એન્ડ બ્રધર,

Tel. Address 'ABOOBAKER'

તરેહવાર રેશમના વેપારી—ડરબન, (નાતાલ).

E. ABOOBAKER AMOD & BROTHER,

નાં૦ ૪૩૪ **434, West Street, DURBAN.** વેસ્ટ સ્ટ્રીટ.

Direct Importers of Fancy Goods. Best Silks.

Ladies' Clothing,	Skirts,	Bibs,
Blouses,	Underskirts,	Bonnets,
Night-gowns,	Children's Fancy Goods,	Bootees,
Combinations		Hats,
Chemises,	Frocks,	Wool Shawls,

Handkerchiefs, Collars, Scarves, Lace, Insertion, Ribbon and Silks Goods in all colours.

BEST SILVER JEWELLERY. PRICE MODERATE.

Come and see for yourself.

Attention, Neatness and Cheapness, Guaranteed.

ADAM H. G. MAHOMED,

ESTATE OWNER.

LANDED PROPERTY BOUGHT AND SOLD.

HOUSES TO LET.

"NOOR BAGH," 8 KLOOF STREET CAPE TOWN.

TELEGRAMS: "ADAMGOOL," CAPETOWN.

A. Chetty, Central Fruit Depot,

FLORIST AND FRUITERER.

Importer and Exporter of Colonial and Foreign Fruits and Flowers. Choicest Fruits packed for export. Wedding Bouquets, Sprays, and Wreaths made up on the shortest notice.

CIGARS. CIGARETTES. CONFECTIONERY.
I am sorry that my education in the Sanskrit language was neglected; however, I felt confident that the audience to whom I addressed my paper were all aware of the meaning of the words *Spirit*, *Soul* (or *Self* which is the word commonly used for *Soul* by some translators of the *Gita*), *Breath*, etc. For further explanation of the terms Soul (Self), Spirit, etc., see II.—THE HUMAN SELF (OR SOUL) of my paper appearing in the OPINION of the 10th December, 1904. As for '*Breath*,' I never used this word alone, but always in connection with the Deity, as the *All-pervading Breath*, when referring to the pantheistic qualities of the Almighty. As for the word '*Reason*,' I had no occasion to dwell upon this word. The word appears in this same sense only, namely: "As in Kant's 'Critique of Pure Reason,' so in this wonderful work (the Gita), Reason is installed as the central piece of the human sphere from which must emanate all knowledge." Kamadhuk will now perceive that all I meant was that Kant, like the Gita, appeals to your reason or sober judgment for the adoption of a doctrine and not to your superstitious faith.

(b) "It is very tempting to the non-theological writer to draw parallels between the Trinities of differing religions and even to identify them. Mr. Erasmus falls into the latter error. Although there is a superficial resemblance, there is no identity between the Christian and the Hindu Trinity . . . ."—The Reviewer.

The reviewer misquotes me altogether. After stating that the doctrine of the triune godhead was an innovation of Buddhism, I said, "Mr. Krishna, a bookseller of Lahore and a learned bookman, told me that it was his firm belief that Christianity *borrowed its conception* of the Trinity from Buddhism or later Hinduism . . . ." (Introduction). And again in the paper on the Gita I stated, "The three persons of the Godhead are called by the names of Brahma, Vishnu, and Siva, representing in their order the Creator, the Preserver, and the Destroyer, who *would* stand for God the Creator, the Son the Saviour or Preserver, and the Holy Ghost the Destroyer or the Spirit pervading believers and who destroys their sins. I am *comparing* here Hinduism with Christianity." The reviewer's deductions that I am *identifying* the two Trinities seem therefore beside the mark. Personally I am inclined to accept Mr. Krishna's view.

(c) "The lecturer has ventured on an opinion which he can scarcely substantiate. 'The doctrine that all beings are units of God, that is, that *they are a part of Him* and will resolve themselves into Him, seems to me to be not firmly established.' Without quoting authorities, it may be said that it is as much established that it is the belief, not only of the cultured few, but of the untutored millions."—The Reviewer.

If the reviewer has read my paper carefully he will have noticed that I again and again stated that *all beings will ultimately resolve themselves into Him*, but I questioned the *universal* belief as to whether all beings (selves) are a *part of Him*. The Gita teaches everywhere that the Self (Soul) is eternal, unborn, uncreated; so is God; but unless the reader expands the sense by arbitrarily reading into it that that the Self *is* God or a part of Him, I am not aware of direct statements to that effect in the Gita. Somewhere in my paper I added that when the eternal Jiva (individual soul) in *samsara* is taken as a *ray* of the Lord or as a portion of the Supreme Self (God), then going to eternal bliss . . . . ultimately leads to returning; and that the eternal Jiva is an integral portion of the Supreme Self, etc. The Bible, for example, states that God blew life through the nostrils of the first man Adam; but I venture to think that this holy book does not infer thereby or therefrom that the human Soul became also the Breath (God). The *origin* of the human Soul is not traced in the Gita, which only states that it is *eternal*, *unborn*, etc.

(d) "Again the lecturer says: 'The root out of which springs the varied world, is ignorance (*avidya*); nay, they conceive this whole world, excepting the certainty of the divine Self, as an illusive phantom (*maya*). But he scarcely does justice to the subtle intellect of India. *Maya*, here, does not mean illusion in the ordinary sense. The fact that Krishna again and again says the world was made by Him and that without Him was nothing made, would be sufficient to show the fundamental reality of things. The world which 'passeth away' is the illusive phantom; the fundamental reality is the world which is without end."—The Reviewer.

Kamadhuk's criticism is hardly fair when he takes out the above quoted sentence from its context. I did not convey by the word the 'world' the *earth*. Its sense as used by me would stand equal for *life*, the world which 'passeth away,' and so on, as the Latin word *omnes* means both *all men*, and the *world*. In one of the upanishads it is somewhere stated that God is the world, but nobody is likely to take the saying in its literal sense.

However, let us take a deeper view of what Kamadhuk states, "the fact Krishna again and again says the *world* was made by Him and that without Him was not anything made, would be sufficient to show the fundamental reality of things." By the word *world* here I take him to mean the *earth*. But then he forgets that the 'earth' is eternal only in so far as its atomic character is concerned; in the sweep of millions of years this earth as we know it to-day has been evolved out of atoms (eternal only) and has undergone endless changes in density, superficial aspect, etc. So that even if the Hindu seer says that this whole world is an illusive phantom he would still be scientifically correct; for he would then be basing his view on the first order of things or 'uncreated night' as the poet Milton says, and he may even be considering the changes which the earth has still to undergo in the endless future. This view, also, would seem to accord with the teachings of metaphysics, for we range the material of perception in our intellect, to transform it into representations, which in plain language means that the world is our representation.

(e) "Referring to the doctrine that God takes human form when evil becomes predominant, the lecturer says that many Hindu scholars include some of the great Teachers among these Incarnations; but when Mr. Erasmus adds the name of Moses to this 'galaxy of divinities,' one wonders whether he intends to be humorous."—The Reviewer.

No; I was not humorous. For, indeed, was not Moses a great religious teacher, law-giver and leader? Who can define the scope of the Incarnating power?

The Hindus, especially their ancient teachers, taught that Rama, for example, was an incarnation of the deity. To me the Epic of the Ramayana does not seem to bear out this lofty elevation of Rama; he may also be taken as merely the ideal perfect man and a great warrior; and are not all good yogees that, excepting perhaps that they are not warriors too?

Lastly, Kamadhuk does me a great honour by invoking the blessings of the Lord of the Gita on my humble labour in endeavouring to spread about in this country the holy teachings of the superb Gita.

J. L. P. ERASMUS.

Perhaps I may be allowed a few words on the above.

(a) It seems to me that Mr. Erasmus would have done better to have followed Huxley's example and assumed that his audience knew nothing: a lecture only gains in clearness thereby, even though delivered before a learned society. Mr. Erasmus is still vague about these terms. 'Reason,'

Mr. Erasmus evidently uses as the English equivalent of *buddhi*; but what are the terms translated by 'Self,' 'Soul,' 'Spirit,' and 'Breath'? *Buddhi* itself is absent in *sushupti*, the 'calm-sleeping' state, because then the *indriyani*—the powers of action and sensation (and therefore of perception)—are indrawn, and *purusha* (perhaps the lecturer's 'soul') abides in his own state (*swarupavasthanam*). Where is 'Knowledge' then? I mentioned that these terms appeared to be vague, because they give no definite idea to the average educated Englishman, while on the contrary the Sanskrit equivalents are clear enough to the educated Hindu.

(c) Again Mr. Erasmus does not express himself fortunately; and I must plead guilty to the same charge in my review. It is obviously inaccurate to say that "all beings are *a part* of Him and will resolve *themselves* into Him." How can they be a part of Him Who is partless? and how can the finite resolve *itself* into the Infinite? What I should have said—and what, I believe, Mr. Erasmus meant—was that all beings are *of* God, and that God will be "all in all," when the limitations of Self are destroyed by *gnanam*, the knowledge of God. To the superficial this may seem to be splitting hairs, but the distinction is fundamental. Again Mr. Erasmus speaks of the "eternal *jiva*"; but *jiva* is not *eternal*, being *purusha* involved in *samsâra*. When *samsâra* ceases, *jiva* ceases *ipse facto*.

(d) The point raised here is an abstruse one. By 'the world' I did not mean merely *the Earth* but 'all things.' The distinction between the world which 'passeth away' and that which is 'without end' can be expressed by two very well-known quotations from the Upanishads. ब्रह्म सत्यं जगन्मिथ्या "God is true: the world is false." सर्वं खेलिदं ब्रह्म Verily, all this (the 'world of our representation') is God. *Jagat* here is 'the transitory world.' The meaning of these quotations is that all things in their fundamental reality are 'of God' and therefore true; but *the changing* of things (samsâra) which we consider 'the world' is indeed an 'illusive phantom.' Perhaps again this may seem to be splitting hairs, but the distinction is easily grasped by the Hindu mind. It is expressed by Krishna in the Gita:

> By Me the whole vast Universe of things
> Is spread abroad: by Me, the Unmanifest:
> In Me are all existences contained;
> Not I in them! Yet they are not contained,
> Those visible things! Receive and strive to embrace
> The Mystery majestical! My Being—
> Creating all, sustaining all—still dwells
> Outside of all!

In conclusion, I must thank Mr. Erasmus for giving me the opportunity of these further remarks. Mr. Erasmus says that he has not a knowledge of Sanskrit, which only makes the praise I gave to his lecture all the more deserved. I feel I must apologise to readers of Indian Opinion for so far trespassing upon the small space alotted to the English, but I plead the importance of the subject and the profound interest attached to it by all who have studied Hindu sacred writings. With Mr. Erasmus I believe that more will be done to bring East and West together by bringing forth out of the treasures of the treasures of the Scriptures "things new and old" than can be done by any political measures: for the most fervent hopes, the deepest instincts and the highest aspirations of mankind are expressed in the sacred writings of the nations. The brotherhood of our various races will never be so clearly realised as when we come to see that we share the one truth of God.

KAMADHUK.

Correspondence.

Cremation versus Burial.

To the Editor, Indian Opinion.

Sir,—The burning of dead bodies is practised in Europe and elsewhere. Many learned and leading men have now come [illegible] the decision that burning is far more advantageous than burial. Here are some quotations of the number of Cremations that have taken place in Europe and other countries in 1902 A.D.:—England, 2907; France 10470; America, 15896; Italy, 1995. In 1903 A.D., Paris, 6628; Germany, 1074; America, 3160. A society has been formed in Germany with the object of encouraging Cremation which consists of 22,000 members. In England a like society has also been formed consisting of hundreds of members, and the number is increasing daily, clearly shows that Cremation is increasingly thought [illegible] be beneficial. There have also been opened Crematoriums in the following places in Europe and elsewhere; viz., Prussia, Wurtemburg, Sweden, Saxony, Switzerland, Japan, Bavaria, Denmark, Montreal, etc. Had the burning of dead bodies been in any way injurious or obnoxious and detrimental, men of civilized Countries (and amongst them Japan) would never have taken this most advantageous step of burning the dead. The famous philosopher, Herbert Spencer, expressed a wish that after his death his body should be burnt. There are also many politicians, philosophers, judges, doctors and leading men who have approved and upheld the principal of Cremation. The practice of cremating is increasing year by year. The leading papers of the civilized world have uphold the same matter. Even in India the Europeans of Calcutta have restored this most useful practice of burning the dead. In India the custom of burning the dead has been practised from very old times, especially by the forefathers of the Hindus. This very fact shows clearly that the forefathers of the Hindus have seen many advantages in adopting the practice of burning the dead, and they have shown great wisdom. When Europeans have gone so far in advocating the practice of burning the dead, is it not shameful on the part of the Calcutta and Madrasee and Gujerati Hindus of South Africa that they knowingly or unknowingly ignore this important matter? What harm is there in following their forefathers' step, which is most beneficial in all ways? I invite the attention of the leading gentlemen amongst the Hindus to the matter. I hope every individual who bears the name of Hindu will consider this custom of burning the dead bodies after the Vedic rites.

Durban. M. C. Punjabee.

The Pretoria Asiatic Bazaar.

The General Purposes Committee at Thursday's meeting of the Town Council reported that the following letter, date 31st May, 1905, had been received from the Assistant Colonial Secretary, Division 2:—

"With reference to your letter of the 19th ultimo I have the honour to inform you that the Government is prepared to approve of the Town Council of Pretoria seeking statutory powers to control Asiatic Bazaars, and to take over the control of the existing bazaar at Pretoria, subject to such regulations as his Excellency the Lieutenant-Governor may make providing for the occupation of stands and conditions of living for Asiatics residing in the bazaar.

It is presumed that should your Council be willing to take over the control of the bazaar on these conditions it will cause provisions to be made in the private legislation which it is understood will be introduced during the forthcoming session of the Legislative Council for the administration of the affairs of the Municipality."—(signed) Lionel Curtis, Assistant Colonial Secretary, Div. 2.

The Committee recommended, and it wss agreed that the Council accept the control of the Asiatic Bazaar at Pretoria on the terms set forth in the above communication of the Assistant Colonial Secretary, Div. 2.—*Pretoria News.*

Boksburg and Asiatics.—Mr. W Hills has replied in the *Rand Daily Mail* to Mr. Sutherland. The letter is held over.

Indian Mail.—The German East Africa Liner *General*, sails for Bombay direct, on or about 24th June. Mr. N. M. Kader, 113 Grey Street, Durban, is the Agent.

Port Natal.—We have received from the Natal Harbour Department a copy of a brochure entitled as above embracing some concise particulars regarding the port charges and equipment at Port Natal.

ઇંડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૩. | ફીનીક્સ—શનીવાર, તારીખ ૨૪મી જુન, ૧૯૦૫. | અંક ૨૫.

અઠવાડિક પંચાંગ.

ખ્રીસ્તી—તા૦ ૨૪મી જુનથી તા૦ ૩૦મી જુન સુધી ઈ૦ સ૦ ૧૯૦૫.

હીંદુ—જેઠ વદ ૭ થી, જેઠ વદ ૧૩ સુધી, સંવત ૧૯૬૧

મુસલમાની—તા. ૨૦ રબીલાખરથી તા. ૨૬ રબીલાખર સુધી ૧૩૨૩ હીજરી.

વાર.	ખ્રીસ્તી તારીખ	હિંદુ તીથી.	મુસલમાની તારીખ	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની...	૨૪	૭	૨૦	૬ ૫૧	૫ ૪
રવી...	૨૫	૮	૨૧	૬ ૫૨	૫ ૪
સોમ.	૨૬	૯	૨૨	૬ ૫૨	૫ ૫
મંગળ	૨૭	૧૦	૨૩	૬ ૫૨	૫ ૫
બુધ...	૨૮	૧૧	૨૪	૬ ૫૨	૫ ૫
ગુરૂ...	૨૯	૧૨	૨૫	૬ ૫૨	૫ ૬
શુક્ર..	૩૦	૧૩	૨૬	૬ ૫૨	૫ ૬

ઈંડિઅન ઓપિનિઅન.

શનીવાર, તા૦ ૨૪ જુન, ૧૯૦૫.

લડાઇના વખતમાં ચાલતી અંધાધુની

લડાઇના સમયમાં દેશાભીમાનનો જુસ્સો દરેકના અંતઃકરણમાં જાગૃત થાય છે એ ખરૂં છે. આ જુસ્સાથી ઘણો ફાયદો થાય છે. ઘણા દેશી હિતેચ્છુ નરોએ આ જુસ્સાના ઘેનમાં ને ઘેનમાં થોડા લશ્કરથી દુનીઆને હેરત પમાડે તેવાં કાર્યો કરી બતાવ્યા છે. એક તરફથી કેટલીક જગ્યાએ જ્યારે આવી લાગણી ઉભરાય છે ત્યારે બીજી તરફથી આવા લડાઇના વખતમાં અધીકારીઓ તરફથી પુરતો બંદોબસ્ત નહિ રાખી શકાય તેનો લાભ લઇને કેટલાક આપસ્વાર્થી લોકોનાં કર્તવ્યથી સેંકડો, હજારો અને લાખો જાનો ખારી થઇ છે, પાયમાલ થઇ ગઇ છે, યાને પરતંત્ર દશામાં આવી પડી છે. લડાઇના સમયમાં કેટલાક સાધારણ વિચારશક્તિના માણસોએ જે કદી બીજા કોઇ સમયમાં ન કરવા ધારે તેવાં કામો કરી આ અંધાધુનીનો લાભ લઇ તેથી અંધાધુનીમાં વધારો કરેલો છે. લડાઇના વખતમાં નીતિ અને પ્રમાણિકતાના નિયમો તદન વિસરી જતા જણાય છે નાની લડાઇ કરતાં મોટી લડાઇને વખતે આ નિયમોનું ઉલ્લંઘન વધારે જોવામાં આવ્યું છે. તેના કારણમાં એવું જણાવવામાં આવે છે કે માણસની ઝુંનીતી કસોટી ખરી તકના વખતમાં થાય છે. કોઇ પણ ગુનેગો ફતેહમંદ રીતે કરવાની જ્યાં સુધી કોઇને પણ તક નથી મળી ત્યાં સુધી તેની કસોટી થઇ નથી સમજાતી મળેલી તક છતાં જે માણસ અચળ રહે છે તેજ ખરી કસોટીમાંથી પસાર થયા ગણી શકાય. આ અચળતા ખરા સમયમાં ભાગ્યેજ કોઇ મણવા સાંકડા મનુષ્યમાં રહી હોય. જેમ જેમ મોટી લડાઇ તેમ તેમ અંધાધુનીની હદ વધારે. ક્રીમીઆની લડાઇમાં જે કાવતરાંઓ બહાર પડ્યાં હતાં તથા બાજી નાની મોટી જે હકીકતો બહાર પડી છે તે ઘણીજ ત્રાસદાયક જણાશે. તે લડાઇના વખતમાં સીપાઇઓ માટે બુટનો એક મોટો જથ્થો ખરીદ કરી રણભુમી ઉપર મોકલવામાં આવ્યો હતો. જે બધા ડાબા પગના હતા. લશ્કરના ખોરાક માટેનો એક મોટો જથ્થો વિલાયતથી રવાના થયો હતો. તેને જ્યારે ઉપયોગમાં લીધો ત્યારે તે ખોરાક આધારને બદલે નુકશાન કરતા થઇ પડ્યો કારણ કે તે કોઇ જુના જમાનાનું બગડી ગયેલું માંસ હતું. આમાં વેપારીઓના લાભો પતા થવાને ઠગો કરતા એટલુંજ નહિં હતું પણ લડાઇની ભુમીપર આવેલા ખુદ સરદારો અથવા તો સખ્યાબંધ કીમતી જાનોનો ભોગ આપવાને બહાર પડેલા રાજ્યનીતિજ્ઞ તથા રાજ્યનું ભલુ ઇચ્છનારા કહેવરાવતા આગેવાનો તથા સરદારો પણ હતા. ઉપ યોગી દવા મોટા જથ્થામાં પાટલા ઉપર મરતા સીપાઇઓ અને સરદારોને માટે નીકળે તો તે યોગ્ય ઇસ્પીતાલોમાં પહોંચતા પહેલાંજ અધવચ ક્યાં ઉડી ગઇ તેનું નામ નીશાન પણ જાણવામાં નહિં આવ્યું. વેપારીઓ અને દેશાભિમાની કહેવાતા સરદારો વાતો રૈયત તંત્રીઓ ઘરબાર છોડી દેશની ખાતર લડવા ગયેલા સેંકડો ગરીબ લડવૈયાના ભોગે ખાલી ખીસા ભરવાની ખાતર એ પ્રમાણે સેંકડો ઉપયોગી અને કીમતી વસ્તુ હજમ કરતા ચાલ્યા. સેબાસ્ટોપોલ આગળ પડેલા લશ્કરનું વર્ણન કરતાં એક ખબરપત્રીએ વિલાયત જ્યારે સઘળો હેવાલ લખી મોકલ્યો ત્યારે ત્યાંના ... બધા ઉહાપોહ થઇ કે તે વખતનો ... મંડળીને રાજીનામું આપવું પડ્યું. આ ઉપરાંત બીજા ત્રાસદાયક જુલમોની ઘણી મોટી નોંધ છે. પરંતુ તે બધાને ભુલાવે તેવા બનાવો આ જેસી બોઅર લડાઇમાં બનેલા છે. જેસી લડાઇનાં લશ્કરને ખુસ પાડવાને ખાવા પીવા કપડાં લત્તા વગેરે વસ્તુના જે કોન્ટ્રાક્ટ આપવામાં આવતા તે અને તેનો જેવા રીતે અમલ થતો તે બારીકીથી તપાસતાં એવુંજ માલુમ પડ્યું છે કે ત્રહેરા પૈસો ખાલી ખર બાદજ થયો છે. નાહક આપખુદી અમલ દારોના દોલતુજ આ પરીણામ છે. જાણીતા અથવા તો માનતા કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ આપનારા ખાતાઓ તરફથી આંખ મીંચીને કોન્ટ્રાક્ટ આપવામાં આવતા, જેમાંના કેટલાક માલો ઉપર આ લોકો ૫૦ થી ૫૦૦ ટકા જેટલો નફો લેતા. આવી અંધાધુંધી કોઇપણ રનમાંજ ખાલી નહિં હતી. ૧૮૭૯ માં જ્યારે ફ્રાન્સે હાર ખાધી તે માત્ર તેના લશ્કરના દાસ થઇ ગએલા સરદારોને લીધે હતી. ફ્રેન્ચ સરકાર તરફથી આ લડાઇના વખતમાં દરેક વસ્તુ તૈયાર રાખવામાં આવી હતી. શરૂઆતમાં બધી ગોઠવણ કરવામાં લાખો અને કરોડોના ખરચો થઇ ગયા હતા, પરંતુ તે સઘળા ખરચો અંધારામાં. જે કાંઇ ચીજો સ્ટોર થઇ હતી તે માત્ર કાગળોજ ઉપર. પાણીને પુરે પૈસો વાપરેલો હતો છતાં લડાઇની સાધારણ ઉપયોગી વસ્તુઓ પણ લડાઇની શરૂઆતમાંજ ખુટી પડી. હાલની રૂશો-જાપાનીઝ લડાઇના બનાવો પણ હેરત પમાડે તેવા છે. ગયા એપ્રીલ માસમાં ડયુક સરજીઅસને ૧૦ લાખ રૂબલો માંચુરીઆમાં રહેલા લશ્કરના બીમારી પોશાકોના ખરચ માટે આપવામાં આવ્યા હતા મે માસમાં આ જથ્થો માંચુરીઆ માટે રવાના કરવામાં આવ્યો પરંતુ તે ત્યાં પહોંચ્યો તે પહેલાં એટલે મોસ્કાના પરબારો ડેનઝીગ પહોંચી ગયો અને ત્યાંથી જર્મનીમાં હજારો પીંડનો માલ પાણીની માફક વહેચાઇ ગયો. લડાઇમાં મરણ પામેલા સીપાઇ સરદારોની વિધવાઓને માટે મોટી સંખ્યામાં ફંડ મારફત નાણાં ઉભાં કરવામાં આવ્યાં હતાં, પરંતુ તે અર્ધામાંથી તે ગરીબ વિધવાઓના હાથમાં દમડી પણ આવી નહિ. લડાઇવાળી જગોને માટે મોકલવામાં આવેલી ચાનીની સાકર માંથી ચીનીને ... રેતી નીકળી. ... ...

મળ્યો. અને એ શિવાય રૂશીયામાં ચાલતી અંધાધુનીના તથા લાંચ રૂશ્વતના અસંખ્ય દાખલાઓ નોંધાયા છે. જ્યારે જાપાની પ્રજાની વર્તણુક તેથી તદન ઉલટીજ છે. લડાઇના વખતનો લાભ લેવાનો કોઈ પણ વેપારી અથવા તો અમલદારોએ ઇરાદો રાખેલો નથી જેનું પરીણામ એ આવ્યું છે કે જાપાની લશ્કરને ઘણા થોડા ખર્ચે જોઇતી ચીજો મળી શકે છે. સાઉથ આફ્રિકાની લડાઇના સંબંધમાં બટલર કમીશનનો જે હેવાલ બહાર પડયો છે તેમાં તે જણાવે છે જે તે વખતમાં ચાલેલી અંધાધુની રૂશીઆનોથી ઉતરે તેવી નહોતી. જાહેર પૈસાનો જે ઉપયોગ થયો છે, તે ઘણોજ ખેદકારક ગણાય. આમાંનું મોટે ભાગે નુકશાન અપ્રામાણિક અમલદારોને લીધે થયેલું હતું. તેઓ બીનઅનુભવી તથા બીનકેળવાએલા હતા. કમીશન વધારે જણાવે છે કે આવી મોટી ભુલને માટે અમલદારો ઠપકાપાત્ર ગણાય. દેશની દોલત, જે દોલત મોટા કર નાખી એકઠી કરવામાં આવી હતી તેનો બેહદ ગેરઉપયોગ થતો હતો. અને જોખમદાર ગણાએલો અમલદારવર્ગ તે બાબત તદન આંખ આડા કાન કરી રહ્યો હતો. જાહેર ખાતામાં પ્રમાણીકપણા અને ન્યાયને માટે અંગ્રેજી રાજ્ય મગરૂરી ધરાવતું હતું તેને માથે મોટું કલંક બેઠું છે. તે વખતની અંધાધુની લાંચ રૂશ્વત અને અપ્રામાણિકપણાની હદ નથી રહી. આ કમીશનના રીપોર્ટ ઉપરથી સરકાર આંખ ઉઘાડશે અને તે બાબત હવે જે કાંઇ થઇ શકે તે કરશે.

આગલા જમાનાનું હિંદુસ્થાન અને સંસ્થાનો.

હિંદુસ્થાન રીવ્યુમાં ઉપરના મથાળાનો એક લેખ બહાર પડયો છે તે અમારા વાંચકોને જાણવા લાયક હોવાથી તેનું તારણ અમે નીચે આપીએ છીએ. આ લેખના લેખક મી. સુધામનોહન લખે છે કે અસલના જમાનામાં હિંદુસ્તાનના વતનીઓ દેશાવર જવા કરતાં હિંદુસ્થાનમાંજ વસવું વધારે પસંદ કરતા એટલે કે ગ્રીક અને રોમના સંસ્થાનો જ્યારે મધ્ય સમુદ્રમાં અથવા તો દુનિયાના બીજા ભાગોમાં વધવા લાગ્યા તે વખતમાં પણ હિંદવાસિઓ તો પોતાના દેશની હદમાંજ વાસ રહેલા હતા. હિંદુસ્થાનનો જુના વખતનો ઇતિહાસ તપાસતાં માલુમ પડશે કે હિંદીઓ પરદેશગમન કરવામાં અસલથીજ બહુ પછાત છે. અસલના ઇતિહાસ ઉપરથી થોડું ઘણું માલુમ પડે છે કે કેટલાક પ્રસંગોને લઇને કોઇ કોઇ પ્રસંગે હિંદીઓની કેટલીક ટુકડીઓ એક અથવા બીજા કારણોને લઇને હિંદુસ્થાનની બહાર ગએલી છે. પરંતુ પાછળથી આ ટુકડીઓ સંબંધી વધારે ખબર મળેલા નથી. આપણને ખબર છે કે જ્યારે બાદશાહ અલેકઝાંડરે હિંદુસ્થાન ઉપર જીત મેળવી તે વખતમાં તે પાછો દેશ ફરતી વખતે ઘણા હિંદીઓને હિંદુસ્થાનની બહાર લઇ ગયો હતો. અશોકના વખતમાં સંખ્યાબંધ ટુકડીઓ મીશનરીને બહાને હિંદુસ્થાનની બહાર ઠેક ઠેકાણે અનેક દેશોમાં ગઇ હતી. આ ટુકડીઓમાંના કેટલાક ઇજીપ્ત અને સીરીયામાં સ્થાયી થયા પણ હતા, પરંતુ બીજાઓનું શું થયું તે વિષે ફરી કાંઇ સાંભળવામાં પણ આવ્યું નહિં. આવી રીતે પરદેશમાં દાખલ થએલી હિંદી મીશનરીની સ્થીક હકીકત ઘણા ઓછા પ્રમાણમાં અસલના વિદ્વાન લેખકોના હાથથી લખાએલી છે. એટલે કે તેઓ અમુક પ્રમાણમાં પણ બહાર નીકળેલા હતા એટલું તો ચોક્કસજ. આ બાબતો સંબંધી વધારે સજ્જડ પુરાવા જોકે ન મળી શકે તોપણ હિંદી લોકોએ "જાવા" સંસ્થાન વસાવ્યું હતું એતો ચોક્કસજ. જાવાના ઇતિહાસ ઉપરથીજ માલુમ પડે છે કે આ સંસ્થાનોમાં મોટી સંખ્યામાં હિંદીઓ આવેલા હતા. મુખ્યત્વે કરીને ઓરીઆ, ઓરીસા, અને મદ્રાસ ઇલાકાના લોકો આ સંસ્થાનોમાં વધારે સંખ્યામાં ઉતરી આવેલા હતા. હિંદુસ્થાનના બીજા ભાગોમાંથી પણ કેટલાક આવેલા હતા. આ સંસ્થાનોમાં વસવાની શરૂઆતમાંજ ત્યાં ગએલાઓએ જવાની ખુશાલી ખાતર તથા સંવતસરની સ્થાપના કરી હતી જે હજુ સુધી તે ભાગોમાં ચાલુ છે. હિંદીઓના ત્યાં જવાથી તેમના ભાષામાં તથા તેમના ધર્મમાં પણ ઓછી વધતી અસર થઇ હતી જાવામાં વેપાર વિગેરે પણ તે સમયમાં ઘણા સારા હતા. અને તેથી પરદેશ ગમનમાં લાભ સમજાતા હતા. તે જમાનામાં જવા આવવાના પૂરતાં સાધનો પણ નહિ હતા. રાજ્યકર્તાઓની તરફથી પણ ખાસ સગવડ નહિં હતી. હાલના સમયમાં તો દુનિયાના કોઇ પણ ભાગમાં જવાને યોગ્ય સાધનો છે. કેટલીક તરેહની બાજી પણ સગવડો થઇ છે. પરદેશ ગમનનો હેતુ વપાર કરી પૈસા મેળવવાનોજ એકલો નથી હોઇ શકતો. પરદેશની કળા કૌશલ્ય શીખી શકાય છે. જે જે પ્રજા સારી સ્થિતિએ પહોંચી છે તેના ઇતિહાસ ઉપરથી માલમ પડે છે કે દુનિઆમાં આબાદ થએલી પ્રજાને જ્યારે સંસ્થાનોમાંથી પુરતી મદદ મળી છે ત્યારેજ તે પ્રજા પોતાના દેશને આબાદ કરી શકી છે; અને દેશની આબાદીને અંગે સંસ્થાનોએ કોઇ કાર્ય સારાં થયાં છે. હિંદુસ્થાનની આબાદી અર્થે તેના પુત્રોએ પરદેશ જઇ પોતાનાથી આગળ વધેલી પ્રજાની વિદ્યા ઉદ્યોગ કળા વિગેરે શીખવાની જરૂર છે તે શીખી દેશની અંદર દાખલ કરશે ત્યારેજ દેશની આબાદી થશે. એટલે કે હિંદુસ્થાનની કેળવાએલી પ્રજાને પરદેશ ગમન કરવાની બહુ જરૂર છે.

છેલ્લું તોફાન અને ઓફીશીયલ તપાસ.

લાગતા વળગતાઓની જુબાની.

મી. જી. બી. વેરનરે અમલાઝી ડીસ્ટ્રીક્ટમાં તા. ૧૪ મી એ તોફાન બાબતની અગત્યની તપાસ શરૂ કરી. તે તોફાનની સત્તાવાર ઉંડી તપાસ કરવા માટે સરકારે મી. વેરનરને ખાસ નીમેલ છે. મી. વેરનરને એવું સુચવવામાં આવ્યું છે કે આ ભારે નુકશાનનાં કારણો તપાસવાં. અને ફરી એવું નુકશાન ન થાય તે માટે પગલાંઓ લઇ શકાય કે નહિં તે તપાસી જોવું. આ બાબતની પુરી તપાસ લગભગ બે અઠવાડીયા ચાલશે, એવું જણાય છે. તે સઘળી તપાસને સાર ખેંચી મી. વેરનર તે વિષેનો રીપોર્ટ હાઉસ ઓફ એસેમ્બ્લીમાં રજુ કરશે. અને તેની એક નકલ હિંદી સરકારને મોકલવામાં આવશે. આ નુકશાનના કારણો જાણવાજોગ હોવાથી તે વિષેની તપાસ બહુ બારીકીથી થશે. હાલ સુધી સત્તાવાર કારણ એવું જાહેર કરવામાં આવે છે કે ખાદન ડાઉનની મોટી ટાંકી ફાટવાનું આ પરિણામ છે. કેટલાક જો કે એમ કહે છે કે તે ટાંકી ન ફાટી હત, તોપણ આ સામાન્ય વરસાદથી તે નુકશાન થયા વિના રહેત નહિં. આ બાબતમાં તે વિભાગના મેનેજર મી. ફ્લેચરની જુબાની બહુ અગત્યની નીવડશે; પણ મી. ફ્લેચરનું [illegible] જવું થવાથી તેની જુબાની હાલને માટે મુલતવી રહી છે. પ્રથમ તે વિભાગના પોલીસ ઓફીસરની જુબાની લેવામાં આવી હતી; અને તેણે તે કામમાં કેટલી મદદ કરી હતી, તે પુછવામાં આવેલ હતું. ત્યાર પછી બીજે દિવસે મી વેરનર નુકશાન પામેલી જગ્યાએ ગયા હતા. અને સ્ટેશન માસ્ટર વિગેરે કેટલાક અગત્યના સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. તેમાંની કેટલીક જાણવાજોગ જુબાનીઓ અમો નીચે આપીએ છીએ. આ જુબાની લીધા પછી નતાલ પોલીસના હેડ

લાક સારજનોની જુબાની લેવામાં આવનાર છે, અને તેમાં અગત્યની જુબાની પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ આલેકઝાન્ડરની હશે.

સાઉથ કોસ્ટ જંકશનના સ્ટેશન માસ્તરની જુબાની લેવામાં આવતાં તેણે જણાવ્યું કે, તા. ૩૧ મી મેના રોજ તોફાન થયું તે મારી જાણમાં છે. સવારે પાંચ વાગે મેં જોયું કે ઇંડિઅનોની કોટડી પાણીમાં ડુબી ગએલી હતી. આ વખતે તે કોટડીમાં આઠ ઇંડિઅનો હતા, પાંચ મરદ, એક ઓરત, અને બે છોકરા. તે સઘળાં ડુબી ગયાં હતા. બીજા બે માણસો હતા, જે તરી નીકળ્યા હતા. બીજા બધાં મરણો સ્ટેશનની પડોશમાં થયાં હતાં નદીમાં ૧૨ થી ૧૩ ફીટ પાણી હતું. આ સ્ટેશન ઉપર હું દશ વરસ થયાં નોકરી કરૂં છું. તેમાં કોઇ વખત આટલું પાણી જોવામાં આવ્યું નહિં હતું. અગાઉ ઇંડિઅન બરાકમાં પાણી આવતું પણ તેથી કોઇ વખત એકે મરણ નીપજ્યું નહોતું. રેલવે પુલની ઉત્તરના ભાગમાં ૩૦ ઝુપડાં હતાં તે સઘળાં ધોવાઇ ગયાં છે. જુનની પેહલી તારીખે સરજંટ ફ્રાઉડ કેટલાંક માણસ લઇને આવ્યા હતા. તેણે બરાકમાંથી મુડદાં કઢયાં હતાં. તેણે તથા તેના માણસોએ આ મુડદાંઓ કાઢવામાં ઘણી બહાદુરી વાપરી હતી. આ ભાગમાં કુલ કેટલાં મરણ થયાં હશે તેની સંખ્યા કહી નથી શકતો.

અંબીલોની ટાંકીના સંભાળ રાખનાર વીલયમ હેનરીની જુબાની લેતાં તેણે જણાવ્યું જે તા. ૩૧ મી મેના સખત વરસાદ તથા વાવાઝોડાંને લીધે મને ચીંતા થવા લાગી, અને તેથી હું ત્યાંજ રહયો. રાત્રે નવ બજે હું ટાંકી ઉપર ગયો. અને જોયું તો પાણીનો રંગ ફરી ગયો હતો. પાણી વધતું જતું હોવાથી ૧૦ વાગે પાણીના નીકાસ માટેનો નળ ખોલ્યો હતો. આ ઉપરાંત બાજુના ખુલ્લા ભાગમાંથી ઘણું પાણી જઇ શકતું હતું. તોફાનના વખતમાં ટાંકામાંનાં વધારાનાં પાણીના નીકાસનો નળ હમેશાં ખોલવામાં આવે છે. ધીમે ધીમે વરસાદ વધ્યો, અને તેથી આસપાસ પાણી ઘણું વધવા લાગ્યું ૧-૩૦ વાગતે પુલના રસ્તા ઉપર એક ફુટને આશરે પાણી વહેતું જતું હતું. આખી રાત વીજળીનું જોર ઘણું હતું. તેના અજવાળાથી એક વાગતાને સુમારે મોટા જથ્થામાં પાણી તે તરફ ધસતું માલમ પડયું હતું. પાણી થોડા વખતમાં ટાંકી અને પુલ ઉપરથી ચાલતું દેખાયું. અને ત્યાર બાદ થોડા વખતમાં જરા નીચું જણાયું તે ઉપરથી માલમ પડયું કે ટાંકી તુટી છે પાણી ૭ ફીટને આસરે પડયું જણાયું. એટલે કે ટાંકી ફુટવાથી ચો તરફ પાણી ફેલાયું. રાતના બેથી ત્રણ વાગતામાં વચલો બંધ તુટેલો જણાયો. ચાર કરોડ ગ્યાલન પાણી રહી શકે તેટલી મોટી તે ટાંકી હતી. તુટેલી દીવાલોને અગાઉ કોઇ વખત ઇજા થઇ નહોતી. આ ટાંકા ઉપર હું સોળ વરસ થયાં નોકરી કરૂં છું. તેમાં કોઇ દિવસ આટલે સુધી પાણી ભરાએલું નહોતું.

પાઇન ટાઉન બ્રીજ આગળના ઇનઝીન ઇન્સપેક્ટર આર્લ જેમ્સે જુબાની આપતાં જણાવ્યું કે, તોફાનની રાતના બે બજે તે પુલ ઉપર ગયો હતો. તે વખતે તેને જણાયું કે પુલ સઘળો પાણીના અંદર છે. પુલ ડોંગીથી બે માઇલ ઉપર હતો. વીજળીના અજવાળાથી પાણી ચોતરફ ફેલાએલું જણાતું હતું. પાણી જ્યારે પોતાના ઘરમાં આવ્યું ત્યારે મજકુર શાકી તેને બહાર કાઢવાને મેહેનત કરવા લાગ્યો પણ પાણી સેલરમાં હોવાથી કાંઇ બની શક્યું નહિં. થોડા વખતમાં તેને જણાયું કે પાણી એકદમ ત્રણ ઇંચ નીચે ઉતરી ગયું. આ ઉપરથી જણાયું કે ટાંકી તુટી હશે.

જોધાસીંઘ નામના ફ્રી ઇંડિઅનની જુબાની લેતાં તેણે જણાવ્યું કે, તોફાનની રાત્રે હું મારી ઓરત છોકરાં સહીત સ્ટેશન પાસેની બરાકમાં હતો. અમે બધા એક ઓરડામાં હતાં. બીજા ઓરડામાં આઠ ઇંડિઅનો હતા. રાતના દોઢ બજે મને જણાયું કે, ઓરડામાં પાણી ઘણું હતું તેથી અમે ઉંચી ખાટલા ઉપર ઉભાં થયાં. મારી ઓરત મારા એક હાથે વળગી રહી. અને બીજા હાથે છોકરાંઓ વળગી રહ્યાં. ટુંક મુદતમાં પાણી મારી ગરદન સુધી પહોંચ્યું ત્યાર પછી મારો નાનો છોકરો મારા હાથ માંથી સરકી ગયો. અને તે પછી મારી ઓરત ગુમ થઇ. અમે પછી ઘરના થાંભને પકડીને આખી રાત બેસી રહ્યા. સવારે સ્ટેશન માસ્તરે બચાવ્યા. મારી ઓરત તથા છોકરો ડુબી ગયાં. ઘરમાં પાણી ૧૦ ફીટ હતું અને ૧૫ મીનીટમાં ૩ ફીટથી ૧૦ ફીટ સુધી વધેલું હતું. નદીમાં પાણી ઉતરી ગયા પછી મારી ઓરત તથા છોકરાનાં શબો મળ્યાં હતાં.

મી૦ વેરનરે પુછતાં જુબાની આપનારે જણાવ્યું કે, ગયા વરસમાં અમ્બીલો નદીમાં પાણી ઘણું આવ્યું હતું, જેથી કરીને બરાકમાં પાણી ભરાયું હતું. પણ તે ૧૮ ઇંચથી વધારે નહિં હતું. આ વખતે તેણે પાણીમાં સઘળું ગુમાવ્યું હતું.

મુહીદ નામનો ખાજી ફ્રી ઇંડિઅન કે જે સાઉથ કોસ્ટ જંકશનનાં સ્ટેશનમાં પોરટર તરીકે નોકર હતો, તેની જુબાની લેતાં તેણે નીચે પ્રમાણે કહ્યું:-

હું તથા બીજા મારા સાત સોબતીઓ બરાકની એક રૂમમાં તોફાનની રાત્રે સુતેલા હતા. અચાનક એક મોટા અવાજથી હું જાગ્યો અને પથારી ભીની લાગવાથી બેઠો થયો મેં આસપાસ નજર નાંખતાં રૂમમાં પાણી ભરાએલું જોયું, ઘરનો બધો સરસામાન ઘસડાઇ જવાનો મને ભય લાગ્યો. એક ટેબલ ઉપર ખુરશી મુકી હું તે પર બેઠો ૧૦ મિનિટમાં પાણી છાપરાંને અડવા લાગ્યું પોતે ટેબલપરની ખુરશી ઉપર બેઠેલો તે ટેબલ તથા ખુરશી તણાઇ ગયાં. છાપરાંનું એકાદ લાકડું ઝડપીને હું તેને વળગી રહયો અને સવારે જ્યારે ઘરમાં પાણી લગભગ ચાર ફીટ જણાયું ત્યારે હું ભુસકો મારી નીચે પડયો, અને તુરત બહાર નીકળી સુકી જમીન પર ગયો મારી સાથેના એક સોબતી શિવાય બધા ડુબી ગએલા હતા. મારી સઘળી માલ મિલકત નાશ પામી. તેની આઠ વરસની નોકરી દરમીયાન તેણે માત્ર એકજ વખત ઘરમાં પાણી આવેલું જોયેલું. અને તે માત્ર એકજ ફીટ સુધી આવેલું હતું.

આ બાબતની તપાસ મી૦ વેરનરે હજુ જારી રાખેલ છે.

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ખ્યાલ મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.
૨. અક્ષર ચોખા શાહીથી લખવા.
૩. નામ તથા ઠેકાણું બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ પણ અમારી જાણને સારૂં
૪. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—આધપતિ.]

ગીરમીટીયાઓની સ્થિતિ.

નેકનામ ઇન્ડિઅન ઓપિનિયનના અધિપતી સાહેબ જોગ લખવા વીનતી કે આ થોડી ઇન્ડિઅન કુલી વાશેની હકીકત તમારા અખબારમાં દાખલ કરવા મેહેરબાની કરશો.

યુરોપીઅનલોકો પોતાના હસ્તથી પોતાના પગમાં કુહાડો મારે . યુરોપીઅન લોકો એ ઇન્ડિઅન કુલી મજુર લોકો પાસેથી મોટો લાભ મેળવે છે અને પોતાની ખુશી મુજબ કલકતા મદ્રાસથી સખત શરતો સાથે બીજા કુલી માગે છે બાકી તરફથી કુલી લોકોને હાંકી કાઢવા તજવીજ કરે છે, તે સરવે હકીકત નામદાર કલકતાના વાઇસરોય જાણી ચુક્યા છે. જેથી [illegible] જે નાતાલ તરફ કરવા માંગે છે તે [illegible]

કુલી મોકલવા નામદાર વાઇસરૉય ના પાડે છે. આ એક કુલી લોકો ઉપર નાતાલમાં ગેરઇનસાફ ગુજરે છે તેને અટકાવવાનો પુરાવો છે.

હાલ નાતાલ કોલોનીમાં વેપાર તથા ખેતીવાડીની હાલત અત્યંત ખરાબ ચાલે છે, તે સહુ કોઇ યુરોપીઅન વસતી તથા સરકારી મંડળવાળા ખુબ સમજી ચુકયા છે, અને હજી પણ દહાડે દહાડે આ દેશની પડતી સમજવી તેનાં કારણ નીચે મુજબ છે.

આ આફ્રીકા દેશમાં તેમજ ખસુસ નાતાલ ટ્રાંસવાલ કોલોનીમાં જમીન ઘણી પાતર પડી છે. એટલી પાતર છે કે અગર કલકત્તા મદ્રાસથી કુલી ૪ થી ૫ લાખ મંગાવી જમીનમાં ખેતીવાડી ચાલુ કરે તોપણ એટલા કુલી બસ નહિ થાય. હવે પાંચ લાખ કુલી ખેતીમાં દાખલ થાય તો આ દેશનો માલ ઇન્ડિઆ યુરોપમાં મોટી રકમે નીકાસ થાય. તે માલનો અવેજ આ દેશમાં કમતીમાં કમતી એક કુલીની પેદાસ દર વરસે સરેરાસ પાઉંડ પાંચ ગણો તોપણ ૨૫ લાખ પાઉંડનો આ દેશમાં દર વરસે વધારો થાય. વળી હું કીમત ધરીને કહું છું કે એ કુલી ખેતીવાડીમાંથી પા. ૧૦ ની પેદાસ કરી આપે તો પચાસ લાખ પા. આ દેશમાં વધે. તેની અસર આ દેશને કેવી થાય તે સહુ કોઇ સમજી શકે છે. આટલી બધી લુંટ અંગરેજ લોકો પોતાની અદેખાઇને લીધે ખોએ છે. આટલા બધા કુલી આવવાથી તેની ખોરાકી કપડાં જે બાહાર દેશથી આવે તેની કસટમની જગાત તથા ડરબન નાતાલના વેપારીઓને કેટલો લાભ થાય તે જરા ધ્યાનમાં લેવા જેવુ છે. એકલા કુલી લોકોના દ્વેષ કરી પોતાના હકમાં મોટુ નુકશાન કરી બેસવુ એ કેટલું બેહુદુ છે.

જરા આંખ ઉઘાડી જુઓ, આ દેશમાં ઘાસ કેટલી મોટી રકમનું છે. તે ઘાસને સુકાયા પછી બાળી નાંખે છે, અને અત્રે નાતાલ કોલોની સારૂ ઘાસ ઘણું બહારથી મંગાવી પોતાના જાનવરોને ખવરાવે છે તે પણ ફકત કુલી લોકોના દ્વેષ ને લીધે. આ દેશની જમીન ઘણી સરસ છે. જે કાંઇ આ જમીનમાં નંખાશે તે તૈયાર થાશે. ઘાસતો બેશુમાર છે. તથા રાઇ જવ, ઘઉં, મકાઇ બીનીસ, દાળ ચણા અને સર્વે જાતનો મસાલો જે હિંદુસ્તાનથી આવે છે તે સરવે આ દેશમાં બેશુમાર પેદા થાય અને અત્રેથી બહાર દેશાવરોમાં નીકાશ થાય તેની મોટી રકમે પઇસા આ દેશમાં આવી પહોંચવાથી વેપારી વરગને તથા ગરીબ લોકોને કેટલો મોટો રોજગાર હાથ આવે તે બરોબર વીચારવું છે. માટે અત્રેની સરકાર હિંદી સરકાર સાથે સારી શરતો કરી એકદમ જેમ બને તેમ રોકડા પાંચ લાખ કુલી મોકલવા બંદોબસ્ત કરે તો આ દેશને પુરતો લાભ મળે. અગર જો તમે હિંદીના દ્વેષમાં રહેશો તો તમારી જીંદગી પણ દુઃખી હાલતમાં ગુજરી જશે.

જગ્યો જગ્યો દારૂની કેનટીન ઉપર લખે છે, "ઇન્ડિઅન બાર" હાથે દારૂ પાય છે પૈસા કમાવે છે ત્યારે કાંઇ પણ વાંધો આવતો નથી ખીસો કુલીના પઇસાથી ગરમ થાય છે ત્યારે ખુશી થાય છે. ગરીબ તથા તવંગર યુરોપીઅન તેથી કેટલો લાભ મેળવે છે. હોટેલોમાં બોરડીંગ હાઉસોમાં, ખાનગી ઘરોમાં સરવે કુલી છોકરાઓ, ઓરતો અને મરદો કામ કરે છે તેનો અણગમો પોતાના ઘરમાં કરતા નથી અને બહારના દેખાવમાં બેહદ અદેખાઇ કરવી કેટલુ બેહુદુ છે!

યુરોપીઅન લોકોને યુરોપી દેશ રાખવો હતો તો અગાઉથી સરવે યુરોપીઅન મજુર લાવવા હતા. કાફરો કે કુલીને આ દેશમાં દાખલ થવા દેવા નહોતા, કારણ કે યુરોપમાં ઘણા ગરીબ યુરોપીઅન છે ત્યારે તેમ કાં કરવા નહીં થયુ? હવે કુલી કાફરાઓને હાથ મજુરી આવી પડી તો અદેખાઇ કરવામાં કાંઇ સાર નથી. અગર શરૂઆતમાં યુરોપીઅન કુલી દાખલ કરત તો હાલમાં જે મેવો, ભાજીપાલો સસ્તો ને મોટી સંખ્યામાં આવે છે તે નજરે દેખત નહિ મેવો સરવે બીજા દેશથી મંગાવવો પડત ત્યારે આજે તમને મોંઘા ખરચ કરવા પડત અને મન ગમતો મેવો ભાજીપાલો હાથ લાગત નહિ.

ખાંડ અત્રે ઘણી થોડી થાય છે. ખાંડ મોરીસથી, બીજા દેશોથી આવે છે તેનું કારણ પણ કુલી આ દેશમાં વધારે નહિ મળે અગર ઉપર લખ્યા મુજબ પાંચ લાખ કુલી આવી પડત તો ખાંડની પણ મોટી પેદાશ થાય. આ દેશનાં નાણાંને બદલે અત્રેથી બહાર નીકાસ થાય તો આ દેશને કેટલો લાભ મળે! તેમજ ચાહ, કાફી, મોટી રકમમાં આ દેસમાં થઇ શકે અને મોટી રકમે નીકાશ થઇ શકે. પણ કુલી લોકો હિંદથી એકદમ મોટી સંખ્યા મંગાવી તમામ જમીનમાં ફેલાવી દીએ. તો નાતાલ દેશ દુનીઆમાં એક વખાણવા લાયક થઇ પડે. એ એટલી હદ લેશો જો કુલી નહીં લેઇએ તો હાલ નહિ તો અગામ મોડા વહેલા પણ [illegible] પડશે. તે વીના બીજો ઉપાય એ દેશને ખીલવવાનો નથી. હાથે કરી આ દેશને પાયમાલ નહિ કરવો જોઇએ અને તરત કુલી બોલાવવાના ઉપાયો લેવા જોઇએ.

ચીના કુલી ગોરાઓ નેડાવેલ છે- પરાઇ રેવલેન્ડોમાં તેઓ કદી આ દેશમાં રાખશો નહિ. આગલ જતાં એ ચીના બહુ ભારે પડી જાશે પરાય પ્રજા છે તે વખત ઉપર કાંઇ પણ જબરજસ્તી થઇ શકશે નહિ. કાંઇપણ કરવા જાશો તો ચીનાઇ સરકાર તરત આંખ ખોલશે અને નામદાર બ્રિટિશ સરકાર ઉપર પોથા લખાણો ચાલુ થશે. લખાણોમા ચીનાઇ સરકાર સંતોષ નહિ પામશે તો આપણી સરકારને ચીનાઇ સરકાર ભેગે જીત છે તો તે દેખાવ પણ સારો નહીં ગણુ છે. ઘણા વાંધા નડી પડશે, પણ હિંદના કુલી તો નામદાર બ્રિટિશની વસ્તી છે તો તેનાં પોતેજ મુખત્યાર અને જોનાર છે તેથી ઘણો સંતોષ મળાશે. માટે જેમ બને તેમ મોટી સંખ્યા જલદી આવી પહોંચે તોજ આ દેશની આબાદી વધે. એમ ખચીત ધારવામાં આવે છે. અને એમ મારો અભીપ્રાય છે.

હાજી મોહંમદ હાજી દાદા,

ડરબન, તા. ૨૫-૫-૧૯૦૫.

સંપ એજ બળ.

મે. ઇન્ડિઅન ઓપિનિયનના અધિપતિ,

સાહેબ,

નીચેની થોડી લીટીઓ આપના પત્રમાં છાપી સેવકને આભારી કરશો.

જો કોઇ પણ માણસ કોઈ મોટા કાર્યનું મુળ જોશે તો તે બહુ નાનું નજરે પડશે; અને તે સ્વભાવીક છે મુળ સદા નાનું અને નિરબળ હોય છે. વખત જતાં જો તેમાં મદદ નથી મળતી તો તે મુળ સુકાઇ જાય છે અને હતું ન હતું થાય છે; પણ જો તેને થોડી થોડી મદદ મળતી જાય છે તો તે આગળ વધતાં વધતાં એટલું તો મજબુત થતું જાય છે કે તેને નાબુદ કરવું તો શું પણ પાછુ હઠાવવું પણ નિરૂપાય થઈ પડે છે.

એમ કહેવાય છે કે ઇંગ્લેંડ સરકારનું રાજ્ય આજે શ્રેષ્ટ સત્તાવાળું છે અને છે પણ તેમજ. તેજ રાજ્ય શરૂઆતમાં એવું તો નબળું હતું કે તે રાજ્યજ કહેવાય નહિ. જમીનદારોમાં, પૈસાદારોમાં અને રાજા પ્રજામાં સદા કંકાસ થયા કરતો. દરિયાઈ લશ્કર તો તેનામાં હતુંજ નહિ; પણ આ બધાં અનિષ્ઠ હેતુઓ ત્યા ઝાઝો વખત ટકયા નહિ. રાજાઓ આપ ખુદી વધારવા લાગ્યા એટલે પ્રજા જાગૃત થઈ. એકઠી થઇને સભાઓ ભરતાં શીખી. પોતાપર થતા જુલમોપર પુરતું ધ્યાન આપી તેમાંથી બચવાના ઉપાયો શોધવા લાગ્યા. તેઓએ કેટલીક વખત પોતાના રાજાની સન્મુખ જઈ પોકાર ઉઠાવ્યો, અને વખત જતાં વર્તમાન પત્રોથી પોતાનો પોકાર પ્રગટ કરવો શરૂ કર્યો. આ બધું કામ કરવાને કોઈ કોઈ આગેવાનો જોખમ ઉઠાવતા એટલુંજ નહિ, પણ ઓછા પ્રજા ઉત્સાહથી તથા કાયેમાં મદદ કરી. અને તેઓના સંપથી તેઓના

રાજ્ય કર્તાની આંખ ઉઘડી. કેટલીક વખત ભયથી તો કેટલીક વખત દયાથી તેઓ પ્રજા પ્રત્યે સારી લાગણી ધરાવવા લાગ્યા. ઇંગ્લાંડમાં જ્યારે ઇલીઝાબેથ રાજ્ય કરતી હતી ત્યારે ત્યાંની પ્રજામાં ધર્મ વિષે બહુ કંકાસ હતો; પણ જ્યારે સ્પેનનો અજીત કાફલો ઇંગ્લાંડને જીતવાને આવ્યો ત્યારે ત્યાંનો એકેએક માણસ પોતાની ફરજ બજાવવા તૈયાર થયો. ધર્મનો મતભેદ ભુલાઇ ગયો અને પોતાના દેશની, પોતાના રાજ્ય કર્તાની, પોતાના કુટુંબોની આબરૂ જળવાઇ રહી તે ઉપરાંત, બીજા રાજ્યોમાં તેનો આવો સંપ જોઇને ધાક પડી. રફતે રફતે તે નહાનાં કારણોમાંથી આજે કેવડું મોટું પરિણામ થએલું છે તે આખી દુનિયા જોઇ શકે છે. આવી રીતનો દાખલો આ એકજ રાજ્ય આપે છે એમ નથી, પણ અત્યારે દુનિયામાં જે જે રાજ્ય પ્રબળ સત્તા ધરાવે છે, તે બધા આ વિષયના દાખલારૂપ છે. મરક્યુરીમાં વારંવાર વાંચવામાં આવે છે કે ચીનાઓ હુલ્લડ કરે છે; પણ તેને કોઈ સજા કરી શકતું નથી કે નથી તેની સામે થઇ શકતું. આનું કારણ માત્ર એજ છે કે જ્યારે જ્યારે કોઈ એક ચીના મજુરને ગોરો પોતાનું ગોરાપણું બતાવે છે ત્યારે તે સહન કરીને બેસી નહિં રહેતાં સામે થાય છે. અને બધા ચીનાઓ એકત્ર થઇને દુભાએલા ચીનાની વારે ચડે છે. આથી તે લોકો પર જુલમ થતો અટકે છે. હવે આ જુલમ અટકવાનું કારણ સંપ શિવાય બીજું કંઇ માલુમ નથી પડતું. આપણા હિંદી ભાઈઓપર દક્ષિણ આફ્રિકામાં થોડો જુલમ નથી થતો! તે જુલમના ઉપાયો લેવા આગેવાનો બહાર પડે છે, પણ તેઓ પોતાનો જોર પુરતું તાણી થાકી જાય ત્યાં સુધી તેઓને મદદ નથી મળતી. જ્યાં સુધી દક્ષિણ આફ્રિકાની હિંદી પ્રજામાં એકચતા ન હોય ત્યાં સુધી તેવી રીતે ઉત્સાહી બની મદદ કરવાનું સુઝે તે અસંભવિત છે. કેટલીક વખત તે એકચતાની ખામીને લીધે ઉત્સાહનો ભંગ થઇ સારાં કારણો હાથમાં આવતાં છતાં ફતેહ લીધાતી નથી. કાંઇક આગળ પગલું ભર્યું હોય છે તે ખેરવાઇ જાય છે, અને પાછું પહેલેથી શરૂ કરવા જેવું બને છે. આથી કરી આપણાપર થતા જુલમોનું કારણ આપણે પોતેજ એમ શામાટે ન કહેવાય? મને લાગે છે કે હિંદીઓ ગોરાના જુલમ સામે ફરિયાદ કરે તે પહેલાં તેઓ પોતાથીજ પોતાનાપર થતો જુલમ અટકાવે તો વધારે ડહાપણ ભરેલું કહેવાય. સમસ્ત પ્રજાના હિત માટે તત્પર થવાનું હોય ત્યાં આપસ આપસમાં કંકાસ તથા મત ભેદને મારગ આપવો ન જોઈએ. જો આ હેતુ ધ્યાનમાં રાખી તે પ્રમાણે ચલાશે તોજ હિંદીઓનું દક્ષિણ આફ્રિકામાં સારૂં ભવિષ્ય છે. કોઈ પણ જાતનો જુલમ કે અન્યાય પછી તેઓના એકત્ર થએલા શરીરપર આવી પડવા હિંમત ધરી શકનાર નથી.

લા૦ એક શુભેચ્છક.

ચીનાઓનું તોફાન.

હાલ કેટલોક વખત થયાં ટ્રાંસવાલની ખાણોમાં ચીનાઓના ટંટા શિવાયનો ભાગ્યેજ એકાદ દિવસ જતો હશે. તે લોકોની સાથે જરા પણ ઉલટી રીતે વરતવામાં આવતાં સઘળા સાથીઓ લડાઇ કરવા ઉતરી પડે છે, અને તેઓની પાસે લડાઇની કુહાડી, તલવાર વીગેરે હથીઆરો હોવાથી તેઓની સામે થવું ભય ભરેલું થઇ પડે છે. આ ઉપરથી તેઓની પાસેથી હથિઆરો લઈ લેવા માટેની એક અરજી ફોરીન ઇમીગ્રેશન ડીપાર્ટમેન્ટપર મોકલવામાં આવી હતી; પણ તે અરજી ઉપર ધ્યાન દેવામાં આવ્યું ન હતું. જો હાલની સ્થિતિમાં કાંઈ ફેરફાર નહિં થાય તો તે અરજી ઉપર ફરી ધ્યાન દેવાની જરૂર પડશે. ત્યાં રહેલ ચાઇનીઝ કોન્સલ સારી રીતે કેળવાએલ તથા સમજુ હોવાથી તે દરખાસ્ત સામે કાંઈ વાંધો ઉઠાવે એવું મનાતું નથી; અને તેથી જ્યાં સુધી કામ ખલાસ થાય ત્યાં સુધી તેઓને હથિઆર વિના રાખવા એવી ગોઠવણ કરવાનો વિચાર થએલ છે.

પરચુરણ ખબરો.

દક્ષિણ રૂશિયામાં ઈકેટરીનોસ્લેવની આસપાસની એક કોલસાની ખાણમાં ભયંકર ધડાકો થવાથી ૩૦૦ જનની પાયમાલી થઈ હતી.

લંડનમાં આવેલા ક્રીસ્ટલ પેલેસ નામના એક જબરદસ્ત મકાનમાં એક લાખ માણસનો સમાવેશ થઇ શકે છે. આટલા માણસનો સમાવેશ કરનાર દુનિયામાં એવું એકે મકાન નથી.

રૂશિયાની વફાદારીની શંકા.—ટોકીયો ખાતેનો ટાઇમ્સનો ખબરપત્રી લખી જણાવે છે કે સલાહના કોલકરારપર રૂશિયા વફાદાર રહેશે કે નહિ તે બાબત સઘળા શંકામાં છે.

મીસીસ એગ્નીસ ગેરેટ નામની એકજ સ્ત્રી યુનાઈટેડ સ્ટેટસમાં જે.પી. છે. ઘણે ભાગે આખી દુનિયામાં સ્ત્રી જે.પી. તે એકજ છે. એમ મનાય છે. તેણી ઈંગ્લાંડમાં આવેલા બરમીંઘામમાં જન્મી હતી.

રોડેશીયામાં મોતી.—દક્ષિણ રોડેશીયાની મુખ્ય નદીઓમાં મોતીની શોધ જાહેર થએલ છે બુલવાયોના મી ડબલ્યુ. આર. સ્મીથે માછલીઓ મારવા જતાં ૨ વરસમાં ૧૫૦ મોતી શોધેલાં છે. આ મોતી મુખ્યત્વે કરીને સ્પાર્ક અને શંગાની નદીઓમાંથી માલુમ પડેલાં છે. મોતીની સરેરાશ કિંમત શા. ૨૦ સુધી થએલ છે.

થોડા વખત પહેલાં વીએનામાં મરણ પામેલો એક બેરન નેથાનીએલ રોથ્સચાઇલ્ડ નામનો શખ્સ પોતાની પાછળ પા. ૮૫૦,૦૦૦ ની રકમ, માંદા તથા દુઃખી માણસોની માવજત માટે મુકી ગએલ છે.

ઇંગ્લાંડમાં પ્લેગ.—ઇંગ્લાંડમાં આવેલ માંચેસ્ટર શહેરમાં મરકીનો એક કેસ જાહેર થએલ છે. બુએનાસએરેસથી હામબર્ગને રસ્તે થઇ મુસાફરી કરનાર એક સ્ટીમરના રસોઇઆને મરકી લાગુ પડેલી.

બંગાળામાં સ્ત્રી કેળવણી.—સ્ત્રીઓ અને બાળકીઓ પોતાને ઘેર રહી ઉંચી કેળવણી લેવા પામે તેટલા વાસ્તે ત્યાંની સરકારે ઇનામો દાખલ સ્કોલરશીપો સ્થાપી છે. તે એવી રીતે કે, ઘેર અભ્યાસ કરનારી સ્ત્રી કે બાળકીએ ઉપલું ધોરણ મેળવ્યું છે તેવી ખાત્રી કરી આપવાથી તેને તે સ્કોલરશીપ મળે.

પાંચ જનની ખુવારી.—ડંડિનથી થોડે દુર તા. ૧૪ મી જુને દરિયાઇ તોપોની કવાયત કરતાં એક ગોળો ફાટવાથી પાંચ માણસો માર્યા ગયા હતા. પાછળથી મળેલા ખબર પરથી એમ જણાય છે કે કુલ મળી ૧૮ જાતોને ઇજા પહોંચેલી. આ બધા ઘવાએલા માણસોને ઇસ્પીતાલમાં ઉતારવામાં આવ્યા હતા.

જાપાની જુસ્સો.—મંચુરીઆમાં રહેલા જાપાની લશ્કરના જુસ્સા માટે એક ખબરપત્રી એમ જણાવે છે કે, સલાહનો સંભવ હોવા છતાં પણ જાપાનીઓનો જુસ્સો હજી તેવોજ છે. સલાહની વાતચીતથી તેઓ શાંત થએલા જણાતા નથી. તેઓ એવી આશા રાખે છે કે હવે નકામું ઢીલી પડવાનો આરો આવવો જોઇએ

બાળક સાચવવાનો સંચો.—સ્વીટઝરલાંડના એક બુદ્ધિશાળી ઈજનેરે બાળક સાચવવાનો એક સંચો બનાવેલ છે; અને જ્યારે બાળક રૂએ છે, ત્યારે સંચાની અમુક ગોઠવણથી તે માંહેનો ફોનોગ્રાફ એક સુંદર હાલરડું ગાય છે વળી એક બીજી ગોઠવણથી પારણું ઝુલે છે. જ્યારે બાળક રોતું બંધ થાય છે, ત્યારે પારણું ઝુલતું અટકે છે અને હાલરડું પણ બંધ પડે છે.

યુજેન સેન્ડો.—હિંદુસ્તાન તથા પુર્વના દેશોમાં સફર કરવાને યુજેન સેન્ડો એક મોટા સરકસનો તંબુ તૈયાર કરે છે એમ કહેવાય છે. તે તંબુમાં જુદા જુદા દેશમાં જોરાવર માણસો સેન્ડોની દેખરેખ નીચે ખેલો કરશે; એવું કહેવાય છે કે આ કંપની સર્વ રીતે સંપૂર્ણ અને જોરાવર થશે, અને આગળ કોઇ દિવસ નહિ બનેલી હોય તેવી બનશે.

ટ્રાંસવાલમાં સોનાની નીકાસ.—ધારવામાં આવ્યું હતું તે પ્રમાણે ગયા મે માસમાં ટ્રાંસવાલમાં સોનાની નીકાસ આગલના કોઇ પણ માસ કરતાં વધારે થએલ છે. કુલ સોનું ૪,૧૬,૪૦૫ આઉંસ નીકળેલું હતું. અને તે ૧૭,૬૮,૭૩૪ પાઉન્ડની કિમતનું થાય છે. આગલ વધારેમાં વધારે નીકાસ કરતાં પણ ગયા મે માસમાં ૭૭,૮૧૭ પાઉન્ડની કિમતનું સોનું વધારે નીકળેલ છે.

પ્રીટોરીઆમાં શીતળા.—પ્રીટોરીઆ ખાતે શીતળાના બે કેસ જાહેર થએલ છે. એક હિંદી અને એક કાફરને શીતળા લાગુ પડેલ છે. આ બાબત યોગ્ય ઈલાજ લેવાને તા. ૧૫ મી જુને મેડીકલ એસોસીએશનની અને ટાઉન કાઉન્સિલ હેલ્થ બોર્ડની મીટીંગ થએલી હતી, અને એમ નક્કી કરવામાં આવ્યું હતું કે ફરજીઆત શીળી કાઢવાનો ધારો અમલમાં મુકવો.

સલેહનો સવાલ.—કોલકરાર કરવાની સભા યુરોપમાં ભરવાની જાપાનીઓએ નામરજી બતાવી છે, અને રૂશિઆની પણ તેવી મરજી નહિ હોવાથી, યુનાઈટેડ સ્ટેટસના મુખ્ય શહેર વોશીંગટનમાં સભા ભરવાનો વિચાર બન્ને પક્ષ તરફથી બહાર પાડવામાં આવ્યો છે. તેથી સત્તાવાર જાહેર કરવામાં આવ્યું છે કે વોશીંગટનમાં સલાહકાર મંડળી મળશે. ઓગસ્ટ કે સપટેમ્બરમાં તે મીટીંગ મળવાનો સંભવ છે.

એક બીજો મોટો હીરો.—ટ્રાંસવાલની પ્રીમીયર નામની હીરાની ખાણમાં થોડા વખત પહેલાં એક હીરો શોધી કાઢવામાં આવ્યો હતો કે જે દુનિયામાં સૌથી ચઢીઆતો હતો. હાલમાં તે હીરા જેવોજ એક બીજો હીરો માલુમ પડયો છે, અને તેનું વજન ૪૮૬॥ કારેટનું છે. આ ખાણમાંથી ૨૦૦ થી ૪૦૦ કારેટ સુધીના વજનના કેટલાક હીરાઓ મળી આવેલ છે પણ ૪૫૦ કારેટ ઉપરના વજનના તો માત્ર આ બેજ હીરા માલુમ પડયા છે.

નાતાલમાં તોફાનથી રેલવે ખાતાને પહોંચેલું નુકશાન.—આ બારે તોફાનથી જુનની ૩ જી તારીખે પુરાં થતાં અઠવાડી આમાં તે પહેલાંનાં અઠવાડીઆની આવક કરતાં ૪૮૮૯ પાઉન્ડનો ઘટાડો થએલો. તે અઠવાડીઆની ઉપજ ૨૯,૮૯૬ પાઉન્ડની થએલી, અને તેટલી ઓછી આવક હજુ સુધી કોઇ દિવસ થએલી નહોતી. મે મહિનાની આવક સંતોષકારક હતી તે, હિસાબ તપાસતાં માલુમ પડી શકે છે. મે મહિને પુરાં થતાં વરસની આવકની સરેરાસ ગણતાં, અઠવાડીઆની આવક લગભગ પા. ૪૫,૦૦૦ ની થાય છે. આ ઉપરથી જણાઈ આવે છે કે તે તોફાનના વખતની આવક ઘણે દરજ્જે ઓછી છે.

ભારે વરસાદ.—કેપટાઉન ખાતે તા૦ ૧૪ મી જુને ભારે વરસાદ થયો હતો અને શહેર તથા પરાંઓની નીચાણવાળી જગ્યાઓમાં બહુ પાણી ભરાયું હતું. આ વરસાદથી ઘણું નુકશાન થયાના ખબર મળ્યા છે. લીસબેક નદીમાંનું પાણીનું પુર બન્ને બાજુએ સો સો વાર ફેલાએલું હતું. ગ્રીન તથા સી પોઇન્ટ રેલ્વેને ભારે જફા પહોંચેલી છે. ટ્રામ તથા રેલવેના રસ્તાઓમાં પણ હાની પહોંચવાથી કેટલોક વખત તે બંધ રહેલ. સાઈમન્સ ટાઉનમાં ભારે નુકશાન થયાના ખબર મળેલા છે.

કેપટાઉનમાં અચાનક ભડકાથી થએલું નુકશાન.—કેપટાઉનની એડરલી સ્ટ્રીટમાં તા. ૧૩ મીની સવારે લગભગ ૧૦ વાગ્યાને સુમારે એકાએક અચાનક ભડાકાથી આખું કેપટાઉન ચમકી ઉઠયું હતું. એડરલીસ્ટ્રીટની ગટરમાંહેની મેલી હવા કોઈ કારણથી સળગી ઉઠી, અને તેથી આ ભડાકો થયો. આથી કરી તે સ્ટ્રીટમાં ૧૦ ફીટ પહોળી અને ૫૦ વાર લાંબી ફાટ પડેલી છે, અને તે વળી સ્ટાંડર્ડ'ની સામે સ્ટ્રીટના ઉધોગી ભાગમાંજ. જો કોઇ ટ્રામ ગાડી તે વખતે ત્યાંથી પસાર થતી હત તો પરિણામ બહુ ભય ભરેલું આવત. માત્ર ૪ જનને ઇજા થયાના ખબર હજી સુધી મળ્યા છે.

આ અઠવાડીઆમાં મળેલ લવાજમ.

મી૦ કેક મુનસામી નાયડુ. પી. એમ બર્ગ.	૦	૯	૦
„ ધનકધારી. કેમ્પર ટાઉન.	૧	૦	૦
„ કાસમ સુમાર. મેફેકીંગ.	૧	૧૫	૦
„ સકુર અમીજી. મેકેડોર્પ.	૦	૧૭	૦
„ ઉદીત. લોવર અમ કોમાસ.	૦	૧૨	૬
„ નુરદીન મહમદ. ડરબન	૧	૫	૦
„ અબદુલ પ્રધર્સ. કેપટાઉન.	૦	૧૭	૦
„ ગોપીમહારાજ. અમગેની.	૦	૧૨	૬
„ રામ પ્રસાદ. ટુગેલા.	૦	૧૨	૬
„ એ. વીરાસામી. પી. એમ. બર્ગ.	૦	૧૦	૦
„ એ. આઇ. મોટાલા. કલેરમોંટ.	૦	૧૨	૬
„ મુસા કાસીમ. જોહાનીસબર્ગ.	૦	૧૭	૦
„ સીતા હરી. „	૦	૧૭	૦
„ હીરા. વેરૂલમ.	૦	૧૨	૬
„ દશરથ. „	૦	૧૨	૬
„ એ.એફ. સીદાત. હેડીસ્મીથ.	૦	૧૨	૬
„ એ, એમ. સુલેમાન. પ્રીટોરીઆ.	૦	૧૭	૬
„ માધુ પુરૂશોતમ. ડરબન.	૦	૧૨	૬
„ અબદુલા. બ્લેકબર્ન.	૦	૧૨	૬
„ મુસા ઓસમાન, એન્ડ કું૦ પી. એમ. બર્ગ.	૦	૧૨	૬
„ મુસા હસન એન્ડ કું૦ વેલીંગટન.	૦	૧૭	૬
„ વી. જી. શેટી. પ્રીટોરીઆ.	૦	૧૭	૬
„ આમદ બાયાત. પી. એમ. બર્ગ.	૦	૧૨	૬
„ લાલજી. ડરબન.	૦	૧૨	૬

કેટલુંક જરૂરી લખાણ જગ્યાની સંકોચને લીધે આપી શકયા નથી જે આવતાં અંકમાં આપશું.

ડરબન ખાતાના શ્રી હીલાજ રેલવે ફન્ડ કમિટીના સેક્રેટરી મી. ઓસમાન આમદ લખી જણાવે છે કે જેઓએ ઉપલા ફંડમાં નાણાં ભરેલાં છે, તેઓને માટે નામદાર તુર્કીના સુલતાન તરફથી મેડલ કેપટાઉન આવી પહોંચ્યાં છે. તે મેડલ મી. સી. શામ. એન. અફન્દી હકને આ વીકમાં આવી પહોંચશે. અને સુલતાનના હુકમ મુજબ આપવામાં આવશે. નાણાં ભરનારે પોતાનું એડરેસ મી. ઓસમાન આમદને લખી મોકલવાથી તેને વખતસર ખબર દેવામાં આવશે.

ધીરવાનાં નાણાં.

ડરબન, મારીત્સબર્ગ, અથવા ત્યાંનાં પરાંઓની પ્રોપરટી ઉપર પહેલી ગીરવીએ નાણાં ધીરવાનાં છે. નીચેને સીરનામે લખો.

એમ. નાઝર.
૧૪ મરક્યુરી લેઇન.
ડરબન.

રોકડ બજાર ભાવ.

ચાવલ.		શી.	પે.		શી.	પે.
બાંસ	૧ બસ્તાનુ	૧૬	૦	થી	૧૭	૦
ભીમડોના	„	૨૨	૦	„	૨૩	૦
એફ. એફ. ડી. આર.		૧૪	૦	„	૧૪	૬
એફ. ડી. આર.	„	૧૩	૦	„	૧૪	૦
ચીની સક્કર	„	૧૮	૬	„	૧૯	૦
કુડાના	„	૧૮	૦	„	૧૯	૦
દેશી તુવેર દાળ.		૧૪	૦	„	૧૫	૦
તુવેર દાળ કાનપુરી		૧૪	૬	„	૧૫	૦
મસુરની	„	૧૬	૬	„	૧૬	૬
મગની	„	૨૨	૦	„	૨૩	૦
અડદની	„	૨૦	૦	„	૨૧	૦
ચણા	„	૧૭	૦	„	૧૮	૦
„ દાળ	„	૧૭	૦	„	૧૮	૦
વટાણા	„	૧૬	૦	„	૧૮	૦
મકાઇ	„	૬	૦	„	૭	૦
તેલ.						
કડવુ	૧ ગાલન	૩	૦	„	૩	૨
એરંડીનુ	„	૨	૨	„	૨	૩
મીઠુ	„	૨	૮	„	૨	૯
નાળીએરનું	„	૩	૦	„	૩	૧
ખાંડ મોરીસની.						
સફેદ	„	૨૦	૦	„	૨૧	૦
પીળી	„	૨૧	૬	„	૨૨	૦
તીરકુલા નાતાલ		૧૮	૬			
આટો		૯	૦	„	૯	૯
મદ્રાસી સોપારી, ૧ રતલ		૦	૬	„	૦	૮
મરચાં.		૦	૫	„	૦	૫॥
ઘી પેરી		૬૭	૯	„	૭૦	૦
પારાફીન ડીવોઇસ.		૬	૩	„	૬	૬
„ વાઇટ રોસ		૭	૦	„	૭	૩
„ „ ગાલન		૧૨	૯	„	૧૩	૩
ફુલી		૧૨	૦	„	૧૨	૬
નાળીએર ૧૦૦		૧૦	૦	„	૧૨	૦
નીમક (લીવરપુલ)						
બસ્તા એકનું.		૪	૯	„	૫	૦

इंडिअन ओपिनिअन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. २४ वी जुन, १९०५. नम्बर २५.

सप्ताहिक पंचांग.

अंग्रेजी—ता. २४ वी जुन से, ता. ३० वी जुन १९०५ तक.

हिंदु—जेठ वदी ७ से जेठ वदी १३ सम्वत १९६१ तक.

वार.	[illegible]	[illegible]	[illegible]	[illegible]	त्योहारोंकी यादी.
			क.मि.	क.मि.	
शनि.	२४	७	६ ५१	५ ४	
रवि.	२५	८	६ ५२	५ ४	
सोम.	२६	९	६ ५२	५ ५	
मंगल	२७	१०	६ ५२	५ ५	
बुध..	२८	११	६ ५२	५ ५	
गुरु..	२९	१२	६ ५२	५ ६	
शुक्र	३०	१३	६ ५२	५ ६	

इंडिअन ओपिनिअन.

शनिश्चर, ता. २४ वी जुन, १९०५.

परदेशगमन.

मि० सुब्रामनीयन हिन्दके रिव्युमें लिखता है, कि पूर्व कालमें भारतवासीयों परदेशगमन नहीं करतें थें, पर भारतमें रहनेका विशेष पसन्द करतें थें. जब रोमन और ग्रीक संस्थान मुनष्य समुद्र या दुन्याके दुसरें प्रदेशमें बढने लगा, यह समय भी हिन्दवासीओं तो अपना देशकी सीमा छोडकर आगें नहीं बढता था. पुराणा वखतका इतिहास देखनेसें मालुम होगा, कि भारतवासीओं पुराणे समयसें परदेशगमन करनेमें बहुत पिछा था. अलबत्त इतिहाससें देखा जाता है, कि किसी कारणसें कोई कोई मसंगपर हिन्दी टुकडीयों भारतकी सीमा छोड कर बहार गई है. पर इसी टुकडीयोंके सम्बन्धमें विशेष खबर नहीं मिली है. जब पादशाह अलेकझान्डरने हिन्दमें जीत की, तब वह स्वदेश लौटते समय बहुत हिन्दीओंको हिन्दकी सीमा पार ले गया था. अशोकके समयमें संख्या बन्ध टुकडीयों मीशनरीके लिये हिन्दकी सीमा पार दुन्याके अन्य देशमें जा रही थी. उसमेंसें कई कई लोग ईजीप्तमें और सिरीयामें निवास स्थान कर रहा था. परन्तु दुसरेंका क्या हुआ, सो सुननेमें नहीं आया. हिन्दी मिशनरीकी बात थोडी बहुत पुराणे विद्वान लेखकोंसें लिखी गई है. इससें जान पडता है, कि कमती और जास्ती प्रमाणमें हिन्दीओं सीमा पार गया है तो सही. हिन्दीओंने "जावा" में जाकर निवास किया और आबाद बनाया. इतना स्पष्ट जावाका इतिहाससें मालुम पडता है, कि यहां संख्याबन्ध हिन्दी आपहुंचा था. वे लोग ओरिसा, ओडिया और मद्रास जिलेसें गया था, और हिन्दके अन्य भागसें भी गये थे. यह संस्थानमें निवास करनेके पहिला खुशालीके लिये सम्वतसरकी स्थापना की थी, जो अबतक जारी है. हिन्दीओं वहां जानेसें उनकी भाषामें और धर्ममें थोडी बहुत असर लग गई थी. इसी वखत जावामें व्यापार बहुत ठीक था. यह लोग परदेशगमनमें लाभ समझते थें. इसी समय जाने आनेका सम्पूर्ण साधन नहीं था, और राज्य तरफसें भी कुछ सगवड नहीं.

अब तो दुन्याके कोई भागमें जाने के लिये योग्य साधन है, और कितनीक सगवड भी है. परदेशगमनका हेतु सिर्फ व्यापार करके पैसा जमानेका नहीं है, पर पैसे साथ परदेशकी कला, हुन्नर आदि शिखनेका लाभ मिलता है. जिस प्रजा आबाद हुई है, उसकी तवारिखसें देख पडता है, कि दुन्यामें आबाद होने वाली प्रजाको साधनसें सम्पूर्ण सफलता मिली है, तब वे लोग अपना देशको आबाद कर सकें हैं, और देशकी आबादीके लिये सब कोई कार्य लाभदायक हुए है. भारतको आबाद करने के लिये भारत-पुत्रोंने परदेश जाकर आबाद हुई प्रजाकी विद्या, उद्योग, कला आदि अवश्य शीखना चाहिये. इसी राहसें वह विद्या जब देशमें दाखिल होगा, तब अपना देश आबाद होगा. इससें भारतवासीयोंको परदेशगमन करनेकी आवश्यकता है.

चीनेंका फिसाद.

अब कई वखतसें ट्रांस्वालकी खाण में चीने लोगोंका फिसाद लग रहा है. विना टंटासें कदापि एक दिन वितता होगा. वे लोग साथ कुछ भी गेरसमजुत होती, तो सब चीनें लढाइ करनेपर तय्यार होतें है. उसकी पास कुहाडी, तलवार आदि लडाइका हथियार रहनेसें सामने होनेमें भय रहता है. इसी समय हथियार छिन लेनेके लिये एक अर्जी फोरिन इमिग्रेशन डिपार्टमेन्टपर भेजी गई थी. परन्तु अर्जीपर नीगाह करनेमें नहीं आई है. अब जो मामला चलता है, वह ऐसा ही चलेगा, तो वह अर्जी पर फिर ध्यान लगाना पडेगा. वहां एक चाईनीझ प्रतिनिधि (कॉन्सल) रहता है, आप विद्वान और समझु आदमी होनेसें वह दरखास्त विरुद्ध कुछ वांधा नहीं उठावे, ऐसा समझा जाता है. इसी दरखास्तसें जहांतक काम खतम होवे, वहांतक ये लोगको विना हथियारसें रखना, ऐसा विचार करनेमें आया है.

३०० आदमीकी हानि—दक्षिण अफ्रिका दे ईस्टलिण्डनके पास एक कोल माईनमें आगकी ज्वाला लग जानेसे ३०० आदमीकी हानि लग गई है.

क्यों! कुछ फल नहीं होगा?

भारतवासियोंका दाद आप अपना प्रतिनिधियोंसे विलायतवासीयोंको सुनानेके लिये एक डेप्युटेशन विलायत भेजनेका ठहराव गत कोंग्रेसमें स्थिर हुआ है. इसी महिनेमें कोंग्रेसका डेप्युटेशन विलायत जानेवाला है. इस बातपर कलकत्ताका "हिन्दी बङ्गवासी" लिखता है, कि "बाबुओंका दल वक्तताबाजीकी मोसममें विलायत जाकर विलायतवालोंको अपनी वक्तता सुना सके, किन्तु उसकी वक्तताका फल क्या होगा? ऐसे लेक्चरबाज बाबु भी समझते होंगे और हम लोगोंको भी मालूम है, कि लेक्चरबाजीसे देशोद्धार कदापि नहीं हो सकता. देशोद्धारकी राहे और ही है, पर हमारे बाबुओंके मगजमें जो धुन समा गई है, वह किसी तरह निकलती नजर नहीं आती."

"बङ्गवासी" की यह बातपर हम प्रतिवाद नहीं करते है, परन्तु ऐसे ऐसे दलसे जो फल हुआ है और होनेका सम्भव है, यह हम कह सकते है. सिर्फ वक्तताबाजीसे देशोद्धार नहीं होता, यह तो सत्य है; पर इसकी राहें और ही है.

મુસલમાની—તા. ૧૮ જમાદીલાવલથી તા. ૨૪ જમાદીલાવલ સુધી ૧૩૨૩ હીજરી.

વાર.	ખ્રિસ્તી તારીખ	હિંદુ તીથી.	મુસલમાની તારીખ	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની...	૨૨	૬	૧૮	૬ ૪૯	૫ ૧૬
રવી...	૨૩	૭	૧૯	૬ ૪૯	૫ ૧૭
સોમ..	૨૪	૮	૨૦	૬ ૪૮	૫ ૧૭
મંગળ	૨૫	૮	૨૧	૬ ૪૮	૫ ૧૮
બુધ...	૨૬	૯	૨૨	૬ ૪૭	૫ ૧૮
ગુરુ...	૨૭	૧૦	૨૩	૬ ૪૬	૫ ૧૯
શુક્ર..	૨૮	૧૧	૨૪	૬ ૪૬	૫ ૧૯

ઇંડિયન ઓપિનિયન.

શનીવાર તા૦ ૨૨ મી જુલાઇ, ૧૯૦૫.

નાતાલમાં દુકાનો બંધ કરવા બાબત વળી નવો કાયદો.

તા. ૧૨ મી જુલાઇના ગેઝેટમાં દુકાનો બંધ કરવાના વખત બાબત વળી નવું બીલ રજુ થયું છે. એક કાયદો છે તે નકામો થઇ પડ્યો છે જે નવું બીલ છે તેની મતલબ નીચે આપીએ છીએ. કાયદાની કલમનોજ તરજુમો નીચે આપ્યો છે. ૫ આગળ ઉપર બાદ કરેલી શિવાયની બધી દુકાનો નીચે જણાવેલ દિવસે બંધ રાખવી.

(એ). રવિવાર તથા બીજા પબ્લીક હોલી ડેએ આખો દિવસ બંધ રાખવી.

(બી) સોમવારથી ગુરૂવાર સુધી હમેશાં સાંજના ૫-૩૦ વાગતે બંધ કરવી.

(સી). શુક્રવારે રાતના દશ વાગતા સુધીમાં બંધ કરવી.

(ડી). દર શનિવારે બે વાગતે બંધ કરવી.

(૬). આ કાયદાની રૂએ જે વખતે દુકાનો બંધ રાખવાં હોય તે વખતે કોઇ ફેરી વાળાને વેપાર કરવા દેવામાં નહિ આવે.

(૯). નીચેની દુકાનોને આ કાયદો લાગુ નહિં પડે.

હોટેલ રેસ્ટોરંટ વિગેરે, જ્યાં તાજું દુધ, મેવો શાક વહેંચાતાં હોય તેવી જગ્યાઓ બીડી તમાકુની દુકાનો, રેટીવાળાની દુકાનો, કફન બનાવનારની દુકાનો, ન્યુસ પેપર વેચનારની જગ્યા.

કેમીસ્ટોએ દવાખાના રાતનાં આઠ વાગે બંધ કરવાં પણ એઓની દવા દરવાજા ઉઘાડી ગમે ત્યારે આપી શકે છે. હજામની દુકાનો સોમવારથી શુક્રવાર સુધી સાંજના સાત વાગે અને શનિવારે રાતના દશ વાગે બંધ કરવી. અને રવિવાર તથા બીજા હોલીડેને દિવસે તદન બંધ રાખવી.

(૧૦). ડીસેમ્બરની ૨૨ મી થી ૩૧ મી સુધી આ કાયદો બીલકુલ લાગુ નહિં પડે.

(૧૧). પબ્લીક હોલીડેને આગલે દહાડે દુકાનો રાતના દશ વાગતા સુધી ઉઘાડી રહી શકે છે અને પીટરમારીટ્ઝબર્ગ તથા ડરબન બાદ કરી બીજી જગ્યાએ નખમાલ જ્યાં પળાવામાં આવે ત્યાં પણ તેમ ઉઘાડી રહી શકે છે.

(૧૩). ૮ મી કલમમાં જણાવ્યુ છે તેવી દુકાને પણ કોઇ દુકાનના નોકરની પાસેથી દર અઠવાડીએ ચોપન કલાક કરતાં વધારે કામ નહિં લેવાય.

(૧૬). આ કાયદાની વિરૂદ્ધ જે કોઇ ચાલે તેનો પાઉંડ ૫ સુધી દંડ થઇ શકે છે આ પ્રમાણે જેનો દંડ થાય તેનું નામ લાઇસેન્સ કાઢનાર અમલદારને મોકલવામાં આવશે અને લાઇસેન્સનો અમલદાર તેવા ગુન્હેગારની લાઇસેન્સ રદ કરી શકે છે. જેની લાઇસેન્સ રદ થાય તેને ગાયલને ત્રણ મહિના સુધી વેપાર કરવાની બંધી કરવામાં આવશે.

આ કાયદાની રૂએ જે જે ગુન્હો થયો હોય તેને એક મહિનો વિતી જાય પછી તે ગુન્હાનું તહોમત મુકવાની બંધી છે."

જો આ બીલ જેવું છપાયું છે, તેવુંજ પાસ થશે તો કેટલેક દરજ્જે હરકત આવવા સંભવ છે છતાં તેની સામે થવું બને તેમ નથી. નોકરોને બહુ સગવડ આપવાના ઇરાદાથી બીલ દાખલ કરવામાં આવ્યું છે. ફેરી વાળાની ઉપર તેથી વધારે સખતી થશે. સંભવ એવો છે કે હજુ પારલામેન્ટમાં તેની અંદર ફેરફાર થશે.

ટ્રાંસવાલનાં લોકેશન ઉપર બજાર.

ટ્રાંસવાલમાં ઇન્ડિઅન લોકેશન બાબત ગવરમેન્ટ ગેઝેટમાં નવું બીલ બહાર પડ્યું છે. તે બીલની રૂએ લોકેશનનો અખતિયાર સરકાર ટાઉન કાઉન્સીલોને આપવા માંગે છે ટાઉન કાઉન્સીલની મરજીમાં આવે ત્યાં લોકેશન કરે, મરજીમાં આવે તે પ્રમાણે લીસ આપે અને એક જગ્યેપરથી બીજી જગ્યા પર ફેરવે આ બીલથી જે લીસો અપાઇ ગયાં છે તેને અડચણ આવે તેમ નથી છતાં ટાઉન કાઉન્સીલને કંઇ પણ સત્તા આપવી એ જોખમકારક છે. એથી બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશને સરકાર ઉપર તેની સામે લખાણ મોકલ્યું છે. તેમાં મી. અબદુલ ગની લખે છે કે તે બીલથી હિંદીઓની સ્થિતિને ધક્કો પહોંચે તેમ છે, અને ટાઉન કાઉન્સીલને અખત્યાર આપવાનો વખત નથી, કેમકે હજુ હિંદીની સ્થિતિ બાબત મોટી સરકાર તથા સ્થાનિક સરકાર વચ્ચે તે બાબત ચર્ચા ચાલી રહી છે. ૧૮૮૫ ના કાયદાથી લોકેશન ઉપરની સત્તા માત્ર સરકારની છે. વળી ટાઉન કાઉન્સીલો હિંદીઓની સામે હમેશાં રહ્યા કરે છે તેથી મારી એસોશીએશનના વિચાર પ્રમાણે ટાઉન કાઉન્સીલોને સત્તા સોંપવાથી હિંદીઓની ઉપર અન્યાય થશે. એટલે મારી એસોસીએશન આપને અરજી કરે છે કે જે ફેરફાર કરવા ધારો છો તે મોકુફ રાખશો અને હિંદીની સ્થિતિ વિષે છેવટનો ઠરાવ થાય નહિ ત્યાં સુધી આખો સવાલ જેમ છે તેમ રહેવા દેશો.

આ અરજી ઉપર જો સ્થાનિક સરકાર ધ્યાન નહિં આપે તો મી લીટલટને જે વચન આપ્યું છે કે હિંદીઓની સ્થિતિ લડાઇનાં કરતાં હવે ખરાબ તો નહિંજ થવા દેવ તે વચન ઉપર પાણી ફરશે.

હિંદી અમલદારને કરનલનો અખત્યાર.

લોર્ડ કીચનરે હાલ તુરતમાં એક બહુ સારૂં કામ કર્યું છે એવો તાર આવ્યો છે. આજ સુધી કોઇ હિંદી અમલદારને કરનલ નો હોદ્દો આપવામાં નહિં આવતો. કેટલાક ને માત્ર નામના કરનલ બનાવવામાં આવતા હતા. લોર્ડ કીચનરે એક હિંદી અમલદારને પોતાની રેજીમેન્ટમાં કરનલનો હોદ્દો આપ્યો છે.

ફ્રુગસડોર્પમાં હિંદીઓ.

ફ્રુગસડોર્પમાં હિંદીઓની બાબત મીટીંગ થયા પછી ટાઉન કાઉન્સીલની ઉપર ત્યાંના ડાક્તરનો રિપોર્ટ આવ્યો છે તેમાં લખે છે કે હિંદીઓના મકાન ઘણે ભાગે ગંદા જોવામાં આવે છે, તેઓ જ્યાં ત્યાં થુંકે છે, તેઓનાં પાયખાનાં ઘણાં મેલાં હોય છે. પાયખાનાની જમીન ઉપર પાણી ભરાઇ રહે છે તે બીલકુલ સાફ નથી. તેઓ કાઉન્ટરપર બેસે છે અને સુવે છે, વિગેરે રિપોર્ટ આપ્યો છે. આમાં ઘણો ભાગ ખોટો છે એમ આપણે જાણીએ છીએ. અને તેની સામે રિપોર્ટ મેળવવાની ફ્રુગસડોર્પના હિંદીઓની ફરજ છે. આપણે વળી કેટલેક દરજે ઉપરનું તહોમત કબુલ રાખવું પડશે. જ્યાં ત્યાં આપણે થુંકીએ છીએ અને પાયખાના ગંદા રાખીયે છીએ એમાં કોઇ ના પાડી શકીએ તેમ નથી. પાયખાના સાફ કરવા તરફ આપણા લોકોને સાધારણ તિરસ્કાર છે. અમને લાગે છે કે એ તિરસ્કાર મુકી દેવાની જરૂર છે. પાયખાના વાટે ઘણાં દરદો દાખલ થાય છે એ સાબેત થઇ શકે એવી વાત છે પાયખાના સાફ રાખવા એ ઘણું સહેલું છે. સુકી ધુળ અથવા રાખ દરેક વખતે બકેટમાં નાંખવા અને પાટીયાંને બરોબર જંતુ નાશક પાણીથી ધોઇ લુછી નાંખવા. જો આ પ્રમાણે હમેશાં કરવામાં આવે તો વખત જતો નથી અને બહુ સૂગ ચઢવાનું કારણ નથી રહેતું.

થુંકની બાબતમાં પણ આપણે વિચાર કરવા જેવું છે. જ્યાં ત્યાં ઘરમાં અથવા દુકાનમાં થુંકવાને બદલે રૂમાલમાં અથવા થુંકદાનીમાં થુંકવાનો રિવાજ રાખવો એ દરેક રિતે જરૂરનું છે.

કેપમાં છોકરાઓને બીડીની મનાઇ.

એક હિંદીનો દંડ.

કેપમાં મી૦ સરાઉનરે દાખલ કરેલું બીડી બાબતનું બીલ પસાર થઇ ગયું છે. તેની રૂએ ૧૬ વરસ સુધીના છોકરાને જો કોઇ માણસ બીડી વહેંચે તેનો દંડ થાય છે. વાઇનબર્ગમાં એક હિંદીએ સોળ વરસની અંદરના છોકરાંને બીડી વેંચી તેથી તેનો પા. ૪ દંડ થયો છે. તેવીજ રિતે એક ગોરાનો દંડ બીજા ખતામાં થયો છે.

છુપી ગોઠ.

ટ્રાંસવાલ લીડરમાં એવી ખબર બહાર પડી છે કે મી. લવડે મી૦ બર્ક વિગેરે એન્ટી એશીઆટીક કનવેન્શનના મેમ્બરો સર આરથર લૈલીને હિંદી સવાલ બાબત મળ્યા. તેની સાથે જે વાત ચીત થઇ તે તદન ખાનગી રાખવામાં આવી છે. લીડરનો લખનાર માત્ર એટલું જણાવે છે મી૦ લવડે વીગેરેને પુરો સંતોષ મળ્યો છે. આનો અરથ કંઇ નથી થઇ શકતો. સર આરથરે તેઓને આશાઓ આપી હશે એમ અમે માનીએ છીએ. સર આરથરના વિચારો હિંદીઓની વિરૂદ્ધ છે. એટલે જેટલું હિંદીઓની વિરૂદ્ધ મી૦ લવડે બોલ્યા હશે તેટલું તેઓ સાહેબે માન્યું હશે.

પણ આ ગોઠ છુપી શા સારૂ. શું મી૦ લવડે હિંદીઓથી ડરે છે? એમ માને છે કે તેમના જુઠાણાં ફરી પાછા બહાર પડશે કે શું? મી૦ લવડેની નાદાની ઢાંકવા સારૂ સર આરથર લૈલીએજ આ વાત ખાનગી રાખી છે.

લોર્ડ સેલબોર્ન થોડાજ દિવસ પહેલાં બોઅર ડેપ્યુટેશનને મળ્યા. તેઓ સાહેબે ખાસ પ્રેસના માણસોને બોલાવ્યા અને તમામ હકીકત જાહેર કરી.

સર આરથર લૈલીએ તેથી ઉલટો રસ્તો પકડયો. હજુ પણ ઉમેદ રાખીએ કે હિંદીઓની વિરૂધ જે જે તેઓની પુંઠ પછવાડે બોલ ચાલ થઇ હોય તેનો ઉત્તર દેવાની તેમને તક મળશે.

ઓપિનીઅન વિષે નાતાલની પારલામેન્ટમાં ચર્ચા.

નાતાલ એસેમ્બલીના મેમ્બર મી૦ ચર્ચીલે સવાલ પુછયો કે ઇંડિઅન ઓપિનીઅન નાતાલમાં વેંચવામાં કેટલા ગોરાઓ કામે લાગે છે અને તેમ સરકાર કરવા દેય છે તે ગેરકાયદેસર છે કે નહિં. આનો કોલોનીઅલ સેક્રેટરીએ જવાબ દીધો કે ઇંડિઅન ઓપિનીઅન વહેંચવામાં પોસ્ટ ઓફીસને ક્યારે માણસો રોકવા પડતા નથી અને તે નાતાલમાં પોસ્ટ મારફતે વહેંચાય છે તે તદન કાયદેસર છે.

એટલે મી૦ ચર્ચીલ સાહેબ માગતા હતા તે મળ્યું. આ ચરચા બતાવે છે કે ઇંડિઅન ઓપિનીઅનની અસર હાડે હાડે વધતી જાય છે.

કેપમાં ઇમીગ્રેશન કાયદો.

કેપમાં ઇમીગ્રેશનનો કાયદો થયો છે તે બાબત બ્રિટીશ ઇંડિઅન લીગે લખાણ કરેલું. તે કાયદામાં હિંદી બાપાઓની મંજુરિ કરાવવાની તથા જે માણસોનો વેપાર કેપમાં હોય તેવાઓને આવવાની છુટ મળવી જોઇએ એમ માગણી કરેલી. કેપના કોલોનીઅલ સેક્રેટરીએ જવાબ આપ્યો છે તે અમે ઇંગ્રેજી વિભાગમાં પૂરો બહાર પાડયો છે. તેનો મતલબ એ તો છે કે હિંદી બાપાઓની બાબત સેક્રેટરી કંઇ કરી શકતા નથી. ડોમીસાઇલ બાબત જણાવે છે કે જે માણસો બાયડી છોકરાં સુધાં રહેતા હોય અથવા જમીનના ધણી હોય તેઓના હક કબુલ રાખવામાં આવે છે. આનો અરથ એમ થયો કે જેઓ વેપારવાળા હોય તેઓને હક કબુલ રાખવામાં નથી આવતા. એટલે કે કોઇ વેપારી પોતાનો વેપાર મુકી હિંદુસ્થાન થોડી મુદત રહી આવે તો તેને કેપમાં પેસવા દેશે નહિ. જો આમ થયતો ઘણું નુકશાન થવાનો સંભવ છે. કેટલાક વેપારીઓને સજ્જડ ધકો પહોંચે. એટલે અમે ઉમેદ રાખીએ છીએ કે બ્રિટીશ ઇંડિઅન લીગ પછાત નહિં રહે પણ જ્યાં સુધી દાદ ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખશે.

ટ્રાંસ્વાલમાં હિંદી હોટેલો.

ટ્રાંસવાલમાં હિંદી હોટેલો બાબત આજ સુધી કંઇ કાયદા નથી થએલા. કાફર ઇટીંગ હાઉસ અથવા ગોરાની હોટેલોની લાઇસેન્સ લેવામાં આવે છે. ચીનાઓ ટ્રાંસવાલમાં પણ થવાથી ચીનાઇ હોટેલો નિકળી. તે બાબત લાઇસેન્સની કંઇ જરૂર નહોતી પડતી. [illegible] ખાઇ ચીના લોકોએ લાઇસેન્સ સરકાર પાસે માંગી. સરકારે લખ્યું કે લાઇસેન્સની જરૂર નથી. તેઓએ એમ ધાર્યું કે વગર લાઇસેન્સથી હોટેલ ઉઘડેજ નહિં તેથી તેઓએ સરકારને અરજી કરી કે લાઇસેન્સનો કાયદો થવો જોઇએ. હાથના કર્યાં હૈયે વાગે તે કહેવત પ્રમાણે હવે તે બાબતનું બીલ સરકારી ગેઝેટમાં બહાર પડ્યું છે. અને હિંદી હોટેલવાળાને લાઇસેન્સ નહી મળશે. આ બીલની સામે થવાય તેવું પણ નથી. એટલે જેટલા ટ્રાંસવાલમાં હિંદી વીશી રાખનાર હોય તેઓએ પણ ચેતીને ચાલવાનું છે. મકાન ઘણા સ્વચ્છ હશે તોજ લાઇસેન્સ મળશે એમ અમે ધારીએ છીએ.

રૂશીઅન રાજ્યની સ્થિતિ.

રૂશિઆની સરકારે "ટાઇમ્સ"ના પ્રતિનિધિને પોતાના રાજ્યમાંથી રજા આપી છે જ્યાં કેટલાંએક જુઠાં લખાણોથી તે પત્ર રૂશિઅન રાજ્યની અંદરની સ્થિતિ બધી જાણવા પામે છે. તેનો એક છુપો ખબર પત્રી લખી જણાવે છે કે, દેશનો ઉદ્યોગ સાવ શિથિલ થઇ ગયો છે, વેપાર દિવસો દિવસ ઘટતો જાય છે, મોટી મોટી બેંકોમાં જબરી ખોટની ધાસ્તિ લાગી રહી છે, અને બહાર ગામના મુડીવાળાઓ તે રાજ્યની સાથે વેપાર કરવાની તદન ના પાડે છે. હાલમાં તે રાજ્યની આવી સ્થિતિ થઇ છે તેમાં કાંઇ અજાએબી પામવા જેવું નથી. કારણ કે બે વરસ પહેલાં એવી અફવા ચાલી રહી હતી કે રૂશિઆની નાણાં સંબંધીની સ્થિતિ બહુ ગંભીર બની ગઇ છે અને પ્રજામાં ઘણો અસંતોષ ફેલાયલો છે તેથી તે મોટી લડાઇમાં ઉતરી શકે તેમ નથી. આવી બારીક સ્થિતિ હોવા છતાં પણ તે દેશ લડાઇમાં ઉતર્યો; અને આજે લગભગ દોઢ વરસ થયાં ખુનખાર લડાઇ ચલાવી રહેલ છે. તેણે પોર્ટ આરથર અને ડાલની ગુમાવ્યાં, નૌકા સૈન્યની પાયમાલી કરી, લાખો માણસોની જાનો આપી અને કરોડો પૈસાનો વ્યય કર્યો. પ્રજાના અત્યંત નુકશાનકારક અસંતોષથી દેશ વાકીફ થઇ ગએલ છે. ઉદ્યોગીવર્ગ હડતાલ ઉપર હડતાલ પાડતો જાય છે. ખેડુવર્ગ જમીનદારોને લુટે છે, અને સુલેહના સાધન તરીકે લાઠી અથવા કતલની ધમકીઓ વાપરવામાં આવે છે. આવા ભયંકર [illegible] દેશ [illegible] સુધારામાં બહુ [illegible] [illegible] તે દેખીતું છે; અને જ્યારે [illegible] તેના [illegible] જે બારીક સ્થિતિ ઉત્પન્ન કરી છે તેની સુલેહની સલાહ થવાથી પણ કંઇ [illegible] કરી શકતી નથી.

જનરલ [illegible] લખાણથી—પોર્ટ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] **સૈદારની** [illegible] **તરફથી તેને** [illegible] **એક તલવાર** [illegible] **જનરલ સ્ટેસલને** [illegible] **ચાની સરકારે તાબુશી મણા** [illegible] **તલવારને પાછી મોકલવામાં આવી** [illegible]

હિંદુસ્થાનમાં ચિંતાતુર ચોમાસુ.

કઢંગી ઋતુ.

હિંદુસ્થાનની સ્થિતિ દીનપ્રતીદીન ભયા જનક જણાય છે. ઠેક ઠેકાણે દુકાળ મરકી કોલેરા ધરતીકંપ વગેરે કુદરતી આફતો છેલ્લા દાયકાની અંદર વધતા ઓછા પ્રમાણમાં હાજરાજ હોય છે. ચાલુ સાલમાં કેટલાક ભાગોમાં પડેલી ગરમી સખત હતી. કલકત્તા તરફ તો આ ગરમી એટલી બધી હતી કે તેના તાપથી કેટલાંક મરણો સુધાં થએલાં હતાં તે ગરમીને લીધે બરફ કલકત્તા જેવા મોટા શહેરમાં કે જ્યાં બરફના એક કરતાં વધારે કારખાનાં છે ત્યાં આગળ એક રૂપિએ એક રતલ બરફ વેંચાણો હતો. ચાલુ સાલમાં શિઆળાની ઋતુ પણ ઘણી કઢંગી હતી એટલે કે કેટલાક ભાગોમાં અસાધારણ ઠંડી પડી હતી. બર્મા અને આસામ તરફના ભાગોમાં થોડો વરસાદ પડેલો છે પરંતુ કોલંબો અને મુંબઇ તરફના ભાગો કે જ્યાં આગળ હાલમાં તો સારો વરસાદ પડવો જોઇએ ત્યાં હજુ સુધી તેવા વરસાદની કંઇ નીશાની નથી. શરૂઆતમાં મુંબઇમાં બે ત્રણ દિવસ વરસાદના સહજ છાંટા પડયા હતા ગરમી પુશ્કળ હતી. બે દિવસના થોડા વખત કાલ પછી પાછો ઉઘાડ થયો હતો અને સખત ગરમીના દિવસો જણાવા લાગ્યા હતા. આ ઉપરાંત બીજા ભાગોમાં પણ વરસાદની વધતી ઓછી રાહ જોવાય છે.

મીઃ બ્રોડરીકનું બજેટ.

મરકી—વેપાર—રેલવે—મીઠા વેરો.

ઘણે ભાગે આમની સભામાં દર વરસે હિંદી બજેટની ચરચા સભા ખલાસ થવાના વખતમાં થાય છે એટલે પરિણામ એ આવે છે કે જ્યારે બજેટ દાખલ થાય છે ત્યારે મેમ્બરો ઘણાં થોડા હાજર હોય છે. આ વરસે ઇંડિઆના સેક્રેટરી મીઃ બ્રોડરીકે નવો ધારો દાખલ કરેલો. અને બજેટ વખત ગર દાખલ કરેલું. તેથી ઘણા મેમ્બરો હાજર હતા. મીઃ બ્રોડરીકનું [illegible] જાણવા [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] વરસાદ અને મરકી.

[illegible] સાલમાં મહેસુલમાં [illegible] નો હતો. અને [illegible] ૬,૮૫,૫૦૦ નો થયો. [illegible] છે કે હિંદુસ્થાન [illegible] સાધારણ માણસ ને પુછશો તો તે કહેશે કે હિંદુસ્થાનમાં તો મરકી તથા ભુખમરો છે. અને એ વાત ખોટી નથી. ઉત્તર હિંદુસ્થાનમાં પાક સારો નહિ હતો. મરકીનું જોર વધતુ જાય છે. આ સભાના મેમ્બરોના મનમાં શક છે કે હિંદી સરકાર મરકી નાબુદ કરવાને પુરતા ઉપાય લેય છે કે નહિં, હું કબુલ કરૂં છું કે જો શાસ્ત્રથી સિદ્ધ થએલા એવા બધા ઉપાયો હિંદુસ્થાનમાં લઇ શકાય તો મરકીનુ જોર ઘટયા વિના ન રહે. દાખલા તરીકે લશ્કરી છાવણીઓમાં તથા જેલોમાં આપણે જે નિયમો જાળવી શકીએ છીએ તે નિયમો આખી હિંદની વસ્તી પાસે જળવાવી શકાય તો ઘણો સુધારો થાય. જો આપણે હમેશાં ચેપ વાળાં કપડાં બાળી શકીએ. ચેપ વાળા ઘર મનમાનતી રીતે સાફ કરી શકીએ. ચેપ વાળા માણસોને એક જગ્યાએ રાખી શકીએ અને એવા બીજા ઉપાયો કે જે લશ્કરી છાવણીઓમાં લઇ શકીએ છીએ તે બધા ઉપાયો લઇ શકીએ તો મરકી નાબુદ સુધાં કરી શકાય. પણ આ સભાને માલમ છે કે આવા ઉપાયો હિંદુસ્થાનમાં બધી જગ્યાએ લેવા એ નથી બની શકતું. લેવા જઇએ તો હુલ્લડ સામે થવાનો સંભવ છે. આપણે હજુ આપણી હિંદી રૈયતને મરકીના કેસો નહિં છુપાવવાની જે સાવચેતી લેવી જોઇએ તે લેવાનું નથી સમજાવી શકયા તે બેશક દિલગીર થવા જેવું છે. હિંદી લશ્કર બાબત જે દાખલા મારી પાસે છે તે જાણવા જેવા છે. મરકીને લીધે દશ લાખ કરતાં વધારે માણસો મુઆ છે. છતાં ૧,૪૦,૦૦૦ સિપાઇમાંથી માત્ર મરકીને લીધે ૧૧૫ મરણ થયાં છે. આ બહુ નાની સંખ્યા છે એમ કબુલ થવું જોઇએ. એ બતાવે છે કે સિપાઇ કેમ્પમાં બહુ ચોખાઇ જળવાય છે. ૧૮૪ સ્ટેશનમાંથી ૫૭ સ્ટેશનો જે ગામમાં બહુ મરકી હતી ત્યાં હતાં. અને આ ૫૭ સ્ટેશનમાં માત્ર ૨૪ સ્ટેશનમાં સિપાઇઓમાં મરકીના કેસ થએલા. અને એટલું યાદ રાખવુ જોઇએ કે સિપાઇઓ કોમની સાથે હમેશ હળતા મળતા હતા. જેલમાંતો વળી તેથી પણ વધારે સારી સગવડ હતી. જો કે ૨૪૫ જેલમાંથી ૧૫૯ જેલ મરકી વાળા ભાગમાં હતી છતાં મરકીના કેસ તેમાં માત્ર ૩૪ હતા ને તેમાંથી ૨૩ મરણ પામ્યા. એ ઉપરથી મેમ્બરો જોઇ શકશે કે જેટલું કરી શકાય તેટલું કરવામાં હિંદી સરકાર ચુકી નથી. વળી ખાસ કમીશન પણ મરકી ઉત્પન્ન થવાના કારણો તથા તે નાબુદ કરવાના ઉપાયો શોધવા મોકલ્યું છે.

વેપારનો વધારો.

મહેસુલમાં જે વધારો થયો છે તે કાયમ રહેશે કે તે કંઇ ખાસ કારણથી થએલો તેનો વિચાર આપણે કરીએ. હિંદુસ્થાનમાં ગરીબાઇ ઘણી છે એ કોઇ ના પાડે તેમ નથી પણ હિંદુસ્થાનપર પડતી આફતો

દુર કરવા સારૂ નમુનાના ખેતરો તેમાં પાણી પહોંચાડવાની નાળો વિગેરે કામો હાથમાં લઇ આપણે બનતી તજવીજ કરીએ છીએ. ૧૯૦૨-૩ ની સાલમાં હિંદુસ્થાનનો વેપાર પા. ૧૪,૩૪,૭૬,૦૦૦ હતો ૧૯૦૩-૪ માં ૧૬,૪૦,૦૦,૦૦૦ હતો. અને ૧૯૦૪-૫ માં પા. ૧૭,૪૭,૪૮,૦૦૦ હતો. હું એમ માનું છું કે આ વધારાનાં કારણ સાદી ખેતી, સારી બનાવટ પેદાસ અને રેલવે છે.

૧૯૦૩ ના વેપારમાંથી પા. ૬,૨૦,૦૦,૦૦૦ નો વેપાર ગ્રેટબ્રીટન સાથે થયો ને ૧૯૦૪-૫ માં પા. ૭,૭૦,૦૮,૦૦૦ નો ગ્રેટબ્રીટન સાથે થયો. ૧૯૦૩-૪ માં ગ્રેટબ્રીટનમાંથી હિંદુસ્થાનમાં નીકાસ પા. ૩,૩૫,૦૦,૦૦૦ ની થઇ; તે ૧૯૦૪-૫ માં પા. ૪,૦૦,૦૦,૦૦૦ ની થઇ એટલે તે આસ્ટ્રેલીઆ કેનેડા ને કેપકોલોની ત્રણે સાથે કરતાં પણ વધારે થઇ. આનો અરથ એમ થયો કે બ્રિટીશ રાજ્યનો વિચાર જ્યાં જ્યાં થાય ત્યાં હિંદુસ્થાનનો વિચાર આપણે પ્રથમ કરવો જોઇએ.

રેલવે.

હું કહી ગયો કે આ વધારાનું એક કારણ રેલવે છે. ૧૯૦૫ ની સાલમાં ૨૭,૭૭૪ માઇલ રેલવે હિંદુસ્તાનમાં હતી. તેમાંની ૬૨૩ માઇલ ૧૯૦૪-૦૫ માં ખોલી. ૩૧૩૯ માઇલ રેલવે હજુ બંધાય છે. ૧૯૦૨-૦૩ ની સાલમાં ૧૯,૬૦,૦૦,૦૦૦ પેસેંજરો હતા, ૧૯૦૩-૦૪ માં ૨૧,૦૦,૦૦,૦૦૦ પેસેંજર હતા અને ૧૯૦૪-૦૫ માં ૨૨,૯૦,૦૦,૦૦૦ હતા.

મીઠા ઉપર જગાત.

આ વધારાનો ઉપયોગ એક તો મીઠા વેરો ઘટાડવામાં કર્યો છે. ૧૮૮૨ થી ૧૮૮૮ ની સાલ સુધી મણ દીઠ બે રૂપિયા હતો. ૧૮૮૮ થી ૧૯૦૩ સુધી અઢી રૂપિયા હતો. ૧૯૦૩ ની સાલમાં પાછો બે રૂપિયા કરવામાં આવ્યો હતો અને હવે દોઢ રૂપિયો કરવામાં આવ્યો છે. આ ઘટાડાથી ગરીબોને ફાયદો થયો છે એમ જોવામાં આવે છે કેમકે હવે મીઠું વધારે ખપે છે.

લશ્કરી ખર્ચ.

લશ્કરી ખર્ચમાં પા. ૨૪,૪૦,૦૦૦ નો વધારો કરવાનો છે. ૧૯૦૧ માં એક કરોડ પચાસ લાખ પાઉંડ ખર્ચ હતું અને હવે બે કરોડ પાંચ લાખ થવા આવે છે. હિંદુસ્થાનમાં ૭૫,૦૦૦ ગોરા સિપાઇ છે ને ૧,૪૦,૦૦૦ કાળા છે. હિંદુસ્થાન પોતાના સાઠ કરોડ ઉપરાંતની મહેસુલમાંથી બે કરોડ ઉપરાંત લશ્કરી ખર્ચમાં વાપરે છે. અને ગ્રેટબ્રીટન એંશી કરોડ ઉપરાંતમાંથી ત્રણ કરોડથી ઓછું વાપરે છે. પણ ગ્રેટબ્રીટનનું કાફલાનું ખર્ચ ગણીએ તો બધું મળી સાત કરોડ ઉપરાંત થવા આવે છે.

જોસેફ માઝીની.

જાણવાજોગ કારકીર્દી.

ઇટાલી એ આજ કાલનો એક દેશ છે. સને ૧૮૭૦ ની સાલ પહેલાં ઇટાલીના નહાના નહાના ભાગ હતા અને દરેકના ઠાકરડા હતા. જેમ હાલ હિંદુસ્તાન છે અથવા કાઠીયાવાડ છે તેમ ૧૮૭૦ ની સાલ પહેલાં ઇટાલી હતું. લોકો એક બાષા બોલતા હતા. એક સ્વભાવનાં હતા છતાં બધા નહાના રજવાડાને તાબે હતા. આજે ઇટાલી એક યુરોપનો સ્વતંત્ર દેશ છે ને તેના લોકો એક નોખી પ્રજા ગણાય છે. આ બધું એક માણસને હાથે થયું છે એમ કહીએ તો ચાલે. તે માણસનું નામ જોસફ માઝીની. તે જીનોઆમાં ૧૮૦૫ ના જુન મહીનાની ૨૨ મી તારીખે જનમ્યો હતો. તે એવી ચાલ ચલણનો, એવો ભલો અને એવો સ્વદેશાભિમાની માણસ હતો, કે તેને થઇ જવાને એક સો વર્ષ થવાં તેની યાદગીરી જાળવવા આખા યુરોપમાં ધામધુમ થઇ રહી હતી અને હજુ ચાલે છે. કેમકે જો કે પોતે ઇટાલીની સેવા બજાવવામાં પોતાનો જન્મારો કહાડયો છતાં તેનું મન એવું ઉદાર હતું કે તે દરેક દેશનો રહીશ ગણી શકાય. દરેક પ્રજા મહાન થાય અને સંપીને રહે એવો તેનો હમેશનો પાઠ હતો.

માઝીની ૧૩ વર્ષની ઉમરે બહુ ચાલાક જોવામાં આવ્યો હતો. પોતે બહુ વિદ્વત્તા બતાવી છતાં દેશદાઝને લઇને પુસ્તકો છોડી કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને પોતાનું કાયદાનું જ્ઞાન ગરીબોને મદદ કરવામાં મફત વાપરવા માંડયું. પછી તે ઇટાલીને એકત્ર બનાવવાની છુપી મંડળી હતી તેમાં દાખલ થયો. તેની ખબર ઇટલીના રજવાડાઓને પડવાથી તેને કેદ કર્યો. કેદમાં પણ પોતાના દેશને છોડવવાની ગોઠવણ પોતે જારી રાખી. છેવટે તેને ઇટલી છોડવું પડયું. પોતે માર સેલ્સ જઇ રહ્યો. રજવાડાઓએ વગ પહોંચાડી ત્યાંથી તેને દેશ નિકાલ કરાવ્યો. આમ રખડપાટ છતાં પોતે હાર્યો નહિં: ઇટાલી છુપી રીતે લખાણો મોકલતો રહ્યો. આની અસર લોકોના મન ઉપર ધીમે ધીમે થવા લાગી. આમ કરતાં તેણે ઘણાં દુઃખો સહન કર્યાં. છુપે વેશે જાસુસોથી છુટવાને ફરવું પડતું. ઘણી વખત તેની જીંદગી જોખમમાં આવતી તેનો તેને ડર ન હતો.

છેવટે ૧૮૩૭ ની સાલમાં પોતે વિલાયત ગયો. ત્યાં તેને બહુ દુઃખ ન હતું. પણ અત્યંત ગરિબાઇ ભોગવવી પડતી હતી. વિલાયતમાં પોતે બહુ મોટા માણસોના સહવાસમાં આવ્યો. તેઓની મદદ માંગી.

૧૮૪૮ ની સાલમાં પોતે ગારીબોલ્ડીને લઇને ઇટાલી ગયો ને સ્વરાજ્ય સ્થાપ્યું. તે કાવતરાખોર લોકોને લીધે લાંબુ ન ચાલ્યુ એટલે ફરી ભાગવું પડયું. પણ તેનું જોર ભાગ્યું નહિં. એક સંપનું બીજ રોપ્યું હતુ તે કાયમ રહ્યું. અને જો કે માઝીની પોતે દેશનિકાલ રહ્યો તોપણ ૧૮૭૦ ની સાલમાં ઇટાલી એ એક રાજ્ય થયું. તેનો રાજા વીકટર ઇમાન્યુઅલ થયો. પોતાનો દેશ આમ એકત્ર થયો તેથી તેને સંતોષ થયો. છતાં તેને દેશમાં જવાની પરવાનગી ન હતી. તેથી તે છુપે વેશે ઇટાલી જતો. એક વખતે પોલીસ તેને પકડવાને ગયા ત્યારે તેણે પોતેજ દરવાન તરિખે દરવાજો ઉઘાડયો ને પોલીસને થાપ આપી.

આ મહાન પુરૂષ ૧૮૭૨ ની સાલમાં માર્ચ મહીનાની ૧૦ મી તારિખે મરણ પામ્યો. આ વખતે તેના શત્રુ તે મિત્ર થયા હતા. તેની ખરી ખુબી લોકો ઓળખવા પામ્યા હતા અને તેની લાસ પછવાડે એંસી હજાર માણસો ગયા હતા. જીનોઆમાં ઉંચામાં ઉંચી જગ્યાએ તેને દફન કરવામાં આવ્યો હતો. ઇટાલી અને યુરોપ આજે આ માણસને પુજે છે. ઇટાલીમાં મોટામાં મોટા માણસમાં માઝીની ગણાય છે. પોતે હમેશા સ્વાર્થ વિનાનો, અહંકાર વિનાનો અત્યંત પવિત્ર ધર્મચુસ્ત માણસ હતો. ગરીબાઇ એ તેનું ઘરેણું હતું. પારકાના દુઃખ પોતીકા ગણતો. દુનિઆમાં એવા થોડાજ દાખલા જોવામાં આવે છે કે જેમાં એકજ માણસે પોતાના મનોબળથી, પોતાની અત્યંત ભક્તિથી, પોતાના દેશનો પોતાની હૈયાતીમાં ઉદ્ધાર કર્યો હોય. એવો તો માઝીનીજ તેની માયે જણ્યો.

જનરલ લાઇનવીચની હીલચાલ—જનરલ લાઇનવીચના લશ્કરમાં છેલ્લો ઉમેરો કરયો તે સહીત કુલ મળી લશ્કરની સંખ્યા લગભગ ૪,૦૦,૦૦૦ થાય છે. એવું માનવામાં આવે છે કે આ લશ્કર સમેત જનરલ લાઇનવીચ સલાહ કરવાની વિરૂધ એક ડેપ્યુટેશન મોકલવા ધારે છે. આટલું લશ્કર હોવા છતાં હજી જાપાની લશ્કરપર હુમલો કરવાનું પગલું તે ભરી શકેલ નથી.

ટ્રાંસવાલ જતાં હિંદીઓને અગત્યની સુચના.

[અમારા જોહાન્સબર્ગના ખબરપત્રિ તરફથી]

હાલમાં ટ્રાંસવાલમાં પરમીટ બાબત હિંદીઓ ઉપર સખતાઇ ચાલી રહી છે. ઘણાં માણસો જેઓ ખોટી પરમીટથી રહેલા એઓને દેશ નીકાલ કરયા છે. કેટલાક જેના અંગુઠા પરમીટપર ન હતા તેઓને ૬ અઠવાડીઆની જેલ મળી છે. હજુ વધારે માણસોને હેરાન ગતી થશે એવો સંભવ છે. એમ પણ જનાય છે કે પરમીટ અમલદારો જુદે જુદે ગામ તપાસ કરવા જશે. તેથી જેઓના પાસે ખોટી પરમીટ હોય તેઓએ તુર્ત ટ્રાંસવાલ છોડવાની જરૂર છે. તેઓએ ખોટી પરમીટનો ઉપયોગ બીલકુલ નથી કરવાનો નહિ તો જેલ ભોગવવાનો વખત આવશે.

આજ સુધી ૧૬ વરસની અંદરના છોકરાંઓ અને બૈરાંને વગર પરમીટે જવા દેતા હતા પણ પરમીટની તપાસ શરૂ થયા પછીથી બોરડર ઉપર વધારે દાબ ચાલે છે. હવે ૧૬ વરસની અંદરના છોકરા પોતાના બાપની સાથે નહોય અથવા ઓરતો પોતાના મરદની સાથે ન હોય તો તેને પરમીટને સારૂ રોકે છે. એક બાઇ પોતાના ધણી વિના ટ્રાંસવાલ જતા હતા તેથી તેને વોલક્રસ્ટ ઉતારી પાડેલ. આ ઉપરથી ટ્રાંસવાલમાં આવનાર હિંદીએ નીચેની વાત ધ્યાનમાં રાખવાની છે.

(૧) ખોટી પરમીટથી દાખલ નહિં થવું.

(૨) બૈરાંએ વગર પરમીટે પોતાના મરદ વિના દાખલ નહિં થવું.

(૩) છોકરાંઓ ૧૬ વરસની અંદરના હોય તોપણ પોતાના બાપની સાથે હશે તેજ વગર પરમીટે દાખલ થઇ શકશે.

સલાહની આશા—રૂસિયા અને જાપાન વચ્ચે સલાહકારક મંડળીમાં રૂસિઆ તરફથી મી. ડી. વીટેને નીમવામાં આવેલ છે તેથી સહુને સલાહની આશા ઉત્પન્ન થઇ છે અને તે નીમણુક થવાથી સલાહ કરવાની ઝારની ખરેખરી ઇચ્છા છે એમ પ્રજા માને છે.

સખેલીયાનમાંથી પકડેલા કેદીઓ—જાપાની લશ્કરને ટાપુમાં ઉતરવું ત્યારે તેઓએ ૭૦ જનોનું નુકશાન ભોગવવું પડ્યું હતું ત્યારે રૂસિઅન લશ્કરમાં ૧૬૦ જનોની ખુવારી થઇ હતી. જાપાનીઓએ ૮૦ રૂસિઅન સોલ્જરોને કેદ પકડેલા છે અને જનરલ લાપુનોફને પકડવા અહીંથી ખબર ... છે.

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.
૨. અક્ષર ચોખા શાહીથી લખવા.
૩. નામ તથા ઠેકાણું બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ પણ અમારી જાણને સારૂં.
૪. લખાણ હમેશાં ટુંકું અને ખુલાસા કરવું.—અધિપતિ.

જોહાનેસબર્ગમાં પરમીટનો તપાસ

મે. ઇન્ડિઅન ઓપિનિયનના અં. લેખ.

હાલમાં જોહાનેસબર્ગમાં ઇન્ડિઅનપર પરમીટ સંબધમાં બારીક તપાસ ચાલે છે ને તેમાં પકડાએલા આદમીઓને અંગુઠાપરથીજ સાબીત કે જુઠી તે સાબીત કરે છે તેમાં થઇ વીકમાં આસરે પચાસ ત્રીસ માણસો પકડાએલાં હતાં જેના કેસમાં કેટલાક આદમીને જેલની સજા થઈ છે આ જોતાં અહીંની સ્થિતિ બહુ ભયંકર છે ને આવીજ તપાસ ચાલુ છે ને રહેશે તો આજે જુઠા ને કાલે સાચાનો પણ વખત આવશે મતલબ અત્રેની પ્રજા જે આપણું મુળ કાઢવાને માંગે છે તે આ બાબત સાંભળીને ખુશી થશે ને આવરે પોતાની ધારણા બર લાવશે તો આ બાબત આપણા વેપારી વર્ગના સદ્ગૃહસ્થો તથા દેશહીતેચ્છુ ભાઈઓએ હાથમાં લઈને સંભાળવા જેવી છે કારણ કે ગરીબ વર્ગ જેવાકે ફેરીવાળાની સંખ્યા વધારે છે, પરંતુ તેવા લોકોથી આવા કામમાં આગેવાની ધરાય તેમ નથી. તે તો કદાપી જો પૈસાની મદદ કરી શકે તેથીજ વેપારી વરગને આગળ પડવાની જરૂર છે એવી આશા છે કે આ કામ તમો બહોળસ્ત જલદીથી કેશ ઝટ હાથમાં લેશો અને ફેલાએલ ભયભીતીને શાંત કરશો. આજ સુધી આપણા લોકો કેટલાંક કામમાં આગેવાન થઇ ફતેહમંદ થએલા છે જેથી તેઓને ધન્યવાદ આપીએ છીએ ને તેવીજ રીતે આ યોજના હાથમાં લીધા પછી ફતેહમંદ થશોજ.

લી. કલ્યાણજી પી. વ્યાસ.

ઉપરની બાબતમાં લોકોએ પોતેજ મદદ કરવા જેવું છે. અંગુઠાની છાપ એ સજ્જડ પુરાવો છે અને પોતાનો અંગુઠો નહિં છતાં જે માણસો પરમીટ વાપરે તેઓને નુકશાન થાય તેમાં તેઓનોજ વાંક ગણાય. તેમાં મદદ કરવી એ મુશ્કેલ છે. તેઓના વાંકથી આખી કોમને હાનિ પહોંચે તેમ છે. એટલે ખરો રસ્તો એ છે કે જેઓની પાસે ખોટી પરમીટ છે તેઓએ વાપરવી નહિં.

(ઇ૦ઓ૦ અધિપતિ.)

ઇરતીકંપના ફંડમાં મળેલ નાણાં.

મી. ઇસમાઇલ સુલેમાનની કું. રપેનકોપ.	૧	૦	૦
,, સુલેમાન ઇસમાઇલ મીંઆ.	૦	૧૦	૦
,, દેસાઇ મારતર.	૦	૨	૬
,, અબદુલ્લા દેરાસ.	૦	૨	૬
,, મોહમદ મોહમદ કાસુજી.	૦	૨	૬
,, સુલેમાન ઇબરાહીમ.	૦	૧	૦
,, ઇસપજી મોહમદ.	૦	૧	૦
,, બાપુ હાસમ.	૦	૦	૬
,, ઇસાકજી ઇબરાહીમ નવલખી.	૦	૦	૬
,, સુલેમાન મોહમદ વરાછીઆ.	૦	૧	૬
,, મોહમદ ફકીર પાંડોર.	૦	૧	૦

બીજા નામો પછીના અંકમાં આવશે.

રોકડ બજાર ભાવ.

આનાજ.		શી.	પે.		શી.	પે.
માંજા	૧ બસતાનુ	૧૬	૦	થી	૧૭	૦
ભીમડીના	,,	૨૧	૦	,,	૨૨	૦
એફ. એફ. ડી. આર.		૧૪	૦	,,	૧૪	૬
એફ. ડી. આર.	,,	૧૩	૦	,,	૧૪	૦
ચીની સક્કર	,,	૧૮	૬	,,	૧૯	૦
કુડાના	,,	૧૮	૦	,,	૧૯	૦
દેશી તુવેર દાળ.		૧૪	૦	,,	૧૫	૦
તુવેર દાળ કાનપુરી		૧૫	૦	,,	૧૫	૬
મસુરની	,,	૧૬	૦	,,	૧૭	૦
મગની	,,	૨૨	૦	,,	૨૩	૦
અડદની	,,	૨૧	૦	,,	૨૨	૦
ચણા	,,	૧૭	૦	,,	૧૮	૦
,, દાળ	,,	૧૭	૦	,,	૧૮	૦
વટાણા	,,	૧૬	૦	,,	૧૮	૦
મકાઇ	,,	૭	૬	,,	૮	૦
તેલ.						
કડવુ	૧ ગ્યાલન	૩	૨	,,	૩	૩
એરંડીનુ	,,	૨	૬	,,	૨	૮
મીઠું	,,	૨	૮	,,	૨	૯
નાળીએરનું	,,	૩	૦	,,	૩	૧
ખાંડ ગોરીસની.						
સફેદ	,,	૧૮	૬	,,	૧૯	૦
પીળી	,,	૨૦	૦	,,	૨૦	૬
તીરકુળ નાતાલ		૧૬	૦		૧૭	૦
આરો		૯	૦	,,	૯	૬
મદ્રાસી સોપારી, ૧ રતલ		૦	૬	,,	૦	૮
મરચાં.		૦	૫	,,	૦	૫½
ઘી પેઠી		૭૦	½	,,	૭૨	૬
પારાફીન ડીવોસ.		૬	૩	,,	૬	૬
,, વાઇટ રોસ		૭	૦	,,	૭	૩
,, ,, ગાલન		૧૨	૯	,,	૧૩	૩
હળદી		૧૨	૦	,,	૧૩	૦
નાળીએર ૧૦૦		૧૦	૦	,,	૧૨	૦
નીમક (લીવરપુલ)						
ભરેલા એકનું.		૪	૯		૫	૮
દુધ નેસલનું		૧૯	૬	,,	૨૦	૦

इंडिअन ओपिनिअन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. २२ वी जुलै, १९०५. नम्बर २९.

सप्ताहिक पंचांग.

ईंग्रेजी—ता. २२ वी जुलै सें, ता. २८ वी जुलै १९०५ तक.

हिंदु—अषाढ वदी ६ से आषाढ वदी ११ सम्वत् १९६१ तक.

वार.	अंग्रेजी तारीख.	हिंदु तिथि.	सूर्योदय.	सूर्यास्त.	त्योहारोंकी यादी.
			क.मि.	क.मि.	
शनि.	२२	६	६ ४९	५ १६	
रवि.	२३	७	६ ४९	५ १७	
सोम.	२४	८	६ ४८	५ १७	
मंगल	२५	८	६ ४८	५ १८	
बुध.	२६	९	६ ४७	५ १८	
गुरु.	२७	१०	६ ४६	५ १९	
शुक्र.	२८	११	६ ४६	५ १९	

इंडिया जानेवाली मैल स्टीमर.

इन्डिया-मैल स्टीमर 'अमकुर्झ' ता. २८ वी जुलै और पिछे तुरत कलकत्ता जानेवाली है.

इंडिअन ओपिनिअन.

शनिश्चर, ता. २२ वी जुलै, १९०५.

ट्रांस्वालके लोकेशन.

ट्रांस्वालमें इन्डियन लोकेशनके सम्बन्धमें गवरमेन्ट गेझटमें एक नया बिल प्रकट हुए है. यह बिलसें सरकार टाउन काउन्सिलको लोकेशनोंका अख्त्यार सोंप देने चाहती है. टाउन काउन्सिल चाहे वहां लोकेशन बनावे, चाहे वहांसे उठावे और इच्छानुसार ठीक पर देवे. यह बिलसें जिसको लिख दिया गया है, उसको विपद नहीं पडेगा. लेकिन टाउन काउन्सिलको कुछ भी अख्त्यार देना नुकसानकारक है. इसलिये ब्रिटिश इन्डियन एसोसिएशनने एक अर्जी भेजा है. अर्जीमें मि० अब्दुल गनी नीचे मुजब लिखता है:

"इस बिलसें हिन्दीओंको धक्का लग जायगा. हाल अख्त्यार दे देनेका वक्त नहीं है. कारण, हिन्दीओंकी स्थितीके सम्बन्धमें बडी सरकार और स्थानिक सरकारके बीच चेष्टा चल रही है. १८८५ के आईनसें लोकेशन पर सत्ता सिर्फ सरकारकी है. उपरान्त टाउन काउन्सिलें हमेशा हिन्दीओं साथ ठीक नहीं है इसलिये एसोसिएशनका ख्याल मुजब टाउन काउन्सिलको अख्त्यार देनेसें हिन्दीओंको अन्याय होगा. एसोसिएशन प्रार्थना करती है, कि जो आईन बनानेकी इच्छा है, सो बन्द करना, और हिन्दीओंकी स्थितीका अन्तका ठहराव जहां तक न हो, वहांतक इसी प्रश्न जैसा है, ऐसा छोड देना."

इस अर्जी पर स्थानिक सरकार ध्यान नहीं लगावे, तो मि० लिटलटनने जो वचन दिया है, उसका भंग होगा.

क्रुगर्सडोर्पमें हिन्दीओं.

क्रुगर्सडोर्पमें हिन्दीओंके बारेमें एक सभा हुई थी. बाद टाउन काउन्सिल पर वहांके डाक्तरने रिपोर्ट भेजा है. रिपोर्टका मतलब यह है, कि "हिन्दीओंके मकान बहुत मैला दिखाई देता है. वे इधर उधर थुंकते है. इन लोगोंके पायखाना मैला रहता है और पानीमें भरा पडा है. पानी नहीं सुकता है. वे लोग काउन्टर पर बैठते और सोते है."

यह रिपोर्टमें सभी बात सत्य नहीं है, ऐसा हमारे लोग जानते है. नगरवासीओंकी फर्ज है, कि उसकी सामने रिपोर्ट लेना चाहिये. रिपोर्टकी कुछ बात सत्य भी है, सो हमारे कबूल करना पडेगा. निवास स्थानमें इधर उधर हमारे लोगों थुंकते है और पायखाना फिरनेका स्थल मैला रखतें है. उसमें कोई इनकार नहीं करें. पाजरु साफ करने पर हमारे लोगको साधारण तिरस्कार है. समझना चाहिये, कि इसी राहसें अनेक दर्द फैलता है. पाजरु साफ रखनेका काम बहुत सहेल है. सुकी मट्टी या राख हरएक वक्त बकेटमें डालना और निचे बिछाई हुई क्रोगेट बोर्ड जन्तुनाशक पानीसे धोकर साफ करना. इस प्रकारसें हमेशा किया जाय, तो दुर्गंध दूर होतो है और वक्त भी ज्यादा नहीं लगता है. थुंकनेके लिये भी विचार करना चाहिये. इधर उधर घरमें या दूकानमें थुंकनेके बदल रुमाल या थुंकदानीका उपयोग करना ठीक है. थुंकदानीका रिवाज हमारे लोगमें असली है और जरूरतका है.

नातालमें दूकान बन्ध करनेके लिये दुसरा नया आईन.

गत ता० १२ वीको गवरमेन्ट गेझटमें दूकानें बन्द करनेके वक्तके लिये अब दुसरा नयें न बिल पेश हुए है. जो एक आईन है, सो निकम्मा हो पडा है. नया बिलमें जिस काम लायक कलम है, वह नीचे मुजब प्रकट करतें है:—

५. पहिले मुक्त की हुई सिवाय सब दूकानें निचे लिखे हुए रोज बन्द रखना.

(ए.) आतवार और दुसरे पब्लीक होलीडे (जाहिर त्योंहारों) के दिन बन्द रखना.

(बी.) सोमवारसें गुरुवार तक हरहमेश सांझको ५॥ बजते बन्द करना.

(सी.) शुक्रवारके रोज रातके १० बजे तक बन्द करना.

(डी.) हरएक शनिश्चरके रोज दो बजे बन्द करना.

६. यह कायदासें जिस वक्त दूकानें बन्द होगी, इसी समय किसी फेरीवालेको विक्री करने दिया नहीं जाय.

८. यह कायदासें निचे दिखाई दूकानो मुक्त होता है:—

होटेल, रेस्टोरन्ट, ताजा दुध, फ्रुट और शाक भाजी बेचनेका स्थल, सिगरेट तम्बाकुकी दूकान, रोटीकी दूकान, कफन बनानेवालेकी दूकान, न्युझ बेचनेका स्थल.

दवाखाना रातको ८ बजे बन्द करना, परन्तु चाहे वह समयपर दरवाजा खोलकर दवा दे सकतें है.

हजामकी दूकान सोमवारसें गुरुवार तक ७ बजे और शनिश्चरके रातको १० बजेते बन्द करना. आतवार और दुसरा होलीडेके रोज एकदम बन्द करना.

१०. डीसेम्बरकी २२ वी तारीखसे ३१ वी तारीख तक यह आईनका अमल एकदम नहीं होगा.

११. पब्लीक होलीडेके अगाडीके रोज दूकानें रातको १० बजे तक खुली रह सकती है. पिटरमारीत्सबर्ग और डर्बन सिवाय दुसरी जगह पर जहां नक्षमंड पाला जाय, वहां भी इस प्रकारसे खुली रह सकती है.

१२. ८ वी कलममें दिखाई हुई दूकानोमें

भी कोई नौकर पाससें एक सप्ताहमें ५४ कलाकसें अधिक काम लिया नहीं जाय.

१६. कोई आदमी इस आईनका भंग करे तो ५ पौन्डका जुर्म्मीना ठोक दिया जायगा. ऐसे आदमीका नाम लाइसेन्स अमलदारको भेज दिया जायगा और लाइसेन्स अमलदार उसका लाइसेन्स रद कर सकते है. जिसका लाइसेन्स रद हो जाय, वह आदमीका ब्यापार तीन महीना तक बन्द कर सकते है.

यह आईनके अनुसार जो गुन्हा होवे, वह गुन्हा होने पिछे एक महिना पित जाय, तो गुन्हाका कौमत रखा न जा सकें

कदापि यह बिल जैसा प्रकट हुआ है, ऐसा ही पसार होगा, तो कितनीक विपद उठाना पडेगी; ऐसा सम्भव है. लेकीन प्रतिवाद करने जैसा नहीं है. नौकरोंको ठीक रखनेके विचारसें यह बिल पेश हुए है. इससें फेरीवाले पर सखती गुजरेगी. सम्भव रहता है, कि पारलामिन्टमें कुछ फेरफार हो जायगा.

छुपी गोष्टी.

ट्रांस्वालके "लीडर" नामक अखबारमें ऐसी खबर प्रकट हुई है, कि एन्टी एशीआटिकके मेम्बरों मि॰ लवडे, मि॰ बर्क वगैरहने हिन्दी सवालके लिये सर आर्थर लोलीकी भेट लिया था. इसवार जो बात हुई, सो छुपी रखनेमें आई है. "लीडर" कहता है, कि मि॰ लवडे वगैरहको सम्पूर्ण संतोष मिला है. उसका अर्थ कुछ नहीं हो सकता है. सर आर्थर लोलीने उसको आश्वासन दिया होगा, ऐसा हम मानतें है. सर आर्थरका विचार हिन्दीओंसे विरुद्ध है. इसमें जितना दाब मि॰ लवडेने किया होगा, इतना यह साहबने मान्य किया होगा. परन्तु जो गोष्टी हुई, वह छिपाई क्यों रखी! क्या मि॰ लवडे हिन्दीओंसें डरता ऐसे मानतें है, कि अपनी झुठ बात फिर प्रकट हो जायगी? या क्यों, मि॰ लवडेकी नादानी छिपानेके लिये सर आर्थर लोलीने यह बात छिपाई है?

कुछ समय पहिले जब मेयर डेप्युटेशनने लार्ड सेलबर्नकी मुलाकात लिया, तब वह साहबने खानगी अखबारोंके प्रतिनिधिओ समीप सभी बात प्रसिद्ध किया था.

यह राह छोडकर सर आर्थर लोलीने दुसरी राह पकड लिया. आशा है, कि अब हिन्दीओं विरुद्ध उसकी पिछे जो बात हुइ होवे, उनका जवाब देनेका उसको मोका मिलेगा.

केप कोलोनीमें इमीग्रेशन आईन.

केप कोलोनीमें इमीग्रेशन आईन बनाया गया है इसलिये ब्रिटिश इन्डियन लीगने अर्जी दिया था. उसमें लिखा था, कि हिन्दी भाषाओंकी आईनमें गीनती करना और जिस आदमीका यह कोलोनीमें ब्यापार चलता है, उसको इस कोलोनीमें आने जानेकी छुटी मिलना चाहिये. इस अर्जीका उत्तर केप कोलोनीयल सेक्रेटरीने दिया है, कि हिन्दी भाषाके लिये सेक्रेटरी कुछ नहीं कर सकतें. डोमीसाइलके लिये कहा है, कि जिस आदमी बालबच्चे साथ रहता है, या जमीनके धनी है, उन्होंका हक कायम रहता है. अर्थ यह है, कि जिन ब्यापार करतें है उन्होंका हक कबुल नहीं करता है. कभी कोई ब्यापारी अपना ब्यापार छोडकर थोडा वखतके लिये देश जाकर पिछा लौटे तो यह आदमी यह कोलोनीमें दाखल होने न पावें. कदापि ऐसा होता, तो बहुत नुकशान होनेका सम्भव है. कई कई ब्यापारीओंको सखत हानि लग जाए. आशा है, कि ब्रिटिश इन्डियन लीग जहांतक दाद न मिले, वहांतक पिछा नहीं हटकर लडत जारी रखेंगे.

ट्रांस्वालमें हिन्दी होटेलों.

अबतक हिन्दी होटेलोंके लिये ट्रांस्वालमें कुछ कायदे नहीं बनाये गये है. काफिर इटींग हाउस और गोरेकी होटेलोंका लाइसेन्स लिया जाता है. ट्रांस्वालमें चीनाकी वस्ती बहुत बढ जानेसें चीनी होटेलों खोलनेमें आई, इसलिये लाइसेन्सकी कुछ जरूरत नहीं थी. परन्तु डर जानेसें चीना लोगने लाइसेन्सके लिये सरकारसें प्रार्थना की. सरकारने जवाब दिया, कि लाइसेन्सकी जरूरत नहीं है. लेकीन चीना नहीं समझा, और विचार किया कि बिना लाइसेन्स होटेल खुली न जाय इसलिये फिर अर्जी दिया, कि लाइसेन्सका कायदा बनाना चाहिये. इस राहसें गवरमेन्ट गेझटमें एक बिल प्रकट हुआ है. अब हिन्दी होटेलवालेको लाइसेन्स लेना पडेगा. यह बिलकी सामने प्रतिवाद भी नहीं हो सकें. अब ट्रांस्वालमें हिन्दी भोजनगृहके मालिक लोगोंको बहुत हुशियार रहकर चलना चाहिये, और मकान साफ रखना चाहिये.

शिकार खेलेंगे—आगामी फरवरीमें नामदार प्रिन्स आफ वेल्स नेपाल जाकर शिकार खेलेंगे.

चिठ्ठी पत्री.

ट्रांस्वाल आनेवाले हिन्दीओंको सूचना.

जोहानिस्बर्ग, ता॰ १७ जुले.

(हमारे सम्वाददाता तरफसें.)

अब ट्रांस्वालमें परमिटके सम्बन्धमें जांच चल रही है, और हिन्दीओं पर सखती गुजरती है. जिस आदमी झुठ परमिटसें निवास कर रहें थे, ऐसे बहुत आदमीओंको देश निकाल कर दिया है. कई कई आदमीओंके अंगुठाके चिन्ह परमिट पर नहीं थे, उन्होंको छ सप्ताहके वास्ते जेलमें धकेल दिया. सम्भव है, कि परमिट विभागी अमलदार लोग जुदे जुदे गांवोंमें घुमकर जांच लगायगा. मानों इससें और सखती गुजरेगी. जिस पास झुठ परमिट होवे, उन्होंने जलद ट्रांस्वाल छोड देनेकी आवश्यकता है. उन्होंने झुठ परमिटका उपयोग एकदम नहीं करना चाहिये न तो जेल यात्रा करना पडेगा.

अबतक १६ वर्षके भीतरकी उमरवाले लडके और औरतें बिना परमिटसें आया करती थी. परन्तु अब परमिटकी जांच लग जाने पिछे योरदरों पर अधिक दाब चलता है. अब १६ वर्षके भीतरकी उमरवाले लडका साथ उसका बाप न होवे, और औरतोंकी साथ उसका धनी न होवे, तो परमिटके लिये रोक देते है. एक औरत बिना धनी ट्रांस्वाल जा रही थी, इससे उसको वोल्करस्ट स्टेशन पर उतार दी. अब ट्रांस्वाल आनेवालोंने बहुत सचेत रहना चाहिये.

'ओपिनियन' की चेष्टा पार्लामेन्टमें.

मि॰ चर्चील नाताल एसेम्बलीके मेम्बर है. उन्हें प्रश्न किया, कि 'इन्डियन ओपिनियन' नातालमें बांटनेके काम पर कितने गोरे लोगोंको लगाया गया है. सरकार ऐसे काम करने देती है, वह कायदेके अनुसार है या नहीं. कोलोनीयल सेक्रेटरीने जवाब दिया, कि 'इन्डियन ओपिनियन' बांटनेके काम पर विशेष आदमी पोष्ट आफिसको रखना नहीं पडता है, और इस अखबार नातालमें पोष्टद्वारा बांटा जाता है. यह काम कायदेके अनुसार है. मि॰ चर्चीलने चाहा था, सो मिला. यह चेष्टा दिखाई देती है, कि 'इन्डियन ओपिनियन' की असर दिनों दिन बढ रही है.

ट्रांस्वालकी परमिटें.

ता० ३० वीके ट्रांस्वाल गवरमिन्ट गेझटमें जिन आदमीकी परमिटें और रजीस्ट्रेशन सरटिफिकेट रद्द हुए हैं, वे परमिट सेक्रेटरीने जाहेर किया है. रद्द हुई परमिटोंके नम्बर साथ धनीका नाम गत अङ्कमें प्रकाश कर चूके हैं. इसबार हम रद्द हुए रजीस्ट्रेशन सर्टिफिकेटके नम्बर साथ धनीका नाम प्रकट करते हैं:—

रजीस्ट्रेशन
सर्टिफिकेट नं० धनीका नाम.

९१४ फोलेसा वल्लु,
९३३ नेथा दुलभ,
९४९ महेश रतनजी,
११५६ पांचा लल्लु,
१२८९ काया देव,
१४९७ मुसाजी इब्राहीम,
१६१८ हीरा मुराद,
१७२० असमाल साले,
१७३३ किमकामल सोपरोस,
१८२० सुलेमान दाउद,
१८९३ एन्टोनी टीम,
२३१५ कीसटन पालीआतन,
२४६२ कुरा नानजी,
२६१४ ईसा ईस्माइल,
२६४३ आपमोर,
२६७८ नागरदास खुशाल,
३०२३ गोगोमल बीटलास,
३१३६ अजुमल हीमनदास,
३१५५ मोहन प्राग,
३२९१ भाणा सीखा,
३३१५ गुलाब हरी,
३३३५ बी. अरनाबेरी,
३३७१ मकन नाना,
३४३४ विलियम जेम्स,
३४३५ दुलभ खुशाल,
३६६० एम्युयल पेरन,
३७०१ सयद महमद,
३७९२ चीसामी,
४०४९ अबदुल अली,
४११२ सुका,
४२८४ धनमाल तुंगली,
४३०५ फीदुअन,
४५१५ बुलचंद,
४५३१ हुसेनखान महमदखान,
४६९९ मलीमाई नीछामाई,
४७८५ इसप इब्राहीम,
४९८० सोमा रानजी,
४९९६ मुरुगन,
५०९७ रामअवतार बुधु.
५४६३ मीरार मकन,
५४५९ महमद जीवा,
५५८१ सुब्रायन,
५७३३ भीखा मोरार,
५७६५ ए. करीम जमाल,
५८३१ वली आदम,
६०१६ नाथा झीथा,
६०९७ गोकुल सुटाल,
६१३० भेखा फकन,
६१४३ रतनजी कहानजी,
६३४४ इसा इब्राहीम,
६३७६ इसप अली,
६४४५ अबदुल सकुर,
६५१८ महमद कासम,
६६०६ अबदुल फाझा अली,
७०८३ आइ. एम. पीले,
७१५९ हासम हाजी दादा,
७१८१ नीछाभाइ नारणजी,
७२०६ रोमन जपाम्रो,
७२२२ आरबी नुरमहमद,
७२३५ वनमाली रनछोड,
७२३९ मीरदास,
७३७८ आमोद कादजी,
७४८३ हाजी उमर हाजी इब्राहीम,
७५६४ कनलसींग,
७६९३ परसन रनछोड,
७७०३ मुलचन्द हरजीवन,
७७७१ कानजी वाघा,
७८७१ महमद इसे,
७८९२ भीखा प्रभु,
७९१३ छीटा खुशाल,
७९१८ अहमद आमुजी,
८०३६ भीखा भगा,
८०८३ हपीवखान (फतुलाखान)
८२६७ इसप असमाल,
८३८० नाइडु रानिवासन,
८३०८ सेम्युअल जोन,
८३७३ फकिर हांसजी,
८४३५ अरमगन,
८५८५ अबदुल गनी जुमा,
८९३१ दुलभ जीवन,
९०३१ अमीर खान,
९१३२ अली खान,
९१७७ हुसेन हजारी,
९१५५ नानजी प्राग,
९५२१ ए. इ. भाभा,
९६८० तइब लतीफ,
९६९९ सुलेमान कासम,
९७०६ इसाक मुसा,
९७५१ हाजी फकरुदीन,
९८३१ मदन बहादुर,
९९५४ दोस्त अहमद,
९९७२ महमद अहमद,
९९७५ गोराम साप (बाबा),
१०३७३ इसप इसमाइल.

सन्धिकी आशा—सलाहकारक मंडलमें रुस तरफसें मि० विटर नियुक्त हुए है. यह कार्यसें प्रजाको सन्धिकी आशा उत्पन्न हुई है और यह कार्य होनेसे प्रजा विश्वास लगाती है कि सन्धि करनेका जारकी इच्छा सचमुच है.

पकड़ा गये रूसी कैदी—जापानी सैन्य जब सखेलीयन टापुमें दाखिल हुए, तब वह सैन्यके ७० आदमी और रूसी लश्करके १६० आदमी मरे थे. जापानीओंने ८० रूसी सिपाईओंको कैद पकड़ लिया है और दक्षिणीय विभागका सम्पूर्ण अधिकार हस्तक कर लिया है.

रोकड बजार भाव.

	शी.	पे.	शी.	पे.
मांजा चावल ...	१६	०	१७	०
मीमर्डी „ ...	२१	०	२३	०
एफ. एस. बी. आर..	१४	०	१४	६
एफ. बी. आर. ...	१३	०	१४	०
चीनी सक्कर ...	१८	६	१९	०
टूटा चावल ...	१८	०	१६	०
अरहरकी दाल ...	१४	६	१५	०
मसुरकी दाल ...	१६	०	१७	०
मुंगकी दाल ...	२२	०	२३	०
उड़दकी दाल ...	२१	०	२२	०
चने ...	१७	०	१८	०
चनेकी दाल ...	१७	०	१८	०
मटर ...	१६	०	१८	०
मोलीस ...	७	०	०	९
कड़वा तेल १ गेलन .	२	२	२	६
तिलीके तेल „ ...	२	२	२	६
मिठा तेल „ ...	२	८	२	९
नालीयर तेल „ ...	३	०	३	६
सफेद पीनी ...	१९	०	२०	०
पिली „ ...	२०	६	२१	०
श्रीफल (नाताल) ...	१७	०	१८	६
आटा (फ्लावर) ...	९	०	९	६
सुपारी मद्रासी १ रतल	०	६	०	७
मीरची „	०	५	०	[illegible]
घी केश (टेटी) १...	७०	०	७२	६
पराफीन मीणबत्ती १ केस	६	६	६	६
„ कम्पट होल „	७	०	७	३
„ „ गेलन	९२	६	९६	३
फली ...	१९	०	१९	०
नालीयर १०० ...	१०	०	१२	०
नीमक (लिवरपुलका)				
बस्ता एकका	४	९	५	०
दुध नेसलका ...	१९	६	२०	६

இந்தியன் ஒப்பீனியன்.

வாராந்தரப்பத்திரிகை

நெட்டால் பீனிக்ஸ், 1905ஆம் ஜூலை 22உ சனிக்கிழமை.

பஞ்சாங்கம்.

விசுவாவசு ஆடி மாதம்.

இங்கிலீஷ்	நாள்	திதி	நட்சத்திரம்	யோகம்
23-8	ஞா	[illegible]	[illegible]	[illegible]
24-9	தி	[illegible]	[illegible]	[illegible]
25-10	செ	[illegible]	[illegible]	[illegible]
26-11	பு	[illegible]	[illegible]	[illegible]
27-12	வி	[illegible]	[illegible]	[illegible]
28-13	வெ	[illegible]	[illegible]	[illegible]
29-14	ச	[illegible]	[illegible]	[illegible]

மார்க்கட் விலை.

	முதல்	வரை
மாஞ்சா அரிசி.	16/-	17/-
சிப்பி அரிசி.	1-1-0	1-2-0
[illegible]	15/-	15/6
[illegible]	16/-	17/6
[illegible]	7/-	7/9
[illegible]	3/2	3/3
[illegible]	2/9	2/10
[illegible]	3/-	3/1
[illegible]	19/-	1-0-0
[illegible]	1-1-6	1-2-0
[illegible]	17/-	17/6
[illegible]	9/-	9/9
[illegible]	6 பென்ஸ்	9 பெ
[illegible]	5	5½
[illegible]	3-7-9	3-10-0
[illegible]	6/3	6/6
[illegible]	7/-	7/3

வேண்டுகோள்.

[illegible]

இந்தியன் மேயில்.

நெட்டால் டைக்கிற மெயில்.

ஆகஸ்டு 28 தேதி புறப்பட்டு கேப் கொழும்பு, சென்னைக்குப் போகும்.

இந்தியா ஆப்பிரிக்கா மெயில்.

[illegible] [illegible] இம்மாதம் [illegible] சென்னைக்கு எத்தினோம் [illegible] டர்பனிலிருந்து புறப்படும்.

[illegible]

[illegible] அல்லது [illegible].

"இந்தியன் ஒப்பீனியன்"

பீனிக்ஸ் நெட்டால்,

சனிக்கிழமை.

1905ஆம் ஜூலை 22உ

ஒப்பந்தவேலைச்சட்டம்.

மறு ஒப்பந்தம்.

நெட்டால் கெஜட்டில் இந்தச் சட்டவிஷயமாக அடியிற்கண்ட சிர்திருத்தங்கள் பிரசுரஞ்செய்யப் பட்டிருக்கிறது.

1. மூன் ஒப்பந்தவேலை செய்துவந்த இந்தியவேலையாள், ஒப்பந்தகால முடிந்தவுடனேயாவது அல்லது சிலகாலஞ்சென்றாவது மறுபடியும் இரண்டுவருடத்திற்கு [illegible]

[illegible]

யாரின் சம்மதத்தின்மேல் செய்யப்படவேண்டும். ஒப்பந்தகாலமுடிவின் 1891-ம் வருஷத்திய 25-ம் நெ. சட்டப்படி [illegible] டிருக்கும் பாத்தியம் நீங்கமாட்டாது.

இந்திய கர்னல்.

இரண்டு வாரங்களுக்குமுன் [illegible] இந்திய [illegible] ஒருவரை ஏற்படுத்தி இருப்பதாகக் கேள்விப்பட்டு மிகவும் சந்தோஷமடைகிறோம். லார்ட்கிட்சனர் இவ்விஷயமாக மிகவும் யூகத்துடன் நடத்தியதாகப் புலப்படுகிறது. வடமேற்கு எல்லையில் இனி நடக்கும் யுத்தங்களில் இந்திய உத்தியோகஸ்தர் [illegible] ஐரோப்பிய உத்தியோகஸ்தர்களைக் கொல்லுவதால் அனுபவத்தினால் தெரியவருகிறது. இதை அறியாத ஐரோப்பிய இந்திய கவர்ன்மெண்ட் ஆலோசனை சங்கத்தார் லார்ட்கிட்சனரின் ஏற்பாட்டிற்கு விரோதமாகப்பேசி இருக்கலாம்.

ஓர் புதையல்.

இரண்டுவாரங்களுக்குமுன் [illegible]

[illegible]

கிறார்கள்.

வீட்டுவரி.

இராஜாங்கத்தார் வீட்டுவரி விதிப்பதற்காக ஆலோசனைசபையில் பேசப்பட்டுவருகிறது. சென்ற வாரத்தில் மாரிட்ஸ்பர்க்கிலுள்ள குடிகள் டவுன்ஹாலில் கூட்டங்கூடி அடியிற்கண்டபடி முடிவு செய்தார்கள்.

வீட்டுவரி புதிதாக விதிப்பது நியாய[illegible]ோம். அப்படிச்செய்வது அவசியமில்லை. அப்படி விதிக்குமுன் குடிகளின் அனுமதியின்பேரில்மாத்திரம் செய்யவேண்டும். இத்தீர்மானம் மேயரால் குடிகளின்பொருட்டாக ஆலோசனைசபையாருக்கு அறிக்கைசெய்யப்படவேண்டும்.

"இந்தியன் ஒப்பினியன்."

இந்தப்பத்திரிகை போஸ்டாபீசார், முத்திரை இல்லாமல் இந்தக்காலனியில் மேல்விலாசக்காரருக்கு வீட்டில் சேர்ப்பது சட்டவிரோதமென்றும் அதற்கு சில ஐரோப்பிய தபால்காரர்கள் ஒப்பத்திருப்பது கூடாதென்றும் ஆலோசனைசபையில் ஒரு அங்கத்தினர் எடுத்துச்சொன்னார். இதற்கு விடையாக பிரதானமந்திரி அடியிற்கண்ட விடைகொடுத்தார். "இந்தியன் ஒப்பினியன் பத்திரிகை வாரம் ஒருமுறை 30 ராத்தல் இடையளவு இக்காலனியின் பட்டணங்களில் தபால்காரரால் கொண்டுபோய் வீட்டில் கொடுக்கப்படுகிறது. இதற்காக அதிகமாகத் தபால்காரர்கள் நேமிக்கப்படவில்லை. இக்காலனியின் சட்டப்படி அப்படிச்செய்துவருவது முறைமை."

ரெயில்கடவிமோசம்.

நெற்றுல் ரெயிலில் வேலைசெய்துவரும் ராமசாமி என்பவன் தன்னுடைய குழந்தைக்காக இலவசமாக ரெயில்வேயாரால் கொடுக்கப்பட்டிருந்த டிக்கட்டை அவன் சிநேகனாகிய சுப்பிரமணியன் என்பவனுக்குக் கொடுத்திருந்தான். அந்த டிக்கட்டுடன் சுப்பிரமணியன் டார்வனுக்குப்போகையில் பரிசோதிப்பவன் டிக்கட்டில் குழந்தை என்று கண்டிருந்தபடியால் அவனைப்போலீசாரிடம் ஒப்புவித்தான். மாஜிஸ்டிரேட்டினால் விசாரிக்கப்பட்டு முதல் குற்றவாளி 3 பவுனும் இரண்டாவது குற்றவாளியாகிய சுப்பிரமணியனுக்கு 3 பவுனும் அபராதம் விதித்தார்.

ஒரு பார்சிவீரர்.

சிலகாலத்துக்குமுன் வட இந்தியாவில் நேர்ந்த பூகம்பத்தினால் நேர்ந்த விபத்தானது எல்லாரும் அறிந்தகாரியம். எல்லாக்கிராமங்களிலும் தர்மசாலை என்பது மிகவும் கஷ்டத்தை அடைந்தது. அக்காலத்தில் நாஷிர் ஷகஜீரி என்பவர் தன்னுடைய 4,000 பவுன் பெறக்கூடிய கட்டடம் பூமிக்குள் விழுங்கப்பட்டு அதிகத்துன்பமடைந்திருந்தும், உதவியற்ற குடிகளுக்குத்தம் உயிரையும் ஒரு பொருட்டாக எண்ணாமல் பார்த்தோர் அதிசயிக்கத்தக்கவகையால் உதவிசெய்துவந்தார். இதனால் இவர் கீர்த்தி உலகெங்கும் பரவியது. இவர்போலும் தைரியத்துடன் உதவிசெய்யத்துணிந்தவர்கள் உலகத்தில் சிலரேயாகும். இவர் செய்த உதவியினால் அநேக குடும்பங்கள் உயிர்தப்பிப்பிழைத்தன. இவர் தைரியத்தையும் பரோபகாரத்தையும் புகழாதார் ஒருவருமில்லை. இந்திய சேனாதிபதி லார்ட்கிட்சனரும், லாகூரிலுள்ள பிஷப்பும், தேசாதிபதியும் இவருக்கு நேரில் வியந்து வந்தனம் செலுத்தினார்கள்.

சமாச்சாரத்திரட்டு.

காப்பியை அதிகமாகக் குடித்துவரும் அராபியர்களுக்கு 40 வயதில் கண்பார்வை மழுங்கிவிடுவதாகத்தெரிகிறது. தற்கால வைத்தியர்கள் காப்பி அதிகமாகக்குடிப்பதால் கண்பார்வை குறைந்துவிடுமென்று அபிப்பிராயப்படுகிறார்கள்.

—x—

அச்சக்கரையாருக்கும் டச்சுக்காரருக்கும் ௩௰ வருஷத்துக்குமேல் யுத்தம் நடந்துவருகிறது. அச்சக்கரையார் முன்போல பலமுடையவர்களல்லாவிட்டாலும் இன்னும் அடிக்கடி டச்சுக்காரருக்கு அடங்காமல் யுத்தஞ்செய்துவருகிறார்கள்.

லார்ட்ராபர்ட்ஸ் குதிரை ஏற்றத்தில் அதிக நிபுணர். இவர் பால்யத்திலும் குதிரைகளை மிகவும் வேகமாகவே சவாரிசெய்வது வழக்கம். இவர் மெய்காப்பாளரை இத்தக்காரணம்பற்றித்தான் அவரைத்தொடர்ந்துசெல்லக்கூடிய சக்தியுடையவர்களாகத் தெரிந்தெடுப்பது வழக்கம்.

—x—

"நீதி" என்று கை ஒப்பமிட்டு ஒரு ஆங்கிலேய சிநேகர் எழுதுகிறார்:—

தங்கள் வாராந்தரப் பத்திரிகையை நான் மிகவும் அன்புடன் வாசித்துவருவதில் இந்தியர்கள் விஷயமாக தென் ஆப்பிரிக்கர்கள் நடத்திவரும் விஷயங்கள் எனக்கு மிகவும் அருவருப்பை விளைக்கின்றது. விக்டோரியா மகாராணி இந்தியாவின் சக்ரவர்த்தினி என்று பிரசித்தஞ்செய்தபோ அளவற்ற மகிழ்வை அடைந்தோர்கள் நமது இந்திய ராஜ்யப் குடிகளை அவமதிப்பது மிகவும் விசனகரமானது. உடம்பின் நிறம் காரணமாக, இழிவைப்படுத்த நினைக்கும் இவ்வைரோப்பியரின் இழிவான நிலைமையை நான் விளக்கிக்காட்ட என்னால் முடியாது. இந்தியர்களும் சீனர்களும் அடிமைத்தொழில் செய்யவும், குறிப்பிட்ட தாழ்ந்த இடங்களில் குடி இருக்கவும், தென்னாப்பிரிக்காவிலுள்ள ஐரோப்பியர்கள் எண்ணுவதாகத்தெரிகிறது. சுருக்கத்தில் ஐரோப்பியர்கள், மேல்கண்டவர்கள் தங்களுக்கு அடிமைத்தொழில் செய்வதற்காகப்படைக்கப்பட்டிருக்கிறார்களென்றும் உலகமெல்லாம் தங்களுக்குமாத்திரம் சொந்தமென்றும் நினைக்கிறதாகத் தெரிகிறது. இந்த நடத்தை ஆங்கிலேயரால் செய்யக்கூடியதல்ல, ஆங்கிலேயரின் இராஜாங்கத்தில் இவ்விதம் நடந்துவருவதைப்பார்க்க மிகவும் வெட்கமடைகிறேன். இந்நடத்தைகளைக்குறித்து இங்கிலாந்திலுள்ளவர்கள் வெறுப்படைந்திருக்கிறார்களென்று நான் தெரிவிக்கிறேன்.

THE DURBAN UNDERTAKERS
FRERE ROAD,
Off Clark Road, Berea.

Telephone 884.
Telegraphic Address: "Undertaker."

ખાજા ખાશો કે
મસાલેદાર ઘારી?

जंडुमहाराज मीठाईवाला

१६९, ग्रे स्ट्रीट, डर्बन.

हमारे यहां हरहमेश गरमागरम घीकी मीठाई, सेव और पकौडा तैयार मिलेंगी.

ઘીની મીઠાઈ

ચોકીઓ! ગરમાગરમ! અને વળી અમે જે વસતે! ચોખા ઘીમાં—સુતરફેણી, મગજ, લાડુ, ઘારી, બુંદી, મેસુબ, જલેબી, જાંબુ, ખાજલી, સેવ, ભજી વગેરે ઘીમાં બનાવેલાં તઈયાર મળશે. તેલ બીલકુલ વાપરવામાં આવતું નથી.

બહારગામના ઓરડરો પર પુરતું ધ્યાન આપી વખતસર અને સરસ બનાવી આપીએ છીએ. બહારગામના ઓરડરનો માલ રેલવે વખતસર મોકલીએ છીએ.

જેઠ દલપત એન્ડ કું૦
૧૬૯, ગ્રે સ્ટ્રીટ, ડરબન.

TO LET

BIG STORE 30 x 40

Complete with Counters and Shelves,

At ERMELO.

Site—very prospective.

Apply to—

J. GRAFF, Box 99, Ermelo, Transvaal.

भाडे देनेका है.

अरमेलोमें एक बडा स्टोर ३०x४० काउन्टर और अभेराइ सहीत तैयार है. बेपारका मुख्य मथक पर यही स्टोर है. पता—

जे. ग्राफ.
बोक्स ९९, अरमेलो,
ट्रांस्वाल.

Stranack Glew & Co.,

General Merchants

AND DEALERS IN

Soft Goods,
Hardware,
Stationery,
Kaffir Goods,
Jewellery,
etc., etc.

80 ALBERT St.,
DURBAN.

TEL. ADD.: "STRANCO."
TELEPHONE No. 462.
P.O. Box 914.

H. LANGLEBEN,
Wholesale Clothier & Manufacturer,
327 Pine Street, Durban.
IMPORTER OF NEW CLOTHING FOR NATIVE TRADE.
Largest Importer in South Africa of English Second-hand Clothing.
Tel. Add.: "Looks." *P.O. Box 126, Durban.*

એચ. લેંગ્લીબન,
જથાબંધ કપડાં રાખનાર તૈયાર બનાવનાર,
ક્રૅફરોવાસ્તે નવા કપડાં મંગાવનાર,
ઈંગ્લીશ સેકન્ડહેન્ડ કપડાં દક્ષિણ આફ્રિકામાં મંગાવનાર.
૩૨૭ પાઈન સ્ટ્રીટ, ડરબન.

PARSI MANCHERJI,
MERCHANT & IMPORTER.

Up-country Orders carefully and promptly executed. Full details will be given through correspondence.
Telegrams: "MANCHERJEE."
P.O. Box 1095, CAPE TOWN.

A. LATIEF,

General Dealer, - - - -
- - Outfitter and Draper,

BARBERTON,
TRANSVAAL.

P.O. Box 84.
TEL. ADDRESS: "LATIEF."

MAHOMED ENUS
INTERPRETER.
22 BUITEN STREET, CAPE TOWN.
મહંમદ યુનુસ ઇન્ટરપ્રીટર,
૨૨ બ્યુટન સ્ટ્રીટ. કેપ ટાઉન.

ABDOOL CAFFOOR & Co.,
Arabian and General Merchants and Drapers.
125 Commercial Road, Maritzburg.

Cheapest House in Town for Indian and Japanese Silks, Ladies' Boots & Shoes, Fancy Silk Shirts, Blouses, Fancy Hats, and all sorts of Fashionable and Stylish Goods.

ભાડે આપવાનાં છે.

ઓવરપોર્ટમાં સ્પ્રીંગ ફીલ્ડરોડપર આવેલાં ૮ રૂમો, ૪ કીચનો, ૧ સ્ટોર, ૧ બુચર સ્ટોર. નીચેને સરનામે લખી જણાવો.

સરજુ રામભરોસ, ૮ બ્રીકફીલ્ડ રોડ અથવા સી.એ. બસા, ૧૨૦ કમરશીઅલ રોડ, ડરબન.

किराये पर देनेका है.

ओवरपोर्टमें स्प्रिंग फिल्ड रोडपर आये हुए ८ रुम, ४ किचन, १ स्टोर और १ बुचर स्टोर. नीचेके ठिकानेपर लिखीये—
सरजु रामभरोस, ८ ब्रीकफील्ड रोड, या सी. ए. बसा, १२० कमरशीअल रोड, डर्बन.

FOR SUITS TO MEASURE
GO TO
Makanjee Bros.,
OUTFITTERS,
152, Grey Street.

FOR
Tobacco, Ground Nuts, Beans & Mealies,
WRITE TO
VERGATSAMY NAIDOO,
TONGAAT.

HASSIM JOOMA,
GENERAL MERCHANT
Head Office—370 Pine Street.
Branch—Leribe, Basutoland.

HOUSES TO LET.

HOSSEN EBRAHIM,
GENERAL DEALER,
1 KINSLEY ROAD, SALT RIVER,
And 25 Duke Street, WOODSTOCK.
Goods Supplied on Commission.

M. A. BODANIA & CO.,
GENERAL DEALER.
A great variety of Clothing, Drapery, Hardware, and Fancy and Rough Goods.
Box 148, NYLSTROOM.
Tel. Address: "BODANIA."

એમ. એ. બોડાણીઆ એન્ડ કું૦
જનરલ ડીલર.
કાપડ, ચોસરી, ફેન્સી સામાન, હાર્ડવેર વગેરેનો સ્ટોક રાખનાર સસ્તી તથા સરસ જાતો. બોક્સ ૧૪૮, નીલસ્ટ્રૂમ.

FOR
Artistic Printing
GO TO THE
INTERNATIONAL PRINTING PRESS.

NANJI CARSANDAS,

WHOLESALE MERCHANT AND DIRECT IMPORTER.

P.O. Box 62, Tel. Add.: "NANJI."

LOURENCO-MARQUES.

Ebrahim Haji Suleman & Co.,

MERCHANTS, Bombay.

Tele. Add.: "MONITOR."

Agents for East and South Africa.

3 Amratalla Street, Calcutta: and 66-18 Bhuzari Moholla, Bombay.

[illegible]

CONNECTION IN DELAGOA BAY.

EBRAHIM'S AFRICAN TRADING CO

Tel. Add. "TRADER." P.O. Box 415.

AMOD HABIB & Co.,

DIRECT IMPORTERS

WHOLESALE & RETAIL MERCHANTS,

General Money Exchangers.

Tel. Adress: "AMODHABIB," Delagoa Bay.

P.O. Box 68.

HORMAJGY IDOLGY,

DIRECT IMPORTER

—AND—

GENERAL MERCHANT

P.O. Box 332, DELAGOA BAY.

E. M. PATEL,

General Dealer, Wholesale & Retail,

MARKET SQUARE,

POTCHEFSTROOM,

AND AT THE LOCATION.

NANJI DULABHDASS & Co.,

DIRECT IMPORTERS & GENERAL MERCHANTS,

P.O. Box 141, Delagoa Bay.

S. E. GINWALA,

Produce Merchant & Direct Importer.

[illegible]

Tel & Cable Add.: "[illegible]"

P.O. Box 311, LOURENCO MARQUES.

ABDOOL RAHMAN,

MERCHANT,

POTCHEFSTROOM

Tel. Address: "[illegible]"

P.O. Box [illegible]

MOOSA HASSEN

General Dealer,

[illegible]

POTCHEFSTROOM.

The largest Importer in South Africa of MILITARY & CIVILIAN

Second-hand Overcoats, Jackets, Trousers Coats, Waistcoats, etc.

J. LANDAU,

337 Pine Street, Durban.

Head Office: 15 Rue des Francs-Bourgeois, Paris.

સેકન્ડહેન્ડ કોટ, વેસ્ટકોટ, ઇજાર વિગેરે

બ્યાબાજ યુરોપથી મંગાવનાર મોટી કંપની.

જે. લેંડો,

૩૩૭ પાઇન સ્ટ્રીટ, ડરબન.

હેડ ઓફીસ ૧૫ રોડ ફ્રેંકબુરઝવા, પારીસ.

Abdoola Hajee Khan Mahomed

General Merchant & Importer,

CHURCH SQUARE

Opposite, Government Buildings.

Telegraphic Address: "MOONSTONE." P. O. Box 99.

POTCHEFSTROOM.

S. D. BOBERT,

General Importer, Wholesale and Retail Merchant.

Cheapest House in the Market Square.

BRANCHES AT

LOCATION, POTCHEFSTROOM.

M. E. Nanabhay

Retail and Wholesale Merchant,

Market Square, P.O. Box 53,

POTCHEFSTROOM.

Ebrahim Brother

Direct Importer & General Merchant,

POTCHEFSTROOM, Tvl.

P.O. Box 100. Tel. Add.: "[illegible]"

D. I. Varyava,

GENERAL MERCHANT.

King Edward Street, P.O. Box [illegible],

POTCHEFSTROOM

Amod Mamoojee Patel,

GENERAL MERCHANT.

[illegible] P.O. Box 45

[illegible]

[illegible]

AYOB MOHAMED,

[illegible]

[illegible]

PIETERSBURG.

Box 134. Tel. Add.: "AYOB."

Ismail Amod Kajee,

[illegible]

KRUGERSDORP.

V. R. Naidoo,

GROCER & GENERAL DEALER

Jewellery,

Fancy Goods,

Drapery,

Watches & Clocks,

&c., &c.

Cheap & Good.

5 & 13 Frere Street,

& Market Street.

CRADOCK

JAMESON & CO.,

Manufacturers.

Ask us for Quotations before placing Orders elsewhere for

Natal Jams,

Curry Powder, Chutneys,

Cayenne Pepper,

White and Black Pepper,

Sauces,

And other goods too numerous to mention.

Prices to suit all buyers.

JAMESON & Co.

Box 63, Durban.

L. MULCHAND,

Indian Silk Merchant

Direct Importer of Chinese, Japanese and Maltese Lace, and every variety of Curios,

75 William Street,

CAPE TOWN.

R. NARASOO,

Indian and General Merchant,

Outfitter and Draper,

Boot and Shoe Warehouseman

[illegible]

[illegible]

[illegible] TON.

[illegible]

[illegible] "NARASOO."

THE NATAL DIRECT LINE OF STEAMERS.

સારી મંગળવાર આગબોટ કોલંબો અને કલકતા તરફ નીચે મુજબ ઉપડી જશે.

Umkusi. તા. ૨૮ મીએ કે પછી તુરત ઉપડશે.

આ લાઈનની સ્ટીમરોમાં ઈંડિઅન પાસેંજરોને વાસ્તે ખાસ ગોઠવણ કરવામાં આવેલ છે. મુંબઈ જતા પાસેંજરો વાસ્તે કોલંબોથી સ્ટીમર બદલવી પડશે. વધુ ખબર માટે કીંગ એન્ડ સન્સને ત્યાં તપાસ કરવી. હેડ ઑફીસ કેસલ બીલ્ડીંગ્સ, વેસ્ટ સ્ટ્રીટ, ડરબન.

मज़्कूर जहाज आगबोट कोलंबो और कलकत्ता तरफ नीचे मुजब जायगी

Umkusi ता० २८ जुलै और पीछे तुरत

इस लाइनकी स्टीमरोंमें इन्डियन पसिंजरोंके लिये खास बंदोबस्त करनेमें आया है बम्बई जानेवाले पसिंजरको कोलम्बोमें स्टीमर बदलना पड़ेगा. ज्यादा खबर चाहिये तो किंग एन्ड सन्सके वहा पैठो. हेड आफिसका पता—केसल बिल्डींग्स वेस्ट स्ट्रीट, डर्बन.

கீழ்கண்ட தேதியில் புறப்படுகிற மரக்கலம் பின்வரும் பேர்படி.

Umkusi ஜூலை 28உ செல்லப்படும்.

இந்த ஸ்டீமர் டர்பனது துறைமுகத்திலிருந்து நேரே கொழும்பு கல்கத்தா துறைமுகங்களுக்குப்போய்ச்சேரும்.

இந்திய பிரயாணிகள் அடியிற்கண்ட ஆபீஸில் டிக்கெட்டு வாங்கிக் கொள்ளலாம்.

பிரயாணிகளுக்கு மேற்கண்ட ஸ்டீமரில் சௌகரியமான இடம் சேகரித்து தொக்கரவின்றி ஆதரிக்கப்படும்.

KING & SONS, West Street, Durban.

INDIAN BOARDING HOUSE,
JAVERI BAZAAR,
PINE STREET DURBAN.

Breakfast 6d. Dinner 9d. Supper 1s.
Hot and Fresh Meals ready always.
Special Dishes to Order.

ઈંડીઅન બોર્ડીંગ હાઉસ.

ઠે. ઝવેરી બજાર ઈંડીઅન ડીસપેન્સરીની બાજુમાં, પાઈન સ્ટ્રીટ, ડરબન.

બ્રેકફાસ્ટ ૦|૬ ડીનર ૦|૯ સપર ૧|૦

ઠંડા તથા ઉના ભોજન તૈયાર છે. ઓર્ડરથી ખાસ ખાણાં આપવામાં આવશે.

इन्डियन बोर्डिंग हाउस.

ठे०—जवेरी बझार, इन्डियन दवाखाना पास, पाइन स्ट्रीट, डर्बन.

ब्रेकफास्ट ०|६, डिनर ०|९, सपर १|०.

हर वखत ठंडा और गरम भोजन तैयार मिलता है. आरडरसे खास खाना बनाया जाता.

[illegible]

रबरी सीक्का सुशोभित और सस्ता.

मनपसन्द और नमुनेदार अक्षरोंसे रबर स्टांप बनाया जाता है.

इन्टरनेशनल प्रिन्टींग प्रेस,
फिनिक्स, नाताल.

DADA OSMAN,
General Merchant & Commission Agent,
133 QUEEN STREET, DURBAN.
P.O. Box 88. Tel. Add.: "PORBANDER."
ESTABLISHED 1880.

દાદા ઓસમાન.
જનરલ મરચંટ ને કમીશન એજંટ.
પોસ્ટ બોક્સ ૮૮, ૧૩૩ ક્વીન સ્ટ્રીટ, ડરબન.

S. PEERBHOY BUTLER,
GENTLEMEN'S OUTFITTER & HOSIER
Turkish Caps of every description a speciality
506 WEST STREET, DURBAN.

EBRAHIM CAMROODEEN,
GENERAL MERCHANT.
Natal Leaf Tobacco a Speciality.
113 GREY STREET. (Camroodeen's Buildings.)
Tel. Add.: "Camroodeen," Durban.

P. DAWJEE MAHOMED & Co.
Have a large stock of
RICE, DHOLL, GHEE AND OIL,
Directly Imported from India.
343 PINE STREET, DURBAN
Tel. Address: "PABULAR." Box 154

SUN CIGARS . . .
SUMATRA CHEROOTS,
BOER TOBACCO, . .
VIRGINIA TOBACCO, SHAG, &c.
At Lowest Wholesale Prices.

SUN BRAND Tobacco Works,
132 Queen Street, Durban.

I am, etc.,
J. S. Doxe.

Sea View,
4th Sept., 1905.

The Treatment of Fellow-Subjects

To the Editor, Indian Opinion.

Sir,—Permit me, a far-away correspondent, to congratulate you on your vigorous and persistent advocacy of the rights and interests of a community evidently suffering great injustice and serious indignities. That the Indians in South Africa have such a faithful friend and advocate must be very satisfactory to them. But what is to be said of those who so relentlessly persecute fellow subjects? The South African States appear to have very much to learn in relation to their duty towards their neighbour. Any dreams one may have had of more enlightened policies coming into existence in younger states are ruthlessly dispelled; for the same inequalities are appearing with you as have long been in evidence in more ancient communities. How short-sighted these oppressors are! They do not recognize that the state of things which they so strenuously establish can no more be tolerated in the twentieth century, than can the feudalism of former days in this country. In these days, when we hear so much about empire building, how strange it is to harry them who are as much His Majesty's subjects as are those who oppress them. That "large-hearted sympathy" for which you pleaded in a recent number of your excellent journal, is surely as practicable as it is desirable. To how many of those now oppressed would such a policy appeal; and how much more would these be likely to become loyal subjects and whole-hearted citizens!

I am, &c.,
Louth. Ludensian.

The *East Rand Express* says a Chinaman struck a native over the head with a jumper, causing compound fracture of the skull. "Compound" fractures are common just now in the Transvaal.

Facts and Comments

In view of the prevalence of Smallpox among the European Community in certain parts of South Africa, it is high time that Indians agitated for the segregation in Bazaars of every White (particularly traders). Their being permitted to trade—we mean, live—where they like is a serious danger to the public health.

The Difficulties of "Wireless". In a learned disquisition on wireless telegraphy in last Saturday's "*Advertiser*, the following occurs: "The distances over which messages can be conveyed has been increased never find. A mining magnate said his only modus vivendi was living on the public; to a wonderful extent. . . ." Evidently this is one of the unaccountable interruptions to which "wireless" is subject. It also shows how mining magnates put their finger into every South African pie.

Indian Mails.—The German East Africa Liner, *Sultan*, will sail for Bombay direct, on or about Sept. 16. Mr. Osman Ahmed, Grey Street, Durban, is the Agent.

The India-African Liner *Jamalpur*, taking passengers, will leave Durban for Calcutta on or about Sept. 15th. Messrs. B. Ebrahim Ismail & Co., Commercial Road, Durban have the arrangements for Indian passengers.

The Natal Direct Liner *Congella*, sails for Calcutta and Madras, transferring passengers at Colombo for Bombay, on or about 26th September. Messrs. King & Sons, West Street, Durban, are the Agents.

Sir Francis Younghusband has been in evidence before the English public for some time past. The Rede Lecture was not the first of his utterances. In connection with his lecture entitled "Our True Relationship with India," he is reported to have made the following observations among others, good, bad, indifferent:—"The main service we could do the people of India might, after all, prove to lie, not so much in training them for Government offices and fitting them to take a part in political life, nor yet in carrying out material improvements in the country, intersecting it with irrigation canals, threading it with roads and railways, tying it together with telegraph lines, and yearly increasing the volume of its trade, nor yet, again, in educating the people, in opening to their minds the gateways leading to all the wealth of Western science and Western culture—not so much in these directions might lie the service we might do the people of India as in affording them, by the peace and order we preserve, the opportunity for developing along the spiritual lines to which by nature they are best adapted."—*Indian Nation.*

A Cable to the *Natal Advertiser* states that fully three-quarters of India is suffering from want of rain and that an appalling famine is certain.

A Lady's Discovery.—A lady astronomer at Havard, says Reuter, has discovered a new star in the constellation of Aquila.

The Colour Question in Schools.—A correspondent writes to the *Natal Mercury*:—

I have carefully read the different opinions expressed in your valuable paper correspondent talks about the mixing of blue blood, etc. If this correspondent who refers to blue blood would take a trip to India, Burmah, or even England, he would find that some of the best blood of the land is mixed. Does England object to colour in her colleges, etc.? I think not. Why should Natal introduce such a measure of oppression on a large community of helpless coloured, though respectable, children? I fancy it would be a profitable business for some learned individual with a staff of teachers to open out a school exclusively for coloured children, either as boarders or day scholars.

Why the Chinese Desert.—A short sentence of imprisonment, with the alternative of a fine, has no manner of remedial effect whatever. The coolie sentenced to imprisonment for a violent assault on a white man regards his incarceration as a holiday. Instead of doing 10 hours hard work underground, he is engaged in light surface labour for some eight hours, with three hearty meals a day to sustain him. He gets fat and lazy on prison diet, and comes out ready to spread amongst his compatriots the news that in this Colony a pleasant holiday can be obtained as a result of theft, burglary, desertion, or assault. Is it any wonder, then, that the mine authorities feel they are powerless, under the present law, to keep the vicious portion of their coolie labourers under control?—*East Rand Express.*

Our Weekly London Letter

(From our Special Correspondent)

London, Aug. 12, 1905.

Mr. Outhwaite on Yellow Labour

Last week, considering the serious nature of the political problem implied in the employment of Chinese labour in South Africa, I made no apology in giving rather lengthy extracts from Mr. Outhwaite's letter which has once for all awakened the British public from the unaccountable supineness which it is so frequently observed to assume towards the larger questions affecting its national life. This forecast about what he terms the impending grave crisis in South Africa consequent upon Chinese labour would

also bear repetition to-day; and the concluding portion of this communication in which he suggests a way out I quote the more readily as his proposed remedy is identical in principle with what we know in our own case as the most effective means for the removal of those crying evils under which our people live and work in South Africa.

With regard to the nature and extent of the difficulties besetting the path of any policy aimed against the retention of the Chinese in the Rand, Mr. Outhwaite says:

Let the Liberal party come into power, pledged to uproot the Chinese labour system, and cosmopolitan finance will at once set to work to dislocate the political machine working against its interests. The trust will throw shares upon the market, and there will be panic, failures will take place, business will be driven into bankruptcy, mines will be closed down, and the South African Press and the Conservative Press of England will raise a universal cry of ruin. . . . . . If the responsible Government is to be granted, the racial issue will be raised, and an attempt be made to smash the Liberal Government by bringing South Africa to the verge of civil war.

This in all conscience is a serious and grave outlook. But Mr. Outhwaite himself suggests a way by which to cut the Gordian knot: and it is, as I have said, all the more deserving of our attention as it suggests parallel lines of action for our adoption in our attempts to improve the condition of the Indian serfs in South Africa. Mr. Outhwaite says:—

A simple and effective way to meet all difficulties exists—namely, by the determination of the convention with China, of which the Transvaal Labour Ordinance is but a schedule. A Liberal Government can thus purge England of a taint of being a procurer of serfs for the monopolists of the Rand, and can at the same time make the serf system impossible of maintenance. . . . . . Cosmopolitan finances and the advocates of the serf system are attempting to play a gigantic game of bluff in this matter, and it cannot be too widely known how a Liberal Government can meet the demands of the electorate of Great Britain and the Colonies by the simple expedient of informing the Chinese Government that Great Britain will no longer be a party to the enslavement of the subjects of the latter in the Transvaal.

This done, there will be strange happenings on the Rand; and the mine owners will reap in the whirlwind what they have sown in the storm when 40,000 Chinese coolies learn that their Government is no longer in league with their masters.

That ought fairly to be a broad hint for the India Government to act upon.

The Microbe of L'Entente Cordiale

is in the air just at present: the air not of London alone, but of whole England. Whether it is a counterblast to Germany's ever-increasing programme, we of the outside world do not, and cannot, know. Politicians and statesmen do not wear their hearts on their sleeves, and cabinet councils are not held in public parks. A week or two ago the political atmosphere of Europe gave sudden though grave indication of being enveloped in menacing clouds: and sure enough the credit of ushering that potential and colossal catastrophe lay, as was expected, with the stormy petrel who sits on the German throne "under God." What amount of truth there might be in it no body knows, but both German and English newspapers freely began to disseminate for over a week the sinister report that since Wilhelm II., the grandson of Wilhelm I, has so desired it, the British fleet which had hitherto been carrying on its annual manouvering on the Baltic sea, should therefore be interdicted its waters. At that time the Royal Hohenzollern was cruising along the Danish and Scandinavian coasts and has paid a rather lengthy visit to the aged king of Denmark. The Baltic sea to-day is overlooked and commanded almost on all its sides by Germany, Denmark, and the Scandinavian Peninsula. Within the same week the restless Kaiser has had long midnight interviews with his brother Tsar of Russia. What has transpired in all those Royal meetings of crowned heads nobody, of course, knows; only there were ugly and ominous forebodings of an impending catastrophe. But fortunately the sky cleared up almost as quickly as it had darkened, and Christendom, heaving a heavy sigh of relief, once more ate and slept as it does in its normal condition.

Closely following upon this unexpected though short-lived disturbance of the political atmosphere the Channel Fleet paid a visit to the town of Brest, where it was welcomed and entertained right royally by the French. Within a very few days of this great act of international amity, the French Northern Squadron left for our shores, and Englishmen have determined to give Admiral Caillard, in charge of the fleet, and to his officers and men, such a welcome as "Froggie" would not easily forget, for the welcome and the entertainment have both been commensurate with the open-handed liberality and warm-hearted cordiality of generous and wealthy England. The King himself went to Cowes and lunched with the French Admiral on his flagship. At Portsmouth, in whose wide and embracing harbour the French Fleet is now lying at anchor, Jean and Jack have gone well-nigh mad with unbroken and hilarious jollification. Last Thursday Admiral Caillard with his officers and men came up to London to partake of the hospitality of its chief magistrate. Gaiety and festivity is the order of the day, and Celt and Saxon are once more in each other's embrace, the English air being not surcharged but saturated with the microbe of *l'entente cordiale*.

To any one who believes in peace and good will towards men it would be permissible, I hope, to detach himself at such a conjuncture for once and reflect for a moment on this joyous scene where two great nations are vowing each other love and amity, and on whose love and amity depends, with some qualifications and limitations, one might say, the peace of the world. The objective is great, nay holy; and that thought alone ought to silence all reflections and smother all doubts. Yet from the midst of this loud laughter and deafening merriment arises the irrepressible question, what tenure of life would the destinies vouchsafe to this *entente cordiale*: what root has it struck in the soul of the nation?

It is not so very long ago the present Tsar Nicholas visited France to put the seal by his presence on the compact which she had then entered into with his own country. The sensitive and emotional French simply grew delirious with joy at the alliance. Tragedy and comedy played equal parts and contributed their respective quota to enriching the French history of that day. I remember the story of a French girl at that period of national frenzy who was so overcome with joy at the consummation of the treaty with the Muscovite that she was thrown out of her centre altogether and completely lost her mind over it. One day she got on the top of the parapet of a very high railway bridge, and holding a Russian and a French flag in either hand, threw herself down into the river below, singing *nunc dimittis*. During the post-mortem examination her petticoat was found to be made of the national flags of France and Russia.

On the comic side comes an instance to my mind which I read of at the time. After the alliance with Russia the graves of Frenchmen who had fallen in the Crimean war when fighting by the side of the English against Russia, were removed in hot haste from Russian soil to France, so that that evidence of France's being at one time Russia's enemy might not disturb the conscience of the *entente cordiale* of that time. And with all this glittering promise of a beginning what was the end? To raise a French loan to any how escape through a devastating and death-dealing war Russia has had to whistle hard and long; and as the Japanese grip is tightening round her throat as days roll on, France with a spirit light enough showing increasing signs of feeling inclined to play the rôle of the candid friend. Let us hope this *entente cordiale* between France and England may may be of a different nature altogether, growing from the deeper depths of the national conscience, striking roots at the nation's highest interests, and lasting and abiding as a security for Europe's peace.

ઇંડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૩. ફીનીક્સ—શનીવાર, તારીખ ૯ મી સપટેમ્બર, ૧૯૦૫. અંક ૩૬.

અઠવાડિક પંચાંગ.

ખ્રીસ્તી—તા૦ ૯ મી સપટેમ્બરથી તા૦ ૧૫ મા સપટેમ્બર સુધી ઇ૦ સ૦ ૧૯૦૫.

હીંદુ—ભાદરવા સુદ ૧૧ થી. ભાદરવા વદ ૨ સુધી. સંવત ૧૯૬૧

મુસલમાની—તા. ૯ રજ્જબથી તા. ૧૫ રજ્જબ. સુધી ૧૩૨૩ હીજરી.

વાર.	ખ્રીસ્તી	હિંદુ તીથી.	મુસલમાની	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની..	૯	૧૧	૯	૬ ૫	૫ ૪૩
રવી...	૧૦	૧૨	૧૦	૬ ૪	૫ ૪૩
સોમ .	૧૧	૧૩	૧૧	૬ ૩	૫ ૪૪
મંગળ	૧૨	૧૪	૧૨	૬ ૨	૫ ૪૪
બુધ...	૧૩	૧૫	૧૩	૬ ૧	૫ ૪૫
ગુરૂ...	૧૪	૧	૧૪	૬ ૦	૫ ૪૫
શુક્ર...	૧૫	૨	૧૫	૫ ૫૯	૫ ૪૬

ઇંડિઅન ઓપિનિઅન.

શનીવાર તા૦ ૯ મી સપટેંબર, ૧૯૦૫.

શાબાસ બંગાળ.

અમે અગાઉ લખી ગયા છીએ કે, બંગાલાના ભાગ કરવાનો ઠરાવ હિંદી સરકારે કર્યા પછી કલકત્તામાં મોટી સભા થઇ હતી, અને ત્યાં ઠરાવ થયો હતો કે જો સરકાર લોકોની લાગણી તરફ ધ્યાન નહિં આપે તો વિલાયતી વેપાર બંધ કરવો. સરકારે લોકોની લાગણીની દરકાર નથી રાખી. બંગાળના ભાગ કર્યા છે, અને હવે ખુશી ખબર આવ્યા છે. વિલાયતી માલ લેવાનું બંધ થયું છે. આથી માંચેસ્ટરના વેપારીઓ હેબતાઇ ગયા છે. તેઓના વેપારમાં ધક્કો લાગ્યો છે. ચીના ઓએ જેવું જોર ચીનમાં બતાવ્યું છે તેવુંજ બંગાલીએ બંગાલમાં બતાવ્યું જણાય છે. આગ જો બરોબર ચાલશે તો સરકાર જેર મહેસાક કરી જુએ જશે. બંગાલે હિંદુ સ્થાનનું નાક રાખવા જેવું થયું છે, અને અમે ઉમેદ રાખીએ છીએ કે આ નિશ્ચય ઉપર રહી રહી પાળવાનું પણ પૂરૂ કરશે.

દારૂ પીવાથી થતાં નુકશાન.

અમારી જાણમાં છે કે ગુજરાતી હિંદી ઓમાંથી ઘણા દારૂ પીવાની કુટેવમાં પડી ગયા છે. દશ વર્ષ પહેલાં ગુજરાતી હિંદીઓ દારૂ પીનારા ભાગ્યેજ જોવામાં આવતા હતા હવે ડરબનમાં કેટલાંક પીઠાંઓનો નિભાવ ગુજરાતીઓ ઉપરજ રહ્યો છે. થોડી મુદત પહેલાં ગુજરાતીઓને કયાં દારૂ મળી શકશે એ બાબતની જાહેર ખબર આ પત્રમાં નાંખવાને આવેલી, તે અમે લેવાની ના પાડી. અને તેવી જાહેરખબરપર આ છાપાનો નિભાવ ચલાવવા અમે બીલકુલ માંગતા નથી. દારૂના જેવું બીજું નુકશાન કરનારૂં વ્યસન કંઇજ નથી. કેમકે દારૂના અમલમાં માત્ર શરિરને ઇજા પોંચે છે એટલુંજ નહિં પણ તેથી માણસમાં રંડીબાજી, ચોરી, જુગાર વિગેરે દાખલ થાય છે. અમારા અનુભવ પ્રમાણે હિંદીઓમાં દારૂ માત્ર વ્યસન તરિકે પીવામાં આવે છે. તબિયતને બહાને કોઇ પીતું નથી. એટલે જેટલી ખરાબી આપણામાં જોવામાં આવે છે તેટલી ગોરાઓમાં નથી. એવા કેટલાક ગોરાઓ આપણે જોઇએ છીએ કે જેઓ માત્ર શરીરનું સુખ છે એવી સમજથી પીએ છે, તેવાઓમાં બીજી જાતનો બિગાડ જોવામાં નથી આવતો, પણ શરીર સુખ તેથી વધવાને બદલે ઘટે છે એમ ઘણાં યુરોપના વિદ્વાનો બતાવવા લાગ્યા છે. બ્રિટિશ એસોસીએશનના મેમ્બરો જે દક્ષિણ આફ્રિકામાં આવ્યા છે તેઓમાંથી પ્રોફેસર મેક કેન્ડ્રીક છે તેણે શરીર ઉપર થતી ખરાબ અસરના દાખલાઓ આપી ભાષણ કર્યાં છે. આ પ્રોફેસર સાહેબ તે ગ્લાસગોના મોટા શાસ્ત્રિ છે. અને શારિરીક જ્ઞાનશાસ્ત્રનો તેમને ખસુસ અભ્યાસ કર્યો છે. આ સાહેબે જોહાનેસબર્ગમાં આગષ્ટ મહિનાની ૩૧ મી તારીખે મોટું ભાષણ કર્યું, જે વખત મેસોનીક હોલ ચીકાર ભરાઇ ગએલો હતો. મી. હોસકેન સાહેબ પ્રમુખ પદપર બિરાજતા હતા. પ્રોફેસરે ભાષણ કરતાં બતાવી આપ્યું કે હાલ જે શોધો થએલી છે તે પ્રમાણે જોતાં દારૂની માઠી અસર શરીર ઉપર ઘણી સખત થાય છે. ઘણા લોકો એમ માને છે કે દારૂ પીવાથી શરીર ગરમ રહે છે. આ ઊલટુંજ બનેલું છે. બેશક દારૂ પીનારને પોતાને શરીર ગરમ લાગે છે. કેમકે દારૂ લોહીને ઉકાળી લોહીની ગતી જોઇએ તેના કરતાં વધારે છે. પરીણામ એ આવે છે કે ચામડીના છેદ મોટા થાય છે. અને દારૂ પીનારને ગરમી જણાય છે. હકિકતમાં તેવા માણસની ગરમી નળીથી માપીએ તો ઓછી જોવામાં આવે છે. એટલે ઠંડી રૂતુમાં ગરમી લાવવાના ઇરાદાથી દારૂ પીવામાં આવે છે એ ભુલ જાણીને. અને સાધારણ અનુભવે પણ આપણે જોઇ શકીએ છીએ કે દારૂ પીનારા માણસો ઠંડી બહુ ઓછી સહન કરી શકે છે.

વળી પ્રોફેસર સાહેબે બતાવી આપ્યું કે શરીરના તંતુઓની ઉપર દારૂની અસર બહુ માઠી થાય છે. જે કંઇ આપણે કામ કરીએ છીએ તેની ગતી મગજમાં રહેલી અમુક શકિતવડે પેદા થાય છે. આપણે હાથ વતી કંઇ ઉપાડવું હોય તો હાથના અને બીજા સ્નાયુને હુકમ કરનાર મગજમાં છે. હાલ કેટલાંક યંત્રો નિકળ્યાં છે તે ઉપરથી મગજ માંથી હુકમ નિકળ્યા બાદ કેટલી ઝડપથી શરીરના અવયવો કામ કરે છે તેની ચોકસ માપણી થઇ શકે છે. પ્રોફેસરે પ્રયોગો કર્યા છે તેમાં તેઓએ એમ જોયું છે કે માણસ દારૂ પીધા પછી જેટલી ઝડપથી કામ કરે છે તેના કરતાં વધારે ઝડપથી તેજ માણસ જ્યારે દારૂ નહિં પીતો હોય ત્યારે કામ કરે છે. એટલે કેટલાંક લોકો જે માને છે કે દારૂ પીવાથી શરીરની અને મનની મહેનત વધારે થઇ શકે છે તે દેખીતી ભુલ છે. દારૂ પીવાથી મગજ શક્તિ મંદ થાય છે. અને તેથીજ દારૂ પીનાર માણસની ચાલમાં, બોલવામાં અને જોવામાં ફેર પડે છે. અતે ઘણા વખત સુધી દારૂ પીવાથી મગજશક્તિ તદન બંધ પડે છે. અને જુદા જુદા અવયવો કામ કરતા બંધ થાય છે. જેને અંગ્રેજીમાં "પેરેલીસીસ" કહે છે અને આપણે લકવો કહીએ છીએ. આવી રીતે ઘણા દાખલાઓ આપી પ્રોફેસર સાહેબે બતાવી આપ્યું કે દારૂની અસર શરીર ઉપર ઘણી રીતે નઠારી થાય છે.

ટુંક મુદતની ઠાંચ.

સ્ટાંગર તથા વેરાલિનના દુકાનદાર આમદ છગનલીની મિલકત ઉપર મેસર્સ એડીંગર મન ઍન્ડ કુા૦ ની અરજી ઉપરથી ઓનરેબલ મી૦ જસ્ટીસ ડવિડસનના હુકમથી તા. ૩૧ મી ઓગસ્ટ ૧૯૦૫ ને રોજ ટુંક મુદતની ઠાંચ મુકવામાં આવી છે.

બ્રિટિશ મધ્ય આફ્રિકા.

ત્યાં મુસલમાની ધર્મનું ફેલાણું—ગોરાઓની ભડક.

ન્યેશાયર, ઝોમ્બા વિગેરે ગામોમાં "સ્ટાર" ન્યુસપેપરનો એક લખનાર જણાવે છે કે હાલ વિસ વરસ થયાં ઇસલામ ઝપાટાથી ફેલાતો જાય છે. ઠેકાણે ઠેકાણે નાની મદ્રેસાઓ બનાવવામાં આવી છે. જ્યાં મુલ્લાંઓ ધર્મ કેળવણી આપે છે અને સેંકડો સીધીઓ તેનો લાભ લે છે. ફોર્ટ જોન્સ્ટનમાં ખ્રીસ્તીઓનું મુકામ હતું તે ઇસલામી પ્રબળને લીધે બંધ કરાવવામાં આવ્યું છે. પાદરીઓની નિશાળો છોડી સીધીઓ મદ્રેસાઓમાં જતા રહ્યા છે. આ ઉપરથી પાદરીઓના હિમાયતી સરકારને અરજીઓ કરી રહ્યા છે કે જો આ પ્રમાણે ઇસલામ બીજાં દશ વરસ સુધી ફેલાવા કરશે તો છેવટે પાદરીની એક પણ નિશાળ નહિ રહે. અને વખતે સીધીઓની કોમ જે અત્યારે શરણે થએલી છે તે બધી બ્રિટિશની સામે ઉઠશે.

સલાહના કોલકરારો.

જાપાને જે સરતો જાહેર કરી હતી તેમાંથી તેણે પોતાની ઉદારતા બતાવી બે સરતો વધતી ઓછી જવા દીધી છે. એકતો એકે લડાઇના ખરચ બદલ કાંઇ લેવું નહિં, પણ માત્ર રૂશિઅન કેદીઓના ખરચ બદલ તથા ઘવાયલાઓની સારવારના ખરચ બદલ રૂશિઆ પા. ૧૨,૦૦,૦૦૦ જાપાનને આપે, અને બીજી એકે સખેલીઅન ટાપુને બંને પક્ષે અરધો અરધ વહેંચી લેવો. રૂશિઆની પ્રજામાં જોકે આ સલાહથી ખુશાલી પ્રસરી છે; પણ જાપાનમાં તેથી બહુ અસંતોષ ફેલાણો છે, અને તે ઓછો થવાના કોઇ ચિન્હ જણાતાં નથી. સલાહના કોલકરારો ઘડાઇ રહ્યા બાદ વગર ઢીલે તેમાં સહી કરી બંને પક્ષના વકીલો પોત પોતાને દેશ જવા આતુર બની રહ્યા છે એમ છેવટના તારો પરથી જણાય છે. જાપાની એલચીઓ સ્વદેશ જઇ સારા આવકારની જરાએ આશા રાખતા નથી એટલુંજ નહિં પણ પ્રજા તેઓની તરફ ક્રોધની નજરે જોશે એવી તેઓને ધાસ્તિ છે.

ઝાંઝીબારમાં મરકી—ઝાંઝીબારમાં મરકીએ દેખાવ દીધો છે. પાંચ માણસો મરણ પામ્યા છે. આપણા લોકોએ બહુ સાવચેત રહેવાનું છે.

ખાણના ચીનાઓની ઉપર જુલમ.

મી. લીટલટનને એક પારલામેન્ટના મેમ્બરે ઉપલી બાબતમાં સ્વાલ પુછેલો તેના જવાબમા તેણે તપાસ કરવાનું તથા ચાબખાઓથી ફટકા મારવાનું બંધ કરવા વચન આપેલું. ચીનાઓને કેવી રીતે ફટકા મારવામાં આવે છે તેનું વર્ણન જોહાનેસબર્ગના "ડેલી એક્સપ્રેસમાં" આપ્યું છે તે બહુ દયા ઉપજાવનારૂં છે. એમાંથી મુખતેસર હેવાલ અમે નીચે આપીએ છીએ. લખનારે એમ જણાવ્યું છે કે જે હકીકત પોતે આપી છે તે પાતે નજરે જોએલી અથવાતો જે માણસોએ હજારો માણસોને ફટકા મારવાનો હુકમ કીધેલો તેઓના પુરાવા વાળી છે. જોહાનેસબર્ગની એક ખાણમાં આ વરસની શરૂઆતમાં રવિવાર સુધાં ન છોડીને સરેરાસ ૪૨ ચીનાઓને દરરોજ ફટકા મારવામાં આવતા. પહેલાંતો આવા મજુરની સામે તેનો સરદાર ફરિયાદી કરે; પછી તેને કંપાઉન્ડ મેનેજરની ઓફીસમાં લઇ જવામાં આવે; તે બાઇસાહેબ ગુન્હા પ્રમાણે દશ, પંદર કે વીસ ફટકાનો હુકમ કરે; પછી બે ચીના પોલીસ તેને પંદરેક કદમ દુર લઇ જાય; પોલીસમેનનો હુકમ થાય કે તુરત કેદી ઉભો રહે, તેનું પાટલુન વિગેરે કપડાં કાઢી નાખે અને જમીન ઉપર ઉંધો સુએ; એક પોલીસ બીચારા કેદીના પગ ઝાલે અને બીજો તેનું માથુ પકડે; ત્યારબાદ ફટકા મારનારો માણસ ત્રણ ફુટ લાંબા હાથાવાળા અને ત્રણ ઇંચ પહોળા લાકડાંના કુકડા વડે હુકમ પ્રમાણે જોરથી અથવા ધીમે વાંસા ઉપર ફટકા મારે. જો તે દરમીયાન દુઃખ સહન ન થઇ શકવાથી જરાએ હાલેચાલે તો બીજો માણસ તેનો વાંસો પગથી દબાવે અને પછી ફટકા પુરા કરવામાં આવે. કેટલીક ખાણમાં ચાબુકને બદલે લાકડીના માર મારવામાં આવે છે. એના ઘા એવા તો સખત પડે છે કે તેથી કરીને માંસ ઉપસી આવે છે અને ચીરા પડે છે. નોરસડીપની ખાણમાં મી. કુક જ્યારે મેનેજર હતો ત્યારે જો કોઇ ચીનાએ ૩૬ ઇંચ ડ્રીલીંગનું કામ ન કર્યું હોય તો તેને સજા કરવાનો હુકમ કરતો. તેની સજા કરવાની રીત વળી ઉપર કરતાં ઘાતકી હતી. તે સાહેબ મજબુત લાકડીઓ વાપરવાનો હુકમ કરતો અને તે જાંઘની પછવાડે બીલકુલ સહન નહિં થઇ શકે તેવા ભાગ ઉપર મારવા ફરમાન કરતો અને લોહીની ધાર ચાલે તોપણ પુરેપુરા ફટકા મારવામાં આવતા. કેટલીક વખતે ઇજા એટલી સખત થતી કે બીચારા ચીનાને ઇસ્પીતાલમાં મોકલવો પડતો. આ ઘાતકી કુક સાહેબની જગ્યાએ પ્લેસ કરીને માણસ નિમવામાં આવ્યો હતો. તે ચોરમાં સાહુકાર ગણાતો હોવાથી લાકડીને બદલે રબરના કટકા વપરાવતો. કેટલીક મુદત વિટવાટર્સ માઇનના ઉપરીઓએ જોયું કે દર માસિક કામ થતું નહોતું તેથી પ્લેસને વધારે જુલમ કરવા હુકમ કર્યો. પ્લેસે આમ કરવાની ના પાડવાથી તેણે રાજીનામું આપવું પડયું. આમની સભામાં ચરચા ચાલવાથી ફટકાને બદલે બીજી સજા કરવાનો હુકમ કર્યો. આ ઉપરથી પ્લેસ જેણે ચીનનો અનુભવ છે તેણે ચીનમાં ચાલતો રિવાજ દાખલ કર્યો. તે ગુન્હેગાર ચીનાને તદન નાગો કરતો પછી તેને તેની ચોટલી વતી કંપાઉન્ડમાં ખડા કરેલા જંડાની સાથે બંધાવતો અને ત્યાં બેથી ત્રણ કલાક સુધી ગમે તેવી ઠંડી હોય અથવા ગમે તેવો સખત તડકો હોય તોપણ ઉભા રાખતો. પછી બીજા ચીનાઓને આ માણસની તરફ દાંત્યા કરવા હુકમ કરતો. બીજી રીત એ હતી કે ગુન્હેગારના ડાબા હાથ ઉપર એક પાતળી રસી બાંધવામાં આવતી પછી તે રસી કડાંમાં ઘાલી ગરીબ બીચારા મજુરને લટકાવવામાં આવતો તે એવી રીતે કે માત્ર તેના પગના આંગળાની ટોંચ ઉપર બે ત્રણ કલાક સુધી ઉભો રાખવામાં આવતો. વળી કેટલેક ઠેકાણેતો બિચારા મજુરોને બે ફીટ ઉંચે બારોટયું રાખી તે બારોટીઆંની સાથે હાથમાં બેડી પહેરાવી બાંધવામાં આવતા, અને હાલી ચાલી ન શકાય તેમ બે ત્રણ કલાક સુધી રાખવામાં આવતા. આવી સજા તે ઓલમાંથી નીકળીને ચુલમાં પડવા જેવી થઇ. આમની સભામાં ચાબકાની ચરચા ચાલી તો માઇનના ઘાતકી અમલદારોએ ચાબકા બંધ કર્યા; પણ તેને બદલે વધારે ઘાતકી સજા મુકરર કરી એમ કહેતાં ભુલી ગયા. આ વાત બહાર પાડી ડેલી એક્સપ્રેસના અધિપતિ મી. પેકમેને સેંકડો ચીનાઓની છુપી દુવાઓ લીધી છે. જો એ બધું ખરૂં હોય, (અને ખોટું માનવાનું કાંઇ કારણ નથી.) તો ખાણના ઉપરીઓ પોતાના કર્તાની પાસે શું જવાબ દઇ શકશે? દક્ષિણ આફ્રિકાના ગરીબ મજુરોની હાય ખાઇ પાયમાલ થાય તો શી નવાઇ? ઇંગ્લેન્ડે લડાઇ કરી ટ્રાંસવાલ જીત્યું તેનું શુ આ પરિણામ!

ચીનાઓનો સંપ—કેબલેપરથી જણાય છે કે ચીના લોકોનો સંપ માત્ર અમેરિકનો સામે નહિ રહેતાં હવે તો કુલ યુરોપીઅનની સામે થતો જાય છે. તેઓના સંપથી પાસિફિક સમુદ્રમાં યુનાઇટેડસ્ટેટસનો આટાનો વેપાર એકદમ પાયમાલ થઇ ગયો છે.

ગુજરાતમાં આવેલ ડાભેલમાં મદ્રેસા.

ડાભેલ ગામમાં મદ્રેસા ખોલવાની હિલચાલ વિષે અમે જણાવી ગયા છીએ, તે ફંડના ખજાનચી મી. ઇસપ મીયાંએ આજ સુધી થએલ ઉઘરાણાનો ખરડો છાપવા અમને મોકલ્યો છે તે અમે દરેક અંકમાં કટકે કટકે છાપશું. આ કામ કેળવણીનું હોઇ વખાણવા લાયક છે અને જેઓને તે હિલચાલ બાબત ખબર નહિં હોય તેઓનું ધ્યાન અમે આ જગ્યાએ ખેંચીએ છીએ. ઉઘરાણું કરવા આવનારની રાહ ન જોતાં જેઓ ભરી શકે એવા હોય તેઓએ સુલેમાન ઇસમાઇલ મીયાંની કું. ના મેનેજર જોહાનેસબર્ગ બોક્સ નં. ૩૫૫૩.ને સરનામે ભરવા. ખરડો ભાગ પહેલો.

જોહાનેસબર્ગ.

	પા.	શિ.	પે.
મી. સુલેમાન ઇસમાઇલની કું. સીમલકના.	૧૩૬	૧૯	૧૧
,, ઇસપજી ઇબરાહીમ ભાકદી, ડાભેલ.	૧૦૦	૦	૦
,, યાકુબજી અહમદ શેખ લવાયા, ડાભેલ.	૫૦	૦	૦
,, અહમદ ઇસપ કાજી વીજ્ઞ, કારાકાદા.	૪૦	૦	૦
,, ઇસમાઇલ આમોદ મેમી, સીમલકના બાકી	૨૫	૫	૦
,, મુસા ઇબ્રાહીમ પટેલ, કફલેતા.	૨૫	૦	૦
,, ઇબરાહીમ અહમદ નાનાં, સમલકના.	૧૦	૫	૦
,, સુલેમાન અહમદ હાસ ડાભેલના.	૧૦	૧૦	૦
,, હાફેજ મોહમદ ઇસમાઇલ ગભરૂ, કફલેતેના	૭	૧૦	૦
,, મહમદ યાકુબજી બોબા બાકી, ડાભેલના.	૭	૧૦	૦
,, ઇસમાઇલ ઇબરાહીમ ચોરાસી, નવસારી.	૫	૫	૦
,, મહમુદ શાલેજી નાનાં, સીમલકનાં.	૫	૦	૦
,, ઇબરાહીમ મહમદ અસવાત, કફલેતેના,	૫	૫	૦
,, હસન ઇબરાહીમ લાખા સીમલકના.	૪	૪	૦
,, શીલ બાઇ,	૧૪	૦	૦
,, અહમદ જીવા સવત આણુગામના.	૪	૦	૦
,, ઇબરાહીમ ઇસમાઇલ મોતાલા, ડાભેલના.	૩	૧૦	૦

(અધુરે)

ફ્લોરેન્સ નાઇટીંગેલ.

તેનાં જબરદસ્ત કામ.

અમે એક અંકમાં ભલી બાઇ એલીઝાબેથ ફ્રાઇની કારકીરદીનું વરણન આપી ગયા છીએ. તેણે જેમ કેદીઓની હાલતમાં ફેરફાર કર્યો ને તેઓને સારૂં પોતાની જીંદગી આપી, તેમ ફ્લોરેન્સ નાઇટીંગેલે લશ્કરી સિપાઇઓને સારૂં પોતાનો પ્રાણ આપ્યો. ૧૮૫૧ ની સાલમાં જ્યારે ક્રીમીયાની બારે લડાઇ થઇ ત્યારે બ્રિટિશ સરકાર ધારા મુજબ ઊંઘતી હતી; કંઇ તૈયારી નહતી. અને જેમ બોઅરની લડાઇમાં થયું તેમ ક્રીમીયાની લડાઇમાં પણ શરૂઆતમાં ભુલો કરી સજ્જડ હાર ખાધેલી. આજે જેટલાં સાધનો જખમી માણસોની સારવાર કરવાનાં છે તેટલાં આજથી ૫૦ વર્ષ ઉપર ન હતાં. આજે જેટલા માણસો મદદ કરવા નિકળે છે તેટલા તે વખતે ન હતાં. શસ્ત્ર વિદ્યાનું જોર આજ છે તેટલું તે વખતે નહતું. ઘાયલ માણસને મદદ કરવા જવામાં પુન્ય છે, તે દવાનું કામ છે, એવું સમજનારા તે વેળા થોડા માણસ હતા. એવે વખતે આ બાઇ ફ્લોરેન્સ નાઇટીંગેલ કેમ જાણે ફીરસ્તો થઇ ઉતરી ન હોય એવાં તેણે કામ કર્યાં! સોલજરો દુઃખી થાય છે એ તેણે જાણ્યું, ત્યારે તેનું હૃદય ભેદાયું. પોતે મોટા કુળની પૈસાદાર બાઇ હતી. પોતાના એશઆરામ છોડી પોતે દરદીઓની સારવાર કરવા ચાલી નિકળી. તેની પછવાડે બીજી ઘણી બાઇઓ ગઇ. પોતે ૧૮૫૪ ના અકટોબરની ૨૧ મી તારીખે નીકળી પડી. ઇંકરમેનની લડાઇમાં તેણે સજ્જડ મદદ કરી. આ વખતે જખમીઓને ન હતાં બીછાનાં, કે ન હતી બીજી સગવડો. આ એક બાઇની દેખરેખ નીચે ૧૦,૦૦૦ જખમીઓ હતા. તે બાઇ પહોંચી તે વખતે મરણની સંખ્યા સેંકડે ૪૨ ની હતી, તેણીના જવા પછી એકદમ ૩૧ ઉપર આવી, ને છેવટ તે સેંકડે ૫ સુધી સંખ્યા આવી. આ ચમત્કારી બનાવ છે છતાં સહેજે સમજી શકાય એવો છે. આટલા હજારો ઘાયલ થએલા માણસોને લોહી ચાલતું અટકાવવામાં આવે, જખમ બાંધવામાં આવે, અને જોઇતો ખોરાક આપવામાં આવે, તો ઘણાક જાન બચે. માત્ર દવાની અને સારવારની જરૂર હતી તે આ નાઇટીંગેલે પુરી પાડી. એમ કહેવાય છે કે મોટા ને મજબુત માણસો કામ ન કરી શકે તેટલું નાઇટીંગેલ કરતી. પોતે દહાડો રાત મળી ૨૦ કલાક સુધી કામ કરતી. જ્યારે તેની નીચેની બાઇઓ સુઇ જતી ત્યારે પોતે એકલી મધ્ય રાતે મીણબત્તી લઇ દરદીઓના ખાટલા પાસે જતી, તેઓને આસાએશ આપતી અને જે કંઇ ખોરાક વિગેરે જોઇએ તે પોતાને હાથે આપતી. નાઇટીંગેલ જ્યાં લડાઇ ચાલતી હતી ત્યાં જતાં પણ ડરતી નહિં. ને જોખમ શું છે તે સમજી ન હતી. ભય માત્ર ખુદાનો રાખતી. જ્યારે ત્યારે પણ મરવું છે એમ સમજી દુઃખ ઓછું કરવાને ખાતર જે [illegible] ઉઠાવવી પડે તે ઉઠાવતી.

આ બાઇ કદી પરણી નહતી. પોતાની જીંદગી આવાં સારાં કામોમાં ગાળી. જ્યારે તે મરી ગઇ ત્યારે હજારો સોલજરો નાનાં બાળકની માફક પોતાની મા મરી ગઇ હોય તેમ પોકે પોકે રોયા એમ કહેવાય છે.

આવી બાઇઓ જ્યાં પેદા થાય તે દેશ કેમ આબાદ ન હોય! ઇંગ્લાંડ રાજ્ય કરે છે તે પોતાના બળથી નહિં પણ આવાં સ્ત્રી પુરૂષનાં પુન્યથી.

જાપાની વિષે એક હિંદીનો પહેલો અનુભવ.

જાપાનમાં અભ્યાસ કરનારા એક બંગાલી વિદ્યાર્થીના કાગળનો તરજુમો ઇન્દુ પ્રકાશ નામના પત્રમાં ઇંગ્રેજી ભાષામાં પ્રગટ થએલો જેનું ભાષાંતર અમે અમારા વાંચકની જાણ માટે પ્રગટ કરીએ છીએ :—

ટોકીયોમાં બોર્ડીંગ હાઉસ.

ટોકીયોમાં અમે બધા મળી ૨૮ વિદ્યાર્થીઓ છીએ. પણ ચીના વિદ્યાર્થીઓ લગભગ ચાર હજાર જેટલા છે અને તેમાં કન્યાઓ પણ છે. તેઓ પોતાની ચોટલીઓ કાપી નાંખી ઇંગ્રેજી લેબાસ પહેરે છે. આ ચીના અભ્યાસીઓ સુધારાના બહુ ઇંતેજાર છે. જાપાનમાં તેઓ જે કાંઇ નવું જુએ છે તે ગ્રહણ કરે છે. તેઓ શિલ્પ તથા બારિક હુનરો શિખે છે. હું જે બોર્ડીંગ હાઉસમાં રહું છું તેમાં બે ચીના વિદ્યાર્થીઓ, એક તેની બહેન તથા એક બીજી જાપાની કન્યા રહે છે. આ બે કન્યાઓ અહિંની હુનરની નિશાળમાં અભ્યાસ કરે છે. એક સવારે આ બે કન્યાઓને મેં તેઓની નિશાળની હકીકત પુછી, જે વિષે મને વાકેફ કરવા તેઓએ બહુ ખુશી બતાવી. અને તેજ સાંજે ચીની કન્યાએ મને જાપાની કન્યાને સાથે લઇ પોતાની રૂમમાં આવવા વિનંતી કરી. મેં તે આમંત્રણ સ્વીકાર્યું. હું સાંજે રૂમમાં દાખલ થયો કે મને બેસવાની જગ્યા આપી અને જાપાની કન્યાએ ગુલાબનો એક

સુંદર ગજરો મારી સન્મુખ મુકયો, અને કહ્યું કે તે બન્ને ત્રાંબાના સીક્કાથી ખરીદેલો છે. તેની સુંદરતા જોઇ મને તે સસ્તો જણાયો. પછી શુંઘવા માટે તેને મેં મારા નાક આગળ ધર્યો કે તરતજ બને કન્યાઓ જોસથી ખડખડ હસી પડી અને તાળીઓ પાડવા લાગી. મને બેઅદબ લાગી પણ સમજાયું નહિ તેથી છેવટે મારે તેનું કારણ પુછવું પડયું. જવાબમાં ચીની કન્યાએ કહ્યું કે હુન્નરની નિશાળના સૌથી છેલ્લા વર્ગમાં અભ્યાસ કરતી એક મારી જાપાની સહીયરના હાથનો બનાવટી ગજરો તે છે, અને તે રંગીત શણના કકડાનો બનેલો છે.

હુન્નરની નિશાળ.

આ નિશાળની મેં મુલાકાત લીધી, અને જુદી જુદી કળા શિખવવાની વખાણવા લાયક પધ્ધતિ જોઇ હું અચંબો પામ્યો. અભ્યાસિઓના હાથની બનાવટો તે કળાભુવનના એક ભાગમાં શોભિતી રીતે ગોઠવી હતી અને તેનો દેખાવ ધ્યાન ખેંચનારો હતો.

હિંદી કન્યાઓને આમંત્રણ.

આ સાદી કળાઓ શિખવાને હિંદી કન્યાઓએ અંહિ આવવાની જરૂર છે. તેઓ આવી કળાઓ શિખી પોતાની આજીવકા મેળવે એટલુંજ નહિં પણ સારી કમાણી કરી શકે. તેઓને જ્ઞાન મેળવવા માટે આ નિશાળો બહુજ માફક આવે તેવી છે. વળી અંહિ આવનાર કન્યાને માત્ર ૬ માસનોજ ખરચ સાથે લાવવાની જરૂર છે. ૬ માસમાં જાપાની ભાષા તેઓ શિખી શકે, અને બોલતાં આવડયું કે તરતજ ઇંગ્રેજી કન્યાશાળાઓમાં મહેતાગીરી મળી શકે છે. અંહિની ઇંગ્રેજી કન્યાશાળાઓમાં સ્ત્રી શિક્ષકની બહુ માગણી થાય છે અને પગાર પણ સારા મળે છે.

હલકા વર્ણમાં કેળવણી.

અહિંની હલકી જાતો પણ અભણ નથી. ચાકરડીઓ, હેલકરીઓ, તથા ગાડી વાળાઓ પણ ન્યુસપેપરો વાંચતા માલુમ પડે છે, અને પોતાના દેશની સ્થિતિનું સારૂં જ્ઞાન ધરાવતા હોય છે. આ લોકો મોખરામાં જવા, અને ચાકરડીઓ ઘવાયલાની સારવાર કરવા બહુ આતુર હોય છે. સઘળા લડાઇને માટે બેહદ ઉત્સાહ બતાવે છે.

(અપુરૂ)

કદર—કાઠીયાવાડમાં ઇસ્લામ ગેઝેટ નામનું પ્રગટ થતું પહેલું ઇસ્લામી પત્ર અમોને ઉપરાં કેટલાક અઠવાડિયાં થયાં મળેછે. તેમાં લખાણો સારાં આવે છે તેમજ નવીન ખબરો પણ ઠીક આવેછે. અહિંની ઇસ્લામી કોમ તરફથી ઉત્તેજન મેળવી લોકપ્રીય થાય એવું અમે ઇચ્છીએ છીએ.

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.
૨. અક્ષર ચોખા શાહીથી લખવા.
૩. નામ તથા ઠેકાણું બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ પણ અમારી જાણને સારૂં.
૪. લખાણ હમેશાં ટુંકું અને મુદાસર કરવું.—[અધિપતિ.]

હિંદની પડતીનાં સબળ કારણ.

તે સામે યોજવાના ઉપાયો માટે બે કડવા બોલ.

[ગયા અંકનાં પાના ૫૯૨ થી ચાલુ.]

(લખનાર યુ. એમ. શેલત આર્યપુત્ર.)

પતિ અને પત્નિ વચ્ચે વીક્ષેપ થવાનું કારણ વિચારો અને લાગણીઓનું જુદાપણું જ છે જે બનતા સુધી જ્યારે બેમાનું એક ભણેલું અને બીજું અભણ હોય ત્યારેજ થાય છે. સરખામણી કરતાં તો હાલમાં પુરૂષ વર્ગ કંઇક ભણવામાં આગળ હોય એમ જણાય છે, જ્યારે સ્ત્રી વર્ગ તદન પછાત છે એમ કહેવાને હરકત નથી, તેથી વિદ્વાન પતિ સાથે મુર્ખ પત્નિના વિચારો મળતા ન આવતાં આખો ભવ "હા" અને "ના" ના ન્હાના કજીઆ કલેશમાં જાય છે.

જે પતિ ડાહયો અને સમજુ સુશીક્ષક હશે તો તો માથે અથડાએલા પથ્થર (અભણ પત્નિ) પણ મણીસમ માની લેશે, અથવા તો મણીસમ કરશે, કારણકે મ્હારૂ એમ નથી કહેવું કે સ્ત્રી ખુબ ભણી પરિક્ષાઓમાં પસાર થએલી હોવી જોઇએ પરંતુ નીતિ વ્યવહારની કંઇક જાણીતી અને ઘરના ખરચનો હિસાબ રાખી વધારે નહિ તો તેની પોતાનીજ ફરજેનો સાર અસાર વિચાર કરી શકે તેવી હોવી જોઇએ. કેટલીક ભણેલી હોય છે, પણ તેનામાં ઉપરના ગુણો હોતા નથી એટલે ભણી પણ ગણી નહિં તેવી હોય છે. તેથી તે તેના પતિને પથ્થર સમ થઇ પડે છે. આથી ખુલ્લું છે કે ભણી પરિક્ષાઓમાં પસાર થએલી નહિ હોય તેની દરકાર નહિં પણ ઉપરના ગુણ વાળી (ભણેલી) તો હોવીજ જોઇએ.

ભણેલીમાં ઉપરના ગુણો નથી હોતા તો પતિ તેને પથ્થર જેવી છતાં ઉપરના ગુણોથી ભરપુર કરવા શક્તિવાન બને છે, પણ બિમાંનું કાંઇ નથી હોતું ત્યારે તો સુજ્ઞ પતિ તે માથે પડેલા પથ્થર રૂપ પત્નિને નામની ધણી કરી માની લેશે, અને તેને અથવા બીજા માણસોને તે પથ્થર રૂપ પત્નિનો સંતોષ અથવા અસંતોષ બતાવશે નહિ, પણ તે મનમાં અને મનમાં બળ્યા અને ઝુર્યા કરશે અને બીજી ઘણી ફીકરોમાં આ પત્નિ તરફના અભાવ અને અસંતોષ રૂપી ફીકરનો વધારો થતાં ક્ષણે ક્ષણે તે દુઃખોના સ્મરણથી બીજા કામમાં તેનું ચિત્ત પુરેપુરૂં અથવા થોડુંક લાગતું નથી. કદાચ મારી મશ્કરીને લગાડશો તોપણ અમથી કહાણી સાંજે ઘેર આવશે ત્યારે પણ એમ નીવારણ થતી નહિં મળવાથી કોઇ અસાધ્ય વ્યાધિના પંજામાં સપડાશે. તેનો અમલ તેના નિરાશ થએલા ફીકર વાળા મન ઉપર પુરેપુરો જામશે અને આખરે તે તે વ્યાધિના ફંદમાં આહુતી થઇ પડશે. તેની સઘળી આશાઓ મનમાં ને મનમાંજ રહે છે. તો માબાપોએ પોતાની પ્રજાનો વિવાહ કરવાં ખુબ વીચાર કરવો જોઇએ કે જેથી તે પ્રજા ભવિષ્યમાં દુઃખી ન થતાં હિંદની ચડતી કરવા સમર્થ બને અને તે માટે સમર્થ પ્રજાને જન્મ આપે.

(અપુરૂં.)

હિંદીઓને સુચના.

મહેરબાન ઇન્ડિઅન ઓપિનિઅનના અધિપતિ સાહેબ,

નીચેની બીના આપના પ્રખ્યાત પેપરમાં દાખલ કરી સેવકને આભારી કરશો એવી આશા છે.

મારા વહાલા દોસ્ત ભાઇઓ આપણને પુરેપુરી ખબર છે કે જે દિવસથી ઇંડિઅન ઓપિનિઅન નામના પેપરે જન્મ લીધો તે દિવસથી એ પેપરના કારભારીઓ પોતાના શીર ઉપર જોખમ ઉઠાવી પોતાના સ્વદેશી હિંદી ભાઇઓનાં દુઃખનો પોકાર ઉઠાવી રહ્યા છે. તેમજ ઘણાં ચર્ચાપત્રીઓ પોતે જવાબદાર રહી બહાર પડી જણાવે છે કે એકપતા કરી આપણી અદેખાઇ કરનારી પ્રજા સામે હિંમતથી ટક્કર લેવી જોઇએ, અને આપણે ખરી બ્રિટિશ પ્રજા છીએ અને હક માગવાને યોગ્ય છીએ એવી છાપ અહિંની ગોરી પ્રજાપર પાડવી જોઇએ. આવો આવો પોકાર દર અંકમાં ચર્ચાપત્રીઓ કરતા હોવાં છતાં આપણે પછાત બુદ્ધિના હિંદીઓના સખત દીલ ઉપર એ બાબતની કાંઇ અસર થતી નથી એ દીલગીર થવા જેવું છે.

ચર્ચાપત્રીઓનાં લખાણનો આપણે માત્ર એટલોજ ઉપયોગ કરીએ છીએ કે આપણા સ્વદેશી હિંદી ભાઇ સાથે કાંઇપણ વિચારયા વગર જલદીથી લડવા ઉતરી પડીએ છીએ. આતો હક મેળવવાની રીત કે કેમ? એ પુછવા જેગ સવાલ છે. આપણે જાણીએ છીએ કે જોહાનિસ્બર્ગની ખાણમાં કામ કરતા ચીનાઓ ગીરમીટમાં આવેલા છે, પણ તેના ઉપર અહીંના ગોરાઓ પોતાનું ગોરાપણું બતાવવાને એકદમ અસહ્ય નીચ કયા છે એમ લોર્ડ સેલબર્ને આપેલા જવાબથી જણાય છે.

વર્તમાન પત્રોથી આપણે જાણીએ છીએ કે થોડી મુદત ઉપર અમેરિકામાં ચીનાઓને ઘણું દુઃખ સહન કરવાં પડતાં હતાં; પણ

ચીના વેપારીઓએ દેશનાં ભલાંને સારૂ નુકશાન સહન કરી એકયતા કરી ઠરાવ કર્યો કે અમેરિકન વેપારી સાથે વેપાર કરવો નહિં જેથી અમેરિકન સરકારની હવે આંખ ખુલી છે. અને ચીન સરકાર ઉપર પન વહેવાર વધારે છે. તેમજ પ્રેસીડંટ રૂઝવેલ્ટે એવો હુકમ બહાર પાડયો છે કે ચીનાઓને પોતાની ગોરી પ્રજા સરખા ગણવામાં આવશે.

આવી તરેહની દરેક પ્રજામાં એકયતા છે જેથી તે પોતાનું ધારેલું પાર પાડે છે પણ આપણે હિંદી ભાઇઓ આવા તાલ દાખલાનો કાંઇ ખ્યાલ લેતા નથી જેથી જણાય છે કે હજુ આપણે બરોબર ઊંઘમાં છીએ.

કેટલાક સાહેબોનું માનવું એવું છે કે ચીનાઓ બે અકલ છે પણ જોહાનેસબર્ગની ખાણમાંના ચીનાઓની વરતણુકથી ખુલ્લુ જણાય છે કે એમ કહેનાર પોતેજ બે અકલ છે. ટુંકામાં જ્યાં સુધી એકયતા નહિં થાય ત્યાં સુધી હક મેળવવાની આસા રાખવી એ ધુમાડાના બાચકા ભરવા સરીખું છે.

કીંબર્લી, લી. આપનો સેવક,

તા. ૨૩-૮-૦૫. હુસેન અહમદ.

પરચુરણ ખબરો.

કોલકરારો—એવું જાણવામાં આવ્યું છે કે સલાહના કોલકરારોમાં કુલ મળી ૧૭ જુદી જુદી કલમો છે.

તુરકી અને ચીનનો અસંતોષ—રૂસો જપાની સલાહથી આ બે રાજ્યો નારાજ થયાના ખબર મળ્યા છે. જાપાને અતીશય ઉદારતા બતાવી તેથી ચીન નારાજ થયું છે. રશિયા લડાઇના ખરચમાંથી બચી જવાથી તુરકી નાખુશ થયું છે.

લડાઇનો સંભવ—રશિયાના એલચીએ લડાઇ બંધ કરવાની માંગણી કરવાથી જપાની એલચીએ જણાવ્યું કે જ્યાં સુધી કોલકરારો ઉપર તેની નીચે રીતસર સહી નહિં થાય ત્યાં સુધી લડાઇની હીલચાલ ચાલુ રહેશે.

ખાણના ચિનાઓએ કરેલો હિંદીઓ ઉપર હુમલો—બોકસબર્ગમાં કલેનફોનટેન ખાણના ૨૦ ચીનાઓએ ગુરૂવારે ૩૦ મી ઓગષ્ટે મોટા ચપ્પુ વતિ કેટલાક હિંદી કામદારો ઉપર હુમલો કર્યો. તેમાંથી એક માણસને એવો સખત ઘા વાગ્યો કે તે મરણ પામ્યો. બીજા ત્રણને પણ જખમ બહુ થયા છે. બે માણસો પકડાયા છે, ને આ લખતી વખતે તપાસ ચાલતી હતી.

કપુરનો વેપાર—કપુરની આયાત માટે હિંદુસ્થાનને જાપાન ઉપર ખાસ આધાર રાખવો પડે છે. છેલ્લાં બે વરસ થયાં તે આયાતમાં ઘણો ઘટાડો થઇ પડેલ છે. છેલા વરસની આયાતમાં ૧,૮૫,૮૮૧ રતલનો ઘટાડો થયો હતો. તેને વિષે એમ માનવામાં આવે છે કે કપુરનો ઉપયોગ સરસ દારૂગોળો બનાવવામાં બહુ અગત્યનો હોવાથી કપુરની જાતપર જાપાન બહુ દાબ રાખે છે

ઠીંગણો હાથી—પારીસની કોલોનીયલ ગારડનમાં સહુથી મજાએથી ભરેલું પ્રાણી નાનામાં નાના ટટ્ટુ જેવડો એક હાથી છે. તે ફ્રેન્ચ.કોંગો પ્રદેશમાંથી ત્યાંના વતનીઓએ પકડેલ. આ નાનકડા હાથીનો હમેસનો ખોરાક અરધા ગ્યાલન દુધમાં પલાળેલા ૬॥ રતલ ચોખા તથા આશરે બે રતલ ભાજીપાલો છે. તે દશ મહિનાની વયનો છે

પોરબંદર જનારાઓને ખબર.

જનરલ લાઇનની આગબોટ રૈરતાગ અતરેથી તા. ૩૦ મી સપટેમ્બરે ઉપડશે તે પોરબંદર જશે વાસ્તે કાઠીયાવાડ જનારાઓએ તૈયાર થઇ જવું ખાસ કરી સેકન્ડ કલાસમાં જનારાઓ પહેલેથી ટીકીટનો બંદોબસ્ત નહિ કરશે તો પછીથી નહિ મળશે. વધારે ખુલાસો મી. ઓસમાન આમદને પુછવાથી મળશે.

ખાજા સાહેબનો ઓરસનો હલાડો—અમગેનીમાં ખાનકા શરીફમાં હઝરત સુફી સાહેબના મકાનપર તા. ૯ મી શનીવારના, તા. ૧૦ મી રવીવાર અને તા. ૧૧ મી સોમવારના મુકરર થયો છે. ત્યાં આમ લોકોને ૩ દિવસ દાવત છે. તેમજ ખાવાનો પણ બંદોબસ્ત થએલો છે સનદલ મુબારક સનીવારની રાતે નીકળશે. ૩ દિવસ બહુ જલસો રહેશે. રવીવારે મોલુદશરીફ છે, દરેક મુસલમાનો હાજર થઇ લાભ લેવા ચુકશો નહિં.

ધરતીકંપના ફંડમાં મળેલ નાણાં.

મેસર્સ એ. એ. ગાંધી, ની કુ૦ ટોંગાટ,		૧	૦	૦
મી. લાલકીસન મહારાજ,	,,	૦	૧૦	૦
,, રેવાશંકર લાઇચંદ,	,,	૦	૫	૩
,, ભીખા પરસુ,	,,	૦	૫	૦
મી. દેવદાન રાઘવજી,	,,	૦	૨	૬
,, રામ ફકીર,	,,	૦	૨	૬
,, સી. જી. દેસાઇ,	,,	૦	૦	૭

સ્ટીમરોની આવ જાની ખબર.

જરમન લાઇનની સ્ટીમર જનરલ તા. ૨ જી સપટેમ્બરના ઉપડી ગઇછે. સ્ટીમર સુલતાન તા. ૧૪ મી એ મુંબઇથી આવી તા. ૧૬ મી એ મુંબઇ વાસ્તે ઉપડી જશે. મી. ઓસમાન આમદ ઇંડિઅન પાસેંજરના એજંટ છે.

ઇન્ડિઅન આફ્રિકન લાઇનની સ્ટીમર જમાલપુર ડરબન આવી પહોંચી છે અને રોડ નં. "આઇ" માં માલ ઉતારે છે. તે તા. ૧૫ મી સપટેમ્બરે કલકતા માટે પાસેંજરો લઇ ઉપડશે.

ગ્રાહકોને વિનંતી.

આઇ સાલનું લવાજમ જે ગ્રાહકોની પાસે બાકી રહેલું હોય તેમણે મોકલી આપવા મે. કરવી.

આ અઠવાડીઆમાં મળેલ લવાજમ.

મી. એમ. ડી. ભાયા, સ્ટેંડરટન.		૦	૧૭	૬
,, જે. ડી. દેસાઇ,	બીલેર.	૧	૫	૦
,, મહમદ જાન મહમદ, પી. એમ. બર્ગ.		૦	૧૨	૬
,, સંબલ.	નનોટી.	૦	૧૨	૬
,, સુલેમાન ઇબ્રાહીમ, એટાઉન.		૦	૧૪	૬
,, આમદ કાજી, હેડલબર્ગ.		૦	૧૭	૦
,, ઈચ્છારામ જીવણ, ડરબન.		૦	૧૨	૬
,, એ. લીએન્ડર, સેડારબીપ.		૦	૧૨	૬
,, આજમ અબેદ, લીચનબર્ગ.		૦	૧૭	૦
,, આમદ કાજી,	હેડલબર્ગ.	૦	૧૭	૬
,, હીલ્રે સેફ,	ડરબન.	૦	૧૨	૬
,, સમ્બલ,	નનોટી.	૦	૧૨	૬
,, નાનાલાલ ભાઇચંદ,	કર્ની.	૦	૧૨	૬
,, ડાકટર નાનજી,	ડરબન.	૦	૧૨	૬
,, લુઇ બ્રાવન,	,,	૦	૧૨	૬
,, એ. ઇ. માયત,	,,	૦	૧૨	૬
,, નરસી પ્રેમજી,	પી.એમ.બર્ગ.	૦	૧૨	૬
,, અહમદ વલી બારબર,	,,	૦	૬	૦
,, કારા નાના,	,,	૦	૧૨	૬
,, કે. એમ. પથર,	,,	૦	૧૫	૬
,, નોહારસા,	,,	૦	૧૨	૬
,, વી. આર. પીલે,	,,	૦	૧૨	૬
,, સોમચંદ એન્ડ આમાદ,	,,	૦	૧૨	૬
,, કુવન બારબર,	,,	૦	૧૧	૬
,, આર. કે. નાઇડુ,	,,	૦	૧૨	૬
,, અબદુલા આમદ,	,,	૦	૧૨	૬
,, એ. નીરા સામી,	,,	૦	૧૨	૬
,, ગોવીંદ મકન,	,,	૦	૨	૬
,, સુલેમાન કાસમજી,	,,	૦	૧૨	૬
,, મોટા ઇસમાઇલ,	,,	૦	૧૨	૬
,, અમરસી ભવાન.	,,	૦	૫	૦

इन्डिअन ओपिनिअन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. ९वीं सपटेम्बर, १९०५. नम्बर ३६.

सप्ताहिक पञ्चाङ्ग.

—✱—

इंग्रेजी—ता. ९वी सपटेम्बरसे, ता. १५ वी सपटेम्बर १९०५ तक.

हिंदु—भाद्रपद सुदी ११ से भाद्रपद वदी २ सम्वत् १९६२ तक.

वार.	[illegible]	[illegible]	[illegible]	[illegible]	त्योहारोंकी यादी.
			क.मि.	क.मि.	
शनि.	९	११	६ ५	५ ४३	
रवि.	१०	१२	६ ४	५ ४३	
सोम.	११	१३	६ ३	५ ४४	
मंगल	१२	१४	६ २	५ ४४	
बुध.	१३	१५	६ १	५ ४५	
गुरु.	१४	१	६ ०	५ ४५	श्राद्ध बैठे.
शुक्र.	१५	२	५ ५९	५ ४६	

इंडिअन ओपिनिअन.

शनिश्चर, ता. ९वीं सपटेम्बर, १९०५.

शाबाश बङ्गाल!

—o—

हम पहले लिख चुके है, कि भारत सरकारने बङ्गालके अङ्गच्छेद करनेका निश्चय किया, जब कलकत्तामें बड़ी सभा हुई थी, और सङ्कल्प किया गया था, कि जो सरकार दाद न देवें, तो विलायती व्यापार बन्द करना. सरकारने बङ्गालके अङ्गच्छेदका मन्तव्य प्रकाश कर दिये और प्रजा पुकारकी बिलकुल दरकार नहीं की है.

अब आनन्ददायक समाचार आया है, कि विलायती माल लेनेका बन्द हो गया है. यह निश्चयसे मानचेस्टरके व्यापारियों घबराइ गये हैं. उनके व्यापारमें धक्का लग गया है. जैसा जोर चीनाओंने चीनमें पकड़ा है, वैसा बङ्गालियोंने बङ्गालमें दिखाया जान पड़ता है. यह बातमें किसी प्रकारसे छुटी न पड़े और बराबर चलाइ जांय, तो सरकार अन्याय करती भूल जायगी. इस समयपर बङ्गालने भारतकी इज्जत बचाने जैसी राह पकड़ी है. हमें आशा है, कि बङ्गालियों यह निश्चयपर दृढ़ रहकर अपनी नेक और नाम निभायेंगे.

दारु पिनेसे हानि.

—o—

हमें मालुम है, कि गुजराती हिन्दीयोंमें कुछ बहुत आदमियों दारु पिनेकी खराब आदतमें पड़ गये है. कोई दस साल पहले दारु पिनेवाले गुजराती हिन्दीओं क्वचित देख पड़ते थे. अब डर्बन शहरमें कई कई पिठाओंका निभाव गुजराती हिन्दीओंपर ही चल रहा है. यह बड़ी अफसोसकी बात है. कुछ समय पहले वे लोगको दारु कहांसे मिल सके, उसके लिये एक विज्ञापन (जाहिर खबर) वह "इन्डियन ओपिनियन" अखबारमें छापनेके लिये आया, परन्तु हमें नहीं लिये. ऐसे विज्ञापनसे यह अखबारका निभाव चलाने पर हमारी ईच्छा नहीं है.

दारु जैसे हानिकारक दुसरा एक भी व्यसन नहीं है. दारु सिर्फ शरीरको खराब करता है. इतना ही नहीं, लेकीन इससे मनुष्यमें व्यभिचार, चोरी, जुआ वगैरह खराब आदत दाखिल होता है. हमारा अनुभव अनुसार हिन्दीओंमें दारु सिर्फ आदतके लिये पिया जाता है, कुछ शरीर-रक्षाके लिये कोई नहीं पिते है. दारुसे जितनी खराबी हमारे लोगमें देखी जाती है, उतनी गोरि प्रजामें नहीं है. ऐसे कितनेक गोरेंको हमारे लोग देखते हैं, कि वे सिर्फ शरीरका सुख है, ऐसा समझकर पिते है. वे लोगमें दुसरी तरहकी खराबी देखनेमें नहीं आती है, लेकीन इससे शरीर सुख बदनेके बदले घटते जाते हैं, ऐसा बहुत यूरोपके विद्वानों दिखाने लगा है.

हमें गत अङ्कमें कह गये है, कि ब्रिटिश एसोसीएशनके मेम्बरें दक्षिण आफ्रिकाकी सैरको आये हैं. अब यह मेम्बरोंका दल ट्रांस्वालमें गया है. उसमें प्रोफेसर मेकेन्ड्रीक नामे एक मेम्बर है. यह प्रोफेसर साहब ग्लासगोका एक शास्त्री है और शारीरिक ज्ञानशास्त्रका खासगी अभ्यास किया है. उन्हें जोहानेसबर्गमें गत ता॰ ३१ वींके रोज दारुसे शरीरपर होती खराब असरके दृष्टांतों देकर एक बड़ा भाषण दिया था. जिस समय मेसोनीक हालमें लोगोंकी बड़ी भीड थी. प्रमुखपदका स्थान मि॰ हॉसेकन साहबने लिया था.

भाषण करते प्रोफेसर साहबने दिखा दिया, कि अब जो शोध हुई है, वह अनुसार देखनेसे दारुकी खराब असर शरीर पर खुब सख्त होती है. कितने आदमी मानते हैं, कि दारु पिनेसे शरीर गर्म्म रहते है. परन्तु वे भूलते है. अलबत, दारु पिनेवालेंको अपना शरीर गर्म्म लगता है. कारण, दारु रक्तको गर्म्म कर, रक्तकी वेग चाहिये इससे अधिक बढ़ाता है. फल यह आता है, कि चमड़ीके ऊपर चौड़ा बनता है. इससे पिनेवालेंको गर्मी जनाती है. कभी इन आदमीकी गर्मी मापी जांय तो कमती देख पड़ती है. ठंडीकी मोसममें गर्मी पकड़नेके सबबसे दारु पिया जाता है. यह भूल समजकर और साधारण अनुभवसे भी देख सकते है, कि पिनेवाले आदमी ठंडी बहुत कमती सहन कर सकते है.

प्रोफेसर साहबने दिखा दिया है, कि शरीरके तंतुओंपर दारु बिलकुल खराब असर करते हैं. जो कुछ हम करते हैं, तो उसकी गति मगजमें रही हुई अमुक शक्तिसे पैदा होती है. हम लोगको हाथसे कुछ उठानेका हो, तो हाथको और दुसरे स्नायुको हुकम करनेवाली शक्ति मगजमें है. अब इस जमानेमें कई कई कलें नीकल चुकी है. इससे मगज द्वारा जब हुकम होता है, तभी कितना शिघ्र शरीरके अवयवों काम करता है, सो नाप सकते हैं. इन प्रकारसे प्रोफेसर साहबने प्रयोगसे सिद्ध किया है, कि आदमी दारु पिने पिछे जितना झडपसे काम करता है, इससे अधिक झडपसे वह ही आदमी जब दारु न पिता हो, तब विशेष काम करता होगा. अनेक लोगका मानना है, कि पिनेसे काम खुब हो सकता है. यह अवश्य भूल है. दारु पिनेसे मगज शक्ति मन्द होती है. अलावा चालमें, बातमें और दृश्यमें फरक पड़ आता है. आखिर लम्बा समयतक दारु पिनेसे मगज शक्ति बिलकुल बन्द पड़ जाती है. जिसको अङ्ग्रेजीमें "पेरेलीसीस" कहते है और हम लोग "लकवा" कहते हैं. प्रोफेसर साहबने अनेक तरहसे दिखा दिया है, कि शरीरपर दारुकी असर बहुत खराब होती है.

टर्की राज्यमें सैनिक बल—टर्कीके सुलतानने अपना राज्य प्रभृतिके नौसैन्यको मजबुत करनेके लिये ९० लाख रुपयेका खर्चसे कितनीक नई डीस्ट्रोयर बोटों और ट्रान्सपोर्टो बनवानेका हुकम एक फ्रेंच कम्पनीको दिया है.

भारत साथ इंग्लान्डका सम्बन्ध.

भारतवर्षके ब्रिटिश अमलके फायदा या गैरफायदा कितने है, यह हम कुछ समझ सकते हैं. किन्तु कर्नल सर फ्रान्सीस यंगहस्बन्ड, जिस थोडा वक्त पर तिबेटका कल्याण करके आये थे, उन्होंने ब्रिटिश अमलका एक ऐसा फायदा प्रकाशमें लाया है, कि वह अबतक घोर अन्धारामें रह गया होगा; वह कुछ नहीं समझ सकते हैं! केम्ब्रीज युनिवर्सिटीके वाइस चान्सेलर मि० इ. ए. पेकका प्रमुखपद निचे गत ता० १० वी जुनको उन्होंने "भारत साथ इंग्लान्डका सत्य सम्बन्ध" यह विषयपर व्याख्यान दिया था. भाषणके आरम्भमें तो उन्होंने हिन्दी प्रजाकी राजनिष्ठाके लिये बहुत प्रशंसा की है. वह कहता है, कि ब्रिटिश अधिकारियों तरफ कोई कोई समय पर हिन्दी प्रजा तिरस्कार प्रहार करती है, परन्तु नामदार शाहनशाह तरफ कदापित ऐसा किया जाता है. दक्षिण आफ्रिका वगैरह स्थलपर इंग्लान्डके कठीन समयपर ब्रिटिश अमलकी विरुद्ध चलनेके लिये प्रयत्न न किये. परन्तु उस वक्त सहायता देनेके लिये वे लोग निकल आये थे. यह तो हिन्दी प्रजाकी राजनिष्ठा—राजा तरफ का उनका पूज्य भाव—की कथा कही, मगर उसमें हिन्दी प्रजाको लाभ क्या?

यह साहब कहता है, कि ब्रिटिश अमलके आरम्भमें, ऐसा प्रसंग पर निरय बनता है, वह अनुसार कितनेक जुलम हुआ था, लेकीन उसका बदला वर्तमान और भविष्यके अमलसे वे लोग दे देंगे. कर्नल यंगहस्बन्ड कहता है, कि हिन्द उन्होंने जित लिया है, तो भी जिते हुए और जितनेवालों जैसा सम्बन्ध ये लोग हिन्दियों साथ रखने पर राजी नहीं है. समस्त हिन्दपर अमल चलानेके लिये सिर्फ १,००० अंग्रेज सिविलियनो है, जिस दर १,२०० चीतसे मनुष्यपर एक भी नाम नहीं आता है. हिन्दकी राज्यव्यवस्था विशेष करके हिन्दी प्रजाके हस्तसे ही चलाई जाती है! हिन्दकी जमीन और महसुलका कार्यभार विशेष करके हिन्दवासियोंही चलाते हैं! लेकीन ब्रिटिश सरकारकी हिन्दी प्रजा उनकी, प्रभाव और बडी सेवाके लिये, यह साहब कहता है, कि हिन्दमें बिठाई गई सुलह शान्ति है. जिसके लिये निश्चिन्तमें हम लोग ईश्वर स्तवन कर सकते हैं! यह ब्रिटिश अमल आगे दंगा फिसादके समयपर हम शान्तिसे नहीं कर सकता था, हिन्दी प्रजाकी इस बाबतमें कर्नल यंगहस्बन्ड साहब बडी प्रशंसा करते हैं और हमारे यह व्यापारमें कभी इजा न पडे, ऐसा ब्रिटिश अमल सदा चलता रहे, ऐसी यह साहब प्रार्थना करता है! हिन्दी प्रजाको स्वराज्य चलानेकी शक्ति आनेके लिये तो यह साहब ना कहता है और इससे हिन्दपर ब्रिटिश अमल सदा चलता रहने पर वह आवश्यकता दिखाता है. हिन्द तरफ यह कैसी दिलसोजी! उनके तरफके कर्तव्यका कैसी श्रद्धा—तुम्हें मजन करो और हमें राज्य करें!—"प्रजा वस्तु."

ब्रिटिश मध्य आफ्रिका.

इसलाम धर्मका प्रचार.

ब्लेनटायर, झोम्बा वगैरह शहरोंसे 'स्टार' अखबारका एक समाचारदाता लिखता है, कि कोई वीस सालसे यहां इसलाम धर्म जोरसे फैल रहा है. ठेर ठेर छोटी मदेसायों बन रही है. जहां मुल्लायो इसलाम धर्मपर शिक्षा दे रहे हैं और सैंकडो काफिर लोग शिक्षा पाते है. कोटे झोम्बामें मिशनरियोंका स्कूल था, वह इसलाम धर्मके बलसे बन्ध हो गया. पादरियोंकी स्कूले छोडकर काफिर लोग मदेसायोंमें जा रहा है. पादरियोंका प्रतिनिधियोंने सरकारसे प्रार्थना की है, कि वह रहते इसलाम धर्म दूसरे दस वर्षतक फैल रहेंगे, तो अन्तमें पादरीकी एक भी स्कूल रहने नहीं पावे. अब काफिर कौम जागृत हुई है, वह समयपर ब्रिटिशकी सामने खडेंगे, ऐसी सम्भवना है.

टोकियोमें ओरिएन्टल स्टुडन्टस युनियन.

"ओरिएन्टल स्टुडन्टस युनियन" नामे एक सोसाइटी टोकियोमें स्थिर हुई है. सोसाइटीमें हिन्द, सियाम, फिलिपाइन, कोरिया और चीनके विद्यार्थियों भाग लेते हैं और मेम्बर है. सोसाइटीका उद्देश पूर्व देशोंके जिस विद्यार्थियों यहां अभ्यास करते हैं, उन्होंको एकत्र बनानेका है. कितनेक जापानी अमीर उदार लोग उसमें अच्छी सहायता देते हैं और कई कई तो प्रथम मिटिंगमें उपस्थित हुए थे, सोसाइटीकी व्यवस्था एक जापानी बाईसे चलाई जाती है. यह सोसाइटी उसका प्रवास और अमलसे चलती है. सोसाइटीका बल बढानेके लिये आप उद्योग आयोजन बहु परिश्रमसे कर रही है. आप हिन्दी विद्यार्थियों पर विशेष प्रिति रखती है. उनकी इच्छा हिन्द देखनेकी है. प्रथम मिटिंगमें गायकोंने हिन्दी गायनों गाये थे और जिसके सुरकी प्रशंसा श्रोताओंने की थी.

रूस और जापान.

सन्धिकी शर्ते.

जापानने जो शर्त की थी, उसमें उन्हें अपनी उदारता दिखाकर दो शर्ते कमी ज्यास्ती छोड दी है प्रथम एक भी लडाईके बदल कुछ नहीं लेना. परन्तु सिर्फ रूसी कैदियोंके खर्च बदल और घायल हुए सिपाहियोंकी मावजतके खर्च बदल जापानको रूस १२,००,००० पौन्ड देवें. दुसरी शर्त यह है, कि सघेलियन टापुमें अर्ध भाग जापान लेवे और अर्ध भाग रूस लेवे. यह सन्धिसे रूसी प्रजा आनन्द मानते है परन्तु जापानमें अशान्ति फैल रही है और यह रूमती होने पर कुछ भिन्न देख नहीं पडता. सन्धिका तहनामा तैयार हो जाय पिछे शीघ्र उसमें सही करके दोनों पक्षके प्रतिनिधियों स्वदेश जानेके लिये इन्तेजार है. जापानी प्रतिनिधियों जापान आकर सन्मान मिलने पर कुछ भी आशा नहीं रखते है. इतना ही नहीं, परन्तु जापानी प्रजा उन्होंकी तरफ क्रोधकी दृष्टिसे देखेगे.

कहते है, कि सन्धिकी शर्तोंमें सब मिलकर जुदी जुदी १७ कलमों है.

लडाईकी सम्भवना.

रूसी प्रतिनिधिने लडाई बन्ध करने पर इच्छा करनेसे जापानी प्रतिनिधिने कहा, कि जहांतक शर्त तैयार होकर उसकी पर सही न हो, वहांतक लडाईकी हलचल जारी रहेगी.

चीन और तुर्कीको असंतोष.

खबर मिली है, कि रूस जापानकी सन्धिसे तुर्की और चीन दोनों राज्य नाराज हुआ है. जापानने बहुत उदारता दिखानेसे चीन नाराज हुआ है और रूस लडाईके खर्चसे बच जानेसे तुर्की राजी नहीं है.

सेनापति कोंजी—सीआ युद्धके सम्बन्धमें वाचक लोग सेनापति कोंजीका नाम न भूल गये होंगे. उन्होंने युद्धमें बडी धीरता दिखाई थी. वे बडे स्वाधिन स्वभावके मनुष्य है. इसी कारण सरकार उनसे प्रसन्न नहीं है. सरकारने उनको किसी प्रकारकी सहायता न दी. कप्तान आप विलायत चले गये और यहां लडाईके चित्र दिखाकर उदर पोषण कर रहे है.

आफ्रिकाके वर्तमान.

झांजीबारमें प्लेग—अब झांजीबारमें प्लेगने अपना अड्डा जमा दिया है. पांच आदमी प्लेगसे मरे हैं.

लार्ड कर्झनकी प्रशंसा—हमारे महाराजा एडवर्डने भारतमें लार्ड कर्झनपर एक तार भेजा है. जिसमें लार्ड कर्झनका राजीनामासे दिलगी दिखाई है और उन्हें पांच-शाहतकी उमदा नोकरी की है, उसके लिये प्रशंसा की है.

चिनाओंका आक्रमण—गत ता० ३० वीं अगस्टके रोज बोक्सबर्गमें क्लिफ्टोन टेन खानके प्राय: २० चीनाओंने छुरी साथ हिन्दी मजदुरोंपर आक्रमण किया था. एक हिन्दीको सख्त घाव लगनेसें मर गये और दुसरें तीन सख्त जख्मी हुए. दो आदमी गिरफ्तार हुए हैं. अब जांच चल रही है.

हिन्दु लग्न क्रिया—अमाझिन्टोमें श्री सीताराम पान्डेजीका कनिष्ठ पुत्र मुनु पान्डे०का विवाह श्री गनाथर महाराजकी पुत्री साथ हुआ. गत ता० १३ जुलाई गुरुवारके रोज विवाहका यज्ञ मेश महाराजने कराया था. जिस समय श्रीमत महाराज बाबू कपुरसिंह, मि० मुनु कलानसर, मि० भानुसिंह, मि० गोविंद, मि० बहादुर, मि० रामाराम, मि० सीरप महाराज, मि० मुन साथी, मि० नन्द शर्मा, मि० ब्रिजमोहन, मि० गीमी, इत्यादि प्राय: तीस महाशयों उपस्थित थे.

भारतके वर्तमान.

भारतमें वर्षा—भारतके अखबारोंसे देख पडता है, कि भारतमें जैसी कड़ी गर्मी पडी थी, वैसी ही वर्षा हुई है. प्राय: सर्वत्र वर्षा हुई है. कहीं कहीं अधिक हुई है. इससे जानमालकी बहुत हानि लग गई है और लाखों रुपयोंकी क्षति हुई है. इस वजहसे गुजरात पाटणमें घोर वृष्टी होनेसे ८०० घरों गिर पडे हैं और ३,००,००० रुपयेकी हानि पहुंच गई है.

बङ्गालका टुकडा—गत ता. १८ वीं जुलाईको भारत सरकारने बङ्गालके टुकडोंका संकल्प प्रकाश कर दिया, जब बङ्गालके 'बङ्गाली' और 'पत्रिका' के जिस अङ्कमें यह संकल्प प्रकाश हुआ, वह काला किनारा लगाकर मातमी बनाया गया था. बङ्गालके टुकडे होनेसें बङ्गालियोंको आन्तरिक शोक हुआ है.

हिमालयकी यात्रा—कंचनजंघा नामे हिमालय पर्वतपर एक बडी ऊंची चोटी है. उस पर जानेकी अबतक अनेक मनुष्योंने चेष्टा की, परन्तु वहांतक कोई न जा सका. अब दार्जीलिङ्गसे पांच अङ्ग्रेजोंका एक दल वहां जानेको तैयार हो रहा है. नेपाल दरबारने भी आज्ञा दे दी है. ऊपरोक्त और औषधि लेकर जानेका विचार है. वहांसे बंगाल, आसाम होते हुए चाल्लु जायंगे. यह दलमें बडे बडे बहुदर्शी महाशय हैं.

જોહાનીસબર્ગમાં ઘણા ચીનાઓ રહે છે. તેઓની પૈસા સંબંધી સ્થિતિ હિંદીઓ કરતાં સારી છે એમ નહિ કહેવાય. તેઓ માંના ઘણાંનો કારીગરો છે. તેઓની રહેણી જોવાનો મને થોડા દિવસ પહેલાં પ્રસંગ મળ્યો હતો. તે જોઇને આપણા લોકોની સાથે સરખામણી કરતાં મને ખેદ થયો.

તેઓએ જાહેર કામને સારૂં ચાઇનીઝ એસોસીએશન સ્થાપેલ છે તેને સારૂ મોટાં હોલ તેઓ રાખે છે. તે હોલ સાફ અને સરસ ગણવામાં આવે છે તથા તે મજબુત ઇંટનો બાંધેલો છે. તેનું ખર્ચ તેઓ મોટી જમીન ભાડે લીધી છે તેને ફરી ભાડે આપી કહાડે છે. ચીનાઓને રહેવા વિગેરેની સગવડ ન હોવાથી તેઓએ કેન્ટોનીઝ કલબ કહાડયું છે. તે મળવાની જગ્યા, રહેવાની જગ્યા તથા લાઇબ્રેરીની ગરજ સારે છે. આ કલબને સારૂં તેઓએ લાંબુ લીસ લીધું છે ને તેની ઉપર માળવાળું પાકું મકાન બાંધ્યું છે. તેમાં બધા ઘણી સફાઇથી રહે છે. તેઓ જગ્યાનો લોભ નથી કરતા. અને બહારથી તથા અંદર જોતાં એમજ જણાય કે કોઇ સારૂં યુરોપીયન કલબ હશે. તેમાં બેસવાની કોટડી, ખાવાની કોટડી, મેલાપડાની કોટડી, કમીટીને મળવાની કોટડી તથા સેક્રેટરીની કોટડી તથા લાઇબ્રેરીની કોટડી એમ નોખી કોટડીઓ ગણે છે ને તેનો ઉપયોગ બીજા કામને સારૂ લેતા નથી. આને લગતી કોટડીયો છે તે સુવાને સારૂ ભાડે આપે છે. કોઇ અજાણ્યો ચીનો ગૃહસ્થ હોય તો તેને ત્યાં ઉતારો આપી શકાય એવી તે સરી ને સ્વચ્છ જગ્યા છે. તે કલબમાં દાખલ થવાની ફી તેઓએ પાંચ પાઉંડ રાખી છે અને વાર્સીક ફી માણસના ધંધા પ્રમાણે છે. આ કલબમાં લગભગ ૧૫૦ મેમ્બરો છે. તેઓ દર રવિવારે મળે છે અને ગમત રમત કરે છે તથા બીજે દિવસે પણ મેમ્બરો તેનો ઉપયોગ કરી શકે છે.

આમાનું કશું આપણે નથી બતાવી શકતા. કોઇ પણ પરાયા હિંદીને ઉતરવા જેવી સ્વતંત્ર જગ્યા આખા દક્ષિણ આફ્રિકામાં કોઇ શહેરમાં નથી. આપણી પરોણાગત બેશક ઉમદી છે પણ તેને હદ રહે છે. એક કલબ જેવી જગ્યા હોય તો તેના ઘણા સારા ઉપયોગ થઇ શકે છે. લોકો એક બીજાને ઘેર પોતાનો વખત ગાળવાને બદલે આવી સારી જાહેર જગ્યાએ વખત ગાળી શકતા હોય તો તેથી ઘણો લાભ મળે છે. કોઇ એક માણસ ઉપર બોજો નથી પડતો મિત્રાચારી વધી શકે છે અને તેમાં આપણી આબરૂ પણ વધે છે. ચોખ્ખાઇના નિયમો પણ જાળવી શકાય છે. આ કામ ઘણે ઓછે ખરચે થઇ શકે તેવું તથા જરૂરનું છે એમા કશો શક નથી.

ચીનાઓએ જે કલબ સ્થાપ્યું છે તે ઓકસ ઘડો લેવા લાયક ને નકલ કરવા જેવું છે. આપણી ઉપર ગંદાઇનું જે તહોમત છે તે તદન વિના કારણ નથી. તે તહોમતને રદ કરવા સારૂ આવી કલબની સ્થાપના કરવી એ એક મોટું ઓસડ છે.

ટોકીયોમાં બંડ.

ઉદાર સલાહથી જાપાનીઓ બહુ નારાજ થયા છે. મુખ્ય શહેર ટોકીયોમાં જાહેર સભાઓ ભરી સલાહ નામંજુર કરવાની અરજી મીકાડોને મોકલવા હીલચાલ કરી રહ્યા છે. લોકોના ટોળાં ઉશ્કેરાઇ બંડખોર બની ગએલ છે. તેઓને શાંત કરવા લશ્કરી સત્તાને અમલ ચલાવવાની જરૂર પડી છે. પણ રૂશિયાના માફક રીવોલ્વર જેવા હથિયારો નહિં વાપરતા જાપાની સોલ્જરો તલવાર વડેજ કામ લે છે આથી જો કે ઘણી જનો ઘાયલ થયાના ખબર મળેલ છે પણ મરણો નીપજ્યા હોય એવું કઇ જણાતું નથી. ત્યાંની સરકારને મારશલ લૉ બહાર પાડવાની ફરજ પડી છે અને પ્રજા શાંત થતી માલુમ પડી છે. લોકો તથા સોલજરો વચ્ચે દુશ્મનાઇની લાગણી ન હોવાથી શાંતિ સહેલથી પ્રસરી છ. છેલા ખબરોપરથી જણાય છે કે ટોકીયોમાં તદન સુલેહ થઇ ગઇ છે. જો કે રાજદ્વારી હીલચાલ તો હજી ચાલુજ છે છતાં પણ તેથી કંઇ ભય પેદા થાય તેવી નિશાની નથી. આજ સુધીની ખુનખાર લડાઇમાં જાપાને હેરત પમાડે તેવું મનોબળ બતાવ્યું છે. મીકાડોનીજ સહીથી સલાહના એલચીઓએ સંધી કરી છે. તે પ્રતિકુળ હોવાથી હુલ્લડો અથવા ખુનરેજી કરી મોટા ભોગથી મેળવેલા માનપર જાપાનીઓ પાણી ફેરવે તે માની ન શકાય તેવું છે. તેઓને સલાહના પુરા ખબર મળ્યા પછી તેઓ સમજશે કે મીકાડો તથા તેના રાજદ્વારી પુરૂષો દેશના ભલા માટેજ મથે છે. જાપાનના પ્રજા સલાહની જેવી આશા રાખતી હતી તેવી તો જો કે થઇ નથી. છતાં પણ જાપાને અગત્યના લાભો મેળવેલા છે. ટોકીઓની વસ્તીએ આમોથી પડી મેળ વેલી આબરૂમાં કલંક લાગતું અટકાવ્યું છે.

ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર.

અમો યુરોપની કેટલીક ભલી બાઇઓ તથા યુરોપના કેટલાક ભલા પુરૂષોનું વૃત્તાંત ટુંકામાં આપી ગયા છીએ. વૃત્તાંતો આપવાનો હેતુ અમારા વાંચનારાઓને જ્ઞાન મળે તથા તેવા દાખલાઓની નકલ કરી પોતે જીંદગીનું સાર્થક કરે એવો છે.

બંગાલામાં વિલાયતી માલ નહિં લેવાની જે જબ્બરદ હિલચાલ ચાલી રહી છે તે જેવી તેવી નથી. બંગાલામાં જ્ઞાન વધારે છે. લોકો ચાલાક વધારે છે એથી આવી હિલચાલ થઇ શકી છે. સર હેનરી કોટન કહી ગયા છે કે બંગાલ કલકતેથી પેશાવર સુધી રાજ્ય ચલાવે છે. આનાં કારણ જાણવાની જરૂર છે.

એટલું ચોકસ છે કે પ્રજાની ચડતી પડતીનો આધાર તેના મહાન પુરૂષો ઉપર રહે છે. જે લોકોમાં સારા માણસો પેદા થાય તેમાં તેવા માણસોની છાપ પડયા વિના રહેતી નથી. બંગાલમાં જે વિશેષ પણું જોવામાં આવે છે તેનાં કારણોમાંનું મુખ્ય કારણ એ છે કે બંગાલામાં બહુ મહાન પુરૂષો ગઇ સદીમાં પેદા થએલા. રામ મોહન રાયથી લઇને એક પછી એક વીર પુરૂષોએ બંગાલની સ્થિતિ બીજા પ્રાંતો કરતાં વધારે ચડતી કરી મુકી છે. આ બધામાં ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર મોટો હતો એમ કહી શકાય છે વિદ્યાસાગર એ ઇશ્વરચંદ્રનો ઇલ્કાબ હતો તેની સંસ્કૃત વિદ્યા એવી સરસ હતી કે તેને વિદ્યાનો દરિયો એટલે સાગર એવું ઉપનામ કલકત્તાના શાસ્ત્રીઓએ આપ્યું. પણ ઇશ્વરચંદ્ર તે માત્ર વિદ્યાનો સાગર નહતો તે દયાનો ઉદારતાનો તથા ઘણા સદ્ગુણોનો સાગર હતો. તે હિંદુ હતા અને તેમાં બ્રાહ્મણ. પણ તેને મન બ્રાહ્મણ અને શુદ્ર હિંદુ અને મુસલમાન સરખા હતા. જે કંઇ સારાં કામ કરવા હોય તેમાં તેને ઊંચ નીચનો ભેદ નહતો. પોતાના પ્રોફેસરને કોલેરા થયો ત્યારે તેણે જાતે તેની ચાકરી કરી. પ્રોફેસર ગરીબ હતા તેથી પોતાના ખરચે દાકતરો લાવ્યો. અને પ્રોફેસરના વિષ્ટા મુતર પોતે ઉપાડયાં.

ચંદનગરમાં ગરીબ મુસલમાનોને કુલ્ફી અને દહિં પોતે ખરીદ કરી જમાડતો અને જેને પૈસાની મદદ જોઇએ તેને પૈસા આપતો. રસ્તામાં કોઇ પાંગળા કે દુઃખી માણસને જોય તો તેને પોતાને ઘેર લઇ જઇ પોતે તેની સારવાર કરતો. પારકાને દુઃખે દુઃખ ને પારકાને સુખે સુખ માનતો.

પોતે જાતે અત્યંત સાદો હતો. શરીરે એક જાડા કપડાની ધોતી તથા અંગે ઓઢવાની તેવી શાલ તથા સ્લીપર એટલો તેનો પોષાક હતો. એવો પોષાક પહેરી પોતે ગવર

નરોને મળતો અને એવોજ પોષાક પહેરી ગરીબોને આવકાર આપતો. એ માણસ ખરેખરો ફકીર અથવા સંન્યાસી કે જોગી હતો. તેની જીંદગીનો વિચાર કરવો આપણને બધાને છાજે છે.

ઇશ્વરચંદ્ર મીદનાપુર તાલુકામાં એક નાના ગામમાં ગરીબ માબાપને ત્યાં જન્મ્યો હતો. તેની મા બહુ સાધ્વી હતી. અને તેની માતા ગુણો ઘણા ઇશ્વરચંદ્રને વારસામાં ઉતર્યા હતા. તેનો બાપ થોડું ઇંગ્રેજી તે વખતે જાણતો. અને પોતાના દિકરાને વધારે જ્ઞાન આપવાનો તેણે વિચાર કર્યો. ઇશ્વરચંદ્રે પાંચ વર્ષની ઉમરે કેળવણી શરૂ કરી. આઠ વર્ષની ઉમરે તેને ૬૦ માઇલ ચાલીને કલકત્તે જવું પડ્યું. ત્યાં સંસ્કૃત કોલેજમાં દાખલ થયો. રસ્તામાં ચાલતાં માઇલની નિશાનીઓ આવતી તેને જોઇને તેણે ઇંગ્રેજી આંકડા યાદ રાખ્યા એવી તેની અદ્ભુત યાદદાસ્ત હતી. સોળ વર્ષની ઉમરે તેણે ઘણો ઉત્તમ સંસ્કૃત અભ્યાસ કર્યો. અને તેને સંસ્કૃત શિખવવાની નોકરી મળી. એક પછી એક પગથીઆ ચડી છેવટે જે કોલેજમાં પોતે ભણ્યો તે કોલેજમાં પોતે પ્રીન્સીપાલ થયો. સરકાર તેને અત્યંત માન આપતી. પણ પોતે સ્વતંત્ર મીજાજનો હોવાથી તેનાથી કેળવણીના વડાની બરદાસ્ત ન થઇ શકી તેથી તેણે રાજીનામું આપ્યું. બંગાલના લેફ્ટેનન્ટ ગવરનર સર ફ્રેડરીક હેલીડેએ તેને બોલાવી રાજીનામું ખેંચી લેવા કહ્યું પણ ઇશ્વરચંદ્રે તેમ કરવા ચોખી ના પાડી.

આમ નોકરી છોડવા પછી ઇશ્વરચંદ્રની મોટાઇને ખરી માણસાઇ ખરેખર ખીલ્યાં. તેણે જોયું કે બંગાલી બાષા ઘણી સરસ છે પણ તેમાં નવાં લખાણો ન હોવાથી ગરીબડી લાગે છે. તેથી તેણે બંગાલી પુસ્તકો રચવા શરૂ કર્યાં. ઘણાં જોરાવર પુસ્તકો તેણે લખ્યાં છે અને બંગાલી બાષા અત્યારે આખા હિંદુસ્થાનમાં ખીલી રહી છે તથા બહુ ફેલાવો પામી છે તેનું મુખ્ય કારણ વિદ્યાસાગર છે.

પણ ચોપડીઓ લખવી એટલું બસ નથી એમ પણ તેણે જોયું તેથી તેણે નિશાળો સ્થાપી. કલકત્તામાં મેટ્રોપોલીટન કોલેજ છે તેનો સ્થાપનાર તે વિદ્યાસાગર. તે ચલાવનારા બધા દેશીઓ છે.

જેમ ઊંચી કેળવણીની જરૂર છે તેમજ સાધારણ કેળવણીની જરૂર છે એવું વિચારી તેણે ગરીબોને સારૂ નિશાળો સ્થાપી. આ કામ બહુ મોહું હતું. તેમાં તેને સરકારની મદદની જરૂર હતી. લેફ્ટેનન્ટ ગવરનરે કહ્યું કે સરકાર ખર્ચ આપશે. વાઇસરોય લોર્ડ એલનબરો તેથી વિરૂદ્ધ હતા. તેથી વિદ્યાસાગરે મોકલેલાં બીલ પસાર નહિં થયાં. લેફ્ટેનન્ટ ગવરનર બહુ દિલગીર થયા ને ઇશ્વરચંદ્રને તેના ઉપર દાવો બાંધવાની સૂચના કરી. બહાદુર ઇશ્વરચંદ્રે જવાબ આપ્યો "સાહેબ હું મારે સારૂં ઇનસાફ લેવા કદી અદાલતમાં ગયો નથી તો તમારી ઉપર ફરિયાદ કરવા હું જાઉં એ બનેજ કેમ" એ વખતે બીજા ગોરાઓ ઇશ્વરચંદ્રને મદદ કરતા તેઓએ તેને પૈસા સંબંધી મદદ સારી કરેલી. પોતે બહુ સાહુકાર ન હોવાથી ઘણી વખત બીજાઓનાં દુઃખ કાપતાં પોતે કરજમાં આવી પડતો છતાં તેણે જાહેર ખરડો કરવાની સૂચના થએલી તે નહિં સ્વિકારી.

આ પ્રમાણે ઊંચી તથા સાધારણ કેળવણીને સારા પાયાપર મુકી તેથી સંતોષ નહિં પામ્યો. તેણે જોયું કે આ કેળવણી વિના છોકરાઓને કેળવણી આપવી એ બસ નથી. મનુમાંથી તેણે એક શ્લોક શોધ્યો તેમાં એમ લખેલું છે કે સ્ત્રિઓને કેળવણી આપવી એ ફરજ છે. એનો ઉપયોગ કરી પોતે તે બાબત પુસ્તક લખ્યું અને બેથ્યુન સાહેબની સાથે રહી સ્ત્રિઓને કેળવણી આપવા સારૂ બેથ્યુન કોલેજ સ્થાપી. કોલેજ સ્થાપવા કરતાં તેમાં સ્ત્રિઓને લાવવી એ મુશ્કેલ હતું. પોતે સાદું જીંદગી ભોગવતો અને બહુ વિદ્વાન હતો તેથી સૌ તેને માન આપતા. આ ઉપરથી તે મોટા માણસોને મળ્યો અને તેઓને પોતાનાં બૈરાંઓને શિખવા મોકલવા સમજાવ્યું. આમ કરવાથી મોટા માણસના દિકરીઓ જવા લાગી. આજે એ કોલેજમાં ઘણી નામાંકિત હુશિઆર ને સતી સ્ત્રીઓ છે તે એટલે સુધી કે તેઓ તેના રાજ્ય કારભાર ચલાવી શકે છે.

આટલાથી તેને સંતોષ નહિં થયો તેથી તેના ગામમાં નાની છોકરીઓને સાધારણ કેળવણી આપવાની નિશાળો સ્થાપી. તેમાં છોકરીઓને લુગડાં લત્તાં ખાવા પીવાનું અને ચોપડીઓ સુધાં આપ્યાં પરિણામે હાલ કલકત્તામાં હજારો વિદ્વાન સ્ત્રીઓ જોવામાં આવે છે.

કેળવણી આપનારાની ખામી હતી તે પુરી પાડવા સારૂ પોતે મહેતાજીઓ તૈયાર કરવાની નિશાળો કહાડી.

હિંદુ વિધવા સ્ત્રીઓની સ્થિતિ ઘણી દયામણી પોતે જોઇ તેથી તેણે વિધવા વિવાહનો ઉપદેશ શરૂ કર્યો. પુસ્તકો લખ્યા ભાષણો કર્યા. બંગાલના બ્રાહ્મણો તેની સામા થયા તેની દરકાર ન કરી. તેને મારવાને માણસો ઉભાં થયા પોતે જીંદગીનો ભય નહિ રાખ્યો. સરકારની પાસે વિધવા એ કાયદેસર છે એવો કાયદો પસાર કરાવ્યો. ઘણા માણસોને સમજાવ્યા ને મોટા માણસોની બાળ-વિધવા દિકરીઓનાં લગ્ન કરાવ્યાં. પોતાના દિકરાને એક ગરિબ વિધવા છોકરીને સાથે વિવાહ કરવામાં પોતે ઉત્તેજન આપ્યું.

કુલીન બ્રાહ્મણો ઘણી સ્ત્રીઓ કરતા. તેઓને ૨૦ ઓરતો પરણતાં શરમ ન થતી. આવી સ્ત્રીઓના દુઃખ જોઇ ઇશ્વરચંદ્ર રડતો અને આ દુષ્ટ રિવાજ બંધ કરવાને જીંદગી પર્યંત મહેનત કરી.

બરદવાનમાં મલેરીઆની બિમારીથી હજારો ગરીબો દુઃખી થતા જોયા. તેથી પોતાને ખરચે દાકતર રાખી પોતે જાતે દવા આપતો. ગરીબોને ઘેર જઇ તેઓને મદદ પહોંચાડતો. આમ બે વર્ષ સુધી પોતે નિરંતર મહેનત કરી. સરકારની મદદ મેળવી બીજા દાકતરો મંગાવ્યા.

આ ચાકરી કરતાં તેણે ઔષધીજ્ઞાનની જરૂર જોઇ. તેથી હોમીઓપાથીનો અભ્યાસ કર્યો તેમાં કુશળતા મેળવી પોતે દવા આપતો. ગરીબોને મદદ કરવા નાંણો ખર્ચ કરવો પડે તેની તેને દરકાર નહતી.

મોટા રાજાઓની બીક ભાંગવામાં પણ પોતે જબરો હતો. કોઇ રાજાઓના ઊપર ગેરઇનસાફ થાય અથવા તે ગરીબાઇમાં આવી પડે તો પોતાની વગથી પોતાના જ્ઞાનથી ને પૈસાથી તેઓનાં દુઃખ ભાંગતો.

આમ કરતો કરતો વિદ્યાસાગર ૭૦ વર્ષની ઉમરે ૧૮૯૧ ની સાલમાં મરણ પામ્યો. દુનિયામાં એવા માણસો થોડાં થયાં છે. એમ કહેવાય છે કે જો ઇશ્વરચંદ્ર યુરોપની પ્રજામાં જન્મ્યો હત તો જેમ નેલસનને સારૂ ઇંગ્રેજી પ્રજાએ જબરો સ્તંભ ખડો કર્યો છે તેમ ઇશ્વરચંદ્રની પાછળ થાત. બંગાલી પ્રજાના મોટા નાના ગરીબ તવંગર બધાના હૃદયમાં ઇશ્વરચંદ્રનો, સ્તંભ સ્થપાયેલો પડ્યો છે.

હવે આપણે સમજી શકશું કે બંગાલ કેમ હિંદુસ્થાનના બીજા ભાગને શિખવે છે.

જર્મન શહેનશાહ.

જરમનનો શહેનશાહ જાપાનની જીતથી બહુ ડરી ગયા જણાય છે. થોડી મુદત પહેલાં તેમણે ભાષણ કર્યું કે જાપાનની જીતથી યુરોપના પ્રજાએ બહુ ચેતવા જેવું છે. નહિં તો એશીઆની પ્રજા બધો વેપાર છીનવી લેશે. આ પ્રમાણે એ સાહેબ પહેલુ બોલ્યા છે એમ નથી.

ગ્રાહકોને વિનંતી.

આ સાલનું લવાજમ જે ગ્રાહકોની પાસે બાકી રહેલું હોય તેમણે મોકલી આપવા મે. કરવી.

જાપાન વિષે એક હિંદીનો પહેલો અનુભવ.

[ગયા અંકથી ચાલુ.]

જાપાનીઓની સભ્યતા.

જાપાનીઓ કેટલા સભ્ય છે તે ખરેખરી રીતે હું વરણવી શકતો નથી. ઉંચા કુળના અને સુધરેલા વર્ગના હિંદીઓને પણ જાપાનીઓ પાસેથી સભ્યતાના વિષયમાં ઘણું શિખવાનું છે. એક બીજા સાથે અથવા કોઇ પરદેશી સાથે વાતચીત કરતાં તેઓ પોતાનું શીર વારંવાર નમાવે છે. હિંદીઓની સાથે તેઓ બહુ સરસ રીતે વરતે છે. હિંદીઓ જ્યાં જાય છે ત્યાં તેને સારો આવકાર મળે છે. કોઇ જાપાની ગૃહસ્થને ત્યાં જતાં આ વર્ગ ખુશી ભરેલો આવકાર આપે છે અને અંદરના ભાગમાં લઇ જઇ તે ભોજન ધરે છે તેઓ હિંદુ સ્ત્રીઓને ખાસ મળતી આવે છે. રંગમાં, બાલાગુપણામાં, લાગણીમાં તથા અંતઃકરણની કોમળતામાં તેઓ હિંદુ સ્ત્રી ઓને બહુજ મળતી આવે છે. તેઓ પુરે પુરી છુટ ભોગવે છે. બીજા દેશોમાં હિંદી ઓને દુર રાખવામાં આવે છે તથા તેમના પ્રત્યે તિરસ્કાર બતાવવામાં આવે છે પણ જાપાનમાં તેથી ઉલટુંજ છે. જે દેશમાં હિંદીઓને એટલા આદર સત્કારથી આવકાર મળે છે ત્યાં થોડા વિદ્યાર્થીઓ કેમ હોવા જોઇએ!

જાપાનીઓનો સારો સ્વભાવ.

હું અહિ બે મહિના થયાં રહ્યો તેમાં કોઇ જાપાનીને ઘરમાં કે શેરીમાં કજીઓ કરતા જોયો નથી. મને બહુ અજાએબી લાગી તેથી મેં મારા એક જાપાની સોબતીને તે વિષે પુછી જોયું. આ જુવાન કે જેની ઉમર લગભગ ૩૦ વરસની હતી, તેણે કહ્યું કે મારી જીંદગીમાં એવો દેખાવ મેં એકપણ જોયો નથી. જાપાની ભાષામાં ગાળના શબ્દો બહુજ થોડા છે. સહુથી ખરાબમાં ખરાબ શબ્દ "મુર્ખ" છે. ગાડીવાળા ઓને પણ પાસેન્જર લેવાની બહુ સારી રીત છે. તેનો નિશ્ચય તેઓ શાંતરીથી કરે છે અને તે બહુ ટુંકી અને સાદી રીત છે. દુકાનદારો પણ તેમજ કરે છે. આથી ફરીતેજ તે અથવા તેના જેવા બીજા બધા વાળાઓમાં કજીઓ નથી થતો.

જાપાની ખોરાક અને રીતભાત.

જાપાનીઓ મુખ્યત્વે કરીને ચોખાપર રહે છે, તેઓ ચોખા દિવસમાં ૩ વખત ખાય છે, છતાં તેઓ તાજુબી જેવા મજ બુત અને સહન શક્તિવાળા છે. તેઓને ઉદ્યોગ પણ હિંદીઓને અચરજ પમાડે તેવો છે. ખરી રીતે કહેતાં આળસ શું છે તે તેઓ જાણતા નથી. ટોકીઓમાં એક પણ ભીખારી નથી. જાપાનીઓ ભીખ માગવાથી તદન વિરૂદ્ધ છે. દરેક કંઇપણ કામ કરતાજ હોય છે અને એક મિનિટ પણ તેઓ નવરા બેસતા નથી. જાપાનની ચાકર ઓ પણ નવાઇ જેવી છે. કેમકે જે શેઠ વધુ કામ સોંપતો હોય તેનાથી તે વધારે રાજી રહે છે. તેઓ ચોરી કરવાનો વિચાર કદી કરતી નથી.

ટોકીયોમાં ઓરિએન્ટલ સ્ટુડન્ટસ યુનિયન.

અહિં એક "ઓરિએન્ટલ સ્ટુડન્ટસ યુનિયન" નામની સોસાયટી સ્થપાણી છે. તેમાં હિંદુસ્થાન, સીઆમ, ફીલીપાઇન, કોરિયા અને ચીનના વિદ્યાર્થીઓ ભાગ લેય છે તથા તેના મેમ્બર થાય છે આ સોસા યટીનો હેતુ પુર્વના દેશોના વિદ્યાર્થીઓ જે ટોકીયોમાં અભ્યાસ કરે છે તેને એકત્ર કરવા નો છે. કેટલાક જાપાની અમીર ઉમરાવોની આમાં સારી મદદ છે. પહેલી મીટીંગમાં તેમાંના ઘણા હાજર થયા હતાં. આ સોસા યટીની સ્થાપના એક જાપાની બાઇ છે અને તેનીજ પ્રેરણાથી અને મહેનતથી તે સ્થપાઇ છે. તે આ યુનિયન માટે સખત મહેનત કરે છે અને વધારે ટેકો મેળવવા માટે બને તેટલો પ્રયત્ન કરે છે. હિંદી વિદ્યાર્થીપર તે ખાસ પ્રીતી રાખે છે, અને હિંદુસ્થાન જઇ ત્યાંના લોકોથી વાકેફ થવા ઘણી ઇચ્છા બતાવે છે. પહેલી મીટીંગમાં હિંદી ગાયનો ગવાયાં હતાં અને તેના સુર સઘળાએ વખાણ્યા હતા.

ગુજરાતમાં આવેલ ડાભેલમાં મદ્રેસા.

[ગયા અંકથી ચાલુ]

મી. ઇબરાહીમ રાજેજી પા. નાનાં, સીમલકના	૨	૧૦	૦
,, યુસપ મહમદ નાનાં, સીમલકના.	૨	૧૦	૦
,, જીવેખા રેશમખાં કુ. મહલેકપારના.	૨	૦	૦

અહુર.

ન્યુલાન્ડ.

,, મહમદ ફકીર ટકોલીઆ બાકી. ડાભેલના.	૧૦	૦	૦
,, હસન ફકીર માંકડા, ડાભેલના.	૧૦	૦	૦
,, મુસા હલાલજી, બાકી. ડાભેલના.	૫	૫	૦
,, ઇસપજી ઇબ્રાહીમ માંકડા ડાભેલના.	૩	૧૦	૦

(અધુરૂ

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

1. કાગળની એકજ બાજુએ લખવું.
2. અક્ષર ચોખા શાહીથી લખવા.
3. નામ તથા ઠેકાણું બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ પણ અમારી જાણને સારૂં.
4. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—[અધિપતિ.]

દીલો જાનથી મદદ આપવા જોગ.

આપણા મુસલમાન ભાઇઓની હીલચાલ.

ખુદાની રહેમની એ ખુબી છે કે જ્યારે કોઇપણ દેશની, કોઇપણ પ્રજાની હાલત હદ પાર બગડવાના સંજોગો જોર ઉપર હોય છે ત્યારે એકાએક તેમાં એવો સારો ફેરફાર થાય છે કે બધી સ્થિતિ બદલાઇ જાય છે. અંતરથી સારી હીલચાલો અમલમાં મુક વામાં આવે છે, અને એવા પરોપકારી પુરૂષો પણ નીકળી આવે છે.

કુદરતના આ નિયમને અનુસરીને નીચેના સખી ગૃહસ્થોએ, મુલકમાં બચ્ચાંને ઇલમ આપવા માટે એક એવી મદ્રેસા સ્થાપવાની યોજના કરી છે કે તેમાં બચ્ચાંને રહેવા ખાવા તેમ જરૂરનાં બધા સાધન પુરા પાડ વામાં આવે.

આ મદ્રેસા, નવસારી જીલ્લામાં આવેલા ડાભેલ ગામમાં સ્થાપવાનો વિચાર રાખેલો છે. ડાભેલની આસ પાસ દશ બાર મુસલ માન ભાઇઓનાં ગામ છે. એટલામાં આવી કેળવણી આપવા જેવું કંઇપણ સાધન તથા તેમજ ત્યાંના લોકોની એવી શક્તિ નથી કે એવું કંઇપણ કરી શકે. આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે આપણા મુલકમાં લોકોની કેવી હાલત થતી જાય છે. એ અંધ કારમાંથી અજવાળામાં આવવાનો રસ્તો ઇલમ વગર બીજો એક નથી. તો એવો રસ્તો ઉઘાડનાર પરોપકારી ગૃહસ્થોને અનેક ઉછરતાં બાળકોની દુવા મળશે, બાપુજીની પ્રજા તેમના આ કામ માટે તેઓનાં ગુણોનાં ગાન કરશે આ યોજના પાર પાડવામાં, લેડીસ્મિથના શેઠ ઇસપ ઇસ્માઇલ મીયાં; શેઠ ઇસ્માઇલ આમોદ ભેજ; મેસર્સ મહ મદ કાસમ; ઇબ્રાહીમ અબ્દાલ અને સુલે માન દાઉદ વગેરે જાણીતા આગેવાનોએ દીલો જાનથી મહેનત કરવા મંડી છે; પોતાનાં વેપાર રોજગારનાં અનેક કામ મુકીને, ગામે ગામ ફરીને ઉઘરાણું કરવા નીકળી પડયા છે; અને આજ સુધીમાં સારી રકમ ભરા એલી છે; પણ આ યોજના એક નાની સુની નથી. તેમાં ઘણા પૈસાની જરૂર છે. તો સાઉથ આફ્રિકા ખાતેના તમામ ઇસ્લામી

ભાઈઓની ખાસ ફરજ છે કે દરેકે પોતાના મન પ્રમાણે મદદ આપવામાં પાછા પડવું નહિ. આથી બીજી કોઈ સારી ખેરાત નથી, પરોપકારનું આથી ભારે બીજું કામ નથી; ભવિષ્યની પ્રજાને બળવાન, સુખી અને હીંમતવાન બનાવવાનો આથી બીજો સારો ઇલાજ નથી. એક કુટુંબમાં ફક્ત એકજ માણસ ઇલમદાર હોય છે તો તે આખા કુટુંબની હાલત સુધારવાને કોશીષ કરે છે ત્યારે આ પ્રમાણે જો ઉત્તેજન આપવામાં આવે તો ઘણાં બાળકો તેનો લાભ લઇને, ઉમરે પહોંચતાં પોતાની તમામ ફરજો સમજતા થાય તો પછી ખ્યાલ કરો કે આખી જાતની હાલતમાં કેટલો ફેરફાર થઇ જાય. આપણા મુલકને જો કોઇપણ ચીજની ભેટની જરૂર હોય તો તે ઇલમની છે, તે વગર સ્થિતિ સુધરતીજ નથી. આગેવાન ગૃહસ્થો, અને જાણીતા પૈસાદાર વેપારીઓ! આવાં કામ ઉપાડી લઇને, દેશની સ્થિતિ સુધારવાની ફરજ અને જોખમદારી તમારા ઉપર છે. મોટા વેપારીઓને એક સોદેજ આચકો લાગતાં પાંચ પચીસ હજાર રૂપિઆનું નુકસાન તો થઇ જાય છે. એવા ગૃહસ્થો આવા કામમાં એવી ભારે રકમ આપીને પોતાનું નામ અમર કરી જાય તો તેમને માટે આ કાંઈ મોટી વાત નથી.

ડરબનના જાણીતા પારસી સખી ગૃહસ્થ શેઠ રૂસ્તમજીનો દાખલો લઇને, એમની માફક કોઇ ઈલમની હીમાયત કરીને, દક્ષિણ આફ્રિકાના પોતાના કારોબારમાં આ ઉમદા તકનો લાભ લઈને પોતાને "કેળવણીનો પીતા" કહેવરાવશે એમ ઉમેદ છે. ડરબન ખાતે આવા પૈસાદાર શેઠીઆઓ છે, તો ત્યાં જઇને આ કામ માટે ઉઘરાણું કરનાર મંડળે ખાસ ઉઘરાણું કરવું, અને ઉમેદ છે કે ટ્રાન્સવાલના સોનાની ખાણોના મુલક ફરતાં, નાતાલનો અસલ વેપારનો પ્રદેશ વધારે મદદ આપશે. આપણે આવો દૂર પ્રદેશ વેઠીએ છીએ, અનેક તકલીફો ઉઠાવીએ છીએ; ગોરા સાહેબોનાં અપમાન ઉપર અપમાન સહન કરીએ છીએ. તે બધું શા માટે? શું આપણી એકલી જાતના નિભાવ માટે? ફક્ત નહિ. આપણા કુટુંબના, આપણા સ્વદેશીઓના સુખ માટે આપણે આ બધું વેઠીએ છીએ; અને જ્યારે એવું આપણાથી કંઈપણ ન બને, અને એમને એમ પાછા મુલક જઈએ ત્યારે આ બધી મહેનત ધુળી પડી એમ થાય કે નહિ? ગમે એટલી મુસીબતો ઉઠાવતાં પણ જો આવી કોઇ સારી ખુદાઈ નેમ પાર પડશે તો એ મુસીબતો રાહતના રૂપમાં બદલાઇ જશે; અને ખરા સંતોષનો અનુભવ થશે.

સ્વદેશી ભાઈઓ! સ્વદેશના કલ્યાણ અર્થે જ્યારે તમારી પાસે માગણી ન થાય ત્યારે કોની પાસે જવાય.

ભુલ ચુકને માટે માફ માગીને લેખ પુરો કરવાની સલામ સાથે રજા લઉં છું.

ક્લાર્કસ્ડોર્પ, લી. સુલેમાન આમદ
તા. ૪-૯-૧૯૦૫. કોમનો શુભેચ્છક.

હિંદની પડતીનાં સબળ કારણ.

તે સામે યોજવાના ઉપાયો માટે બે કડવા બોલ.

[ગયા અંકનાં પાના ૬૦૯ થી સાંધણ.]

(લખનાર યુ. એમ. શેલત આર્યપુત્ર.)

જે ધણી ધણીઆણીમાં સંપ અને સ્નેહ નથી હોતો તે જોડું અભાગીયું સમજવું. બાળલગ્નથી થએલાં જોડાં ઘણે ભાગે તેવાંજ હોય છે. પરણેલો ઉમ્મર લાયક ધણી જ્યારે આખા દિવસના કામકાજથી થાકી પાકી ઘેર આવે છે ત્યારે સમજુ સ્ત્રી સ્નેહ ભરેલી સેવાથી તેને આરામ આપે છે આથી તે બીજા દિવસના કામ માટે ફરી તાજો બને છે. આવાં સ્ત્રી પુરૂષો પોતાનાં કુટુંબનેજ સુખી બનાવે છે એમ નથી પણ તે આખા દેશને સુખ કર્તા છે. અને એક દેશની ઉન્નતિ તેવાં સ્ત્રી પુરૂષો ઉપર ઘણો આધાર રાખે છે. આ ઉપરથી સમજી શકાય છે કે પોતાના પુત્ર પુત્રીનો સંબંધ બહુ વિચારીને કરવો તે દરેક માબાપોની કેટલી મોટી ફરજ છે. વળી એમ નથી માનવાનું કે હિંદુસ્થાનમાં હોઇનેજ ઉપરનું વર્તન કર્યું હોયતો ફાયદો થાય. અને બીજી જગ્યાએ નહિં. દુનિયાના ગમે તે ભાગમાં વર્તન થઇ શકે તેવું છે, અને તે દરેક સ્થળે ફાયદો કરનાર છે. બાળકોને કેળવવાને મુળથી નીયમ રાખવામાં આવે તો પછી તે મોટો પ્રયાસ જણાતો નથી. નાનપણથીજ ધીમે ધીમે કેળવવામાં આવેતો યોગ્ય ઉમરે તે લેખે તેટલો કેળવાય છે. પછી તે આગળ વધવા પોતાની મેળે શક્તિવાન થઇ શકે છે. માબાપોને એમ નિયમીત રહેવાથી તે ભાર નહિં જેવો જણાશે. અને પરિણામે કુટુંબોનું અને દેશનું કલ્યાણ થશે.

છેવટે પોતાના પેપરમાં સદરહુ વિષય લાગલાગટ પ્રગટ કરવા માટે મે. ઇ. ઓ. અધિપતિનો આભાર માની મારો વિષય પુરો કરૂં છું.

પરચુરણ ખબરો.

રેલવેમાં અફઘાન મુસાફર—અફઘાનીસ્થાનના લશ્કરની એક ટુકડી કલકત્તા જતી હતી ત્યારે તેમાંના એક લશ્કરી સીપાઇની બંદુક ડબામાંથી બહાર પડી ગઇ. રેલગાડી વેગથી દોડતી હતી તેની દરકાર નહિ કરતાં તે અફઘાન બહાર કુદી પડ્યો અને પોતાની બંદુક કબજે કરી. આ તેના સીપાહીગીરીના કામથી અમીરે ખુશી થઇ તેને સારૂં ઇનામ આપેલું હતું.

પોરબંદર જનારાઓને ખબર.

જનરલ લાઇનની આગબોટ રેસ્તાગ અતરેથી તા. ૩૦ મી સપટેમ્બરે ઉપડશે તે પોરબંદર જશે વાસ્તે કાઠીયાવાડ જનારાઓએ તૈયાર થઇ રહેવું ખાસ કરી સેકન્ડ ક્લાસમાં જનારાઓ પહેલેથી ટીકીટનો બંદોબસ્ત નહિ કરશે તો પછીથી નહિ મળશે. વધારે ખુલાસો મી. ઓસમાન આમદને પુછવાથી મળશે.

સ્ટીમરોની આવ જાની ખબર.

જરમન લાઇનની સ્ટીમર સુલતાન તા. ૧૬ મી સપટેમ્બરે મુંબઈ સારૂ ઉપડી જશે ને સ્ટીમર રેહસ્તાખ મુંબઇથી નીકળી ચુકી છે તે તા. ૨૮ મી સપટેમ્બરે આવી ૩૦ મા સપટેમ્બરે પોરબંદર ને મુંબઇ માટે ઉપડી જશે. મી. ઓસમાન અહમદ ઇન્ડિઅન પાસેન્જર એજન્ટ છે.

રોકડ બજાર ભાવ.

ચાવલ.		શી.	પે.		શી.	પે.
માંજી	૧ બસ્તાનુ	૧૬	૦	થી	૧૭	૦
ભીમડીના	,,	૨૧	૦	,,	૨૨	૦
એફ. એફ. ડી. આર.		૧૫	૦	,,	૧૬	૦
એફ. ડી. આર.	,,	૧૪	૯	,,	૧૫	૩
ચીની સક્કર	,,	૧૮	૬	,,	૧૯	૦
કુડાના	,,	૧૮	૦	,,	૧૯	૦
દેશી તુવેર દાળ.		૧૫	૦	,,	૧૬	૦
તુવેર દાળ કાનપુરી		૧૬	૦	,,	૧૭	૬
મસુરની	,,	૧૬	૦	,,	૧૭	૦
મગની	,,	૨૨	૦	,,	૨૩	૦
અડદની	,,	૨૧	૬	,,	૨૨	૬
ચણા	,,	૧૭	૦	,,	૧૮	૦
,, દાળ	,,	૧૭	૦	,,	૧૮	૦
વટાણા	,,	૧૬	[illegible]	,,	૧૮	૦
મકાઇ	,,	૭	૬	,,	૭	૬
તેલ.						
કડવુ	૧ ગેલન	૩	૦	,,	૩	૨
એરંડીનું	,,	૨	૬	,,	૨	૮
મીઠું	,,	૨	૧૦	,,	૩	[illegible]
નાળીએરનું	,,	૨	૧૧	,,	૩	૦
ખાંડ મોરીસતી.						
સફેદ	,,	૧૭	૦	,,	૧૯	૦
પીળી	,,	૧૭	૬	,,	૧૮	૦
તીરકુળ નાતાલ		૧૪	૦		૧૫	૬
આટો		૮	૯	,,	૯	૩
મદ્રાસી સોપારી, ૧ રતલ		૦	૬	,,	૦	૮
મરચાં.		૦	૫	,,	૦	૫ા
ઘી પેટી		૬૯	૦	,,	૭૨	૬
પારાફીન ડીવોસ.		૬	૩	,,	૬	૬
,, વાઈટ રોસ		૭	૦	,,	૭	૩
,, ,, ગાલન		૧૨	૬	,,	૧૩	૩
ફુલી		૧૨	૦	,,	૧૩	૦
નાળીએર ૧૦૦		૧૨	૦	,,	૧૪	૦
નીમક (લીવરપુલ)						
બસ્તા એકનાં.		૪	૬		૫	[illegible]
દુધ નેસલનનું		૨૦	૬	,,	૨૧	૬

इन्डिअन ओपिनिअन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. १६वीं सपटेम्बर, १९०५. नम्बर ३७.

सप्ताहिक पञ्चाङ्ग.

अंग्रेजी—ता. १६ वीं सपटेम्बरसे, ता. २२ वीं सपटेम्बर १९०५ तक.

हिंदु—भाद्रपद वदी ३ से भाद्रपद वदी ८ सम्वत् १९६२ तक.

वार.	तारीख	सूर्योदय क.मि.	सूर्यास्त क.मि.	त्योहारोंकी यादी.
शनि.	१६	३.५ ५७५	४६	
रवि..	१७	४.५ ५६५	४७	
सोम.	१८	५.५ ५५५	४७	
मंगल	१९	५.५ ५४५	४८	
बुध..	२०	६.५ ५२५	४९	
गुरु..	२१	७.५ ५१५	४९	
शुक्र	२२	८.५ ५०५	५०	

इंडिया जानेवाली मेल स्टीमर.

इन्डिया-मेल स्टीमर 'फोंगोला' ता. २२ वीं सपटेम्बर और पिछे तुरत कलकत्ता जानेवाली है.

इंडिअन ओपिनिअन.

शनिश्चर, ता. १६ वीं सपटेम्बर, १९०५.

परलोकगत मिस मेनींग.

मिस मेनींगकें मृत्युका समाचार इन्डिया अखबारसे पाया जाता है. नेशनल एसोसियेशन नामे सोसाइटीकी यह श्री मन्त्रि थी. इन्हे यह सोसाइटीमे बहुत वर्ष काम किया था. सोसाइटीकी व्यवस्थाका आधार अधिकांश यह ऊपर था. जो हिन्दी विद्यार्थी अभ्यासके लिये विलायत जाते थे, उन्होंको यह सहायता देती थी और इन्होंके वास्ते रहेनेके लिये घरकी खोज लगा देती थी और अच्छी सलाह देती थी. उनके घरके द्वार हिन्दीओंके लिये सदा खुला था. प्रति वर्ष आप मेलावडा कर कर ऐन्ग्लो इन्डियनको आमन्त्रण करती. यह रीतसे ऐन्ग्लो इन्डियन और हिन्दीओंको एकत्र कर सुलह रखाती थी. आप मान लूंटनेमें मजा नहीं मानती थी. परन्तु काम करनेमें संतोष मानती थी.

काले लोगका क्या करना ?

मि० ह्वेम गेल्टने "रिव्यु आफ रिव्यु" अखबारमें "काले लोगोंका क्या करना?" यह विषयपर एक लेख लिखा है. मि० गेल्ट कहता है, कि जो काले लोगोंपर ध्यान लगाया नहीं जाय और वे लोगको इन्ताफ देकर उनकी लागणी पटल दी नहीं जाय, तो गोरे लोग अपनी सत्ता गंवा बैठेंगे. वह कहता है, कि हम भार पानेसे सब काले लोग विरोधी हुए हैं. वे लोग मानते हैं, कि गोरे लोग अजीत नहीं हैं. परन्तु मि० गेल्ट कहते हैं, कि काले लोग समजदार हैं. वे अच्छी वर्तणुकसे अच्छे रहेंगे. जो इन्होंको भिन्न सम्मान गीन लिया जांय और उनकी वजहमें सुधार किया जाय, तो गोरे लोगको भय रखनेके कुछ जरुर नहीं है.

चीनायोंपर जूलम.

पार्लामेन्टके एक मेम्बरने खाणके चीना कुलियोपर जो जूलम होता है, वह बाबेमें मि० लिटलटनसे पुछा. इनके जवाबमें उन्हें जांच लगानेका और चाबुकसे फटका मारनेका बन्द करनेके लिये वचन दिये. वे लोगको कैसी तरहसे बेत लगाई जाती है, उसका विवरण जोहानेसबर्गके "डेली एक्सप्रेस" अखबारमें दिया है, सो खूब दयाजनक है. उसपरसे थोडासा अहेवाल हमारे पाठकगणोंके पढनेके लिये प्रकट करते हैं. लीडरनेवाला कहता है, कि जो बात मैंने लीखी है, वह अठीसे देखी हुई, या तो जिस आदमियोंने हजारों मनुष्योंके फटका लगानेका हुकम दिया था; उन्होंकी साक्षीवाली है.

वर्तमान सालके आरम्भमें जोहानेसबर्गकी एक खाणमें आतवारकी बिना छूटी बिना प्रायः ७२ चीना कुलियोंको फटका लगाया जाता. प्रथम ऐसे कुलियोंपर उनका सरदार नालिश करें, पिछे उसका कम्पाउन्डके अधिकारीका आफिसमें ले जाय. यह बडा साहब गुन्हा सुनके दस, पन्द्रह या वीस फटकाकी सजा फरमावे. दो चीना पुलिस अपराधीको प्रायः १५ कदम दूर ले जांय. पुलिस सिपाहीका हुकम होते ही अपराधी खडा हो जाय, अब अपराधीका पायजामा आदि वस्त्र निकाल दिये और जमीनपर उलटा सुला दिये, तब एक पुलिसका आदमी अपराधीका गोड पकडे और दुसरा शिर पकडे. बाद फटका लगानेवाला आदमी ३ फुट लम्बी और १ इंच चोडी लकडीसे आज्ञानुसार जोरसे या आस्तेसे फटका लगावे. कदापि दुःख सहन न होनेसे अपराधी अपना शरीर हीलावे, तो दुसरा एक आदमी उनके पीठ गोडसे दबावे और सजा पूर्ण की जाय. कई कई खाणमें चाबुकके बदल लकडीसे फटका लगाया जाता है उसके घाओं इतना सख्त लगता है, कि इनसे मांस फुट जाता है और चाठे पडते है.

नोर्सवीककी खाणमें मि० कुक मेनेजर था, जब कोई चीना कुली ३६ इंच होलीइंगका काम न किया हो, तब उनको सजा फर्माता था. इनकी सजा करनेकी रीत उपरसे भी अधिक घातकी थी. यह साहब जबकी पिछे बिलकुल सहा न जाय, ऐसे भागपर मजबूत लातोंसे फटका मरवाता था, इसकी भाग पडे, तो भी सजा पूर्ण करता था. कई कईवार दुःख इतनी भीषण होती थी, कि बीचारे चीनाको इस्पतालमें भेजा जाता. यह बातकी कुक साहबको जगहपर प्रेस नामक आदमी आया. यह साहब चीनामें साहुकार मनाया जाता थी. उन्हें लाठीके बदल रस्सीके टुकडेका उपयोग किया. कई समय बाद खाणके उपरियोंने जांचकर देखा, कि इस महीने मासिक काम नहीं होता. इसलिए प्रेसकी अधिक जुलम करनेपर पडा. इस बातका बारम्बार नहीं करनेसे प्रेसका राजीनामा देना पडा. यह बाबेमें पार्लामेन्टमें भारी चर्चा हुई. इससे फटकाके बदल दुसरी सजा करनेका हुकम हुए. यह चीनका अनुभवी है, इससे इन्हे चीनमें चलती हुई प्रथा दाखल की. यह अपराधीको नग्न करवाता था और उनको चोटीसे कम्पाउन्डमें बंद किये हुए नजरबंद था बेनवाता था. जहां दोसे तीन दिवसतक चाहे ऐसी हवा ठंडी हो, या तो कडी गर्मी हो, तो भी खडा रखता था. बाद दुसरे चीनाके पहकना करानेके लिये हुकम करता था. दुसरी प्रथा यह थी कि अपराधीके दहीने अंगुठा पतली रस्सी बंधाई जाती थी. बाद रस्सीको एक कडेमें लगाकर ऊंचा लटकाया जाता था. वह भी ऐसी वजहसे लटकाया जाता था, कि सिर्फ पैरकी उंगलीयां छूते. तब दो तक खडा रखता था. कई कई दफेतक

बेचारे कुलीको दो फीट ऊंचे एक लकड़ा रखकर हाथोंमें हथकड़ी डालकर बंधवाता था और कहीं सोने न पावें ऐसे पहरेदार दो तीन घंटा रखता था

पार्लमेन्ट सभामें यह बातसे चेष्टा हुई, तो खाणके घातकी अफसरोंने चाबुक मारना बन्द किये. परन्तु उसमें फल क्या हुआ? और विशेष क्रूर और घातकी सजा करने लगे! यह घातकी प्रथा प्रकट कर "डेली एक्स प्रेस" अखबारके अधिपति महाशय पियर्सनने बेचारे अनेक हजारों चीना कुलियोंकी दुखसे आशिश ग्रहण की है. इस बात सब सच हो—झूठ माननेका कुछ कारण नहीं है—तो खाणके उपरी अधिकारियों अपना पालनहार पास क्या जवाब दे सकेंगे? दक्षिण आफ्रिकाके गरीब कुलियोंकी हाय खाकर पायमाल हो जांय, तो उसमें क्या आश्चर्य? अंग्रेजोंने बोर युद्ध कर ट्रान्सवाल जीता, उसका क्या यह फल!

चीना और हिन्दीका मुकाबिला.

जोहानिसबर्गसे हमारा एक सम्वाददाता लिखता है, कि यहां बहुत चीनाओं रहता है. ये लोगोंको पैसेकी बाबद हिन्दीओंसे ठीक है, ऐसा नहीं कह सकते. इसमें कुछ बहुत मालिकदार लोग है. वे किसी तरहसे रहते. यह देखनेके लिये कुछ समय पहले मुझे मौका मिला था. यह देखकर, हमारे लोग साथ मुकाबिला करनेका शौक हुआ.

वे लोगोंने सार्वजनिक कामके लिये चाईनिज एसोसियेशन नियुक्त की है और एक हॉल रखा है. हॉलका मकान पक्का है और इसमें सुन्दर और अच्छी तरहसे स्वच्छ रखते है. उसके खर्चके लिये फ्रीहोल्ड जमीन किनारेपर लेकर फिर किरायेपर दी गई है, और भाड़ा वसूल करते है.

चीना लोगोंको रहनेके लिये तकलीफ होनेसे "कैन्टोनीस" नामसे एक क्लब निकाला है. इसमें रहनेकी जगह, मुलाकात करनेकी जगह और पुस्तकालय है.

यह क्लबकी जमीन लम्बा लीजपर लिया है और उसपर एक मालकी पक्की इमारत खड़ी कर दी है. इसमें रहनेवाले सफाईसे रहते है. बहार और भीतर देखते ही भास होता है, कि यह क्लब कोई होगी. इसमें आराम पानेको, खानेको, खेलाकूदनेको, मिलने तथा टेनिस, बिलियर्ड और लाइब्रेरीकी कोठरियां अलग अलग रखी गई है. यह सोसाइटीका उपयोग दूसरे काममें नहीं किया करते है. पालख दूसरे कोई किया है, सो सुननेके लिये किरायेपर दी जाती है. कोई चीना मुसाफर हो, तो आराम पा सके, ऐसी सुन्दर और स्वच्छ जगह है.

क्लबमें दाखल होनेकी फी पांच पौन्ड है. वार्षिक फी हरएक आदमीके धंधा मुताबिक है. क्लबमें प्रायः १५० मेम्बरें है. हर रविवारको सब मिलते जुलते है और आनन्दके साथ गमत गमत उड़ाते है. दूसरे दिन मेम्बर लोग इनका उपयोग कर सकते है.

उसमें कुछ भी हमारे लोग सिखा नहीं सकते? किसी हिन्दी मुसाफरके लिये समस्त दक्षिण आफ्रिकामें ठहरनेके लिये स्वतन्त्र स्थल किसी शहरमें नहीं है. हमारे लोगोंकी मेहमानगीरी बेशक उमदा है, परन्तु उसकी हद रहती है. एक क्लब जैसा स्थल हो, तो अनेक लाभ पा सकते है. लोग किसीके मकानपर जाकर अपना अवकाशका वक्त बीतानेके बदले सार्वजनिक स्थलमें जाकर बीता सकते है और अनेक लाभ पा सकते है. आपस आपसमें सम्बन्ध मजबूत होता है और कीर्ति बढ़ती है. यह कार्यमें खर्च भी कमती लगता है, उसमें कुछ सन्देह नहीं है.

चीनाओंने जो क्लब बनाया है, उसपरसे दृष्टान्त लेकर नकल करने जैसा है. हमारे लोगपर मेहरबानीका जो तहोमत है, वह कुछ बिना कारण नहीं है. तहोमतसे दूर रहना हो, तो क्लब बनानेकी बहुत जरूरत है.

ब्रिटिश सेन्ट्रल आफ्रिका.

मजदुरोंको अच्छी तक.

ब्रिटिश सेन्ट्रल आफ्रिकामें रेलवेका काम चलता है. खबर मिल गया है, कि इन काममें मजदुरोंकी जरूरत है. विशेष खबर मिलनेपर हम जांच कर रहे है. दरम्यान किसीको जाना यहां जानेकी हो, तो उन्होंने हमको उनका नाम और पत्ता तुरत लिख भेजना. जिसकी नोंध यहां हम रखेंगे. जो अच्छी मजदूर जाने जैसा होगा, तो हम प्रकाश करेंगे.

जापानके युवराज—गत ५ वीं अगस्तको जापानके युवराज आरिसुगावा युगोसे लौटकर लंका पहुंचे थे. जहां अंग्रेजी महाजों और तोपखानेमें आपकी सलामी उतारी थी. उस दिन रातको राजकुमार लंकासे जापानकी ओर रवाने हुए थे.

कलकत्तामें विराट सभा.

बङ्गालके अङ्गच्छेदपर आन्दोलन.

भारत-सरकारने बङ्गके अङ्गच्छेद करनेका निश्चय किया, तब भारतके पाटनगर शहर कलकत्तामें गत ता० ७ वीं अगस्ट चन्द्रवारके रोज बड़ी विराट सभायें हुई थीं, जिसका शेष विवरण हमारे पाठकों पढ़ चुके है. अब यह सप्ताहमें भारतकी डाक आई है, जिसमें भारतका अखबारें मिले, वे देखनेसे जान पड़ता है, उस दिन कलकत्ता शहरमें बड़ा विराट मामला हो गया है, जिसका पूर्ण विवरण असम्भव है, लेकिन पाठकोंके जाननेके लिये उस बड़ी कारवाईका संक्षिप्त विवरण "बङ्गवासी" से प्रकाश करते है:—

उस समय कलकत्तावासियोंके मुंहसे अङ्गच्छेद विषयकी बातोंके सिवा दूसरी बातें सुनाई ही नहीं देती थीं. पहले होसे शहरके प्रकाश्य स्थानोंमें टाउनहालकी विराट सभाके बड़े बड़े इश्तहार लगा दिये गये थे. इनके अलावा छोटे, बड़े, लाल, काले सब मिलाकर कोई तीस तरहके हेन्डबिल कलकत्तेकी गली गली, और तो क्या, कलकत्तेके पासकी अनेक बस्तियोंतकमें बांट गये थे.

शनिवार, ता० ५ वींके रोज तीसरे पहर पांच बजे, कालेज स्क्वेरके अलबर्ट हालमें एक सभाका अधिवेशन हुआ. सभामें बारिस्टर ए. सी बन्दोपाध्यायने कहा:—

"हम लोगोंने प्रतिज्ञा की है, कि यथासाध्य विलाती चीजोंका व्यवहार न करेंगे, फिर भी, टाउनहाल सभाकी सजावटके लिये एक साहब चुना गया है. मैंने मि० ए. चौधरीसे यह बात सुनी है." बारिस्टरकी बात सुनकर सभाके नवयुवकोंमें बड़ा जोश फैला. उन्होंने एक स्वरसे कहा,—"हम लोग यह चुनाव पसन्द नहीं करते. टाउनहाल यदि अङ्ग्रेजी सजावटसे सजाया जायेगा, तो हम लोग सब सजावट टुकड़े टुकड़े करके फेंक देंगे."

सोमवार, ता० ७ वींको दस बजे हीसे टाउनहालकी विराट सभाकी धूम पड़ गई. ११ बजेके बाद दिखा दिया, कि नीले, पीले, लाल रङ्गके दुपट्टे पगड़ीकी तरह लगाये हाथोंमें काली काली झन्डियां लिये कालेजके लड़के दलके दल कतार बांधकर कालेजके स्क्वेरमें एकत्र होने लगे. शहरके दोनों फुटपाथपर लड़के, जवान, बूढ़े टाउनहालकी तरफ जाने लगे. खबर थी, कि कलकत्तेके कुल स्कूल और कालेजोंके लड़के

जब कालेज स्क्वायरमें जमा हो लेंगे, तब टाउनहालकी तरफ रवाना होंगे.

दो पहर होते होते हेरिसन रोड, कोलटु-टोला, बहुबाजार, चांदनी, म्युनिसिपल मार्केट, बड़ाबाजार, हाटखोला, चितपुररोड, शोभाबाजार, श्याम बाजार, बाग बाजार, शिमला रोड, पटलडांगा प्रभृति स्थानोंके प्रधान प्रधान रोजगारियोंकी दुकानें बन्द हो गई थी. मारवाड़ियोंने भी अपनी दुकानें बन्द कर दी थी. बन्द करनेवालोंमें कितने ही ३१२ हजार रुपये रोजकी बिक्री करनेवाले थे.

कालेज स्ट्रीटमें, हेरिसन रोडके मोड़से लेकर गोलदीघीतक एक अपूर्व दृश्य दिखाई दिया. विविधवर्णके दुपट्टोंका पगड़ी लगाये, गेरु रङ्गकी धोतियां लपेटे असंख्य काली काली झन्डियां लिये गोलदीघीमें घुस रहे थे. यह दृश्य सचमुच ही बहुत विचित्र था. स्कूलोंके लड़के हाथोंमें झन्डियां लिये श्रेणीबद्ध खड़े थे. प्रत्येकके चेहरेपर उत्साह और दुःखके चिन्ह दिखाई देते थे. काली झन्डियोंपर श्वेत वर्णके बङ्गला और अङ्गरेजी अक्षरोंमें "United Bengal" "No Partion" "जय भारतकी जय" "वन्दे भारतम्" इत्यादि बातें लिखी थीं. दो बजे बाबू सुरेन्द्रनाथ बेनरजी और मि० अम्बिकाचरण मजमुदार उपस्थित हुए. इसके बाद यह बालक-वाहिनी झन्डियां उठाती कालेज स्ट्रीटमें आई और वहांसे कतार बांधकर टाउनहाल तरफ चली.

कालेज स्ट्रीट और बहुबाजारमें यह दृश्य देखनेके लिये राहकी दोनों ओर ठसाठस भीड़ लग गई थी. वहां एक भी दुकान खुली नहीं दिखाती थी. राह साफ रहनेपर भी ट्राम गाड़ी तारबाबूके साथ चलाई जा रही थी.

लड़कोंकी फौज बहुबाजारसे लाल बाजारकी ओर चली. राहमें दोनों ओर दुकानें बन्द थीं. दुकानदार लोग राह किनारे खड़ा होकर लड़कोंका देख रहे थे. जान पड़ता था, कि किसी गंभीर कष्टसे उस दिन सब लोग एकप्राण हो गये थे. लड़के धीरे धीरे साहब सौदागरोंकी दुकानोंके सामने पहुंचे. बड़े बड़े आफिसोंके साहब और साहबोंके कर्म्मचारी हाथका काम छोड़कर यह दृश्य देखनेके लिये बाहर निकल आये. उनके चेहरोंसे विस्मय और कौतूहल फूटा पड़ता था. धीरे धीरे लड़का डालहौसी स्क्वेर पार करके लाटभवनकी बगलसे गुजरकर किलेके मैदानमें पहुंचे.

[अपूर्ण.]

समाचार.

देशी वस्तुका व्यवहार—काठियावाड़में गोन्डलके महाराजाने अपने कर्मचारियोंको देशी वस्तु व्यवहार करनेको सख्त ताकीद की है.

बड़ौदामें स्वराज्य—श्रीमन्त गायकवाड़ सरकारकी अनुमतिसे मि० दत्तने बड़ौदाके राज्यमें गत ता० १ ली अगस्तसे स्वराज्यकी प्रथा दाखिल की है.

जर्मन शाहनशाह घबराह गये हैं!—जर्मन शाहनशाह जापानकी जीतसे खूब डर गया हो, ऐसा देख पड़ता है. कुछ समय पहले उन्हें व्याख्यान दिया, कि जापानकी जीतसे यूरोपी प्रजाको बहुत सावधानीसे चलना चाहिये. नहीं चलनेसे देशी आकी प्रजा सब व्यापार छीन लेगा. यह मुजब यह साहब कुछ पहली बार नहीं बोले हैं!

गायकवाड़ सरकारके अमात्य—बड़ौदाके गायकवाड़ सरकारने मि० दत्तको अपना अमात्य नियुक्त किया है, सो कर्झन साहबको पसन्द नहीं पड़ा है. इससे बङ्गालीमें खबर आया है, यह अनुसार देख पड़ता है, कि ऐसे छुपा सरक्युलर निकालकर हिन्दके रानें महाराजोंपर भेज दिया है, कि नौकरीसे फारग हुए इन्डियन सीवीलियनको रखनेकी इच्छा किसी राज्यने हो, तो नौकरीमें रखने पहिले सरकारसे परवानगी लेना चाहिये. यह भी कर्झन साहबकी एक और लहर है!

कोङ्ग्रेसका प्रमुख कौन होगा?—"इन्डिया" अखबार खबर देते हैं कि आगामी २१ वी नेशनल कोङ्ग्रेसके प्रमुख पदके लिये नियुक्त करनेमें निचेके नाम सुने जाते हैं,—आनरेबल मि० गोपाल कृष्ण गोखले, मि० अरबलो नोरटन, राय बहादुर अधोलकर, सर गुरुदास बेनरजी, डाक्टर राश बिहारी घोश और बाबू कालीचरण बानरजी. यह महाशयों बहुत लायक हैं और इन्होंने भारत भूमिकी बड़ी सेवा की है. उनमें भी मि० गोखलेका नाम अब अग्रेसर है. बड़ी धारासभामें इन्होंने लार्ड कर्झनसे अच्छी टक्कर ली थी.

सनातन धर्म सभा—हरिद्वारसे एक महाशय लिखता है, कि होशियारपुरकी हिन्दु सनातन धर्म सभा तरफसे गत ता० १० वींके रोज नई रेलवे कोलनीमें एक सभा हुई थी. सभामें पं. दलजीत महाराज, विन्द्रावन महाराज, गौरीशंकर महाराज, बाबू भलगुसिंह, बाबू अजीतसिंह, बाबू जदुनन्दनसिंह, रामप्यारे सरदार वगैरह उपस्थित हुए थे. सभाके महाशयोंको पं. रामसुन्दर पाठक और गंगादीन तेवारीने व्याख्यान देकर धर्मोपदेश दिये. धर्म कार्यके लिये कुछ द्रव्यकी भी सहायता मिली. इस बार मि० विलियम जानअपन सभामें उपस्थित हुए थे. आप इसाई धर्मको माननेवाले हैं. जिसने हिन्दु धर्मके लिये बहुत उत्तेजना दिये थे. बाबू मन्द्राजसिंहने उपस्थित हुए महाशयोंसे विद्याभ्यास करने और धर्म बढ़ानेके लिये बहुत तरहसे प्रार्थना की और सबको धन्यवाद दिये थे.

रोकड़ बजार भाव.

		शी.	पे.	शी.	पे
मांजा चावल	...	१६	०	१७	०
बोम्बे „	...	२१	०	२२	०
एफ. एफ. बी. आर	..	१५	६	१६	०
एफ. बी. आर.	...	१४	०	१५	३
चीनी मक्का	...	१८	६	१९	०
टुटा चावल	...	१८	०	१९	०
अरहरका दाल	...	१६	०	१७	०
मसुरकी दाल	...	१६	०	१७	०
मुंगकी दाल	...	२२	०	२३	०
उड़दकी दाल	...	२१	६	२२	६
चने	...	१७	०	१८	०
चनेकी दाल	...	१७	०	१८	०
मटर	...	१६	०	१८	०
मीलीस	...	७	०	७	६
कच्चा तेल १ गेलन	,	३	०	३	२
रेडीके तेल „	...	२	६	२	८
मिठा तेल „	...	२	१०	३	०
नालीयर तेल „	...	२	११	३	०
सफेद चीनी	...	१७	०	१८	०
पिली „	...	१७	६	१८	०
डीकल (नाताल)	...	१४	०	१५	६
आटा (फ्लावर)	...	८	६	९	०
सुपारि मद्रासी १ रतल		०	६	०	८
मीरची „		०	५	०	५॥
घी फेरा (पेटी) १	...	६०	९	७२	६
गासलीन कीरोसीन १ केस		६	३	६	६
„ वाइट रोस „		७	०	७	३
„ „ गेलन		१२	६	११	३
नलांगर १००	...	१२	०	१५	-
नीमक (लिवरपुलका)					
बस्ता एकका		४	६	५	०
दूध मैसगलेका	...	२०	६	२१	६

இந்தியன் ஒப்பீனியன்.

வாராந்தரப்பத்திரிகை

பீனிக்ஸ், 1905௵ செப்டம்பர் 16௳ சனிக்கிழமை.

பஞ்சாங்கம்.

[illegible]

மார்க்கட் விலை.

	முதல்.	வரை.
[illegible]	16 -	17 -
[illegible]	1-1-0	1-2-0
[illegible]	16 -	17
[illegible]	16	17
[illegible]	7 -	7 6
[illegible]	2 10	3 -
[illegible]	3 -	3 2
[illegible]	2 11	3 -
[illegible]	17	19 -
[illegible] ,,	18 -	19
[illegible] ,,	11	15 6
[illegible]	8 6	9
[illegible]	[illegible]	[illegible]
[illegible]		5
[illegible]	3 10 0	3 12 6
[illegible]	6 3	6 6
[illegible]	7 -	7 3

வேண்டுகோள்.

இப்பத்திரிகையின் கையொப்பக்காரர்கள் சென்ற வருஷத்துக்குச் சேரவேண்டிய கையொப்பத்தொகையும் இந்த வருஷத்தின் தொகையும் தாமதிக்காமல் [illegible] கேட்டுக்கொள்ளுகிறோம்.

கையொப்பக்காரர்களுக்கு பத்திரிகை வாரந்தோறும் கிடைக்காவிட்டால் [illegible] பத்திராதிபருக்குத் தெரியப்படுத்தும்படி கேட்டுக்கொள்ளுகிறோம்.

இந்தியன் மெயில்.

டெட்டால் [illegible]

[illegible] இம்மாதம் 2௳ புறப்பட்ட [illegible] [illegible] வருகிறது.

இந்தியா ஆப்பிரிக்கா லைன்.

[illegible] அக்டோபர் 5௳ புறப்படும். [illegible] செப்டம்பர் 5௳ புறப்படும்.

[illegible] [illegible]

"இந்தியன் ஒப்பீனியன்"

பீனிக்ஸ் செட்டால்,

சனிக்கிழமை,

1905௵ செப்டம்பர் 16௳

பங்காளக்கட்டுப்பாடு.

இவ்விஷயம் [illegible] [illegible] எழுதியிருக்கிறோம். இங்கிலீஷ் [illegible] பங்காளியர்களின் [illegible] "இனி ஆங்கிலேய சரக்குகளை வாங்கக்கூடாதென்றும் இந்தியசரக்குகளை உபயோகிக்கவேண்டியதென்றும்" சத்தியம் செய்திருக்கிறார்கள். இந்தச்சேதி நமக்கு அதிக சந்தோஷத்தைக் கொடுக்கிறது. இதுபோலவே இந்தியாவின் மற்றப்பகுதிகளிலுள்ள இந்தியரும் பங்காளியரைப்போல தீர்மானத்தை மேற்கொண்டு [illegible] [illegible] விருத்திசெய்வதற்கு முயற்சிசெய்வார்களானால் தேசவிருத்தியை உண்டாக்கும். இந்தியருக்கு ஒருவித பழக்கம் அவர்கள் மனதில் வேரூன்றியிருக்கிறது. அதாவது [illegible] [illegible] [illegible] இருந்தால் [illegible] இங்கிலாண்டு [illegible] பற்றி, அப்படியிருந்தால் அருவருப்பையும் அவமானத்தை

யும் காட்டாமல், சாதாரணமாக இவர்களுக்குள் படிந்திருக்கிறது. பெரியதேசங்களில் மிகவும் சிறப்புடையதும் அதிக ஜனத்தொகையுமுடையதுமான தேசம் அதற்கொண்டாவது இந்தியா. இதற்குமுன் [illegible] [illegible] செய்யப்படவில்லை. இதன் [illegible] இன்று [illegible] வின்றும், சில பகுதியார் [illegible] யின் சந்தோஷத்தைப்பெற்றுக்கொள்ளுவதற்காகத் தங்கள் சொந்தப்பலப்படுத்தக்கூடிய தங்கள் தேசசன்மையைக் கெடுத்துவருகிறார்கள். [illegible] காரியங்களில் மாத்திரம் நம்மைப் பிடித்தாலும் [illegible] [illegible] அல்லது ஞாயத்தை அடுத்த காரியங்களில் [illegible] [illegible] [illegible] ஐரோப்பியர்களுடன் போட்டி [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ஆகாது. ஆகையால் இந்தியர்கள் ஒருவனதா [illegible] வேண்டிய விஷயங்களில் இப்போது முயற்சிசெய்வது மிகவும் அவசியம். இந்தியாவிலிருந்து வருஷந்தோறும் 60 கோடி ரூபாய் இங்கிலாந்து [illegible] [illegible] அனுப்பப்படுகிறது. இவ்விதமாக [illegible] [illegible] பொருள் இந்தியாவில் [illegible] [illegible] இந்தியர்கள் எப்படி விருத்தியடைவார்கள். ஆங்கிலேயர் இந்தியாவை [illegible] அடக்கியாளப் படுத்திக்கொண்டதும் முக்கியமாக வியாபாரம் [illegible] ஆங்கிலேயர்கள் [illegible] இந்தியாவிற்கு வரவு, இந்தியர்கள் அவைகளின் [illegible]

ர்கள். இதனால் இந்தியாவின் பூர்வீகக்கைத்தொழில் நாளடைவில் குறைவடைந்து, தேசத்தில் பொருள் குறைவுண்டாகிப் பஞ்சமென்பது மேலிட்டு அநேக லட்சக்கணக்கான இந்தியர்கள் இப்போது பசியினால் மரணமடைகிறார்கள். ஆங்கிலேயர் இந்தியாவில் பஞ்சம் வராமல் தடுப்பதற்கு அநேக தந்திரயுக்திகள் செய்வதாக அடிக்கடி தெரிந்துவருகிறோம். இதை வாசிக்க மிகவும் சந்தோஷமுண்டாகிறது. இந்தியாவில் ஒருவருஷம் விளையும் தானியம் சாதாரணமாக மூன்று வருஷத்துக்குப் போதுமானது. ஆகையால் ஒருவருஷம் பயிர்களும் இரண்டுவருஷம் பயிரில்லாவிட்டாலும் சாப்பாட்டுக்கு போதிய தானியமுண்டாகி இருக்கிறது. இதன் கணக்கை வெளிதேசத்துக்கு ஏற்றுமதி விவரத்தொகையால் அறிந்துகொள்ளலாம். இதனால் இந்தியாவில் தற்காலம் ஏற்படுவது பொருட்பஞ்சமே அல்லாமல் தானியபஞ்சமென்பதில்லை. இதற்குத்தக்க பரிகாரம் தற்கால இராஜாங்கத்தாரால் செய்யப்படாமல், வேறுபரிகாரங்களை அவர்கள் தேடுவது நம்முடைய திருப்திக்கென்பது நன்றாய்ப் புலப்படுகிறது. இந்தியாவின் விளைபொருள்கள் அதிகமாய் வெளிதேசங்களுக்குப் போகாமலாவது அல்லது இந்தியர்கள் தேசதானியங்களை வாங்குவதற்குப் போதிய பொருளைச்சம்பாதிக்கத் தகுதியுடையவர்களாவது இருப்பதினால்மாத்திரம் இந்துதேசத்தைவிட்டுப் பசியும் பஞ்சமும் நீங்குமே அல்லாமல் வேறுவகை இல்லை. தானியம் புறதேசங்களுக்கு அதிகமாய்ச்சேராத வழி தீர்வை விதித்தலாகும். அது சுய அரசாட்சி ஏற்படாதவரையில் முடிவுக்கு வராமாட்டாது. இந்திய ஏழைகள் தானியத்தை வாங்கப் பொருளடையும்வழி சகலவர்களும் சுதேசாபிமானத்துடன் அவர்களால் செய்யப்படும் பண்டங்களை ஆதரித்தலேயாகும். தற்காலம் இந்த ஒருவழியைப் பங்காளியரைப் பின்தொடர்ந்து சுதேசத்தவருக்கு யைப் பிரயோசனப்படுத்திவருவோமாகில் இந்தியாவில் பொருள்பெருகும், பொருளினால் பஞ்சம் நீங்கிக் குடிகளின் பெருக்கத்தையும் பலத்தையும் உண்டாக்கும். அப்பொருளின் பலமே எல்லாத்துன்பங்களையும் நீக்குவதற்கு ஆதாரமாகும்.

சமாதானமும் ஜப்பானியரும்.

அமெரிக்காவில் ஜப்பானியர் ருஷியருடன் செய்த சமாதான ஏற்பாடுகள் ஜப்பானிய குடிகளுக்குச் சற்றும் பொருத்தமில்லை. இதனால் டோக்கியோபட்டணத்தில் குடிகள் ஒன்றுசேர்ந்து தங்கள் அதிருப்தியைச் சக்ரவர்த்திக்கு அறிவிக்கும்படி கூடினார்கள். வேறுசிலர்கள் அக்கிரமமாகச் சிலமந்திரிகளின் வீடுகளையும் வேறு கட்டடங்களையும் நெருப்புக்கிரையாக்கினார்கள். இதனால் அதிகக்குழப்பம் புறங்களிலும் சிலவூர்களில் நேரிட்டன. நகரக்காவலாளிகளால் கலகக்காரர்கள் பிடிக்கப்பட்டுக் காவல்செய்யப்பட்டிருக்கிறார்கள். குடிகளுக்கும் நகரகாவலாளிகளுக்கும் நேர்ந்த கலகத்தில் இரண்டொருவர் மரணமும் அநேகர் காயமும் அடைந்தார்கள். அனேகர் சக்ரவர்த்தியின் அரண்மனைக்கருகில் கலகக்காரர் போகும்போது "சக்ரவர்த்தி வாழ்க" என்று சப்தமிட்டார்கள். இதனால் அவர்கள் இராஜவிசுவாசம் குறைவுபடவில்லை என்றும் சமாதான உடன்படிக்கையின் ஏற்பாடுகள் தங்களுக்குப் பொருத்தமில்லை என்றும் தெரிவிப்பதாகத் தெரிகிறது. இக்கலகம் கூடிய சீக்கிரம் அமைதிப்படலாம்.

டிரான்ஸ்வால் சீனர்.

சில காலமாகச் சுரங்கங்களில் வேலைசெய்துவரும் சீனர்களில் சிலர் தங்களுடன் வேலைசெய்துவரும் காப்பிரிகளை அடிப்பதும் கொலைசெய்வதுமாக நடத்திவந்தார்கள். பின்பு நகரங்களின் சுற்றுப்புறங்களிலுள்ள ஐரோப்பிய குடியானவர்கள் வீட்டில் புகுந்து கொள்ளை அடிப்பதும் குரூரமான கொலைசெய்வதுமாக இருக்கிறார்கள். ஒருமுறை சில வியாபாரிகடையில் புகுந்து அங்குள்ள இரண்டு பேர்களைக்கொடூரமாகத் தாக்கியபடியால் ஒருவன் மரணமும் மற்றொருவன் படுகாயமும் அடைந்தான். இதுபோலவே இராக்காலத்தில் புகுந்து சில இந்தியர்களையும் கொலைசெய்துவிட்டார்கள். இவர்களை அடக்குவதற்குப்போதுமான காவலாளிகள் இல்லாமையால், கவர்ன்மெண்டாரால் உயிர் காப்பிற்காக ஐரோப்பிய குடியானவர்களுக்கு ஆயுதங்கள் கொடுக்கப்பட்டிருக்கின்றன. இக்கலகத்திற்கு ஆதாரமானது அதிகமான அபின் குடித்தலும் சாப்பிடுதலுமென்றே அபிப்பிராயப்படலாம்.

வித்வான் பரமானந்தர் ஐந்தாவது பிரசங்கம்

(முன் தொடர்ச்சி)

அறியாமைக்கு மூன்றாவது உதாரணம்.

துன்பத்தை இன்பமாகவும் இன்பத்தைத் துன்பமாகவும் நினைத்தல். ஆதிகாலத்தில் பத்திரி என்னும் ஒரு அரசர் இருந்தார். அவருக்கு ஒருவன் ஒருபழத்தைக்கொண்டுவந்து கொடுத்து அதைச்சாப்பிட்டால் என்றுமிளமையோடிருக்கலாமென்று சொன்னான். அவர் தம்முடைய மனைவியை அதிக அன்புபாராட்டிவந்தமையால் தாம் மாத்திரம் சாப்பிடவிரும்பாமல் அந்தப்பழத்தை மனைவியிடம் கொடுத்து இவ்வொருபழம் கிடைக்கும்வரையில் அதைப்பத்திரமாக வைத்திருக்கும்படி சொன்னார். அவள் அரண்மனையிலுள்ள ஒரு வேலைக்காரனுடன் நேசம்பாராட்டிவந்தாள். அவ்வருமையான பழம் தன் அன்புக்குரிய அவனுக்குக்கொடுப்பதே ஆசையுடையவளாய் அதைப்பெற்றுக்கொள்ளும்படி அவனை வேண்டினாள். அவன் அதைத் தனக்கு அன்புடைய ஒருதாசிக்குக் கொடுத்தான். அவள் அப்பழத்தைத் தான் சாப்பிடுவதனால் ஒருபயனுமில்லையென்றும் தன்னுடைய [illegible] மையை நினைத்து அதைப் பத்திரி அரசனுக்குக்கொடுக்க [illegible]

[illegible]

வி. கோ. சூரியநாராயண சாஸ்திரியாரவர்கள் இயற்றிய

தமிழ் புத்தகங்கள்.

தமிழ் மொழியின் வரலாறு.

பொருளடக்கம்:— 1. ஆதிவரலாறு. 2. வடமொழிக்கலப்பு. 3. [illegible] 4. [illegible] இலக்கணம். 5. பாஷையின் தோற்றமும் தொன்மையும். 6. பாஷையின் சிறப்பியல்பு 7. பாஷை வேறுபாடு. 8. [illegible] 9. பாஷையின் சீர்திருத்தம். 10. முடிவுரை.

[illegible] ரூபா 1. [illegible] ரூபா 2.

ஸ்ரீ [illegible]— [illegible] அணா 2.

[illegible]

[illegible]

HAJEE HABIB

CALCUTTA HOUSE,

IMPORTER AND GENERAL DEALER.

A great variety of

Rugs, Blankets, Drapery, Haberdashery, Clothing, Hardware, Hollow-ware, Furniture, Groceries,

Rough goods, &c., &c.

SEASON'S NOVELTIES BY EVERY MAIL

Prices are very moderate & terms are easy.

A trial Solicited.

Tel. Add.: BAGDAD. P. O. Box 57.

388, Prinsloo Street, PRETORIA.

Stranack Glew & Co.,

General Merchants

AND DEALERS IN

Soft Goods,

Hardware,

Stationery,

Kaffir Goods,

Jewellery,

etc., etc.

80 ALBERT St.,

DURBAN.

Tel. Add.: "STRANCO."
Telephone No. 462.
P.O. Box 914.

PARSI MANCHERJI,

MERCHANT & IMPORTER.

Up-country Orders carefully and promptly executed. Full details will be given through correspondence.

Telegrams: "MANCHERJI." P.O. Box 1080, CAPE TOWN.

INDIAN BOARDING HOUSE,

JAHORI BAZAAR,

PINE STREET DURBAN.

Breakfast 6d. Dinner 9d. Supper 1s.

Hot and Fresh Meals ready always. Special Dishes to Order.

ઈંડીઅન બોર્ડીંગ હાઉસ.

ઠે. ઝવેરી બજાર ઈંડીઅન ડીસ્પેન્સરીની બાજુમાં. પાઇન સ્ટ્રીટ, ડરબન.

બ્રેકફાસ્ટ ૦/૬ ડીનર ૦/૯ સપર ૧/૦

ટાઢા તથા ઉના ભોજન તૈયાર છે. ઓર્ડર પ્રમાણે ખાસ ધ્યાન આપવામાં આવશે.

इन्डियन बोर्डिंग हाउस.

ठि.—झवेरी बज़ार, इन्डियन दवाखाना पास, पाईन स्ट्रीट, डर्बन.

ब्रेकफास्ट ०/६, डिनर ०/९, सपर १/०.

हर वक्त ठंडा और गरम भोजन तैयार मिलता है. आर्डरपर खास ध्यान लगाया जायगा.

[illegible]

[illegible]

Pohoomull Brothers,

WHOLESALE & RETAIL DEALERS.

Depots in India, Egypt, Gibraltar, Malta, China, Japan, Manilla, Zanzibar, Beira, Salisbury, Johannesburg, Durban, &c., &c.

All fashionable goods, silks of every variety,
IMPORTED DIRECTLY

Corner Longmarket & Parliament Streets.

Telegrams: "POHOOMULL," CAPE TOWN. Box 1126.

DURBAN: QUEEN STREET. Box 621.

ABDOL GANIE, - General Dealer.

SOFT GOODS, GROCERIES and MERCHANDISE of all description always in stock.

5 & 7 CROSS STREET, CAPE TOWN

અબ્દુલ ગની.
જનરલ ડીલર.
કાપડ, ગ્રોસરી અને બીજા દરેક જાતનો માલ સ્ટોકમાં રાખનાર.
૫-૭ ક્રોસ સ્ટ્રીટ, કેપટાઉન.

अबदुलगनी,
जनरल डीलर,
कपड, ग्रोसरी और दूसरी सब रकमका माल स्टोकमें रखनेवाला.
५-७, क्रोस स्ट्रीट, केपटौन.

மேற். அப்துல்கனி ஸ்டோரில் மேன்மையான பலவித சாமான்கள் எப்பொழுதும் இருப்பிலிருக்கின்றன.
அப்துல்கனி, ஜெனரல் டீலர்,
5. அண்ட் 7. கிராஸ் ஸ்டிரீட், கேப்டவுன்.

Prof. L. Doovey, Indian Herbalist and Palmist, Cape Town.

Inventor of the famous RHEUMATIC LOTION.

Testimonials from Rev. [illegible] J. Retief, Arthur Garcia, Esq., R.M., Uitenhage, and many others.

પ્રોફેસર એલ. દવે.
ઇન્ડિઅન વનસ્પતિ ઔષધિ રાખનાર અને જાણનાર તથા રેખાશાસ્ત્રી. સંધીવાની મશહુર દવાના શોધક. રેવરન્ડ જે. રટીફ, આરથર ગ્રેશીઆ એસક્વાયર વિગેરેનાં સરટીફીકેટો છે.
કેપટાઉન.

प्रोफेसर एल. दवे, (इन्डियन.)
वनस्पतिके औषधोंका संग्रह रखनेवाले और पिछाननेवाले हस्तरेखाशास्त्री तथा सन्धीवाके लीये पानीरूप जगतप्रसिद्ध दवाका शोधक. सर्टीफिकेट बहुत मिला है. केपटौन.

[illegible]

J. M. H. Gool

Importer of Indian Produce and Exporter of Cape Snoek in all parts of South Africa, except Durban, Natal, where Jaldhoy & Sorabji Bros., are our Sole Agents.

જુસબ મોલવી હમીદ ગુલ.
ઇન્ડિઅન પ્રોડ્યુસ મરચંટ.
નાતાલમાં ડરબન શિવાય તથા સાઉથ આફ્રિકામાં બધે ઠેકાણે કેપ સ્નુક મચ્છી પહોંચાડવામાં આવે છે. ડરબનમાં અમારા ખાસ એજન્ટ જાલભાઇ એન્ડ સોરાબજી બ્રધરસને ત્યાંથી બધી ખબર મળી શકશે.
૧૨૯ કેસલ સ્ટ્રીટ,
ટેલીગ્રાફ એડ્રેસ "ગુલ"
કેપ ટાઉન.

129 CASTLE ST., CAPE TOWN

Telegrams and Cablegrams: "GOOL," Cape Town.

Haji Sulaiman Shah Mahomed,

Estate Owner,

164 BREE STREET,

—CORNER OF—

BLOEM STREET, CAPE TOWN.

TELEGRAMS:
"SHAHMAHOMED,"
CAPETOWN.

A. CADER,

General Importer and Agent

SUB-AGENT FOR THE

Indian Department,
German East African Line.

42 CHURCH STREET,
CAPE TOWN.

Ebrahim Noroodeen,

General Dealer
—AND—
Family Grocer,

140 ALBERT ROAD,
WOODSTOCK.

BRANCHES:
Capetown, Salt River, Observatory, and Wynberg.

RATANJEE NOWROSJI,

Direct Importer and Mineral Water Manufacturer

રતનજી નવરોઝજી.
ડાયરેક્ટ ઈમ્પોરટર અને મીનરલ વોટર બનાવનાર.
ક્લેરમોન્ટ. કેપકોલની.

CLAREMONT, CAPE COLONY.

SHAIKH ALIE,

ESTATE OWNER.

HOUSES TO LET.

19 EYER STREET, CAPE TOWN.

WESTERN INDIA

Army Boot and Equipment Factory,

BOMBAY, India.

GOLD MEDAL
Madras Industrial and Art Exhibition, 1903.

(ESTABLISHED 1887)

TWO GOLD MEDALS
Bombay Industrial and Agricultural Exhibition, 1904.

PROPRIETORS—

Messrs. Adamjee Peerbhoy & Sons.

MANUFACTURERS OF—

Military Ammunition Boots, Volunteer Ammunition Boots, Police Ammunition Boots, Sandals, Gurgabi Shoes, &c.

Military, Volunteer and Police Harness, Saddlery, Accoutrements, etc., etc.

Leathers:—Russian, satin and black waxed calves; harness leathers of all kinds; bag and carriage hood hides; Morocco, etc., etc.

Civilian Boots, shoes, harness and saddlery of every description.

Travelling Requisites:—Overland Trunks; dress cases; suit and shirt cases; portmanteaux; Gladstone, brief, hand and courier bags; hat boxes; bed straps; soiled-linen bags; stick cases, etc., etc.

Mill Stores:—Single and double leather belting; Ginning rollers and washers; Roller skins; pickers; hose pipe, etc., etc.

Miscellaneous Leather Goods:—Puttee and lace gaiters; collar boxes; brush cases; cigar and cigarette cases; school bags; Peon's bags; Mussacks; Syce's belts; bottle and tumbler cases; luggage labels, etc., etc., etc.

ALL ARTICLES GUARANTEED SOLID LEATHER.

Price List on Application.

NANJI CARSANDAS,

WHOLESALE MERCHANT
AND DIRECT IMPORTER.
P.O. Box 62, Tel. Add.: "NANJI."
LOURENCO-MARQUES.

Ebrahim Haji Soleman & Co.,

MERCHANTS, Bombay.
Tele. Add.: "MONITOR."
Agents for East and South Africa.

2 Amratolla Street, Calcutta; and
65-15 Bhusari Moholla, Bombay.

[illegible]

CONNECTIONS IN DELAGOA BAY.
EBRAHIM'S AFRICAN TRADING CO.
Tel. Add. "TRADER." P.O. Box 417.

AMOD HABIB & CO.,

DIRECT IMPORTERS
WHOLESALE & RETAIL MERCHANTS,
General Money Exchangers.
Tel. Address: "AMODHABIB," Delagoa Bay
P.O. Box 68.

HORMAJCY IDOLCY,

DIRECT IMPORTER
AND
GENERAL MERCHANT
P.O. Box 342, DELAGOA BAY.

E. M. PATEL,

General Dealer, Wholesale & Retail,
MARKET SQUARE,
POTCHEFSTROOM.
[illegible]

NANJI DULABHDASS & Co.,

DIRECT IMPORTERS & GENERAL MERCHANTS.
P.O. Box 141, Delagoa Bay.

S. E. GINWALA,

Produce, Merchant & Direct Importer.
Up-country orders promptly and carefully executed.
Tel. & Cable Add.: "Ginwala."
P.O. Box 311. LOURENCO-MARQUES.

AYOB MOHAMED,

General Merchant & Direct Importer,
MARKET SQUARE,
PIETERSBURG.
Box 134. Tel. Add.: "AYOB."

Ismail Amod Kajee,

GENERAL MERCHANT & DEALER,
[illegible] P.O. Box [illegible]
KRUGERSDORP

The largest Importer in South Africa of
MILITARY & CIVILIANS
Second-hand Overcoats, Jackets,
Trousers Coats, Waistcoats, etc.

J. LANDAU,

337 Pine Street, Durban.
Head Office: 43 Rue des Francs-Bourgeois, Paris.

સેકન્ડહેન્ડ કોટ, વેસ્ટકોટ, ઈજાર વિગેરે
જથાબંધ યુરોપથી મંગાવનાર મોટી કંપની.
જે. લેન્ડો.
૩૩૭ પાઇન સ્ટ્રીટ, ડરબન.
હેડ ઓફીસ ૪૩ રૂ ડે ફ્રાંક બુર્ઝવા, પારીસ.

Abdoola Hajee Khan Mahomed

General Merchant & Importer,
CHURCH SQUARE
Opposite, Government Buildings.
Telegraphic Address: "MOHAMMED." P.O. Box 99.
POTCHEFSTROOM.

S. D. BOBERT,

General Importer, Wholesale and Retail Merchant.
Cheapest House in the Market Square.
BRANCHES AT
LOCATION, POTCHEFSTROOM.

M. E. Nanabhay

Retail and Wholesale Merchant,
Market Square, P.O. Box 55,
POTCHEFSTROOM.

Ebrahim Brother

Direct Importer & General Merchant,
POTCHEFSTROOM, Trans.
P.O. Box [illegible] Tel. Ad.: "[illegible]"

D. I. Varyava,

GENERAL MERCHANT,
King Edward Street, P.O. Box [illegible]
POTCHEFSTROOM.

Amod Mamoojee Patel,

GENERAL MERCHANT,
[illegible] P.O. Box 35,
POTCHEFSTROOM.
Tel. Ad.: "Mamoojee." [illegible]

ABDOOL RAHMAN,

MERCHANT,
POTCHEFSTROOM.
Tel. Address: "Rahman."
P.O. Box 12.

MOOSA HASSEN,

General Dealer,
KING EDWARD STREET,
AT THE MILL.
POTCHEFSTROOM.

V. R. Naidoo,

GROCER & GENERAL DEALER
Jewellery,
Fancy Goods,
Drapery,
Watches & Clocks,
&c., &c.
Cheap & Good.
5 & 13 Frere Street,
& Market Street.
CRADOCK

P. V. SANGHAVEE,

Head Office: 204 Grey St., Durban.
Branch: 34 Ezra Street, Calcutta.
COMMISSION AGENT,
Importer of Rice, Dholl, Ghee, Oil,
Gunny Bags, etc.

મડાગાસ્કર સીપમેંટ કું૦
[illegible]
[illegible]
[illegible]

माडागास्कर शीपमेन्ट कम्पनी.
[illegible]
[illegible]
[illegible]

L. MULCHAND,

Indian
Silk Merchant

Direct Importer of Chinese,
Japanese and Maltese Lace,
and every variety of Curios.

75 William Street,
CAPE TOWN.

H. LANGLEBEN,

Wholesale Clothier & Manufacturer.
327 Pine Street, Durban.
IMPORTER OF NEW CLOTHING FOR NATIVE TRADE.
Largest Importer in South Africa of English
Second-hand Clothing.
[illegible]

એચ. લેંગલીબન.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
૩૨૭ પાઇન સ્ટ્રીટ, ડરબન.

R. P. BHATT, *Watchmaker & Jeweller,*

MANUFACTURER OF INDIAN JEWELLERY,

P. O. BOX 529. **120 GREY STREET, DURBAN.**

વૉચ મેકર એન્ડ જુવેલર

સોના ચાંદીના દાગીના બનાવનાર.

[illegible]

આર. પી. ભટ,
વૉચ મેકર એન્ડ જુવેલર.
૧૨૦, ગ્રે સ્ટ્રીટ.
પો. બૉક્સ, ૫૨૯, ડરબન.

हरएक किसमके सूवर्ण व चांदीके हिन्दुस्थानी गहनें.

"It is seriously contemplated by the Government of India," says the *Times of Burma*, "to remove the winter capital of the empire from Calcutta to Bombay, which is the politest, most businesslike and best built town in Asia, in view of the present attitude of the Bengalis over the creation of the new province. The Government of India has long contemplated boycotting the babus, and apparently the time has come for this to be done, and we shall find there will be little use for them out of Bengal."—*Publicity.*

The Mahomedan Educational Conference.—Mumtaz-uddulah, the Nawab Faiyaz Ali Khan, C.S.I., has with his characteristic hospitality come forward to play the host on the occasion of the forthcoming Mahomedan Educational Conference at Aligarh, and has issued a general invitation to his co-religionists from all parts of India to attend the Aligarh Conference. It is hoped that the invitation will be largely accepted.—*Indian People.*

Lost Relative.—Information is wanted as to the whereabouts of Jagannadha Appa Rao who left India two years ago under indenture and who wrote from Charlestown some time since signing himself "V S A. Narayanan." His brother enquires.

Bad for the Indian Trader.—Lord Selborne leaves us in no doubt as to his policy towards Asiatic competition with white men in this Colony. Nor does His Excellency speak ambiguously of the future. The Supreme Court has "opened the door much wider for the coolie," but that is owing to a particular interpretation of the law, not to any sympathy which the Government may have for the insidious and parasitic Indian. And later, to judge by Lord Selborne's significant speech at Volksrust, that door will not be opened except by the popular wish as expressed in Parliament. This is encouraging. His Lordship's plain "lead" is that the law ought to be mended in such manner as to prevent any but the clearest interpretation by the Judiciary. It is a matter within our own power to settle, uninfluenced by anybody outside our borders; to that straightforward counsel I trust we shall all pay heed.—*Transvaal Critic.*

The Royal Tour.—The following is the revised itinerary of the first portion of the forthcoming tour of the Prince and Princess of Wales in India. Their Royal Highnesses will arrive at Bombay on November 9th, and will leave on the 14th. They will be at Indore from the 13th to the 17th; at Udaipur from the 18th to the 20th; at Jaipur from the 21st to the 23rd; at Bikanir from the 24th to the 27th; at Lahore from the 28th to December 1st; and at Peshawar from December 2 to December 4. The manœuvres in the vicinity of Rawalpindi will occupy from the 5th to the 8th. Their Royal Highnesses will be at Jammu on the 9th and 10th; at Amritsar on the 11th; at Delhi from the 12th to the 15th; at Agra from the 16th to the 19th; and at Gwalior from the 20th to the 25th.—*Times.*

Indian Presentation.—On Wednesday afternoon a very pleasant function took place at the General Stores Department, N.G.R., when the Indian staff assembled to make a presentation to Mr. E. T. Owens, the chief foreman, on the occasion of his recent marriage. The presentation took the form of a handsome cruet stand. Mr. A. A. Lott, when handing the presentation on behalf of the Indian staff, spoke of the very great esteem and regard in which Mr. Owens was held by the Indian staff, and wished him every success and prosperity in his new sphere of life. Mr. Owens replied in suitable terms.—*Daily Mercury.*

ઇંડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૩. ફીનીક્સ—શનીવાર, તારીખ ૪ થી નવેમ્બર, ૧૯૦૫. અંક ૪૪

ઈંડિઅન ઓપિનિઅન.

શનીવાર તા૦ ૪ નવેમ્બર, ૧૯૦૫.

હિંદુ અને મુસલમાન.

બંગાલમાં સ્વદેશી માલ વાપરવાની તથા અંગ્રેજી માલ બંધ કરવાની જે હિલચાલ ચાલી છે તે વિષે અમે લખી ગયા છીએ. અને જેમ જેમ એ હિલચાલ દૃઢ થવાના ખબર આવ્યા કરે છે તેમ તેમ આપણે સૌ રાજી થઇએ છીએ. એક તાર છાપાઓમાં આવ્યો છે તે ખરેખરો ગમગીની ઉપજાવનારો છે. કરઝન સાહેબ કોણ છે એ તેમાંથી જણાય આવે છે પણ તેની સાથે આપણે થોડી નિસબત છે એ તારમાં એમ લખ્યું છે કે પુર્વ બંગાળાની નવી રાજધાનીમાં વિસ હજાર મુસલમાનોએ મળીને બંગાળાના વિભાગ થવાથી હિંદુના જુલમમાંથી તેઓને છોડવવાને સારૂં ખુદાનો એસાન માન્યો. આમાં હાથ હોય તો આપણા રાજ્યકર્તાઓનો છે. તેઓ ઘણાં વખતથી માનતા આવ્યા છે કે જો હિંદુ મુસલમાન એકઠા રહે તો અંગ્રેજ રાજ્ય ન કરી શકે. અંગ્રેજ ઇનસાફ કરે ત્યાં સુધી તેનું રાજ્ય જવાનું કંઇ કારણ નથી. પણ તેઓને આપણામાં ફાટફુટ હતી તેથીજ રાજ્ય મળ્યું એટલે હજુ ફાટફુટ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધીજ રાજ્ય ટકી શકે અને તેવા ઇરાદાથી તેઓએ ઢાકાની અંદર ઉશ્કેરણી ચલાવી છે. એમ જણાય છે. આખા હિંદુસ્થાનમાં આ જમાનામાં નથી થઇ એવી હિલચાલ આ વખતે બંગાળમાં થઇ છે. ભણેલા તેમજ અભણ મોટા તેમજ નાના તવંગર તેમજ ગરીબ અને કલકત્તામાં તો ઘણે ભાગે હિંદુ તેમજ મુસલમાન એકઠા થયા છે અને ઘણી વ્યાજબી રીતે સરકારને ચકવીને ઇનસાફ લેવાને માંગે છે. એટલામાં ઢાકા તરફથી અમે કહી ગયા તે તાર આવેલ છે આ વાત બહુજ ભયંકર છે. કુહાડીની અંદર હાથો પેઠો છે એટલે હવે ઝાડ તુટે તો નવાઇની વાત નથી. ઝાડ એ હિંદુ મુસલમાન વચ્ચેનો એક સંપ છે એ ઝાડને તોડવાનું પ્રયત્ન કરનાર સરકારના કેટલાક અમલદાર રૂપી કુહાડી છે પણ એકલી કુહાડીથી ઝાડ નથી તુટી શકતું તેથી તેમાં ઢાકાના હાથાની જરૂર જોઇએ. લાકડુ તો ઝાડમાંથીજ નિકળી શકે એટલે હાથો માત્ર હિંદુ અગર મુસલમાનમાંથીજ સરકારને મળી શકે. ઢાકામાં મીટીંગ થઇ એ રૂપી હાથો મળ્યો છે એટલે હવે બહુ મહેનતે ઉભુ થએલું ઝાડ બંગાળામાં નભી શકશે કે નહિં એ વિષે અમને પુરો ભય લાગે છે. જો અમે જે કંઈ અહિં લખ્યું છે તેની ઉપર અમારા હિંદુ મુસલમાન વાંચનારને ભરોસો હોય તો અમે એમ માગી લઇએ છીએ કે દરેક હિંદી ઘરમાં તથા દરેક મસજીદ અને દેવળમાં બધા એ પ્રાર્થના કરવી કે ખુદા બંગાળામાં સૌ હિંદીને નેકી આપે, સંપ જાળવે અને જે પગલું હાલ ભરાએલું છે તે કાયમ રહે. અમને પોતાને તો આ હિલચાલ એટલી સ્વચ્છ લાગે છે કે તેથી જેટલો હિંદી પ્રજાને ફાયદો થવાનો સંભવ છે તેટલોજ ફાયદો રાજ્યકર્તાને થશે. અમે સૌને ઉપર મુજબ ઇબાદત કરવાની ભલામણ કરીએ છીએ તેની પહેલાં ચેતવણી આપવાની જરૂર છે જે માણસ ખુદાની પાસે રાંક થઇને તથા સાફ દિલ રાખીને જાય છે તેનીજ અરજી એ સાંભળે છે. દક્ષિણ આફ્રિકામાં હિંદી કોમો વચ્ચે કુસંપ થવાનું જરાએ કારણ નથી તેમ છતાં કેટલાક ચિન્હ અમારી નજરે જોવામાં આવે છે કોઇ પોતાનો સ્વાર્થ સાંચવવા કુસંપનું બીજ રોપે છે તો કોઇ અણસમજથી તેમ કરે છે. આવા ભયંકર માણસોથી દુર રહી આપણે જે સિધો અને સારો રસ્તો છે તે પકડવાનો છે નહિંતો દક્ષિણ આફ્રિકામાં મુઠીભર હિંદી છે તેના હાલ જે છે તેના કરતાં વધારે બે હાલ થશે એટલે અમારી સૌ હિંદીને આજીજી છે કે તેણે આજ સુધી ગમે તેવા વિચાર રાખ્યા હોય તોપણ તે ભુલી જઇ સ્વાર્થની નજર છોડી દઇ આપણે સૌ એકજ દેશના છીએ એમ યાદ રાખી ઉપર મુજબ પ્રાર્થના કરવી. ઘણાંના મનમાં એક વિચાર થવાનો સંભવ છે. હિંદુ મુસલમાન ઉપર અથવા મુસલમાન હિંદુની ઉપર જુલમ કરે તો શું તે જુલમ સહન કરવો અને સંપ નીભાવી રાખવો? અમારો જવાબ સિધો સરળ અને એકજ છે. ગમે તેમ હોય તોપણ સંપ નિભાવવોજ જોઇએ. બે ભાઇ લડે તેમાં ત્રીજાને વચમાં પડવાની કે પાડવાની શી જરૂર હોય? અને અમારા ભાઇને હાથે મરવું એ બીજાની માથી ઉગારવાના કરતાં વધારે સારૂં અને સુખાકારી માનીએ છીએ. કેમકે એવી રીતે કરવાનું પરિણામ છેવટે સારૂંજ રહે છે. આજે તો બંનેની વચ્ચે પડનારી અંગ્રેજી સરકાર છે પણ તે ન હોય તો આપણે ત્રીજાને શોધવા નહિ જઇશું અને કદાચ જઇશું તોપણ લાભ વચમાં પડનારે. એ આ બધું આપણે શીખી ગયા છીએ પણ ચોપડીનું ડહાપણ ગણી આપણી હમેશની રહેણીમાંથી બાતલ કરીએ છીએ. અમે પોતે એ પ્રમાણે રહેવાની હમેશા તજવીજ કરીએ છીએ તેથીજ આપણે બધાએ શીખેલી વાત ફરી પાછી અહિં તાજી કરીએ છીએ.

માથા વેરો.

નીચેની હકીકત જાહેર કરવાની અમને સુચના મળી છે.

આ ઉપરથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે નાતાલમાં વસતા દરેક મરદે ૧૯૦૬ ના જાન્યુઆરીની પહેલી તારીખથી દર વરસે એક પૌંડ નો કર આપવાનો છે. આ કર ડીવીઝન માજીસ્ટ્રેટની ઓફીસમાં ભરવાનો છે. અને તે અઢાર વરસ અને તેની ઉપરની ઉમરના મરદો ઉપર લાગુ પડે છે વળી આ કર દરેક વર્ગે આપવાનો છે. એટલે કે હિંદી, ગોરા, નેટીવ (નેટીવ લો માં બાદ કરેલા નેટીવોને પણ) અને આ કોલોનીમાં વસતા બીજા કલર્ડ લોકોએ પણ આ કર આપવાનો છે.

નીચે જણાવેલા લોકોએ આ કર નથી આપવાનો.

(૧) ૧૮૭૫ ના ૧૩ ના કાયદા મુજબ જે નેટીવોને હટ ટેક્સ (ઘર વેરો) આપવાનો છે તે.

(૨) બહારની કોલોનીના ડોમાસાઇલ હોય તેવા આ કોલોનીમાં કામ કરતાં નેટીવો.

(૩) ઇંડિઅન ઇમીગ્રેશનના કાયદા મુજબ ગીરમીટમાં કામ કરતા હોય તેવા હિંદીઓ—જ્યાં સુધી તેમની ગીરમીટ હોય ત્યાં સુધીજ.

(૪) જે લોકો માત્ર ટુંક મુદતની મુસાફરી કરવાને આવેલા હોય તેવું ખાત્રી કરી આપનારાઓને. આ મુદત ૭ માસ કરતાં વધારે ન હોવી જોઇએ.

જેઓએ આ કર ૧૯૦૬ ના જાન્યુઆરી

પહેલી તારિખ સુધીમાં નહિં ભરેલો હોય તેમનાપર કામ ચલાવવામાં આવશે અને તેઓ પાંચ પાઉંડ સુધીના દંડની સજાને પાત્ર થશે.

હિંદુઓનું નવું વર્ષ, ૧૯૬૨.

ગયા આકટોબર માસની તા. ૨૭ ને શુક્રવારે આપણાં હિંદુ ભાઇઓની દીવાળીનો દિવસ હતો. અને તે દિવસ સઘળા હિંદુઓએ જાહેર તહેવાર તરીકે પાળ્યો હતો. દુકાનદારોએ દુકાન બંધ રાખી હતી તેમજ કારીગર વરગે અને મહેનતુ વરગે પણ પોતાનો ધંધો રોજગાર બંધ રાખ્યા હતાં. અને ગોદડીમાં પણ હિંદુ વર્ગની ગેર હાજરી હતી. તેહેવારના બે ત્રણ દિવસ અગાઉ તજવીજો કરવામાં આવી હતી. અમે ઇચ્છીએ છીએ કે વરસો વરસ આ પ્રમાણે જાહેર તેહેવારો પાળી ગોરાઓના મનમાં જડ ઘાલી બેઠેલી ખોટી અસરને હિંદુ ભાઇઓ દુર કરી નાખશે. મજકુર દિવસે ગઈ દીવાળીની માફક મી. પી. વી. સંઘવીને ત્યાં રાતના સાતથી નવ બજ્યા સુધી મેળાવડો થયો હતો જે પ્રસગે ઘણાં હિંદુઓએ ભાગ લીધો હતો. મી. તુલજારામ તથા મી. ભટ પ્રસંગોપાત્ર ટુંકું ભાષણ બોલ્યાં હતાં અને ત્યાર પછી મી. સંઘવીએ હાજર રહેલા ગૃહસ્થોને દીવાળીની મુબારકબાદી ઇચ્છી હતી. અને ચાહ તથા પાન સોપારી વહેંચાયા હતા. બીજે દિવસે પ્રીન્સ એડવર્ડ સ્ટ્રીટમાં અ વેસ મહેતા કલબમાં મેલાવડો હતો. મકાનને કદલી સ્તંભ તથા સાથીઆ તોરણ અને ચીનાઇ લેમ્પોથી શણગારવામાં આવ્યું હતું. રાતના કલાક ૬।। થી ૮ સુધી મેલાવડો ભરાયો હતો. જે પ્રસંગે હાજર રહેલા દેશી ભાઇઓમાં ચાહ પાન સોપારી વિગેરે વહેંચવામાં આવ્યા હતાં. મી. વજેરામ તેમજ મી. તુલજારામ પ્રસંગને અનુસરતું બોલ્યા હતાં. ત્યાર બાદ મેલાવડો વિસર્જન થયો હતો. ત્રીજે દિવસે એટલે રવીવાર તા. ૨૯ ને દિવસ સંવત ૧૯૬૨ ના કારતક સુદ ૧) એટલે બેસતું વરષ હતું. તે દિવસે ત્રણથી ૭ સુધી મીશાડવાળા સુરતી ડોસાને ત્યાં લોકોની સારી સંખ્યા ભેળી હતી. સઘળા મેળાવડામાં મુંબાઇગરા લોક શિવાય મદ્રાસી તેમજ સીંધી હિંદુઓ પણ હાજર હતાં. મી. બચુભાઇએ તેમજ મી. તુલજારામે પ્રસંગને અનુસરતું થોડુંક વ્યાખ્યાન કીધું હતું. ત્યાર પછી મી. વજેરામે કહ્યું કે આવી રીતે મેળાવડા જમતો વખત નહિં તેવાક વરસે વરસે પણ થાય તેથી ભ્રાતૃભાવ અરસ પરસમાં ઉત્પન થાય અને તેમ થવાથી આપણી પોતાની તેમજ દેશની ઉન્નતિ થવાનો સંભવ છે. જાહેર કામમાં તફાવત રાખવો જોઇતો નથી. વતના પક્ષીની માફક આપણે આ દેશમાં વસી રહેલા છીએ તો પછી મદ્રાસી, સીંધી, કલકતીઆ કે મુંબાઇગરા સૌએ જાહેર કામમાં એક સરખે દીલે લાગણી રાખવી જોઇએ. ત્યાર બાદ થરતા શબ્દોમાં હાજર રહેલા ગૃહસ્થોનો ઉપકાર માની કેશરીઆ દુધ પાન સોપારી આપવામાં આવ્યા હતાં. બાદ મેલાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

પ્રોફેસર પ્રમાણંદ.

[અમારા ખબર પત્રી તરફથી.]

પ્રોફેસર પરમાણુંદ નાતાલમાં મુસાફરી કરી જોહાનેસબર્ગ આવ્યા છે. અને મી. ગાંધીને ત્યાં ઉતરેલા છે. તેમને માન આપવાને સારું કમીટી નીમાઇ છે. જેના પ્રમુખ મી. મુનસામી મુડલીઆર થયા છે. વેસ્ટ એન્ડ હોલમાં જુમાને દિવસે તા. ૨૭ મી અકટોબરે એઓ સાહેબના માનમાં મેળાવડો થયો હતો. હોલ ચીકાર ભરાઇ ગયો હતો. મી. મુનસામી પ્રમુખ થયા હતાં અને પ્લેટ ફોરમ કમીટીના મેમ્બરો ઉપરાંત મી. અબદુલ ગની, મી. એચ. ઓ. અલી, ડૉ ગોડફ્રે, મી. યુસપ મીયા, મી. કાચલ્યા, મી. પટેલ, (કલાક સડોપવાળા) મી. પોલાક, મી. ઇબ્રાહીમ અસવાત, મી. અપાસામી, મી. નાઇડુ વિગેરે હતા. પ્રોફેસર પરમાણુંદ બરોબર રાતના આઠ બજે આવ્યા તેમને મીટીંગે ઉભા થઇ વધાવી લીધા. મી. મુનસામીની વતી મી. અપાસામીએ પ્રોફેસર સાહેબની ઓળખાણ કરાવી. મી. ગાંધીએ તેનો તરજુમો કરી બતાવ્યો ત્યાર બાદ મી. નાઇડુએ માનપત્ર વાંચી સંભળાવ્યું તે માનપત્ર મી. વીલ્યમસે શણગારેલું હતું. અને મખમલની જુંગળીની અંદર રાખવામાં આવ્યું હતું. માનપત્રનો તરજુમો નીચે પ્રમાણે છે. અમે નીચે સહી કરનાર કમીટીના મેમ્બરો આપને જોહાનેસબર્ગમા વધાવી લઇએ છીએ. આપ આર્ય સમાજના મેમ્બર છો અને દયાનંદ એંગ્લો વેદીકના પ્રોફેસરોની માફક આપની જીંદગી કેળવણીનાં કામમાં અરપણ કરી છે. એથી અમે ગરૂર થઇએ છીએ અને આપને માન આપી અમે પોતે માન પામ્યા સમજીએ છીએ. દક્ષિણ આફ્રિકામાં હિંદી કેળવણીની સ્થિતિ નબળી છે આર્ય સમાજ અહિં જો કેળવણીનો પ્રચાર કરવા સારું વિદ્વાન માણસોને મોકલશે તો બહુ લાભ થશે. આપ જોહાનેસબર્ગમાં રહી સુખશાંતી ભોગવશો એવી અમે ઉમેદ રાખીએ છીએ. આ માનપત્રનો જવાબ આપ્યા બાદ પ્રોફેસરે નીચે પ્રમાણે ભાષણ કરયું. હિંદુસ્થાનની સ્થિતિ અત્યારે ખરાબ છે તેનું કારણ એ છે કે તેના આગલી સ્થિતિ લોકો ભુલી ગયા છે અને એજ સ્થિતિ ભુલી જવાનું કારણ ઓછી કેલવણી એ છે આર્ય સમાજનાં મત વાળા એમ માને છે કે વેદ નામનું પુસ્તક એ દુનિયામાં સૌથી પુરાણું છે. આવો મત યુરોપીયન લખનારા પણ ધરાવે છે. વેદની અંદર આપણને સર્વોપરી, શક્તિમાન, સર્વજ્ઞાન સર્વ વ્યાપક, ઇશ્વનું દરશન થાય છે. સ્પેન્સર હાવર, મેકસ મુલર વિગેરે નામાંકિત લખનારાઓ લખી ગયાં છે કે આ પુસ્તકો માંથી આ દુનિયામાં તેમજ પર દુનિયામાં આપણું કલ્યાણ કરવાનો રસ્તો મળી આવે છે. હિંદુસ્તાનના લોકો જંગલી કહેવાય છે એ મોટી ભુલ છે. હિંદુસ્થાનમાં ખગોળ વિદ્યાની, વૈદક શાસ્ત્રની ગણીત શાસ્ત્રની અને એવા બીજા શાસ્ત્રોની ઉત્પતી થઇ છે. ચોખ્ખાઇ રાખવાના નીયમમાં આપણા બાપ દાદા સારી રીતે જાણતાં હતાં. આ બધું યાદ રાખવાની જરૂર છે. અને આપણે સત્યતાનો નીયમ પકડી આપણી ફરજ બજાવવાની છે. આ ભાષણનો તરજુમો તામીલમાં મી. અપાસામીએ અને હિંદુસ્થાનીમાં પ્રોફેસરે પોતે કર્યો. ત્યાર બાદ ડૉ. ગોડફ્રેએ ઉપકારની દરખાસ્ત કરી અને તેના ટેકામાં મી. વજીર અલી મી. અબદુલ ગની મી. બાબુભાઇ મી. પટેલ વિગેરે બોલ્યા. પ્રીટોરીઆની કમીટી તરફથી મી. મણીભાઇએ પ્રોફેસરને આમંત્રણ કરયું. પ્રોફેસરે ઉપકાર માન્યા બાદ સભા ૯–૩૦ બજે બરખાસ્ત થઇ. પ્રોફેસરે બીજા બે ભાષણ સોમવારે તથા બુધવારે આપ્યાં અને હજુ બીજા બે સોમવારે તથા બુધવારે આપશે.

જરમન લાઇનની નવી આગબોટ

જરમન લાઇનની જે નવી આગબોટ કેસર જે મેલ લાઇનમાં હતી તે હાલ ઇંડીઅન લાઇનમાં મુકી છે. મજકુર નવી આગબોટ નામે કેસર અગેથી તા. ૧૧ નવેમ્બરના મુંબઇ સારૂ ઉપડશે, મજકુર આગબોટમાં ખલાસી દેશી છે જગ્યા નીચે છે, જંઝબારમાં બદલવું નહીં પડશે. વધારે વીગત ઓસમાન અહમદ, પી. ઓ. બો. ૧૨૬ માં લખવાથી ખબર મળશે.

નામ ઠામ વિનાના ચર્ચા પત્રો ઉપર અમે ધ્યાન આપી નથી શકતા.

મરકી સંબંધી જાણવા લાયક હકીકત.

ગયે અઠવાડીએ અંગ્રેજી કોલમમાં અમે મરકી સંબંધી કેટલીક હકીકત આપેલી છે જે અમારા ગુજરાતી વાંચકોની જાણની ખાતર ગુજરાતીમાં આપવા જરૂર ધારીએ છીએ. આ લેખ અમને ડા. નાનજી તરફથી અંગ્રેજીમાં મળેલ છે.

મરકી એ બહુ ચેપી દરદ છે. તે ઘણું ભાગે ગરીબ વર્ગને વધારે લાગુ પડે છે. આ ચેપી દરદ ફેલાતા વાર લાગતી નથી શરૂઆતમાં આ દરદ અમુક જાતના જંતુઓ મારફત દાખલ થાય છે. આ જંતુઓ અનેક પ્રકારે લાગુ પડી જાય છે. બહુ કરીને સાથળ અથવા બગલમાં પ્રથમ એક ગાંઠ માલુમ પડે છે. કાળા લોકોમાં આ દરદ વધારે ફેલાતું જણાયું છે કારણ કે ગોરા લોકોમાં આ દરદથી પટકાતા આદમીની સંખ્યાનું પ્રમાણ બહુ થોડું આવ્યું છે આનું કારણ ઊંચા પ્રકારની રહેણીવાળાને તેની અસર ઓછી લાગી શકે છે. કાળા લોકોમાં પણ સ્વચ્છ રીતે અને સુખથી રહેનારાઓમાં આ દરદ અસર નથી કરી શકતું. ઉંદરો મારફત આ દરદનો ફેલાવો થાય છે. દરદનું જોર વખત, માણસના શરીર અને ખાસ કરીને કઇ જાતના જંતુ લાગુ પડેલ છે તે ઉપર વધારે આધાર રાખે છે. જે શહેરમાં ગીચ વસ્તી, ગટર, બજાર, પીવાને માટે પુરૂં પાડવામાં આવતું પાણી, શેરીઓ, શહેરનો કચરો વગેરે બાબતો ઉપર શહેરના સત્તાવાળાઓ તરફથી અગાડીથી પુરતું ધ્યાન નથી આપવામાં આવતું તે શહેરમાં મરકી ઘર કરી બેસે છે. બહારની ઉપર જણાવેલી સ્વચ્છતા ઉપરાંત શરીરને સ્વચ્છ રાખવાની જરૂર છે. મરકીના ઝેરી જંતુઓ એક વખત એક જગ્યામાં દાખલ થયા પછી ત્યાંથી જલદી ખસતા નથી. એક જગ્યામાં એકાદ બે કેસ થઇ ગયા અને તે જગ્યા પુરતી સાફ થઇ ગઇ છતાં કેટલાક વખત પછી પાછા તેજ જગ્યાએ કેસ થવા લાગે છે. મુંબઇની અંદર આવા અનેક દાખલા બન્યા છે કે જે ભાગોમાંથી મરકી ગયા પછી કેટલોક વખત બંધ રહી હોય અને આ જગ્યાઓને જંતુનાશક પદાર્થોથી પુરતી રીતે સાફ કરવામાં આવી હોય છતાં તેજ ભાગમાં પાછી મરકી જોવામાં આવે છે.

મરકી જેને લાગુ પડે છે તેને ગાંઠ નીકળે છે અને તાવ શરૂ થાય છે આટલીજ અસર નથી થતી તે લાગુ પડનાર આદમીના શરીર [illegible] ઘણું ખરૂં [illegible] અસર થાય છે; મજ્જાતંતુ [illegible] અને [illegible] તેઓ જલદી ભોગ થઇ પડે છે. તે ખુની દરદ ૫૦ વર્ષની અંદરના મરદ ઓરત અને છોકરાંને સરખું લાગુ પડે છે. પચાસ વર્ષથી ઉપર થોડાઓને આ દરદ લાગુ પડતું જણાય છે.

મરકીનો હુમલો અચાનક આવે છે. તે શરૂઆતમાં માણસનું તેજ ઘટાડી દેય છે. દરદીને તમસ જેવું જણાય છે. શરીરની ગરમી વધવા લાગે છે. કેટલીક વખતે તે ગરમી ૧૦૩ ડીગ્રી અથવા ૧૦૪ થી ૧૦૫ સુધી થઇ જાય છે. દરદીના ચહેરામાંજ કેટલોક ફેર પડી જાય છે. કેટલાકને આમાંના એક અથવા વધારે ચીન્હો જણાય છે. જેવાં કે ઉલટી થાય છે. માથાનો સખત દુખાવો રહે છે. આંખમાં ખાડા પડે છે તેમની (દરદીની) જીભ ઉપર સફેદ થરી જામેલી માલુમ પડે છે દરદી ચોખ્ખું બોલી નથી શકતો. નબળાઇ અત્યંત આવી જાય છે. ઉંઘ આવતી નથી. રાત્રે બકવાદ પણ કેટલીક વખતે શરૂ થાય છે નાડ બહુ ઉતાવળી ચાલે છે અને ઉંડી ઉતરી ગએલી જણાય છે. આ ઉપરાંત ઉપર જણાવેલા ભાગો—સાથળ અને બગલ—ઉપરાંત પણ ક્વચિત ગાંઠ નીકળી આવે છે આવી ગાંઠ તે દરદમાં બનતા સુધી દરેક દરદીને જણાય છે આ ઉપરથી તે દરદનું નામ "ગાંઠીઓ તાવ" પાડેલું છે. આ દરદમાં ફેફસાં હોજરી અને લીવરમાં પણ કેટલીક અસર થએલી તરતજ જણાઇ આવે છે. આ નીશાનીઓ જણાયા પછી દરદીની સ્થિતિ બહુ ભયંકર થઇ જાય છે.

મરકી કેટલાક રૂપમાં લાગુ પડે છે જેમાંનું એકરૂપ ગાંઠવાળી છે. આવા હુમલાવાળા દરદીઓનો ભાગ લગભગ પોણો ભાગ કરતાં વધારે છે. આવી જાતના હુમલામાં ગાંઠ નીકળે છે તે ગાંઠ ઉપર જણાવ્યા પ્રમાણે સાથળ બગલ અને શરીરના બીજા ભાગોમાં દેખાય છે તે શીવાય આ ગાંઠ શરીરની અંદરના ભાગમાં થાય છે. તે ગાંઠ બીજે કે ત્રીજે દિવસે મોટી થાય છે અને જો મંદવાડ લાંબો વખત ચાલે છે તો ગાંઠોમાં પરૂ ભરાય છે. આ વખતે તે ગાંઠ કાપી નાખવી જોઇએ આવા કેટલાક કેસો સાજા પણ થાય છે. મરકીના નરમ હુમલામાં ગાંઠ નથી નીકળતી અને પરૂ પણ નથી ભરાતું આવા કેટલાક કેસોમાં દરદી એમને એમ સાજો થાય છે. મરકીનો જ્યારે સખત હુમલો થાય છે ત્યારે દરદી તરતજ લગભગ બેભાન થઇ જાય છે અને ૨૪ કલાકમાં મરી જાય છે. ગાંઠને મોટી થવાનો વખત પણ નથી રહેતો.

મરકીનું બીજું રૂપ એ છે કે ઝેરી જંતુઓ શ્વાસોશ્વાસ વડે શરીરમાં દાખલ થાય છે અને તેની અસર ફેફસાંને લાગુ પડે છે આવી જાતના કેસો સાજા નથી થઇ શકતા. ડા. નાનજી લખે છે કે તેમણે આવી જાતના ઘણા કેસો જોયાં છે જેમાંનો એક પણ સારો થયો નથી.

મોતનું પ્રમાણ—શરૂઆતમાં મરકીનું જોર ઘણુંજ અસરકારક જણાયું છે પણ જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ તે ઓછી જોર [illegible] થતી જાય છે એટલે કે શરૂઆતમાં ક્વચિતજ કોઇ કેસ સારો થાય છે અને પાછળથી લાગુ પડેલી હોય તેવા કેસો સારા થઇ શકયા છે. મરકીનો બીજી વખતે હુમલો જવલ્લે થાય છે જો કે કેટલાક એવા કેસો પણ નોંધાયા છે. જેમને એક વખત સારા થઇ ગયા પછી બીજી વખત મરકી લાગુ પડી છે

બ્રિટીશ સેન્ટ્રલ આફ્રિકા.

હિંદીઓને સારૂં સારી તક.

દક્ષિણ આફ્રિકા અને મધ્ય આફ્રિકા વચ્ચે તફાવત.

ચીંદીથી એક ખબરપત્રી જણાવે છે કે મધ્ય બ્રિટીશ આફ્રિકામાં હિંદીઓને સારૂં તક ખરાબ નથી. ચીંદી થઇને મધ્ય આફ્રિકામાં જઇ શકાય છે ચીંદી એ પોર્ટુગલને તાબે છે. આખા મધ્ય આફ્રિકામાં ૩૦૦ કરતાં વધારે હિંદીની વસ્તી નથી. આમાના ઘણાં ખરા કાઠીઆવાડના મેમણ છે એક બ્રાહ્મણ તથા એક લુવાણા વેપારી છે. બાકીના મહેતાઓ છે જેમાંના લગભગ ૧૫૦ સીખ સીપાઇ છે. અને એમ મનાય છે કે મધ્ય આફ્રિકા શાંત કરવામાં તેઓ બહુ ઉપયોગી થઇ પડયા છે. જે હાડમારી દક્ષિણ આફ્રિકામાં ભોગવવી પડે છે તેવી મધ્ય આફ્રિકામાં બિલકુલ નથી. એટલુંજ નહિં પણ સત્તાવાળાઓની લાગણી હિંદીને ત્યાં ખુબ વસાવવાની છે આનું મુખ્ય કારણ એ લાગે છે કે મધ્ય આફ્રિકાની હવા ગોરાઓને હમેશ રહેવામાં માફક આવે એવી નથી ગમે તેમ હોય પણ એટલું તો ચોકસ છે કે હલકો અપમાન જે દક્ષિણ આફ્રિકામાં ભોગવવા પડે છે તે મધ્ય આફ્રિકામાં બિલકુલ નથી. મધ્ય આફ્રિકામાં તો હિંદીને મ્યુનિસીપાલીટીમાં હક મળે છે મ્યુનિસીપાલીટીમાં હિંદી મેમ્બરો છે. દિલગીરી માત્ર એટલી કે તેઓમાં કેળવણી બીલકુલ નથી. તેથી કરી તેઓ પુરૂં કામ કરી શકતા નથી. જ્યારે કાઉન્સીલની મીટીંગમાં જાય છે ત્યારે સાથે પોતાના કલાર્કોને લઇ જવા પડે છે અહિં લોકોને બહુ સારી તક મળેલી છે પણ તેનો પુરો લાભ લેતાં નથી. ખરૂં તો એ છે કે [illegible] તેમાં [illegible] નથી.

લોર્ડ મીટકાફ.

હીંદી પ્રેસનો તારનાર.

જે રાજ્ય કરતા રૈયતને સુખ આપે તેજ તેનો રાજ્યાધીકાર શોભે. આવું કહેનાર અને તે પ્રમાણે ચાલનાર ચાર્લ્સ થીઓફીલસ મેટકાફ કલકત્તામાં ૧૭૮૫ માં જાનેવારીની ૩૦ મી એ જનમ્યો હતો. ૧૫ વરસની ઉમરે તેણે ભણતર ઉઠાવ્યું. ૧૬ વરસની ઉમરે કલકત્તામાં વીલાયતમાં જેવી તેવી કેળવણી લીધા પછી આ વખતે ઇસ્ટ ઇંડીયા કંપની પોતાના નોકરો ઉપર બહુ સખતાઇ ચલાવતી હતી તેથી બરોબર ભણ્યા ગણ્યા ન હોય તેવા જુવાનીઆને નોકરીમાં દાખલ કરવામાં નહિ આવતા તેથી ચાર્લ્સ મીટકાફને કલકત્તાની કોલેજમાં દાખલ થવું પડયું. થોડા વખત સુધી આમ કેળવણી લીધા પછી ચાર્લ્સ મીટકાફને એક નાની જગ્યા મળી. ૧૯ વરસની ઉમરે તે જનરલ લેકનો શીરસ્તેદાર બન્યો. જનરલ લેક અને તેના તાબાના બીજા અમલદારો આ દીવાની કામમાંથી આવેલા જુવાનીઆને જોઇને નારાજ થયા. ચાર્લ્સ મેટકાફ ચેતી ગયો અને તેણે પોતાની બહાદુરી લડાઇમાં બતાવવાનો નીશ્ચય કર્યો. ડીગના કીલાને તોડવામાં પોતે પહેલ કરી અને એવું સરસ કામ કરયું કે જનરલ લેક, તેની ઉપર ખુશ થઇ ગયો. ત્રણ વરસ બાદ મેટકાફને બહુ ગંભીર કામપર મોકલવામાં આવ્યો હતો. પંજાબમાં મહારાજા રણજીતસીંગની સાથે ફ્રેંચ લોકો ખટપટ કરતા હતા. આ ખટપટ તોડવાનું કામ મેટકાફને સોંપવામાં આવ્યું અને તેની મહેનતથી અંગ્રેજ સરકારને રણજીતસીંગ સાથે કોલકરાર થયા. આથી લોર્ડ મેટકાફ એટલો બધો ખુશી થયો કે તેને દીલ્લીમાં ૨૬ વરસની ઉમરે રેસીડેન્ટનું કામ સોંપવામાં આવ્યું. આ વખતે તેણે લોકોની સુખાકારીનું કામ શરૂ કરયું. જમીનદારોના હક મજબુત થવા ઉપર મુકયા. એ બાબતમાં તેણે નીચે પ્રમાણે લખ્યું.

લોકોની જમાબંધી આપણે લાંબી મુદતને સારૂ મુકરર કરવી જોઇએ કે જેથી કરીને લોકો સારો નફો કરી શકે અને આપણને દુવા દીએ આપણી જમીન કાળે ચાલી જશે એવી ધાસ્તીને બદલે આપણી જમીન આપણી પાસેથી કોઇ લઇ લેનાર નથી એવો વિશ્વાસ તેઓના મન ઉપર ઠસાવવો જોઇએ. એમ કરશું તો લોકોના મન શાંત થશે અને પોતાનાજ સ્વાર્થને લઇને આપણું રાજ્ય સરસ છે એમ માનશે. કેટલાક એવા માણસો છે કે જેઓ માને છે કે જો લોકો સ્વતંત્ર અને છુટા થશે તો ભવિષ્યમાં ઇંગ્રેજી રાજ્યને ધકો પોંચશે. કદાચ એમ માની લઇએ કે આમ થવાનો સંભવ છે તોપણ આપણાથી રૈયતના હક કેમ છીનવી લેવાય. ઉદાર રાજ્ય કરનારાઓ આવી દલીલની ઉપર વજન કેમ આપે મનુષ્યના રાજા ઉપર ખુદાઇ રાજ્ય ચલે છે. એ મેહરબાન એવો મોટો છે કે ઘડીમાં રાજ્ય લઇ શકે છે ને ઘડીમાં દઇ શકે છે, તેના હુકમની પાસે ઇનસાનની ચતુરાઇ કામ કરી શકતી નથી. એટલે રાજ્ય કરતાઓની તો માત્ર એજ ફરજ છે કે રૈયતની સુખાકારીમાં વધારો કરવો આમ આપણે આપણી ફરજ બજાવશું તો હિંદી પ્રજા આપણો ઉપકાર માનશે અને દુનીઆ હમેશાંને સારૂં આપણા વખાણ કરશે. એમ કરતાં ભવિષ્યમાં રાજ જાય તોપણ શું થયું. પણ જો આગળ જતાં આપણે કંઇક જોખમ છે એવા બીકથી આપણે આપણી રૈયત ઉપર જુલમ ગુજારશું તો આપણી ઉપર જે હુમલા થાય તેને સારૂ આપણે લાયક ગણાશું. અને એવી સ્થિતિમાં જ્યારે આપણે પછડાશું ત્યારે, જગત આપણને ધીક્કારશે આપણી ઉપર થુંકશે, અને આપણને ગાળો ભાંડશે. આવા કિંમતી લખાણો જુવાન મેટકાફે રૈયતના દુઃખની દાઝ દીલમાં રાખીને કર્યાં. મેટકાફને નીઝામના રેસીડેન્ટની જગ્યા પણ મળેલી. નીઝામની સરકારને આ વખતે નાણાંની ભીડ ઘણી હતી. કેટલાક લુચ્ચા પણ વગીલાવાળા ઇંગ્રેજોએ બહુ નાણાં વ્યાજે ધીર્યાં હતા. આથી મેટકાફના મનને બહુ દરદ થયું. તેણે ગવરનર જનરલની દરકાર નહિં રાખતા પોતાની ફરજ બજાવી અને લુચ્ચા માણસોને દુર કર્યાં. ૧૮૨૭ ની સાલમાં મેટકાફ કલકત્તાની કાઉનસીલમાં મેમ્બર થયો. આ વખતે ગ્રેટ લોર્ડ વીલ્યમ બેનટીંક વાઇસરૉય હતો. લોર્ડ વીલ્યમ બેનટીંકને ખરાબ તબીયતને લીધે અચાનક વીલાયત જવાનું આવી પડવાથી મેટકાફને એકટીંગ ગવરનર જનરલની જગ્યા મળી. મેટકાફે મોટામાં મોટું કામ આ વખતે કરયું. તેણે હિંદુસ્થાનના છાપાઓને સ્વતંત્ર કરવાનો પ્રખ્યાત કાયદો પસાર કર્યો. આથી કરીને તેના મુખીઓ નારાજ થયા પણ તેની તેણે દરકાર ન કરી. ગોરા ઇંગ્રેજો તેની સામે થયા તેના જવાબમાં તેણે નીચે પ્રમાણે કહ્યું.

"જેઓ મારી સામે થનારાઓ એમ દલીલ કરતા હોય કે જ્ઞાનનો પ્રસાર થવાથી હિંદુસ્થાનમાં આપણા રાજ્યને ધકો પોંચશે, તો એમ કહું છું કે ગમે તેવું પરીણામ આવે [illegible] ઇંગ્રેજ રાજ્ય નભી શકતું હોય તો, આપણું રાજ્ય એ દેશની ઉપર એક કાળો ડાઘ છે, અને તે બંધ થવું જોઇએ. મને તો એમ લાગે છે કે લોકો અભણ હશે તેમાં આપણને વધારે બીવાનું છે. તેઓને જ્ઞાન મળવાથી હું આશા રાખું છું કે તેઓના વહેમ દુર થશે ઇંગ્રેજ રાજ્યથી થતા ફાયદા સમજશે. એક બીજા તરફ લાગણી વધશે, અને તેઓની પોતાના વચ્ચે જે તફાવત અને કુસંપ છે તે દુર થશે. છતાં હિંદુસ્થાનના ભવિષ્યને વિષે શું ખુદાઇ ફરમાન છે તે આપણે જાણી નથી શકતા. આપણી ફરજ માત્ર એટલીજ છે કે આપણા હાથમાં આવેલું કામ આપણે લોકોના ભલાને સારૂ બજાવવું." મેટકાફ ત્યાર પછી કેનેડાનો ગવરનર જનરલ નીમાયો હતો. આ વખતે તેને મોઢું દરદ થઇ આવ્યું. તેની તેણે દરકાર નહિં કરી, અને પોતાની ફરજ સમજી છેવટ સુધી કામ કર્યા કરયું. પોતે ઘણો ધાર્મીક માણસ હતો અને ૧૮૪૬ ની સાલમાં પોતાની રાણીની વફાદાર નોકરી કરી લોકોની પ્રીતી મેળવી મરણ પામ્યો.

નાદારી કોર્ટની નોટીસો વિગેરે.

સાઉથ કોસ્ટ જંકશનવાળા [illegible] હિંદી બાપાએ પોતાના લેણદારોની પતવણી માટે અમુક ગોઠવણ કરી છે તો તેની [illegible] વિરૂધ જેનું જેનું કાંઇ લેણું હોય તેણે તા. ૭ મી નવેમ્બર ૧૯૦૫ ના રોજ માસ્ટરની કોરટમાં લેણું સાબીત કરવા માટે હાજર થવું.

ડરબનની સરકીટ કોરટમાં તા. ૪ થી ડીસેમ્બરના રોજ ટોંગાટના રહીશ અલી કાસમના વકીલ તરફથી તેની મીલકત નાદારીમાં મુકવા બાબતની અરજી લેવામાં આવશે.

પી. એમ. બર્ગની સુપ્રીમ કોરટમાં તા. ૨૮ મી નવેંબરના રોજ ડીનીકસના ઓકર પેરેનાના વકીલ તરફથી તેની મીલકત નાદારીમાં મુકવા બાબતની અરજી લેવામાં આવશે.

પેટાઉનના દાદા હિંદી લેણદારોની ખાસ મીટીંગ પી.એમ.બર્ગની સુપ્રીમ કોર્ટના માસ્તરની પાસે તા. ૬ નવેમ્બરના રોજ મળશે.

જરમની તથા ફ્રાન્સમાં ઘણું વરસ થયાં ઘણી શાળાઓ મહેનત કરી રહ્યા છે જેને [illegible]

હિંદુસ્થાનના સમાચાર.

વીરમગામથી માળીઆ સુધી નવી રેલનું કામ શરૂ કરવાનું ચોકસ થયું છે.

વિદુષી બાઈ એનીબીસેન્ટ તા. ૨૨ મીના ઈગ્લાંડના મેલમાં મુંબઈ આવી પહોંચ્યા છે.

કાશ્મીરમાં ભારે વરસાદને લીધે મોટી રેલ આવી હતી જેથી જાન માલની મોટી ખુઆરી થઈ હતી.

તા૦ ૨૭ મી સપટેમ્બરે મુંબઈમાં મરહુમ જસ્ટીસ તેલંગની જયંતી ઉજવવામાં આવી હતી.

હિંદના વાઈસરોય લોર્ડ મીંટોને કલકત્તા મ્યુનીસીપાલીટી તરફથી માનપત્ર આપવાનું ચોકસ થયું છે.

લોડીવામાં ૪૦ ગૃહસ્થોએ બાળલગ્ન નહિ કરવાની અને કેટલાકે કન્યા વિક્રય નહિં કરવાની ઉપોતવાર પ્રતિજ્ઞા લીધી છે.

બેંગલોર ખાતેના તાતા રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના મકાનનો પાયો ના. પ્રીન્સ ઓફ વેલ્સના હાથથી નાંખવામાં આવશે.

ઢાકાના મોચીઓએ અંગ્રેજી બનાવટના જુડાને ગમે તેટલા પૈસા આપે તોપણ પાલીસ કરવા નહીં એવો ઠરાવ કર્યો છે.

બંગાળના વિભાગો પાડવાની યોજના સરકાયદેસર ગણી બંગાળીઓ સરકાર સામે મુકદમો માંડવાનો વિચાર ચલાવે છે. એ બાબતના સંબંધમાં નામીતા ધારાના લીમાવતીઓ સર એડવર્ડ ક્લાર્ક તથા મી. એસ્ક વીથના અભીપ્રાયો મંગાવવામાં આવ્યા છે.

હિંદુસ્થાનમાં ચાલુ રોકડપર શેલડીમાંથી ખાંડ બનાવવા માટે "ધી કેસર નેટીવ શુગર મેકીંગ કંપની લીમીટેડ" સ્થપાઈ છે. આ કંપનીની થાપણ રૂ. ૫,૦૦,૦૦૦ ની રાખવામાં આવી છે. આ રકમ રૂ. ૨૫૦ ના ૨,૦૦૦ શેરોથી ઉભી કરવામાં આવી છે. ગાયકવાડીના મહારાજા તરફથી સારો આશ્રય મળેલો છે. તેમના સ્થાપક મી. નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી છે.

ચાલુ સાલની હિંદી નેશનલ કોંગ્રેસના પ્રમુખ તરીકે ઓન. મી. ગોખલે સી. આઇ. ઇ. ની નીમણુંક થયાના ખબરો હિંદુસ્થાનના છાપામાં આવેલા છે. તેઓ મરાઠી મહેન્મ વિદ્વાન ગણાય છે તે ત્યાંથી ડીસેમ્બરના ૧૮ મી તારીખે મુંબઈ પાછા આવી પહોંચશે. મી. ગોખલેની ઉમર હાલ માત્ર ૩૯ વર્ષની છે. આવડી નાની વયે પ્રમુખપદ ઉપર આવનાર મી ગોખલે પ્રથમજ છે.

બનારસ ખાતે મળનારી કોંગ્રેસની સ્વાગત કમીટીને ઓન. રાય ન્યાલચંદે એવી સુચના કરી છે કે આવતી કોંગ્રેસમાં હાજર થનારા ડેલીગેટોએ હિંદુસ્થાનની ચીજો વડે બનેલા કપડાં પહેરી હાજર થવું. કમીટીએ આ બાબત વીચાર ચલાવી તેનું પરીણામ મને જણાવવું. આવીજ સુચના અમદાવાદ ખાતેની કોંગ્રેસ વેળા સબજેક્ટ કમીટીમાં બરદ્ધામપોરના મી. બૈકુંઠનાથસેને કરી તે માટે એક ઠરાવ રજુ કર્યો હતો પણ તે વખતે તે ઉપર ધ્યાન આપવામાં આવ્યું નહોતું. બનારસ ખાતે મળનારી કોંગ્રેસના મંડપમાં સઘળો સામાન દેશી વાપરવામાં આવશે.

પરચુરણ ખબરો.

રમજાન માસ—તા૦ ૩૦ મી અકટોબરથી મુસલમાન લોકોનો રમજાન શરીફ માસ બેઠો છે ને સોમવાર તા. ૩૦મીથી પહેલો રોજો શરૂ થયો છે અહીંની સૌ મસ્જીદોમાં રાતના તરાવી પડવામાં આવે છે ને તરાવી બાદ કુરાન શરીફનો દોર પઢાવવામાં આવે છે તેમજ મગરીબ વખતે જમાત તરફથી સૌને રોઝો ખોલાવામાં આવે છે.

ઝેરી એદાં—સર મોરલ મેકનઝી જણાવે છે કે કેટલીક વખતે એદાંની અંદર ઝેરી પદાર્થ જોવામાં આવે છે તેના અનુભવમાં કેટલાંક માણસો એવા જોવામાં આવેલાં કે તેઓ એદાં ખાધા પછી તરતજ માંદા પડયા હોઠ સુજી આવ્યા આંખ સુજી આવી ચહેરો ગરમ લાલ થઈ ગયો અને ભુખ જતી રહી. એવું કોઇજ વખતે બની આવે છે પણ શાથી થાય છે એ હજુ સુધી દાકતરોને માલુમ પડયું નથી.

રેલવેની મુસાફરી.

દાકતર ફાન્ચેન કેટલાક અખતરા કરયા પછી બતાવે છે કે રેલવે ગાડીઓની જાજમ વિગેરેમા ઘણી વખત ઝેરી જંતુઓ રહે છે. તેનું કારણ હજારો માણસો એજ જાજમ વિગેરે વાપરે છે તેથી હોવું જોઇએ. ગાડી માંથી પકડેલી ધુળ ૧૯ જાનવરોના શરિરોમાં દાખલ કરતાં દાકતર ફાન્ચેને જોયું કે તેમાંના ઘણા ભાગને દરદ થયાં.

ફોનોગ્રાફનો વિચીત્ર ઉપયોગ.

બ્રિટીશ મ્યુઝીયમમાં ફોનોગ્રાફનું હાલ એક એવું યંત્ર બનાવવામાં આવે છે કે જે વડે દુનિયાના મહાન પુરૂષોની બોલવાની ઢબ તેની અંદર ઉતારીને હંમેશાને સારૂ જાળવી રાખવી. જીવનોની શાલીપશાળામાં એથી પણ વધારે ઉપયોગ કરવા માટે જે જંગલી માણસોની ભાષાઓ અને જુદા જુદા જનાવરોના સુર ઉતારી જાળવી રાખવાની હીલચાલ પણ થાય છે.

વેરૂલમ.

ખાનગી ઈંગ્રેજી ગુજરાતી નિશાળ.

વેરૂલમ ટોંગાટ અને સ્ટેન્ગરના સર્વે ગૃહસ્થાને વિનંતિ કરવામાં આવે છે કે તા. ૨૬ ઓકટોબર ૧૯૦૫ ને રોજ વેરૂલમમાં ઉપર જણાવેલી નિશાળ ખોલી છે. આ સ્કુલનું કામ ડરબનમાં જે ખાનગી સ્કુલ મી૦ એમ૦ એલ૦ પટેલે ઉઘાડી છે અને તેમાં જે પ્રમાણે કામ ચાલે છે તે પ્રમાણે ચાલશે, તો ગૃહસ્થાને વિનંતી કરૂંછું કે આ કામમાં મને જરૂર મદદ કરશે.

વેરૂલમ,	જે. ડી. પટેલ,
નાતાલ.	સ્કુલ માસ્તર.

સ્ટીમર કેસર મુંબઈથી અહીં તા. ૮ મી નવેમ્બરના આવી તા ૧૧ મીના મુંબઈ સારૂ ઉપડશે. સ્ટીમર સુલતાના મુંબઈથી નીકળી ચુકી છે તે અત્રે તા. ૨૨મી નવેમ્બરે આવી તા. ૨૫ મી નવેમ્બરે મુંબઇ સારૂ ઉપડી જાશે ઓસમાન અહમદ કં૦ પા૦ એજન્ટ.

સ્ટીમર માળીપુર આવીને શેક એ માં માલ ઉતારે છે. સ્ટીમર જમાલપુર કલકત્તાના બાગમાં છે. સ્ટીમર મીરઝાપુર સાઉથ આફ્રિકાના બંદર માટે કલકત્તાથી નવેમ્બરમાં માલ લેશે. ડીવાલ એન્ડ કુ૦ તેમના એજન્ટ છે.

ગુજરાતમાં આવેલ ડાભેલમાં મદ્રેસાના ફંડમાં ભરાએલા નાણા.

મી. ઇબ્રાહીમજી વહેદ, પટેલ, લવેજના.	૦	૫	૦
,, ઇસાક મુસા દીઆદરના.	૦	૫	૦
,, કાસમ ઇસપ ગોધીઆ. ઓલવડના.	૦	૫	૦
,, ગુલામ ગુલાબ તરોજના.	૦	૫	૦
,, હાસમ મહમદ અસપાત, કઠોરના.	૦	૨	૬
,, ઇસપ ઇબ્રાહીમ આદમ. કંટારીઆના.	૦	૫	[illegible]

,, મહમદ અલ્લી, મહેકપોરના	૦	૬	૦
,, ઇબરાહીમ મહેક સંબાત, ચાસાના.	૦	૨	૬
,, ઇસાક હસપ ખરોડના.	૦	૨	૦
,, હસપ આદમ જાણુબરના.	૦	૧	૦
,, કરીમ જાનમહમદ, પોરબંદરના	૦	૨	૬
,, રામા ઇચ્છા સુતાર, કરોડના.	૦	૩	૦
,, કુંવરજી દયાજી, કનસાડના.	૦	૨	૦
,, મહમદ સુલેમાન, સાહુદીના.	૦	૪	૦
,, દાઉદ ઇસપ એલીમ દદારના	૦	૩	૦
,, રતનજી લક્ષ્મીદાસ મોચી વેસ્મેના.	૧	૭	૦
,, ઇબ્રાહીમ અમેજી લુવારેના.	૦	૬	૦
,, મહમદ અમીર કાશમીરી.	૦	૪	૦
,, અબદુલ રહેમાન ઓરીશના.	૦	૧૫	૦
,, મુસા સાલે હાસદીના.	૦	૫	૦
,, જજર જહુર વારખના.	૦	૧	૦
,, અહમદ ગુલેમાન કોકા, લાચપોરના.	૦	૨	૦
,, દુલ્લભ માસ્તરની વીશી, વડોદના.	૧	૧	૦
,, ઇબ્રાહીમ મહમદ પટેલ, આશોરનુના.	૦	૧૦	૦

પોચેસ્તરૂમ.

,, અહમદ માસુજી પટેલ, ખોલવડના.	૨	૦	૦
,, મહમદ ઇબરાહીમ, નાનાભાઇ, ખોલવડના.	૧	૧	૦
,, દાવજી ઇસ્માઇલ, વરવાળા ખોડાણના.	૧	૧	૦
,, લીલાદ.	૦	૧	૦
,, અબદુલ કરીમ,	૦	૫	૦

વીનટર્સડોર્પ.

,, મુસા ઇબરાહીમ શીખુ, ટકોલીના.	૭	૧૦	૦
,, મહમદ અમેજી, ટકોલીના.	૬	૦	૦
,, સુલેમાન અમેજી, ટકોલીના.	૨	૨	૦
,, ઇબરાહીમ ઇસમાઇલ રાજા,	૧	૧	૦
,, કાલુ રસુલ	૦	૨	૬
,, મહમદ સુરાલઆત, ડાભેલના.	૫	૦	૦
,, નજર મહમદ ખાન વડોદરાના.	૦	૧૦	૬
,, હાસમ બહાદ રાંદેરના.	૦	૫	૦
,, અહમદ કાસમ મહારી, રામણકના.	૦	૫	૦
,, નીછાભાઇ નારાણજી દેસાઈ, દેગામના.	૦	૫	૦
,, રેવાભાઈ કુંવરભાઈ, પરમજના.	૦	૫	૦
,, સુલેમાન ઇસમાઇલ બુદી, જલાલપોરના.	૦	૨	૦
,, ધી મા. શીલા	૧	૦	૦
,, ઇબરાહીમ આકુજી કમાત, ડાભેલના.	૧	૧	૦

લીચનબર્ગ.

,, આજમ આબિદ ફુલ રાંદેરના.	૧૦	૦	૦

ક્લાર્કસડોર્પ.

,, મહમદ ઇસમાઇલ ફુલ ખોલવડના.	૪	૦	૦
,, અહમદ મહમુદ ભુલા, કારાકાછાના.	૨	૦	૦
,, મહમુદ હાસમ સુનારા, ડભોલના.	૧	૧	૦
,, મહમદ ઇબરાહીમ રાજા, કફલતાના.	૦	૧૦	૦
,, ઇસમાઈલ ઈબરાહીમ અમેજી કારાકાછાના.	૨	૨	૦

રોકડ બજાર ભાવ.

ચાવલ.		શી.	પે.		શી.	પે.
માંજા	૧ બરતાનુ	૧૭	૦	થી	૧૮	૦
બીમડીના	,,	૨૨	૦	,,	૨૩	૦
એફ. એફ. ડી. આર.		૧૫	૬	,,	૧૬	૬
એફ. ડી. આર.	,,	૧૪	૯	,,	૧૫	૩
ચીની સકર	,,	૧૮	૬	,,	૧૯	૦
ફુકાના	,,	૧૯	૦	,,	૨૦	૦
દેશી તુવેર દાળ.		૧૬	૬	,,	૧૭	૦
તુવેર દાળ કાનપુરી		૧૭	૦	,,	૧૭	૬
મસુરની	,,	૧૬	૬	,,	૧૭	૦
મગની	,,	૨૨	૦	,,	૨૩	૦
અડદની	,,	૨૧	૬	,,	૨૨	૬
ચણા	,,	૧૮	૦	,,	૧૮	૬
,, દાળ	,,	૧૮	૦	,,	૧૮	૦
વટાણા	,,	૧૬	૦	,,	૧૮	૦
મકાઇ	,,	૭	૦	,,	૭	૬
કડવુ તેલ ૧ ગ્યાલન		૩	૦	,,	૩	૨
એરડીનુ	,,	૨	૬	,,	૨	૮
મીઠુ	,,	૨	૧૦	,,	૩	૦
નાળીએરનુ	,,	૨	૧૧	,,	૩	૦
ખાંડ સફેદ	,,	૧૬	૬	,,	૧૭	૬
પીળી	,,	૧૭	૬	,,	૧૮	૦
તીરકુળ નાતાલ		૯	૬		૧૦	૦
બ્રાઉન		૧૪	૪	,,	૧૫	૦
આટો		૮	૬	,,	૯	૦
મદ્રાસી સોપારી, ૧ રતલ		૦	૬	,,	૦	૮
મરચાં.		૦	૭	,,	૦	૭½
ઘી પેટી		૭૦	૯	,,	૭૨	૬
પારાફીન ડીવોસ.		૬	૬	,,	૬	૯
,, વાઇટ રોસ		૭	૬	,,	૭	૯
,, ,, ગાલન		૧૩	૦	,,	૧૩	૬
કોલી		૧૨	૬	,,	૧૩	૬
નાળીએર ૧૦૦		૧૭	૦	,,	૧૮	૦
નીમક (લીવરપુલ)						
બસ્તા એકનુ.		૪	૬	,,	૫	૦
દુધ નેસ્લનનુ		૨૦	૬	,,	૨૧	૬

DADA OSMAN,
General Merchant & Commission Agent,
139 QUEEN STREET, DURBAN.
P.O. Box 65. Tel. Add.: "PORBANDER."
ESTABLISHED 1880.

દાદા ઓસ્માન.
જનરલ મરચંટ ને કમીશન એજંટ.
બોક્સ ૬૮. ૧૩૯, ક્વીન સ્ટ્રીટ,
ડરબન.

SUN BRAND
Tobacco Works,
132 Queen Street,
Durban.

SUN CIGARS, SUMATRA CHEROOTS,
. . BOER TOBACCO . .
VIRGINIA TOBACCO, SHAG, &c.
At Lowest Wholesale Prices.

સસ્તો અને ઉંચો માલ.
સન સીગારેટ, સુમાત્રા ચીરુટ બોર વરજીનીઆ શેગ વગેરે જાતની તમાકુ નીચેને સરનામે મળશે.
સન બ્રંન્ડ ટોબેકો વર્કસ.
૧૩૨ ક્વીન સ્ટ્રીટ, ડર્બન.

EAST INDIAN
TRADING Coy.
GENERAL MERCHANTS
and Direct Importers of all kinds of Groceries, Soft Goods, etc., etc. . . . .
102 Queen Street,
Durban. P.O. Box 696.
Tel. Address: "PORBANDAR."

रबरी सीक्का
सुशोभित और सस्ता.
मनपसन्द और नमुनेदार महुर्तोंसे रबर स्टांप बनाया जाता है.
इन्टरनेशनल प्रिन्टींग प्रेस,
फिनिक्स, नाताल.

इन्डियन ओपिनियन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. ४थी नवम्बर, १९०५. नम्बर ४४.

इन्डियन ओपिनियन.

शनिश्चर, ता. ४थी नवम्बर, १९०५.

हिन्दू और मुसलमान.

हमें लिख चुके हैं, कि बङ्गालमें देशी चीजोंका व्यवहार प्रचार करनेपर और विलायती मालका व्यवहार बन्द करनेपर बड़ी हलचल मच रही है. ज्यों ज्यों यह हलचल शुरू होनेका समाचार यहां आते जाते हैं, त्यों त्यों हम लोग खूब आनन्द मानते हैं. परन्तु अब शोच करने जैसा एक तार अखबारोंमें आया है, सो सचमुच ही खेदकारक है. इससे कर्झन साहब कौन है, यह साफ साफ देख पड़ता है. उसके साथ हमारे थोड़ा सम्बन्ध है. तारसे समाचार आया है, कि पूर्व बङ्गालकी नई राजधानी ढाकामें बीस हजार मुसलमान लोगोंने एकत्र होकर, बङ्गालका अङ्गच्छेद होनेसे हिन्दूके जुल्मसे वे लोग बच गये, इसके लिये खुदाका अहेसान माना. यह कार्यमें हमारे राज्य अधिकारियोंका हाथ है, ऐसा देख पड़ता है. अधिकारियों कई समयसे समझते आये हैं, कि हिन्दू और मुसलमान हिलमिलकर ईकठे रहेंगे, अङ्ग्रेज लोग राज्य नहीं कर सकेंगे. इनके राज्यमें जहांतक न्याय देंगे, वहांतक राज्य जानेका कुछ कारण नहीं है. किन्तु भारतमें हमारे लोगमें रंजिश थी, इस हीसे वे लोगको राज्य मील गया. इस लिये ये लोग समझ बैठे हैं, कि रंजिश जहांतक कायम रहेंगे, वहांतक इनका राज्य रहेंगे. ऐसे खयालसे ढाकामें उन्हें हलचल मचा दी है, ऐसा जान पड़ता है.

इस जमानेमें समस्त भारतमें कभी न हुई, ऐसी हलचल इसबार बङ्गालमें हुई है. धनपति व गरीब, बड़े व छोटे, विद्वान व अज्ञान और कलकत्तामें अधिकांश हिन्दु व मुसलमान एकत्र हुए हैं; और सब कार्यवाहीसे सरकारको कायर करके न्याय लेनेको मंगते है. इस समयमें ढाका तरफसे उपरके तार आया है, सो भयंकर खबर है.

अब कुल्हाड़ीके भीतर हाथा लग चुका है, कदाच इसलिये वृक्ष गीर जांय, तो कुछ आश्चर्यकी बात नहीं है. हिन्दू मुसलमानके बीच मानो—वृक्ष है. यह वृक्ष गिरानेके लिये कुल्हाड़ीके जितनेक राज्यकर्मचारि कुल्हाड़ी—से वृक्ष गीर नहीं सकते. कारण, कुल्हाड़ी सिर्फ अकेली है. उसमें लकड़ीका हाथा डालना चाहिये. हाथा वृक्ष—हिन्दू वा मुसलमान—हीसे सरकारको मील सकता है. ढाकामें मुसलमान लोगकी मिटींग हुई. इससे सरकारको अब हाथा मील गया है. इसलिये बहुत अधिक प्रयाससे जो वृक्ष पैदा हुआ है, वह कायम रहेगा वा नहीं, उसमें हमको भय मालूम पड़ता है. हमें हिन्दू और मुसलमान पाठकगणोंसे प्रार्थना करते हैं, कि प्रत्येक भारतवासीने घरमें, देवलमें और मसजीदमें ईश्वर स्तुति करना, कि जगत्कर्त्ता बङ्गालके समस्त हिन्दू मुसलमानको सद्बुद्धि देवे और ऐक्यता कायम रह जाय.

हिन्दुओंका नया वर्ष, सम्वत् १९६२.

डर्बनमें आनन्दोत्सव.

गत सप्ताहमें हिन्दूगणोंकी १९६१ साल समाप्त हुई और विक्रम सम्वत् १९६२ सालका आरम्भ हो चुका है. समस्त भारतमें यह त्यौहारों हमारे हिन्दवासी हिन्दुगणों बड़े आनन्दके साथ बिताते हैं. हर्षका विषय है, कि इसी तरह दो सालसे डर्बनके हिन्दूगणों इस त्यौहारों बड़ी धुमधामसे बिता रहे हैं. इसबार समस्त हिन्दू व्यापारियोंने उनके निमित अपनी दूकानें एक दिन बन्द रखी थी और कारीगर तथा महेनती वर्गने अपना रोजगार बन्द कर दिया था. हमें नये वर्षके लिये हिन्दूगणोंको मुबारकबादी देते हैं. हमें ईश्वरसे प्रार्थना करते हैं, सालों साल इसी तरह हिन्दुओं अपना त्यौहारोंका महिमा बढ़ावें और ऐक्यतासे निर्गमन करें.

इसबार तीन जगहपर उत्सवके निमित डर्बनमें तीन मिलापडा हुए थे. प्रथम, शुक्रवारके रोज मि० पी. वी. सेचर्नने ; दूसरा, शनिवारके रोज महेता कलचने ; और तीसरा, रवीवारके रोज मेंडाईवाला सुरती ढोसाने, अपने अपने मकान पर मिलापडा किया था. तीनों जगह अधिक भीड़ मच रही थी. उपरकी दो जगहपर चाय, पान सुपारी और अत्तर गुलाबसे ; और तीसरी जगहपर दुध, पान सुपारी और गुलाबजलसे मिजमानोंको संतुष्ट करनेमें आया था. उपरान्त मनरंजन करनेके लिये गायकों तरफसे मधुर स्वरसे गायन करनेमें आया था. समयानुसार बक्षा भी देनेमें आए थीं.

प्रो० परमानन्द जोहानेसबर्गमें—जोहानेसबर्गसे हमारे एक सम्वाददाता खबर देते हैं, कि प्रोफेसर परमानन्द नातालकी मुसाफरी करके वहां आये हैं. और आप मि० गांधीके मिजमान बने हैं. प्रोफेसरको अभिनन्दनपत्र देनेके लिये, गत २७ वीं शुक्रवारको शहरवासियोंकी एक जाहिर सभा वेस्ट एन्ड हॉलमें जमा हुई थी. श्रोताओंकी भीड़से हॉल भरा जान पड़ता था. प्रमुखस्थान मि० मुनसामीने लिया था. प्रोफेसर ८ बजे सभामें पधारे, जब बड़ा आदर सत्कार किया गया था. बाद अभिनन्दनपत्र मि० नायडुने पढ़कर सुनाया था. अभिनन्दनपत्रकी सजावट अच्छी थी. इसके प्रत्युत्तरमें प्रोफेसरने अच्छा भाषण दिये थे. प्रिटोरियाकी कमेटी तरफसे मि० मनीभाइने प्रोफेसरको निमन्त्रन दिया. अन्तमें प्रोफेसर परमानन्दको धन्यवाद देकर सभा विसर्जन हुई थी.

मुंडी कर—सब लोगोंको जाहिर करनेके लिये हमको सूचना हुई है, कि नातालमें वसते प्रत्येक मर्दको १९०६ के जनवरी महीनेकी पहिला तारीखसे प्रति वर्ष एक पौन्डका कर सरकारको देनेका है. विभागी मेजीस्ट्रेटकी आफिसमें कर भरनेका है. करका कायदा अठारह वर्ष और इससे अधिक उम्रवाले मर्दको लग चुका है. यह कर गोरें, हिन्दीओं, काफिर वगैरह सब जातियोंसे लिया जायगा. उसमें सिर्फ चार प्रकारके आदमियोंसे यह कर नहीं लिया जाय.—(१.) १८७५ के १३ वां कायदा मुजब जो काफिर घरका कर देते हैं, इन्होंसे ; (२.) बहार कोलोनीके डोमिसाइल हो, ऐसे इस कोलोनीमें काम करते काफिरोंसे ; (३.) इन्डियन इमिग्रेशन कायदा मुजब जो हिन्दीओ गिरमीटमें काम करते हैं, ऐसे हिन्दीओंकी गिरमीट खलास होवे वहांतक, इन्होंसे ; और (४.) जिस आदमी थोड़ा मुद्दतके लिये मुसाफरी करने आये हो, ऐसा साबित कर देवे, इन्होंसे इस कर नहीं लिया जाय. मुसाफरीकी मुदत छः माससे अधिक न होना चाहिये. यह कर १ ली मार्च १९०६ के भीतर जिस आदमीने वसुल न दिया होगा, उनकी पर काम चलाया जायगा और पांच पौन्डतक जुर्माना किया दिया जायगा.

501

இந்தியன் ஒப்பீனியன்.

புஸ்தகம் 3.] நெட்டால் பீனிக்ஸ், 1905ஹு நவம்பர்மீ 4௳ சனிக்கிழமை. [இலக்கம் 44.

இந்தியன் மெயில்.

நெட்டால் வருகிறவைகள்.

அர்கேடியா நவம்பர் 11௳ புறப்பட்டு கொழும்பு, மதராஸ் கல்கத்தா போகும்.

ஜெர்மன் ஈஸ்டாப்பிரிக்கா லேன்.

கோனிக் நவம்பர் 11 தேதியும், சுல்தான் நவம்பர் 25 தேதியும் புறப்படும்.

இந்தியா ஆப்பிரிக்கா லேன்.

கூர்ஜர் நவம்பர் 3௳ புறப்படும்.

மேல்கண்ட கப்பல்கள் நேரே கல்கத்தா போகும்.

[illegible] அல்லது [illegible] கல்கத்தா.

"இந்தியன் ஒப்பீனியன்"

1905ஹு நவம்பர்மீ 4௳ சனி.

கொசுகுகள் அறிவு.

ஒரு புதிய ஏற்பாடு.

நாம் வசிக்கும் இடங்களுக்குச் சமீபத்தில் குப்பைகளாவது அல்லது அழுக்குதண்ணீரை கொட்டுவதாவது கூடாது. அதிலிருந்து கொசுகுகள் உற்பத்தியாகி அதனால் மலேரியா என்னும் விஷச்சுரம் உண்டாகிறது. இதனிமித்தம் கனம் கவர்னர் அவர்கள் எல்லாவிடங்களிலுமுள்ள சுகாதிகாரிகளுக்கு, நாம் வசிக்கும் இடங்களைச் சுத்தமாய் வைத்திருக்கும்படி எச்சரிக்கைசெய்யும்படியாக உத்திரவனுப்பியிருக்கிறார். நாம் அவர்கள் எச்சரிக்கையை அடைவதற்குமுன்பே, வீட்டுக்கருகில் குப்பைசத்தை அழுக்குத்தண்ணீர் முதலியவைகளைக்கொட்டி கொசுகள் புழுக்கும்படி அசுசிப்படுத்தாமல் சுத்தமாய் நல்லகாற்று உலாவும்படி வைத்திருக்க முயல வேண்டும். சுத்தஞ்செய்தில்லாத இடங்களை சுகாதிகாரிகள் வேலையாட்களைக்கொண்டு சுத்தப்படுத்துவார்கள். சுத்தஞ்செய்யாதவிட்டால் அவ்வேலையாட்களுக்குச் செலவுகட்டிக் கொடுக்கவேண்டியது. இவைகளெல்லாம் அறிவுடையோர்கள் தங்கள்தங்கள் தேகசுகியத்திற்காக தாங்களே சுத்திசெய்துகொள்ளவேண்டும். பிறர் நமக்குச்சொல்லிச்செய்வது அறிவின்மையே.

தலைக்கட்டுவரி.

பின்வரும் விஷயத்தை வெளியிடக்கேட்டுக்கொள்கிறோம்.

1906ஹு ஜனவரிமாதம் முதல் தேதியிலிருந்து இக்காலனியில் வசித்துவரும் 18 வயதுக்குமேல்பட்ட புருஷர்கள் யாவரும் அந்தந்த பகுதிகளிலுள்ள மாஜிஸ்டிரேட்டாரிடம் வருஷாவருஷம் ஒவ்வொருபவுன் தலைக்கட்டுவரி செலுத்தும்படிக்கு அறிக்கையாகி இருக்கிறது. இத்தவரி இக்குவனிக்கும் எல்லா ஜனத்தாருக்கும். அதாவது:— ஐரோப்பியர்கள், இந்தியர்கள், சுதேசிகள், சுதேச சட்டத்துக்குள்படாத சுதேசிகள், மற்ற எல்லா கலர்ட் ஜனங்களும்.

கீழ்கண்டவர்களுக்கு இச்சட்டம் சர்ப்பாசாது:—

1. 1875 வருஷத்து 13 சட்டப்பிரகாரம் குடிசைவரி கொடுத்துவரும் சுதேசிகள்.
2. கலோனியல்லாமல் வாசஸ்தானம் வைத்து இக்காலனியில் தொழில்செய்துவரும் சுதேசிகள்.
3. இந்தியன் இமிகிரேஷன் சட்டசம்பந்தமாய் ஒப்பந்தச்சீட்டின்கீழ் உழைத்துவரும் இந்தியர்கள்.
4. நெட்டால் வழியாகப்போகவரும் அல்லது இக்காலனியில் 6 மாதத்திற்கு அதிகப்படாமல் தங்கிப்போவதை நிரூபிக்கும் ஜனங்கள்.

1906 வருஷம் மார்ச்சுமாதம் 1 தேதிக்குள் இந்த தலைக்கட்டுவரி ஒருபவுனைச் செலுத்திவிட வேண்டியது. இந்தக்கெடுவுக்குள் தவறினவர்கள்மேல் வழக்குத்தொடர்ந்து அக்குற்றத்திற்காக 5 பவுனுக்கு மேல்படாத அபராதம் விதிக்கப்படும்.

1905 வருஷம் அக்டோபர்மாதம் 30௳ மேல்கண்ட அறிக்கை பைன்டவுனில் வெளிப்படுத்தப்பட்டது.

ஏச். ஜெ. கொலன்பாரண்டர்.
மாஜிஸ்டிரேட்,
பைன்டவுன்.

சமாச்சாரம்.

லார்ட் கர்சன் இந்தியாவிலுள்ளவர்களுக்கு வெகுமதிசெய்வதற்காக, ஒரு ஆங்கிலேய சித்திரவியாபாரிக்கு, நமது சக்ரவர்த்தியின் எண்ணெய்ப்படங்கள் 44-ம் வர்ணப்படங்கள் 520-ம் செய்தனுப்பும்படி உத்திரவனுப்பியிருக்கிறார்.

—x—

தற்காலம் ஏற்பட்ட ஆங்கிலேய ஜப்பானிய சிநேகத்தினால் சேனையின் பலம் மிகவும் பெரிதாக கணக்கிடப்படுகிறது. யுத்தகப்பலின் தொகை 601. சேனையின் தொகை 20 லட்சம், இந்த ஜப்பானியர் இதுவரையில் 14 ஆக இருந்ததை [illegible] இனி 20 வரையில் அதிகப்படுத்தப்போகிறார்கள்.

சிலகாலத்துக்குமுன் அமெரிக்காவில் ஒரு காப்பிரியை அங்குள்ள ஐரோப்பிய குடிகள், அவன் ஒரு கொலைசெய்ததாகச் சந்தேகித்து அடித்துக்கொன்றார்கள். ஆனால் அவன் அக்குற்றம் செய்யவில்லை என்று பின்னால் ரூபகாரப்பட்டது.

—x—

சென்ற யுத்தத்தில் ஜப்பானியரின் மரணத்தொகை 72,000. அவர்களில் யுத்தத்தில் கொல்லப்பட்டவர்கள் 46,000. காயத்தினால் இறந்தவர்கள் 10,970. வியாதிகண்டிறந்தவர்கள் 15,300 என்று கணக்கிடப்பட்டிருக்கிறது.

—x—

ஜோஹானிசேசத்திய ஒரு மாணாக்கன் காலாஜ் தெருவிலுள்ள ஒரு கடையில் தேக்கோப்பை வாங்கினான். அதை அறிந்த அவன் சிநேகிதர்கள் வாங்கிய கடையில் திருப்பக்கொடுக்கும்படி செய்தார்கள். கடைக்காரன் கொடுத்தபணத்தை அவன் ஒரு தர்மநிதிக்குச் சகாயஞ்செய்தான்.

—x—

சிப்பூர் சிற்பகலாசாலையில் படித்துவரும் ஒரு சிறுவன் ஆங்கிலேய சிற்றுண்டியை வாங்கியதாகத்தெரிந்த மற்றபாடசாலைக்காரர்கள் அதைக்கண்டித்து [illegible] பொதுப்பணம் வசூலித்து அவனுக்குச் சுதேச சிற்றுண்டியை வாங்கிக்கொடுத்தார்கள்.

—x—

சென்றவாரம் தீபாவளி பண்டிகைக்கு இந்துக்களெல்லோரும் ஒன்றுகூடி தங்கள் தொழில்களை நிறுத்தி பண்டிகையை நிறைவேற்றினார்கள். சில இடங்களில் இதைப்பற்றி கூட்டங்கூடியும் பேசினார்கள். இந்தியர்கள் ஒற்றுமை என்பதை இப்போதுதான் கைப்பற்ற வெளிக்குவருகிறார்கள். இதுபோலவே மற்றெல்லா விஷயங்களிலும் ஒற்றுமைப்பட்டு தாங்கள் பிடித்தபிடியை விடாமல் நடந்துவார்களாயின், எடுக்கும் முயற்சி ஒவ்வொன்றிலும் ஜயமுண்டாகுமென்பதற்குச் சந்தேகமில்லை. இது திண்ணம்.

—x—

இலங்கைத்தீவின் [illegible] துறைமுகத்திலிருந்து அதிகபணம் சம்பாதித்த [illegible] என்பவர் பத்துலட்சம் ரூபாய் செலவிட்டு [illegible] முன்னேறிய [illegible] ஏற்படுத்தியிருக்கிறதாகத்தெரிகிறது.

W. F. JOHNSTONE,

Timber Merchant, - -
Builder and Contractor.

DURBAN, NATAL, P.O. BOX 138.

JOHANNESBURG - - - - - - P.O. BOX 1869.

A. M. KHARVA

GENERAL MERCHANT.

UPPER MURCHISON ST.,

LADYSMITH.

Cheapest House in Town for Indian and Japanese Silks, Ladies' Boots and Shoes, Fancy Goods and all sorts of Fashionable Goods.

S. MUNGALEE,

General Merchant & Farmer.

Grocery, Soft Goods and Kaffir Truck.

Forage and Corn always on hand.

P. O. BOX 178,

BARBERTON.

Tel. Address: "MUNGALEE."

SUN Insurance Office.

SUN FIRE OFFICE FOUNDED 1710

PAYNE BROS., Agents,
WEST STREET, DURBAN.

दुन्यामें सबसें पुराणी
आगका विमाकी ऑफिस.
स्थापण वॉट १०,००,०००.
अर्जी करनेसें कमतीमें कमती भाव मिलै

દુનીયામાં સૌથી જુની આગના વીમા ઓફીસ જેની મુડી પાં ૩૦,૦૦,૦૦૦ ની છે. અમી લખાવવાથી ઓછામાં ઓછા ભાવ મળી શકશે.

பூலோகத்தில் முந்தின நெருப்பு ஆபீஸ், உ ... பவுண்டு ... பண்டுப்படுத்தில் ...

હિંદી દવાખાના.

આ દવાશાળામાં દરેક જાતની દવા પુરી પાડવામાં આવે છે. બહાર ગામના ઓરડરો પર પુરતું ધ્યાન આપવામાં આવશે. દરદી ઓની ઉપર ખાસ ધ્યાન આપી ઉમદા ટ્રીટ મેંટ કરવામાં આવશે. ઘોડા અને ખચરની દવા અમારે ત્યાંથી મળશે.

૩૬૦ પાઇન સ્ટ્રીટ અથવા ૧૨૨૫, અમગેની રોડ સ્ટેશનની બાજુમાં.

இந்திய மருந்துக்கடை.

எல்லாவகை மருந்துகளும் விலை சகாயமாக விற்கப்படும். வேண்டியவர்கள் கேட்டவுடனே போஸ்டுமூலமாக பெற்றுக்கொள்ளலாம். அடிபட்ட வியாதிகளுக்கும் குதிரை வியாதிகளுக்கும் மருந்து கிடைக்கும். வெள்ளை, மேகரணம், அஜீரணம், வாதம், இருமல், தலைநோய், காய்ச்சல், பெண்கள் வியாதி.

இந்திய மருந்துக்கடை, 360 பைன் ஸ்டிரீட், டர்பன். அம்கேனி ரோட் ஸ்டேஷனுக்கு அருகில்.

R. NARASOO,

Indian and General Merchant.

Outfitter and Draper.

Boot and Shoe Warehouseman.

INDIAN SILKS A SPECIALITY.

KAFFIR TRUCK, &c., &c.

BARBERTON,
TRANSVAAL.

P. O. Box 20.
Telegraphic Address: "NARASOO."

MAHOMED ENUS

INTERPRETER,

22 BUTEN STREET, CAPE TOWN.

મહમદ ઇનુસ ઇન્ટરપ્રીટર,
૨૨ બ્યુટન સ્ટ્રીટ, કેપ ટાઉન

FOR Tobacco, Ground Nuts, Beans & Mealies,

WRITE TO
VERGATSAMY NAIDOO,
TONGAAT

HOSSEN EBRAHIM,

GENERAL DEALER,

1 KINSLEY ROAD, SALT RIVER,

And 25 Duke Street, WOODSTOCK.

Goods Supplied on Commission.

P. V. SANGHAVEE,

Head Office: 201 Grey St., DURBAN.
Branch: 34 Ezra Street, CALCUTTA.

COMMISSION AGENT.

Importer of Rice, Dholl, Ghee, Oil, Gunny Bags, etc.

Established 1881.

C. P. LUCHERAM,

Silk Merchant and . . .
. . . Direct Importer
—OF—
Indian and other Oriental Merchandise
—FROM—
INDIA, CHINA, JAPAN, MOOLTAN, MADRAS, MALTA, TENERIFFE, CEYLON, &c.

HEAD OFFICE AND STORE:

10 Orphan Street, CAPE TOWN.

Telegrams: "LUCHERAM," CAPE TOWN.

Branches:

JOHANNESBURG (P.O. Box 4081.)
PRETORIA, Multan House, 242 Church St. (P.O. Box 224.)
BULAWAYO (P.O. Box 456.)
BARBERTON. SALISBURY. KIMBERLEY.

All Orders and Enquiries forwarded to any of the above addresses will have prompt and careful attention.

ખાનગી ઈંગ્રેજી ગુજરાતી નિશાળ

જે તા. ૧૬ મી જુન ૧૯૦૪ થી ખોલી છે.

ગુજરાતી તથા ઈંગ્રેજી પુસ્તકો, કોપીઓ, પાઠમાળાઓ, મીનીંગ બુકો, વગેરે તૈયાર છે. અને તેજ બુકોથી અભ્યાસ ચાલે છે. વધુ હકીકત માટે લખઈં અગર મળવા મેં૦ કરવી.

૪૮૨ વેસ્ટ સ્ટ્રીટ, ડરબન. — એમ૦ એસ. પટેલ, સ્કુલ માસ્તર.

FOR *Artistic Printing*

TRY THE

INTERNATIONAL PRINTING PRESS.

P. O. Box 343. Tel. Address: "BEETLE."

BEATLEY & CO.,

Wholesale Merchants,

467 SMITH STREET, DURBAN.

ફેન્સી કાપડના ખાસ વેપારી. ઉત્તમમાં ઉત્તમ નવી તરેહનોમાલ અમારે ત્યાંથી મળશે. "હુસકવારના સીવવાના મશીન" ના નાતાલ ટ્રાંસવાલ અને ઓરેંજ રીવર કોલોની માટેના ખાસ આડતીઆ. "જનરલ સોફ્ટ ગુડસ" અને કાફરીઆનો માલ તરેહ તરેહ જાતનો સ્ટોકમાં રાખવામાં આવે છે.

Pohoomull Brothers,

WHOLESALE & RETAIL DEALERS.

Depots in India, Egypt, Gibraltar, Malta, China, Japan, Manilla, Zanzibar, Beira, Salisbury, Johannesburg, Durban, &c., &c.

All fashionable goods, silks of every variety,
IMPORTED DIRECTLY

Corner Longmarket & Parliament Streets.

Telegrams: "POHOOMULL," CAPE TOWN. Box 1126.

DURBAN: QUEEN STREET. Box 621.

ABDOL GANIE, - General Dealer.

SOFT GOODS, GROCERIES and MERCHANDISE
of all description always in stock.

5 & 7 CROSS STREET, CAPE TOWN

અબ્દુલ ગની.
જનરલ ડીલર.
કાપડ, ગ્રોસરી અને બીજા દરેક જાતનો માલ સ્ટોકમાં રાખનાર.
૫ ને ૭ ક્રોસ સ્ટ્રીટ, કેપટાઉન.

अबदुलगनी,
जनरल डीलर,
कपड़, ग्रोसरी और दुसरी सब रकमका माल स्टोकमें रखनेवाला.
५०७, क्रोस स्ट्रीट, केपटौन.

மேற்படி அப்தூல்கனி ஸ்டோரில் மேன்மையான பலவித சாமான்கள் எப்பொழுதும் இருப்பிலிருக்கின்றன.
அப்துல்கனி, ஜெனரல் டீலர்,
5. அண்ட் 7. கிராஸ் ஸ்டிரீட், கேப்டவுன்

Prof. L. Doovey, Indian Herbalist and Palmist, Cape Town,

Inventor of the famous RHEUMATIC LOTION.

Testimonial from REV. J. J. RETIEF, ARTHUR GARCIA, ESQ., R.M., UITENHAGE, and many others.

પ્રોફેસર એલ. દવે.
ઇન્ડિઅન વનસ્પતિ ઔષધિ રાખનાર અને જાણનાર તથા રેખાશાસ્ત્રી. સંધીવાની પાણી જેવી પ્રસિદ્ધ દવાના શોધક. રેવરન્ડ જે. જે. રટીફ, આરથર ગેરશીઆ એસ્કવાયર વિગેરેનાં સરટીફીકેટો છે.
કેપટાઉન

प्रोफेसर एल. दवे, (इन्डियन.)
वनस्पतिके औषधीका संग्रह रखनेवाले और पिछाननेवाले हस्तरेखाशास्त्री तथा सन्धीवाके लीये पानीलेप जगतप्रसिद्ध दवाका शोधक. सर्टीफिकेट बहुत मिला है. केपटौन.

[illegible] கேப்டவுன்.

J. M. H. Gool

Importer of Indian Produce and Exporter of Cape Snoek in all parts of South Africa, except Durban, Natal, where JALBHOY & SORABJI BROS., are our Sole Agents.

જુસફ મોલવી હમીદ ગુલ.
ઇન્ડિઅન પ્રોડયુસ મરચંટ.
નાતાલમાં ડરબન શિવાય તથા સાઉથ આફ્રિકામાં બધે ઠેકાણે કેપ સ્નુક મચ્છી પહોંચાડવામાં આવે છે. ડરબનમાં અમારા ખાસ એજન્ટ જાલભાઇ એન્ડ સોરાબજી બ્રધરસને ત્યાંથી બધી ખબર મળી શકશે.
૧૨૯ કેસલ સ્ટ્રીટ,
ટેલીગ્રાફ એડ્રેસ "ગુલ."
કેપ ટાઉન.

120 CASTLE ST., CAPE TOWN

Telegrams and Cablegrams "GOOL," Cape Town.

Haji Sulaiman Shah Mahomed,

Estate Owner,

164 BREE STREET,
—CORNER OF—
BLOEM STREET, CAPE TOWN.

TELEGRAMS:
"SHAHMAHOMED,"
CAPETOWN.

A. CADER,

General Importer and Agent

SUB-AGENT FOR THE
Indian Department,
German East African Line.

42 CHURCH STREET,
CAPE TOWN.

Ebrahim Noroodeen,

General Dealer
—AND—
Family Grocer,

140 ALBERT ROAD,
WOODSTOCK.

BRANCHES:
Capetown, Salt River, Observatory, and Wynberg.

RATANJEE NOWROSJI,

Direct Importer and Mineral Water Manufacturer

રતનજી નવરોજજી.
ડાઇરેક્ટ ઇમ્પોરટર અને મીનરલ વોટર બનાવનાર.
ક્લેરમોન્ટ. કેપકોલોની

CLAREMONT, CAPE COLONY.

SHAIKH ALIE,

ESTATE OWNER.

[illegible] HOUSES [illegible] LTD.

18 EYER STREET, CAPE TOWN.

Stranack Glew & Co.,

General Merchants

AND DEALERS IN

Soft Goods,
Hardware,
Stationery,
Kaffir Goods,
Jewellery,
etc., etc.

80 ALBERT St.,
DURBAN.

TEL. ADD.: "STRANCO."
TELEPHONE No. 482.
P.O. Box 914.

A. LATIEF,

General Dealer, - - - -
- - Outfitter and Draper,

BARBERTON,
TRANSVAAL.

P.O. Box 64.
TEL. ADDRESS: "LATCHF."

E. A. PATEL & Co.,

GENERAL DEALERS
—AND—
DIRECT IMPORTERS.

Soft Goods, Boots and Shoes, Groceries, Fancy Goods, Crockery and Hardware.

corner Middel & Church Streets
MIDDELBURG, T'vaal.

Tele. Add.: "ALUDIJEE." P.O. Box 94.

BRANCH AT ROSENEKAL.

M. J. MAHOMED,

470 & 478 CHURCH ST.,
MARITZBURG.

મુસા જાનમહમદ.
૪૭૦-૪૭૮ ચચ સ્ટ્રીટ, હોલસેલ અને રીટેલ, મરચંટ. એન્ડ ઇમ્પોરટર.
મેરીત્સબર્ગ.
બ્રેન્ચ, ન્યુકાસલ, ન્યુરફારલેંડ, કેટેમેન્સ રોડ, અમસીકરી.

SHAIKH ALLIE,

General Dealer & Family Grocer

53 & 56 LEUWEN STREET,
CAPE TOWN.

BRANCHES—272 Caledon Street.
295 Long Street.

Castle Cash Stores.

M. I. DALA,

Crockery and Chinaware,
CASTLE BUILDINGS,
HANOVER STREET,
CAPETOWN.

એ. એમ. પારેખ.
જનરલ મરચંટ.
દરેક જાતની ગ્રોસરી કાપડ વગેરે આલુ બરનો સામાન હમેશાં તૈયાર છે.
ઠે. કોમરસીઅલ રોડ, ડરબન.

M. A. BODANIA & CO.,

GENERAL DEALERS.

A great variety of Clothing, Drapery, Hardware, and Fancy and Rough Goods.

Box 48, NYLSTROOM.

એમ. એ. બોડાણીઆ એન્ડ કું૦
જનરલ ડીલર.
કાપડ, ગ્રોસરી, ફેન્સી સામાન, લોહાખાર વીગેરેનો સ્ટોક રાખનાર સસ્તી તથા સરસ સતો. બોકસ ૪૮. નીલસ્ટ્રુમ.

A. E. BHABHA,

GENERAL MERCHANT and DIRECT IMPORTER.

Cor. Church & Middel Streets,
MIDDELBURG, T'VAAL.

Tel. Add. "BHABHA." P.O. Box 53.

Subscription Rates.

"INDIAN OPINION."

Yearly Subscription (Natal)	12/6.
Half Yearly	7/6
Quarterly	4/-
Yearly Subscription (South Africa, England and India) ...	17/-
Half Yearly	9/-
Quarterly	5/-

Country subscribers should add cost of exchange when sending cheque.

Change of Address.

THE DURBAN OFFICE
OF
"INDIAN OPINION"
IS NOW REMOVED TO

Mercury Lane.

અમારી ડરબન ઓફીસ

ગ્રે સ્ટ્રીટમાંથી અમે નીચેને ઠેકાણે ઓફીસ ફેરવી છે.

મરકયુરી લેન,
સેન્ટ્રલ હોટેલ બીલ્ડીંગ,
ડરબન.

हमारी डर्बनकी आफिस.

हमारी डर्बनकी आफिस जो ग्रे स्ट्रीटमें थी, वह हमें निचे लिखे पते पर बदल दी है.

मरक्युरी लेन,
सेन्ट्रल होटेल बिल्डींग,
डर्बन.

விலாசம் மாற்றல்.

இந்தியன் ஒப்பினியன் டர்பன் ஆபிஸ் மெர்க்குரி சந்துக்கு மாற்றப்பட்டிருக்கின்றது. கடிதம் அனுப்புவோர்கள் மேல்கண்ட விலாசத்துக்கு அனுப்பவேண்டியது.

வி. கோ. சூரியநாராயண
சாஸ்திரியாரவர்கள் இயற்றிய
தமிழ்ப் புத்தகங்கள்.

தமிழ் மொழியின் வரலாறு.

பொருளடக்கம்— 1. ஆதிவரலாறு. 2. வடமொழிக்கலப்பு. 3. [illegible] பாகுபாடு. 4. [illegible] இலக்கணம். 5. பாஷையின் [illegible] 6. பாஷையின் சிறப்பியல்பு. 7. பாஷை வேறுபாடு. 8. [illegible] 9. பாஷையின் [illegible] 10. முடிவுரை.

காகிதப் பதிப்பு ரூபா 1. கலிகோ பதிப்பு ரூபா 2.

ஸ்ரீ [illegible] வியாகரணம் [illegible] எழுதப்பட்டுள்ளது. [illegible] பல தேசிகர் [illegible] அணா 2.

ரூபாவதி அல்லது காணாமற்போன மகள்.— இது ஓர் புதிய தமிழ்நாடகம். [illegible] பல [illegible] ரூபா 1. [illegible] ரூபா 1-8-0.

கலாவதி. [illegible] என்னும் திருமண நாடகம். [illegible] வாய்ந்தது விலை அணா 8.

தனிப்பாசுரத்தொகை.— அருமையும், பெருமையும் வாய்ந்த பல பொருள்களை [illegible] 40 தனிப்பாசுரங்கள் [illegible] விலை அணா 1.

மதிவாணன்.— இருபத்தைந்து அத்தியாயங்களைக் கொண்ட மிகவும் உயரிய [illegible] புதுமையான செந்தமிழ் கதை. விலை அணா 8.

மானவிஜயம். பழங்கதையின் ஒரு புதிய நாடகம். [illegible] விலை அணா 8.

[illegible]

[illegible] முதல் [illegible] இனிமையும், புதுமையும், வாய்ந்த பதினொரு சித்திரக்கவிகள் கொண்டது. விலை அணா 6.

தமயந்தி.

பி. ஏ. [illegible] பி. எ., எல். டி. அவர்களால் இயற்றப்பட்டது.

இது [illegible] விலை அணா 3.

ஏ. [illegible] கம்பெனி, [illegible] செக்கின

Abdoola Hajee Khan Mahomed

General Merchant & Importer,
CHURCH SQUARE
Opposite, Government Buildings.

Telegraphic Address: "Moosa Khan." P. O. Box 99.
POTCHEFSTROOM.

E. M. PATEL,

General Dealer, Wholesale & Retail,
MARKET SQUARE,
POTCHEFSTROOM,
AND AT THE LOCATION.

S. D. BOBERT,

General Importer, Wholesale and Retail Merchant.
Cheapest House in the Market Square.
BRANCHES AT
LOCATION, POTCHEFSTROOM.

M. E. Nanabhay

Retail and Wholesale Merchant.
Market Square, P.O. Box 55.
POTCHEFSTROOM.

Ebrahim Brother

Direct Importer & General Merchant,
POTCHEFSTROOM, Trans.
P.O. Box 100. Tel. Add: "Scenes."

To turn now to the next article of our indictment—dirt. This is a tremendous subject, including sanitation and the disposal of refuse of all sorts, with personal cleanliness and communal cleanliness. That, as a nation, we should have to plead guilty to this indictment, is, unfortunately only too true. A school inspector is quoted in the London *Daily Telegraph* recently as having stated that, of the children who attend our public schools, the greater part have not been properly washed for 5 years. And then we wonder at the prevalence of skin diseases, and the overcrowding of our hospitals! If it be permissible to make such a deduction—if the children have not been properly washed for 5 years—what will the figures be for the children's parents? Perhaps it were better not to inquire too deeply. At any rate we are learning. Each year sees the opening of new public baths and washhouses, and the greater popularity of those already opened. The number of tickets sold at these institutions has risen recently by leaps and bounds, swimming-clubs arise, children from the public schools are being sent to the baths and taught swimming as a regular school subject. We are learning in England to appreciate our skin, and to understand what a great work it does for our animal economy, if we only give it the chance. We are learning slowly the comfort and security of cleanliness, and the old days cannot return again. A house without a bathroom is becoming a rarity, and will not lot; the daily bath will bye-and-bye be a national institution.

With regard to the sanitary arrangements of houses, there is less to say. We woke up to the importance of this subject some time ago and are now going well ahead with it. With the bacterial treatment of sewage, and the vigilance of our corps of sanitary inspectors, we are on the high road to hygienic success in this department. Where there is more room for improvement is in the disposal of house refuse. We do not burn enough of our house refuse, we let it collect in insanitary dust-bins, placed near our houses, until it decomposes and becomes a nuisance and a menace. All organic, i.e. animal or vegetable, refuse should be burned, and only such things as cinders and broken crockery &c., should find their way into the dust-bins. The subsequent fate of the contents of the dust-bins, when they have been emptied by the municipal authorities, is also not all it should be.

Dirt and dust and decomposing particles in rooms provide excellent culture-homes for the germs of disease. Absolute cleanliness, as understood in sanatoria, is a thing almost unknown elsewhere. All the rooms in a sanatorium are built without corners—there are no sharp edges. Everywhere it is rounded off. The junctions of the

walls and ceiling and of the walls and floor—of two walls—are rounded everywhere. The walls are not papered, but are treated with washable distemper, or better still, if there be money enough, with glazed bricks or tiles. The whole room then can be and is washed with soap and disinfectant water every day. All the furniture is light, without dust collecting ledges or ornamentation, and mounted on wheels so that it can all be moved out of the room and the whole room and the furniture washed. Very few pictures or ornaments that are not washable are allowed, in case dust should collect upon them. H. G. Wells, in his "Modern Utopia," dreams of a time when all houses will be built in this way, each bedroom with its tiled bathroom and lavatory attached so as to minimise work and dirt. May it be in our days!

B. S. P.

(To be continued.)

Daybreak in the Woods

"Now behold! the blushing sky
Tells the bridegroom Sun is nigh:
Nature tunes her joyful lyre,
And the trembling stars retire."

Has the reader ever stood in a woodland at daybreak on a September morning? Has the reader ever seen that fixed, still gallery of quaint, fantastic forms, bathed in a sparkling mist, and felt the ineffable joy which the mighty, motley host can impart? Slowly and dimly their rugged features appear. Next their rich foliage, resplendent with jewels and burnished gold, comes into view, followed at length by innumerable sprightly elegancies, lightly and quickly touched by far darting shafts of light.

Is that stillness which always seems to fall over a woodland just before daybreak a real stillness, or has it a mere subjective existence in the most solemn province of thought, prompted by the majesty of the phenomena one is about to witness? I do not know. To me, at least, it remains a deep, mysterious reality; and with no pretension to scientific exactness I claim that a profound silence is the adumbration of daybreak amid all European sylvan scenery.

In like manner I know not how the soft tones, the music of rustling leaves, the trills of birds, the chiming and gurgling among the branches which never omit to hail the dawn, fall upon feeble ears; but to ears that understand there is no music so sweet, so entrancing, so inspiring. No harsh sound, no metallic note: a beautiful softened melody full of wonderful affection, which for untold ages has waited a message of peace and gentle [illegible] [illegible] eloquence, making the hills resound with song; but in September only the robin pipes his little roundelay, and the melody is absorbed in the wild and manifold forest cries of the day.

At the moment of the impressive silence to which I have alluded the woodland presents to the spectator a gloomy vastness, the very antithesis of that which awaits him. The palpable mist distorts and exaggerates the natural forms around, and instead of trees one sees rugged, broken, huge, grotesque masses, entirely without form and beauty. But as the sun rises above the horizon these monstrous elements combine together and take on definite shapes, and the thick haze encircling them is thrown into long, gorgeous vistas, scintillating with prismatic gems—precious gems of the purest colour, which, as the haze melts away, come to rest on the foliage.

Then, again, the pond lying in the lap of the woodland first appears as a glazed inky patch set in silver, and the bright twinkling point on its margin is the roguish eye of a redbreast. Frequent splashes announce that the fish are awaiting the arrival of the unwary fly, long before the surface ripples become apparent. The lush grasses and the rigid horsetails wear a weird look in the grey light, and are but vulgar caricatures of plants; but as the broad-leaved pond weeds slowly chequer the placid surface these stand erect, spear and plume-like, pointing skyward, where the rose-petal images reflected in the water have their origin.

Daybreak over sylvan scenes has an intrinsic and a superficial excellence. The latter, no doubt, is appreciated in some measure by all who witness the phenomena attending it; but the former is mystic, subtle, only to be browsed over at one's leisure, and not translatable into written language. Daybreak in such circumstances as I have attempted to describe is to be regarded as a solemn ritual, the uplifting of the veil and the gradual disclosure of animate and inanimate things in endless variety. It gladdens the heart and amuses the understanding, bidding us begin afresh the analysis, comparison, and generalisation of the beautiful and sublime objects with which the woods are crowded. Nature is the admitted standard of perfection, and the pageant with which she inaugurates a September day is one of her triumphs.—Arthur T. Barnard in *Ethics*.

Hafez Hussein Ahmed Munshi [illegible] has been admitted as a Hindustani and Gujarati Translator and Interpreter by the Supreme Court of Natal.

In connection with the recent collision on the Cape Natal Line, it [illegible] the *Natal* [illegible] [illegible] since succumbed to his injuries.

Hindus and Mahomedans

A Sensible Speech

The following, from a speech by Mr. A. Rusool, presiding over a mass meeting of Mahomedans in India recently (which we take from *Mahratta*), will prove of interest to our readers:—

We are assembled here to consider whether or not the time has arrived when the Mahomedan Bengalees should join the Hindu Bengalees regarding not only the burning questions of the day, viz. the Partition of Bengal and the Swadeshi movement, but in respect of all questions which equally affect their interests and the welfare of their mother country.

I do not think in any other country there would have been any necessity for such a meeting for the purpose of discussing the question whether or not one portion of the same people should join the other portion or portions regarding purely political questions in which the people as a whole are interested. Suppose the English Premier were to propose new legislation—say an increase of the income tax. Do you think the English Protestants would hold a meeting to consider whether they should join the English Catholics or Jews for the purpose of opposing or acceding to the wishes of the Government? No. If they meet at all either to support or oppose the Government measure they would do so not as English Protestants or English Catholics or English Jews, but as English people without reference to the different churches to which they may belong.

Our opponents may say it is absurd to compare the Hindus and Mahomedans with the Protestants and Catholics, but if they read the History of England or any other Christian country they will find it is not absurd but full of sense; because every student of history knows what bitter feeling there was between the Catholics and Protestants, even more so than there has been between the Hindus and the Mahomedans. But can any one say the feeling between the Catholics and the Protestants is the same now? No. They have known better. Why cannot we, Hindus and Mahomedans, be united in the same way? I do not deny there are religious questions which affect one section of the same people more than another; but that is because of their religious differences. On purely political questions, however, which affect the whole community, all sections of the same community are at one. There may be different political parties, but they all have the same end in view, though they adopt different means.

But, unfortunately, such a state of things has not existed in this poor country, which the Hindus [illegible] [illegible] themselves as belonging to totally

different nations, and that is the reason why we are here tonight to consider whether or not we Mahomedans should join the Hindus.

I have used the words Mahomedan Bengalee purposely, because I have noticed some Mahomedans of Bengal, who are just as much Bengalees as the Hindus of Bengal, use the term "Bengalee" in reference to the Hindus of Bengal whereas they call themselves Mahomedans. It is no doubt due to ignorance; but how does this ignorance arise? It arises from the facts that the Mahomedans in the past have not looked to the land where they were born and bred but to their religion. They considered that all the Mahomedans of the world formed one nation, no matter what country they were born in or what language they spoke, which to my mind is as absurd as anything can be.

Take, for instance, Persia and Morocco. They are both Mahomedan countries; but surely a Persian cannot call a Moor his countryman. An Englishman in that case might call a Frenchman his countryman because they both profess the Christian religion.

If I were to meet a Bengalee Hindu and a Turk in a foreign country I would embrace the Bengalee Hindu as my countryman and not the Turk whom I may embrace as co-religionist.

We, both Hindus and Mahomedans here, belong to same mother country—Bengal. We are all Bengalees, though our different religions make us Hindus, Mahomedans, Christians.

The mistaken idea about nationality, persisted in by our leaders and encouraged by our rulers, has been responsible for most of our political grievances not having been redressed. Whenever our Hindu countrymen, admittedly more advanced than ourselves, have made representations to the Government for the redress of various grievances which equally affected us all—Hindu, Mahomedans and Christians—the so-called Mahomedan leaders, forgetful of the interests of their co-religionists whom they pretended to represent, but always mindful of their own, have told them that they have nothing in common with the Hindus, and have thus prevented them from joining their Hindu fellow countrymen. (Shame, shame.) Gentlemen, I have not yet been able to discover in which way our interests differ from those of the Hindus. Take, for instance, the resolutions that are proposed year after year by the National Congress. Now if they were all placed on the Statute Book, do you think they would not benefit us as much as our countrymen, whatever their religion may be? Some of my friends do not believe in constitutional agitation, which they think has been a failure. Well, I attribute that failure to the fact that the Mahomedans and Hindus were not united. If we had joined the Hindus many years ago and showed a united front to the Government, it would not have treated our representations with contempt, and would have hesitated before passing some of those repressive measures under which we have all been groaning.

Our Weekly London Letter

(FROM OUR SPECIAL CORRESPONDENT)

London, Oct. 21, 1905.

The Sowing of the Seed

Early this week a very significant message was wired by Reuter to the British press from Bengal; and as it is very likely that the full meaning of the telegram would escape the vast majority of its readers, I would, with your permission, take the liberty of as it were annotating it, and throwing such light on it as I am capable of from my personal knowledge of that part of India. The telegram, among other things, says:

As a protest against the partition of Bengal, which took effect on the 16th inst, the day was spent by the native community in universal fasting and mourning. The bazaars were closed, although it was the first working day after the Pujah holidays. A large number of Hindus purified themselves by bathing in the Ganges, as on occasions of grave calamity. As early as three o'clock in the morning bands of citizens patrolled the streets, and Hindus and Mahomedans exchanged saffron-coloured waistbands as a mark of friendship and unity.

The foundation stone was laid of a Federation Hall of United Bengal, which is to be a symbol of union and a standing protest against the partition. The ceremony was attended by an enormous gathering exceeding 50,000 in number, and containing representatives of the sections of the community and delegates from all parts. Sir Gooroo Dass Bannerjee, ex-Judge of the High Court, asked Mr. A. M. Bose to lay the foundation stone, and a resolution was adopted by the meeting pledging the Bengalis as a people to do all in their power to counteract the "evil effects" of the division of the province, and to maintain the integrity of their race.

The gathering then marched in solemn procession to Sag Bazaar, in the northern part of the town, where it was joined by similar processions from other parts, demonstrators numbering in all some 100,000 persons.

The telegram then goes on giving further particulars of the demonstration. Now, it is a matter of common knowledge that the Hindu, whenever he finds himself even an unwitting witness to some unspeakable pollution, purges himself of the consequent sin by an ablution in the Ganges. In the political world, since the British first came into the country, this is the second instance, the first having occurred more than a century ago. It was when Maharajah Nund Kumar, a Brahman, one occupying as high a position in his own community as in the estimation of the rulers, was legally murdered, having been sentenced to be hanged by Sir Elijah Impey, the then Chief Justice of Bengal, at the bidding of his paymaster Warren Hastings, the first Governor-General of India, that paragon of virtue whose pilloring by Burke will go down as an inestimable treasure to all posterity. On the day of the execution the assembled thousands could hardly believe their ears when they heard that Maharaja Nund Kumar was to be hanged. The whole day they stalked about like ghosts in the streets of Calcutta, lifeless, speechless, and dumbfoundered. When the foul deed was at last done, thousands rushed to the riverside, and filling their pails washed the scaffold, which was for the first time indelibly stained with a Brahman's blood in Arya-Barta, and afterwards plunged themselves in the river for purification. That was the first political outrage which was felt and atoned for by the nation as a great religious wrong, and this is the second instance of it. And what has the intervening century in the meantime done? A century ago the blow had fallen on a bemused and bewildered nation, but to-day they are very much articulate, very much alive: but of that later on.

The next point in this message of Reuter's that strikes most forcibly is the fact that the foundation stone of the Federation Hall has been laid by an Indian before a crowd of 50,000 of his applauding countrymen. By this single act the Bengalis have proved before the world that they are no longer a nation of slaves. On all similar social functions a white skin has hitherto been the *sine qua non* for the purpose of gracing by his presence and sanctifying by his touch all the best enterprise of the Indian put forth by him either in his individual or corporate capacity; but to-day all that is changed. The Bengalis have established their right to the respect of the world by at last respecting themselves. Who ought to be held greater to an Indian than an Indian himself? And of Sir Gooroo Dass Bannerjee and Mr. A. M. Bose I need say nothing more than this that if a plebiscite were taken to-day in Bengal as to who enjoys the greatest confidence, the unalterable regard and the unquestionable love of the nation, the greatest number of votes would be given to these two. The good seed is sown, and in my mind's eye already rises the vision of the goodly tree under whose umbrageous canopy the weary would at length find his long-lost, long-sought rest; and with whose lifegiving fruit the travel-worn wayfarer would quench his thirst and appease his hunger.

Owing to a rather intimate relationship with Bengal I have long been detained with this partition question;

but I shall now detach myself from my subject by first redeeming the pledge I have given a few lines back, and then giving your readers just a little insight into the attitude of the two great parties in this country towards this movement.

I have said above that at the end of a century's sleep, or rather, opiated stupor, the nation has become articulate at last, in evidence whereof let me give your readers the latest news from Bengal received by the last mail. A very large firm of English engineers, of the name of Burn & Co., established in Calcutta for more than half a century, I think, and whose contract works under the Calcutta Municipality or the Bengal Government amounted to ten and twenty lacs of rupees at a time, has been compelled to close its doors. Sometime ago the "bosses," after their wont, insulted some of their Bengali clerks, with the result that the entire staff walked out of the office in a body. Some blacklegs took their places for a day or two, but things were soon made hot for them and they left. And now Othello's occupation's gone, and Burn & Co. is only a name.

The next item is the stopping of the publication of the *Government Gazette* one week lately, when 4000 workmen went out on strike as their demands for easier conditions of work would not be granted by the authorities. The *Calcutta Gazette* comes out on a Wednesday. One Wednesday came and went, and that day the Gazette never came out of the office of the Superintendent of Government Printing.

The Attitude of the British Press towards the Boycott Movement

may be seen from the two following extracts. The *Daily News*, the principal leading Liberal organ, concludes a trenchant article by these significant words:

> The Liberal Party will do well to follow events in India more closely than it has been accustomed to do in the past. It is pretty evident that, as a result of Lord Curzon's contemptuous treatment of Indian sentiment, the question will soon have to be faced of whether India is to be given a double dose of coercion or to be invited *to co-operate with her British rulers in the work of self-government*. And this, we say, is an issue which Liberalism can only ignore at its peril.

The Morning Post, which is the most aristocratic of Tory papers, knocks down at last to the wishes of Bengal and recommends in a two-column article, in its issue of the 13th inst., agreement with the prayer of the Bengalis by appointing a Governor for the whole Province instead of dividing it. Its concluding words are:—

> The newly-created Province of Eastern Bengal will, like all newly-created provinces, require the care of a personal ruler [illegible] of the European [illegible] [illegible] [illegible] after [illegible] will [illegible] population of 54,000,000 and [illegible] capital [illegible] second city of the whole British Empire—desire to be ruled by a Governor in Council effect should be given to their views. The restoration of a Governor in Council to the senior Presidency will lessen a responsibility imposed on the Government of India in regard to Bengal which it has never been able adequately to discharge.

Facts and Comments

[illegible] M. S[illegible] [illegible] letter to the *Times of Natal* we reproduced in this column last week, and [illegible] not [illegible] to the Colony [illegible] [illegible] [illegible] the new Calcutta [illegible] are not [illegible] in the [illegible] [illegible] [illegible] [illegible].

INDIAN BURIALS IN DURBAN.—There were during October 47 Indian interments at the Cemetery, being an increase of 6 as compared with last month. Of these interments 18 were those of children.

SUNDAY TRADING.—In giving judgment, to-day (Nov. 8th), says Reuter, in the Capetown Criminal Court on the case wherein an Indian shopkeeper was charged with Sunday trading, Mr. Becker, the Magistrate, said the practice was becoming much too frequent. He thought if the goods exposed for sale were confiscated, as provided in the Act, it would prove an effectual warning. He would inflict this penalty on the next occasion, if the police would bring up a list of such goods.

TIME FOR EVERYTHING.—However reasonable may be the excuse of those who say they have no time for doing all that they ought to, it is true that all of us could find time to do more than at present engages our energies, if we only had the intention to apply ourselves to the fulfilment of each day's round of duties. Whatever we can do in the present hour, let it be done before the hour flies. Leave it not for to-morrow. We should never crowd to-morrow with the duties which should be done to-day. Most people know of this already, but do not think of it sufficiently.—*Christian Globe.*

CO-OPERATION.—The idea of development of industrial life by organised self-help had never been effectively preached or practised, and when the establishment of creameries and other forms of co-operative effort was suggested, many people seemed to think that such attempts were but cold comfort and a useless waste of time and energy. The belief in the magic of legislation was [illegible], and it was held that the State or some other outside agency [illegible] [illegible] [illegible] [illegible] [illegible] which were believed to be existing among the farming class. Now the [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].—*Cape Times.*

INDIAN MAILS.—The German East Africa Liner, *Sultan*, left Zanzibar on the 13th inst. and is expected here on the 22nd, leaving again for Bombay on the 25th. *S.S. Bundesrath* arrived Bombay on the 13th inst.

The India-African Liner *Jamalpur*, taking passengers, will leave Durban for Calcutta on or about 5th December. Messrs. R. Ebrahim Ismail & Co., Commercial Road, Durban, have the arrangements for Indian passengers.

The Natal Direct Liner *Umsinto* sails for Calcutta and Madras, transferring passengers at Colombo for Bombay, on or about 27th November. Messrs. King & Sons, West Street, Durban, are the Agents.

"INDIA IS IN SOME RESPECTS a hard taskmaster. She takes toll of health, spirits, and endurance. A man's love for the country is apt to be soured by calumny, his passion for work to be checked by obstacles encountered, and his conception of duty chilled by delay. Such have been sometimes my own feelings, but this is only an ephemeral depression. When it comes, cast it off! It is not the real sentiment of the Indian service. We feel we never shall have such a life again, so crowded with opportunity, instinct with duty, and touched with romance. We forget rebuffs and are indifferent to slander and pain. We remember only the noble cause for which we have worked together."—LORD CURZON in a recent speech.

SCIENCE IN ITS GRUESOME ASPECT.—It may be remembered that one of the Nobel prizes was awarded to Dr. Pavloff, the famous Russian vivisector. A translation appears in the *Zoophilist* of a report recently made by Dr. Stadler, of Leipzic, concerning a visit he made to the laboratory of Dr. Pavloff. The "natural gastric juice factory" was what seized upon Dr. Stadler's attention. In this great laboratory are used "large dogs exclusively of from 44 to 66lb. in weight." The "very remarkable scene" in this "factory" is thus described: On a long table stood six large dogs, each with the œsophagus cut through at the neck, and with a fistula leading from the stomach. The dogs ate pieces of meat eagerly from a dish, but the meat, instead of passing into the stomach, dropped through the hole in the œsophagus into the dish again, and then the process began anew. At the same time there streamed from the fistula in the stomach a quantity of very acid gastric juice as clear as water, which amounted, in the course of the morning, to about one quart from each "factory dog." Later, it seems the gastric juice so obtained is passed through a Chamberland filter, and then becomes a commercial product. "The result of [illegible] feeding of meat [illegible] [illegible] a [illegible] psychic gastric juice."

ઇંડિયન ઓપિનિયન.

પુસ્તક ૩. ફીનીક્સ—શનીવાર, તારીખ ૧૮ મી નવેમ્બર, ૧૯૦૫. અંક ૪૬

અઠવાડિક પંચાંગ.

ખ્રીસ્તી—તા૦ ૧૮ મી નવેમ્બરથી તા૦ ૨૪ નવેમ્બર સુધી ઇ૦ સ૦ ૧૯૦૫.

હીંદુ—કારતક વદ ૭ થી. કારતક વદ ૧૨ સુધી, સંવત ૧૯૬૨

મુસલમાની—તા. ૨૦ રમઝાનથી તા. ૨૬ રમઝાન. સુધી ૧૩૨૩ હીજરી.

વાર.	[illegible]	હિંદુ તીથી.	[illegible]	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની...	૧૮	૬	૨૦	૪ ૫૪	૬ ૩૧
રવી...	૧૯	૭	૨૧	૪ ૫૪	૬ ૩૧
સોમ...	૨૦	૮	૨૨	૪ ૫૪	૬ ૩૨
મંગળ.	૨૧	૯	૨૩	૪ ૫૪	૬ ૩૨
બુધ...	૨૨	૧૦	૨૪	૪ ૫૪	૬ ૩૨
ગુરૂ...	૨૩	૧૧	૨૫	૪ ૫૩	૬ ૩૨
શુક્ર...	૨૪	૧૨	૨૬	૪ ૫૩	૬ ૩૩

ઇંડિયન ઓપિનિયન.

શનીવાર તા૦ ૧૮ મી નવેમ્બર, ૧૯૦૫.

શહેનશાહ એડવર્ડ સાતમો.

ઇંગ્લાંડના બાદશાહ અને હિંદુસ્થાનના શહેનશાહ સાતમાં એડવર્ડને ૬૫ મું વરસ નવેમ્બરની ૯ મી તારીખે બેઠું. દુનિયાના દરેક ભાગમાંથી તેને મુબારકબાદીના તારો ગયા હતા. શહેનશાહ એડવર્ડની ઉપર પ્રજાની પુરી પ્રીતિ છે. અને તેને વિષે જે તારો ગયા તે માત્ર નામના નહિં હતા એમ કહી સકાય છે. મરહુમ મહારાણી વિક્ટોરીયા જ્યારે ગત થયાં ત્યારે સૌના મનમાં શંકા હતી કે એડવર્ડ તે તેના પગલા પછવાડે ચાલશે કે નહિં. આ જમાનામાં રાણી વિક્ટોરીયાને તોલે પહોંચી શકે એવી રાણી કે એવો રાજા થએલ નથી. તેની રૈયત ઉપરની રહેમ ઘણી હતી. રૈયતને સુખે સુખ અને રૈયતને દુઃખે દુઃખ માનતી. પોતે એવો મોટો ઓધ્ધો ભોગવતી છતાં અત્યંત શુદ્ધ મનવાળી હતી. તેની નીતિ પણ ઘણી સરસ હતી. તેના ઘણી ગયે સેનો પ્રેમ ભર્યો નિર્મળ અમે નાલ હેવા લાયક હતી. તે રાજ્ય કારભારમાં વચ્ચે નહિં આવતી. અને તેની લાંબી કારકીર્દીમાં પ્રજા સુખી હતી. ૧૮૫૮ નો ઢંઢેરો જે આપણને મળ્યો છે તેનું કારણ પણ તે ભલી રાણી હતી. આવી રાણીની ગાદિએ બેસવું ને જેવું તેવું કામ નહતું. મહારાજા એડવર્ડે તે ગાદીને દિપાવી છે. એટલુંજ નહિં પણ કેટલેક દરજ્જે જે કામ વિક્ટોરીયાથી ન બનતું તે એડવર્ડ સારી રીતે બજાવી શકે છે. એડવર્ડની ચતુરાઇથી ફ્રેંચ અને ઇંગ્લાંડ વચ્ચે હાલ બનત થઇ છે. બોઅર લડાઇ બંધ કરવામાં તેનો હાથ બહુ હતો એમ કહેવાય છે. તેણે ખાસ લોર્ડ કીચનરને લખ્યું તેથીજ તે લડાઇ બંધ થઇ. રૈયતના સુખને સારું તે હમેશા કાળજી રાખે છે. અને ઘણી સાદાઇથી પોતે રહે છે. ઇંગ્લાંડને આવો રાજકર્તા મળે છે એ તેની પ્રજાના પુન્યની નિશાની છે એ મહારાજા એડવર્ડ ઘણા વર્ષ જીવો એવી અમારી સ્તુતિ છે.

જોહાનેસબરગમાં લોકેશન.

જોહાનેસબર્ગની ટાઉન કાઉન્સીલે ઠરાવ કર્યો છે કે આવતા વર્ષના એપ્રીલ માસની પહેલી તારીખે કાફરોને મલાઇ લોકેશન નજદીક રહે છે ત્યાંથી કલીપસ્પ્રુટ મોકલવામાં આવશે. કલીપસ્પ્રુટ જોહાનેસબર્ગથી ૧૩ માઇલ દુર છે. તેટલે દુર કાફરો કેમ રહી શકશે તે શંકા ભરેલું છે. કલીપસ્પ્રુટમાંજ કાફર લોકેશનની નજદીક હિંદી બજાર કાઢવાનો વિચાર પણ કાઉનસીલ માંગે છે અને ધારે છે કે જ્યારે કાઉનસીલને તે બાબત સત્તા મળશે ત્યારે ત્યાં બજાર કાઢશે.

મલાઇ લોકેશનને લઇ લેવાનો હિલચાલ ચાલી રહી છે એટલે હિંદીઓએ આજથી ચેતવાનું છે. સારામાં સારો રસ્તો એ છે કે જોહાનેસબર્ગ ગામમાંજ સૌ હિંદીએ પોતાનો સગવડ થાય એવી સગવડ કરી લેવી. જો કે અમે માનીએ છીએ કે મલાઇ લોકેશન લઇ લેતાં હજુ કેટલોક વખત વીતિ જશે. અને આવતા જુન માસ પહેલાં હિંદી વિષે નવા કાયદા થવાનો સંભવ નથી.

કેટલાક ગોરાઓ ધાટ્ટુની વીંટી ૧૮ કેરેટ સોનાની છે એમ જણાવી વેચતા જણાયા છે. આવા લોકોથી ચેતતા રહેવાનું છે.

નાતાલના ઇમીગ્રેશન કાયદાથી થતી હાડમારી.

ગયે અઠવાડીએ અમે સોમાલીના ઉતારુઓને પડેલી તકલીફ વિષે એક કાગળ છાપી ગયા છે. બીજો અમારો ખબર પત્રી જે તે સ્ટીમરમાં ઉતારુ હતા તે નીચે પ્રમાણે લખી જણાવે છે કે સ્ટીમર સોમાલીના પેસેન્જરોને ડરબનના બંદર ઉપર ઘણીજ તકલીફ પડી હતી. મારી પાસે ડરબનનો પાસ હોવાથી મને તથા મારા છોકરાઓને તકલીફ પડી નહોતી. પણ જે લોકો પાસે ટ્રાંસવાલની પરમીટો હતી અને ટ્રાંસવાલના રેફ્યુજી હતા તેઓને તથા બીજા લોકો જેની પાસે નાતાલના પાસ નહતા તેમને બહુજ તકલીફ પડી હતી. તે લોકોને સ્ટીમરની કોટડીમાં ત્રણ દિવસ સુધી પુરી રાખવામાં આવ્યા હતા ખાવાનું પણ તેમને કાંઇ બની શકતું નહતું ત્રીજે દિવસે ડરબનના વેપારી શેઠ દાઉદ જુમાએ વગર મંજુરી તજવીજ કરી પાંચ સાત જણાને ઉતરાવ્યા હતા. હાજી જુમા પોતે તેના સગાઓને માટે બેલ મુકવા આવેલ પણ તે રાખ્યા નહિં. વકીલ આવવાથી પણ ઘણી મુશ્કેલીથી ઉતાર્યા હતા. ડેલા ગોઆના પેસેન્જરો જેને ટેલાગોવાળે ઉતરવા દીધા ન હતા તેમને પણ કેદ રાખ્યા હતા, ને ખાવાનું રાંધવાની પણ છુટ ન હતી.

ટ્રાંસવાલના હિંદીઓને પરમીટ બાબત સુચના.

અમારી જાણમાં આવ્યું છે કે ગોરાઓના નામ પરમીટની અરજીઓ પાસેથી માગવામાં આવતાં હતા ને હવે બંધ થયું છે અને અગાઉ માફક માત્ર હિંદીની સાક્ષિ આપી હશે તો ચાલશે. આ ૮ દિવસ સુધી હિંદી સાક્ષિઓને બોલાવીને પુછતા નહિં પણ હવે પછી હિંદી સાક્ષિઓની જુબાની મુબારક લેશે. એટલે બહુ સંભાળથી સાક્ષીઓ રજુ કરવા આપ ભલામણ કરિએ છીએ.

છોકરાઓની પરમીટ બાબત પણ ખુલાસો થયો જણાય છે કે જેઓના માબાપ ટ્રાંસવાલમાં હોય ને જેઓ ૧૬ વરસની અંદરના હોય તેને પરમીટ મળી શકશે. તે બાબત છાપેલા ફારમ છે તે વાલીએ અરજી સાથે ભરવા પડશે.

જાપાન અને ઈંગ્રેજી કોલોની.

ઈંગ્રેજ સરકારની સ્થિતિ જાપાનની સાથે કફોડી થવા લાગી છે. ઈંગ્રેજ સરકારે જાપાનની સાથે કોલકરાર કર્યા છે. જાપાન એ મોટું રાજ્ય છે એમ કબુલ કરયું છે. ઇંગ્લાંડની બરોબર જાપાન છે એ કરારનામું બતાવે છે. એડમીરલ ટોગોને ઈંગ્રેજોએ નેલસનની બરોબર ગણ્યો છે. અને ઇંગ્લાંડમાં જે જાપાની રૈયત જાય તેને માનની સાથે તેઓ વધાવી લીએ છે.

આવી હકીકત ઇંગ્લાંડમાં છે ત્યારે ન્યુઝીલાંડ કોલોનીનો પ્રીમીયર મી. સેડન કહે છે કે ઇંગ્લાંડ જાપાન વચ્ચે કરારનામું થયું છે તેની સાથે તેને કંઇ સબંધ નથી. તે ન્યુઝીલાંડમાં એક પણ જાપાની માણસને નહિ ભરવા દીએ.

પશ્ચિમ આસ્ટ્રેલીયામાં જેમ એશીઆના માણસોની સામે સખત કાયદા છે તેમજ જાપાનના રૈયત સામે છે. આથી કરીને જાપાનનું મન દુઃખાયું છે. જાપાનના એલચીએ તે બાબત લખાણ કરયુ છે કે એવા કાયદા રદ થવા જોઇએ. તે ઉપરથી કોલોનીના સેક્રેટરી મી. લીટલટનને લખાણ કરયું છે કે આસ્ટ્રેલીયાના તે કાયદામાં ફેરફાર થવો જોઇએ. પશ્ચિમ આસ્ટ્રેલીયાના પ્રધાને જવાબ આપ્યો છે કે તે કાયદામાં ફેરફાર એવો થશે કે જેથી જાપાનનું અપમાન ન થાય પણ તે કાયદાની અસરતો જેવી છે તેવીજ રહેશે. એટલે કે હવે જાપાનને કડાકે ગોળી રૂપેરી ગલેફ ચડાવીને આપવામાં આવશે.

આવી હાલતમાં ઇંગ્લાંડ શું કરશે? કોલોનીની પ્રજા આમ ઇંગ્લાંડની રાજ્ય નીતિની વિરૂદ્ધ વર્તણુંક ચલાવ્યા કરશે તો કોલોનીને ઇંગ્લાંડે તજી દેવા પડશે અથવા તો કોલોનીની સાથે ઘસડાઇ ઇંગ્લાંડે પોતાની રાજ્યનીતિમાં ફેરફાર કરવો પડશે.

જે હકીકત જાપાનને લાગુ પડે છે તેજ હકીકત હિંદુસ્થાનને લાગુ પડે છે. વળી હિંદુસ્થાનનો દાવો વધારે મજબુત ગણાય કેમકે હિંદુસ્થાન તો ઈંગ્રેજી રાજ્યનો એક ભાગ છે.

રૂશીયાની પ્રજાના મન ઉંચક થઇ રહ્યા છે. મોસકો બળવા અને ખુનરેજી ચાલી રહી છે. હજારો માણસની કેદ કતલ ચાલે છે. વ્લાડીવોસ્ટોકમાં બળવું ફાટી નીકળ્યું છે. સીપાઈઓએ બળવો કર્યો છે. તેના મોટા ભાગને બાળી મુકેલ છે. સેંટપીટર્સબર્ગમાં મોટો હડતાલ ઉપર હડતાલ પાડી રહ્યા છે.

કેપનો ઇમીગ્રેશન કાયદો.

કેપમાં ઇમીગ્રેશન કાયદાની સખતાઇ વધતી ચાલી છે. આટલા દહાડા માત્ર દરિયા વાટે જે માણસ આવે તેની ઉપર સખતાઇ હતી. હવે ટ્રાંસવાલ વાટે જે કોઇ માણસ જાય તેની ઉપર પણ સખતાઇ થવાની છે. કેપ ગેઝેટમાં ધારા બહાર પડ્યા છે કે જે માણસ ટ્રાંસવાલ રસ્તે કેપ જશે તેની પાસે પુરાવો કે તે કેપનો માણસ છે તેવો હોવો જોઇશે. જો તે માણસ કેપમાં દાખલ થવાનો હક સાબીત નહિ કરે તો તેથી તેને પાછો મોકલવા વિગેરેનું જે કંઇ ખરચ લાગે તે તેણે કેપ સરકારને ભરી આપવું પડશે. એવા કેપના સત્તાધિકારી એમ સુચવે છે કે જેઓ કેપમાં જવા માંગતા હોય તેણે પહેલા કેપના પાસ લઇ લેવા. કેપમાં પાસ મળતાં ઘણી મુશ્કેલીઓ પડે છે. જે માણસની પાસે જમીન ન હોય તો તેના મકાનો કેપમાં ન હોય તેને કેપનો તે માણસ રહેવાસી છે એમ સાબીત કરતાં ઘણી અડચણ પડે છે. બલકે તેવા માણસોને પાસ મળતાંજ નથી.

આ બાબતમાં બ્રીટીશ ઇન્ડીયન લીગે પગલાં ભરવાની પુરતી જરૂર છે. નહિતો કેપની સખતાઇ દહાડે દહાડે વધારે થતી જશે. કેપમાં સકળ સેવાની કેટલીક સમજ છે તેવા બીજી જગ્યાએ નથી. અને તે સમજનો લાભ બ્રીટીશ ઇન્ડીયન લીગ લેશે એવી આશા છે.

સેલબોરન સાહેબ અને 'કુલી.'

નામદાર સેલબોરન સાહેબે પોતાની ટ્રાંસવાલની મુસાફરી દરમ્યાન જે ભાષણો કર્યા છે તેમાં કેટલીક જગ્યાએ 'કુલી' શબ્દનો ઉપયોગ હિંદીઓના સંબંધમાં કર્યો છે. આ દિલગીર થવા જેવું જણાય છે. અમે એમ માનીએ છીએ કે એ શબ્દનો ઉપયોગ તે નામદારે નથી કર્યો પણ છાપાવાળાઓએ એ એમ વાપરેલો છે. અમારી જાણમાં છે કે તે બાબત પર ચર્ચા જ્યારે હિંદી ડેલીગેશન લોર્ડ સેલબોરનને મળશે ત્યારે કરશે.

પોર્ટલુઇસમાં મહમદ સુલા નામના એક હિંદીના ઉપર ખુન કરવાના કામને માટે તેને પકડવામાં આવ્યો છે.

ઓ ફ્રીનની બંદરમાં ત્રણ ધરતીકંપ થયા પાતી આ ભાગ ટેકરા પડશે. પચાસથી ૬૯ માણસો અને એક મોટો દાવ થયા છે.

પ્રોફેસર પ્રમાણંદ.

[અમારા ખબર પત્રી તરફથી.]

પ્રોફેસર પરમાણંદે છેલ્લું ભાષણ જોહાનીસબર્ગમાં આપ્યું તે વખતે પ્રમુખે મીટીંગને ખબર આપી કે લગભગ પા ૧૦૦ થી ઉપરાંત ઉઘરાણું થઇ ચુક્યું છે. અને બીજુ થવાના સંભવ છે. હજુ સુધી ઉઘરાણું ચાલે છે.

પ્રોફેસર પ્રીટોરીઆ ગયા ત્યારે તેમને ખુબ માન મળ્યું. ત્યાંની કમીટીના મી. તાઝ ગંગારામ સેક્રેટરી છે. પ્રોફેસર સાહેબને માનપત્ર આપવામાં આવ્યું હતું. તેમને સારું મસુસ હોલ ભાડે લેવામાં આવ્યો છે. ને ત્યાં તેઓ સાહેબે ભાષણો આપ્યા છે. મી. બારમેન વિગેરે ઘણાં યુરોપીઅન ગ્રહસ્થો હાજર હતા. પ્રોફેસર પરમાણંદ રવિવારે બોક્સબર્ગ જનાર છે.

કેપમાં નવા ધારા.

અમે કેપના ઇમીગ્રેશન કાયદા ઉપર ટીકા કરી ગયા છીએ. તે વિષેના ધારાના તરજુમો નીચે પ્રમાણે છે.

૧૯૦૫ ના નવેંબરની પહેલી તારીખથી આ કોલોનીની જમીનની સરહદ ઉપર ઇમીગ્રેશન કાયદો અમલમાં મુકવામાં આવશે. અને હિંદીઓ તથા બીજા જેઓ એ કાયદાના ધારા પ્રમાણે કોલોનીમાં દાખલ નહિ થઇ શકે એવા હોય તેઓએ ઇમીગ્રેશનના અમલદારની પાસેથી સરટીફીકેટ મેળવવું પડશે.

નીચે પ્રમાણેની હકિકત મોકલવી અને જ્યારે અરજી મંજુર થાય ત્યારે પાંચ શિલીંગની ફી મોકલવી. જે માણસ યુરોપની કંઇ પણ ભાષા જાણતો હશે અને જેની પાસે ૨૦ પાઉંડ હશે તે માણસને સરટીફીકેટની જરૂર નથી. જો કોઇ માણસની પાસે સરટીફીકેટ નહિ હોય અથવા તો તે માણસ પાસે ઉપર પ્રમાણેની મિલકત તથા જ્ઞાન નહિ હોય તો તે માણસને હદ બહાર જવું જોઇશે. અથવા તેની તપાસને ખાતર તેને રોકાવું પડશે ને આ વખતમાં જે કંઇ ખરચ થશે તે માણસને માથે પડશે. હકીકત મોકલવાની છે તે નીચે પ્રમાણે

(૧) અરજદાર દક્ષિણ આફ્રિકામાં કેટલી મુદત રહેલ છે તે દરમ્યાન પોતાને દેશ ગએલ છે કે નહિં અને જો ગએલ હોય તો ક્યારે અને કેટલી મુદત સુધી.

(૨) તેની પાસે કંઇ સ્થાવર મિલકત દક્ષિણ આફ્રિકામાં છે કે નહિ અને હોય તો ક્યાં. તેની કેટલી કિંમત છે?

(૩) દક્ષિણ આફ્રિકામાં તેને શો ધંધો

છે અને ક્યાં ?

(૪) કોઇ બીજા માણસનો તે મિલકત તથા ધંધામાં ભાગ છે કે નહિં ?

(૫) ઓરત અને કુટુંબ ક્યાં છે અને જો દક્ષિણ આફ્રિકામાં હોય તો તેઓ સાથે આવનાર છે કે કેમ ?

(૬) અરજદારનો વિચાર પોતાને દેશ પાછા જવાનો છે કે નહિં અને જો નહિં હોય તો તેના વિચાર આખો વખત દક્ષિણ આફ્રિકામાંજ ગાળવાનો છે ?

નાતાલમાં ચાહનો ઉદ્યોગ.

નાતાલના પ્રખ્યાત ચાહના વેપારી મી. હાઇન્ડસન જણાવે છે કે નાતાલમાં હાલ ૨૫ વર્ષથી ચાહ વાવવામાં આવે છે. પ્રથમ માત્ર ચાર જગ્યાએ ચાહ વાવવાનું શરૂ થયું. પહેલાં પાંચ વર્ષ તો માત્ર ૩૦ થી ૪૦ એકર સુધીમાં વાવેતર થએલું. આજ નાતાલમાં લગભગ ૩૦૦૦ એકર જમીનમાં ચાહનું વાવેતર થાય છે અને તેમાંથી દર વર્ષે ૨૫ લાખ રતલ ચાહ પેદા થાય છે. સોનાની ખાણમાંથી જલદી કમાણી કરવાનો લોભ લોકોને નહત તો હજુ વધારે ચાહ નાતાલમાં પેદા થાત. પાંચ વરસ સુધી ચાહના વાવેતરમાંથી ખરૂં વળતર નથી મળતું તેથી દક્ષિણ આફ્રિકાના લોકોને તે બહુ ફાવતું નથી. તેઓ ઉતાવળે પૈસા કમાવાનો લોભ રાખે છે. ૨૫ વરસની દરમીઆન દક્ષિણ આફ્રિકામાં લોકો એક રતલને બદલે માથા દીઠ ૫॥ રતલ પીતા થયા છે, આ ગણત્રિમાં કાળા ગોરા સહુ આવી જાય છે. કેપ કોલોનીમા એમ જોવામાં આવે છે કે દારૂને બદલે કાફરાઓ ચાહ પીવાની આદત પાડે છે. મી. હાઇન્ડસન વળી માને છે કે હિંદુસ્થાન તથા સીલોનની ચાહના કરતાં નાતાલની ચાહ વધારે સારી છે કેમકે તેમાં ટેનીક એસીડ દશ ટકા ઓછું છે અને ચાહમાં અવગુણ કરનારી વસ્તુ ટેનીક એસીડ છે. અને 'થીન' કે જે વસ્તુ ચાહમાં ગુણકારક છે તે નાતાલની ચાહમાં વધારે છે. ચીનાઓ નાતાલની ચાહ જોહાને·બર્ગમાં વધારે વાપરે છે. વળી નાતાલની ચાહ બીજી ચાહ કરતાં બમણી સોંઘી છે. ૨૩ વરસ પહેલાં નાતાલની એક રતલ ચાહની કિમત ૧૨.૬ હતી. ૭૫ વરસ પહેલાં વિલાયતમાં ચાહની કિમત રતલ દીઠ ત્રણથી પાંચ શીલીંગ હતી, હાલ ત્યાં સારી ચાહની એક રતલની સાડી સાત પેની બેસે છે. મી હાઇન્ડસન એમ પણ માને છે કે જો નાતાલનાં વધારે મેન્યુરો મળે તો ચાહ બહુ વધારે પેદા થઇ શકે.

પ્રીટોરીયા.

[એક ખબર પત્રી તરફથી.]

તા. ૧૩-૧૧-૦૫.

આગ—ગઈ રાતના એટલે તા. ૧૨ મી નવેમ્બર ૧૯૦૫ રોજે રાતના ત્રણ વાગ્યાના સુમારે એક ઝેરી આગે પોતાનો દેખાવ શેઠ હાજી હબીબની દુકાન કલકત્તા હાઉસમાં દીધો હતો આ આગ ઘણીજ જોર થઇ હતી તેથી બે કલાકમાં આખી દુકાન આગને વશ થઇ હતી પણ બંબાવાળાઓ આવી પહોંચ્યા હતા તેથી આગને વધારે વધવા દીધી નહી એટલે તે દુકાન સીવાય બીજી જગ્યો સલામત રહેવા પામી હતી.

ચોરી—તા. ૧૨ મીના દીવસે અહીંઆના જાણીતા વેપારી મી ઈસા હાસમની દુકાનમાં કોઇ હરામખોરે તાળું તોડી દુકાનમાં આવી થોડી ઘણી રકમની ચોરી કરી હતી તેજુરી ખુલ્લી હતી તેથી વધારે નુકશાન થયું નહતું.

ઇસ્ટ કોસ્ટપર હિંદીઓ.

[એક ખબરપત્રી તરફથી.]

દક્ષિણ આફ્રિકાના ઇસ્ટ કોસ્ટના લગભગ બધાં બંદરોપર હિંદીઓ વસેલા છે. તેઓ પોતાના મહેનતુ તથા નરમ સ્વભાવથી નેટીવોનો સ્નેહ મેળવી યોગ્ય આજીવકા મેળવે છે. આ સ્થળોમાં ગોરાઓની વસ્તી નહિં હોવાથી તેઓ અપમાન, તિરસ્કાર તથા દ્વેષથી બચેલા છે. હવા પાણી ખરાબ હોવાથી હિંદીઓ બહુ થોડા પ્રમાણમાં વસેલા માલુમ પડે છે. પશ્ચિમ પ્રદેશના વૈભવે તેઓનામાં પ્રવેશ કર્યો નથી. સાદાઇમાં રહી તેઓ પોતાનો કાળ નિર્ગમન કરે છે. જો કે કેટલેક સ્થળે સાદાઇ અતિશય થવાથી તેનું રૂપ બદલાઈ જઇ ખામી બતાવે છે. મોટામાં મોટી ખામી તો એ છે કે તેઓ પોતાનાજ દેશની તથા પરદેશ જઇ વસેલા પોતાના સ્વદેશીઓની સ્થિતિથી તદન બીનવાકેફગાર લાગે છે. આ ખામી નાની સુની ગણી શકાય નહિં. આ જમાનાની બીજી પ્રજાઓ સાથે સરખાવતાં હિંદુસ્થાનની પ્રજા આ બાબતમાં ઘણી પછાત છે, સ્વદેશની તથા સ્વદેશીઓની સ્થિતિથી અજાણ્યા રહે તે તેઓની ઉન્નતિમાં ભાગ લઇ શકે નહિં, તથા તેઓના સુખ દુઃખમાં લાગણી દરસાવી શકે નહિં. બીજી પ્રજાઓના વર્તમાનપરથી આપણે જાણી શકીએ છીએ કે તેઓ પોતાના દેશની સ્થિતિ જાણવાને બહુ ઉત્સુક હોય છે, અને તેટલેથીજ નહિં અટકતાં તેના ઉન્નતિ ક્રમમાં ગજા પ્રમાણે સદા યથાયુત થઇ ભાગ લીધા વિના રહેતી નથી. તેઓ વર્તમાનપત્રોનો શોખ ધરાવે છે તે નવી નવી ખબરોજ વાંચવા ખાતર નહિ પણ જેના ઉદય સાથે પોતાનું સંપૂર્ણ હિત સમાયલું છે એવા દેશના વિગતવાર હેવાલ જાણવા ખાતરજ. વળી વર્તમાનપત્રો પણ કમાણી મેળવવા ખાતરજ નહિં પણ પોતાના દેશી ભાઇઓની નજર આગળ સ્વદેશની વિપત્તિઓ જાહેર કરી તેમાંથી તરવાના ઉપાયો બતાવવા ખાતર મહેનત લઈ રહ્યા છે. એક તરફ હિંદુસ્થાન જ્યારે અવનતીના ચિન્હો બતાવી રહ્યું છે ત્યારે સામાન્ય પ્રજા બંને તરફ નજર કરતાં હજી ઘણા વખતની વાર હોય એવું જણાય છે. હિંદુસ્થાન આજે નવી ઉછરતી પ્રજા તરફ આશાની નજરે જોઈ રહ્યું છે, અને પરિણામે દેશ વિદેશ વસતા હિંદીઓ કેળવણી માટે પ્રયાસ કરી રહ્યા છે. ઈનહમબેન.

મરકી સંબંધી જાણવા લાયક હકીકત.

(ગયા અંક ૪૪ થી ચાલુ)

અરદાસ—મરકીથી સપડાએલ દરદીની અરદાસ સંબંધી વિવેચન કરતાં તેના બે ભાગ પાડી શકાય એકતો દરદને અટકાવવા બાબત અને બીજો ભાગ દરદીની સારવારનો એટલે કે દરદ લાગુ પડયા પહેલાનો અને તે લાગુ પડયા પછી દરદીના કેવી બરદાસ કરવી તે બાબત અહિં ચોકસ નથી કહી શકાતું કારણ કે તે દરદની જાત અને દરદીની સ્થિતિ ઉપર વધારે આધાર રાખે છે. તેથી દરદ ફેલાય નહિં તે માટે અગમ ચેતીના શા ઉપાયો લેવા તે સંબંધી અહિં બે બોલ કહેવામાં આવશે.

સહુ કોઇ જાણે છે કે આ દરદની શરૂઆત ઉંદરોથી થાય છે તો દરેક શહેરીની એ ફરજ છે કે ઉંદરો જ્યાં મરતાં જણાય અને આ દરદની શંકા આવે કે તરતજ તેણે સત્તાવાળાઓને પુરા ખબર આપવા. આમ કરવાથી મરકીના શરૂઆત થતી હશે તો તરતજ તેને દાબી દેવાના ઉપાયો લઇ શકશે અને તેમાં ફતેહમંદી મળશે પરતું જો સત્તાવાળાઓને તરતજ ખબર નહિં આપવામાં આવે તો દરદ એ તરફ જલદી ફેલાઈ જશે અને પછી તે દાબી દેવાના ઉપાયો કામે લાગી નહિં શકે.

દરદ અટકાવવાનો બીજો ઉપાય એ છે કે જેવું મરકીનું દરદ ક્યાંય કોઇને માલુમ પડે કે તરતજ દરદીને ઇસ્પીતાલ અથવા આવા બનાવો માટે ખાસ ઉભી કરવામાં આવેલી જગ્યા એ લઇ જવો. આથી દરદી તેના સગા મીત્રો અને આખા શહેરને મોટો ફાયદો થશે. આપણામાં જ્યારે કોઇ દરદી થઈ આવે ત્યારે તેની પાસે રહી સેવા ચાકરી કરવાનો ચાલ છે અને તેને ઇસ્પીતાલ અથવા બીજે કોઇ ઠેકાણે (જેમકે મરકીને ગાટ અલગ બતા

માં ઉભા કરેલા ઝુંપડા (વિગેરે) લઇ જવું એ લાગણીથી વિરૂધ્ધ છે છતાં તે લાગણીને દરદીના પોતાના અને શહેરમાં વસતા બીજા મનુષ્યોના ભલાને ખાતર તે લાગણીને બાજુએ રાખી તેને ઉપર જણાવેલ સ્થળોમાં લઇ જવો જોઇએ. દરદીને ઝેરી હવાથી અળગો કરવાથી સારૂ થઇ જવાનો સંભવ છે અને ઝેરી હવા વધારે ઝેરી થતી અટકશે. સારી ઇસ્પીતાલમાં જવાથી દરદીને ઉમદા ડાકટરી સલાહ યોગ્ય ખોરાક અને પુરી માવજત મળશે. આ ઉપરાંત જે ઘરમાં મરકીના કેસની શરૂઆત થઇ હોય અથવા કેસ બન્યો હોય તે ઘર બીજા માણસોએ છોડી જવું એ ડાપણ ભરેલું છે અને તે જગ્યાને જંતુ નાશક પદાર્થોથી બરાબર સાફ કર્યા વિના ત્યાં પાછું રહેવા આવવું નહિં.

આ ઉપરાંત મરકીના વખતમાં નીચેના અગમ ચેતી ઉપાયો ધ્યાનમાં રાખવાની જરૂર છે. જેવાં કે શરિર અને કપડા ઘણાં સ્વચ્છ રાખવા. મરકીના જંતુઓ ઘણે ભાગે શરીરમાં કોઇ જગ્યાએ ઘા લાગ્યો હોય તે જગ્યાઓથી દાખલ થાય છે માટે તેવા ભાગને બરાબર ઢાંકી રાખવો. રહેવાની જગ્યા ઘણીજ સાફ રાખી તેને વખતો વખત ધોવાવવી નાની જગ્યામાં ઝાઝા માણસોએ રહેવું નહિં. ઘરમાં જમીન ઉપર જાજમ, ગાલીચા વિગેરે પાથરી નહિં રાખવા. ઘરમાં અજવાળુ પુરતા આવે તેવી સગવડ રાખવી નહાવાની કોટડી, જાજરૂ, મોરી વિગેરે ભાગો ઘણી સંભાળ રાખી હરવખત સ્વચ્છ કરવા. ઘરની આસપાસ કચરો એકઠો નહિં થવા દેવો. સુવાના ઓરડામાં ખોરાક અથવા વધારે પડતો ફરનીચર નહિં રાખવા. આ સાવચેતી રાખવાથી મરકીના દરદનો થોડો ભય રહેશે.

મી. બર્નાર્ડ ગેથોયલે નાતાલ મરક્યુરીમાં ગીરમીટમાં આવેલા હિંદીઓની હાલત ઉપર સખત ટીકા કરનારો કાગળ લખ્યો છે તે જણાવે છે કે જે હિંદીઓ ગીરમીટમાં આવેલ છે તેના હિતને માટે જે ઓફીસ ખોલવામાં આવી છે તે માત્ર નામનીજ છે. હિંદી ગીરમીટીયાના રીત રીવાજ અને તેના ખવાસો જાણનાર અમલદાર અને પક્ષને લાભ કરનાર નીવડી શકે તેવો અમલદાર હિંદી સરકારની મારફત નીમવાની જરૂર છે અને તેમ થશે તો નાતાલના ખેડુતોને [illegible] ગીરમીટ આવનારને પણ કાંઇક રાહત મળશે.

મોનસ્ટુઅર્ટ એલફીનસ્ટન.

એલફીનસ્ટનનું કુટુંબ સ્કોટલંડમાં પ્રખ્યાત છે. ૧૮ મી સદીની આખરીમાં એ કુટુંબનું નામ ધરાવનારો મોનસ્ટુઅર્ટ એલફીનસ્ટન ૧૬ વરસની નાની ઉમરે ઇસ્ટ ઇંડિઆ કંપનીની નોકરીમાં રાઇટર તરીકે ઉતર્યો. હિંદુસ્થાનમાં વખતો વખત ખળભળાટ ચાલ્યાજ કરે છે તેજ પ્રમાણે તે વખતની સાલમાં બન્યું. અયોધ્યાનો પદભ્રષ્ટ નવાબ વઝીર અલી બનારસમાં નજર કેદ હતો. તેણે બનારસના રેસીડેન્ટની જગા ઉપર હલ્લો કર્યો. બનારસના અંગ્રેજી જજને બીજી મદદ આવી પહોંચી ત્યાં સુધી ભાલાથી બચાવ કર્યો. એલફીનસ્ટન આ વેળા ત્યાં હતો. પણ બહાદુરીથી તેણે પોતાનો બચાવ કર્યો. ૧૮ ની સાલમાં પુના તરફ હંગામ થઇ રહેતું હતું. એલફીનસ્ટનને ત્યાં નોકરી મળી. આ દરમ્યાન તેણે ભાષા જ્ઞાન સારૂં મેળવ્યું હતું. અને લડાઇમાં પણ શુર બતાવી જનરલ વેલેસલીને ખુશ કર્યો હતો. ત્યાર બાદ તેને નાગપુરના રેસીડંટની જગ્યા મળી. અહિં તેણે પોતાનું જ્ઞાન વધાર્યું એલફીનસ્ટનને ૧૮૦૮ ની સાલમાં કાબુલના અમીર પાસે મોકલવામાં આવ્યો હતો, તે વખતથીજ અમીરની ખુશામત બીકમાને બીકમાં ચાલતી આવી છે. ત્યાં કાબુલ વાટે હિંદુસ્થાનની ઉપર ચઢાઇ થશે એ ભુત ત્યારથી ભરાઇ રહેલું છે. અને આ હવાઈ ધાસ્તીમાંથી બચવાને અંગ્રેજ સરકારે પાણીની માફક પૈસો વાપર્યો છે. એજ હેતુથી એલફીનસ્ટનને અમીરની સાથે કરારનામું કરવા મોકલવામાં આવ્યો હતો પણ એલફીનસ્ટનને ખાલી હાથે પાછા આવવું પડયું. એલફીનસ્ટનની જગ્યાએ બીજો કોઇ માણસ હત તો તે વગર સોંપેલું કામ કરવામાં હાથ ઘાલત નહિં અને તેમાં તેનો કઇ દોષ પણ નહિં ગણાત. ઘણું કરીને પોતાના પગારની ઉપર નજર રાખ્યા વિના શોખને ખાતર માણસ જે કામ કરે છે તે માત્ર પગારદારી કામ કરતા વધારે સરસ હોય છે. આવી સ્થિતિ એલફીનસ્ટનની હતી. કાબુલના અમીરને મહાત કરવાની સત્તા તેનામાં નહતી તેથી શું? અફઘાનીસ્તાનમાં પોતાનો વખત બીજી રીતે ગાળવાનું સાધન તેની પાસે હતું. તેણે ત્યાંના લોકો બાબત અને ત્યાંની જમા બાબત પુરતું જ્ઞાન મેળવ્યું. અને આ જ્ઞાનનો તેણે અંગ્રેજી પ્રજાને લાભ આપ્યો. જો કે એલફીનસ્ટન અફઘાનીસ્તાનથી નિષ્ફળ થઇ પાછા પડયા છતાં તેની આબરૂમાં તો વધારોજ થયો. ૧૮૧૧ ની સાલમાં તેને પુનાના રેસીડંટની જગા મળી. આ વેળા પીંઢારા લોકો ગરીબ માણસોને બહુ પજવતાં. સિંધીયા હોલકર વિગેરે અંગ્રેજ ઉપર ચઢાઇ કરવા આતુર થઇ ગયાં હતાં. પુનાનો પેશવા [illegible] અંગ્રેજના તાબેના [illegible] બહુ નબળો હતો. તેનો કારભારી ત્ર્યંબકજી બહુ ખટપટી હતો ગંગાધરશાસ્ત્રીનું ખુન કરવાથી તેને પેશવાની મરજી ન હતી છતાં કેદ કરવામાં આવ્યો હતો ત્યાંથી તે છટક્યો અને હાથ નહોતો આવતો. એલફીનસ્ટનની જાણમાં આવ્યું કે પેશવા પોતે અંગ્રેજી રાજ્ય સામે ખટપટ કરતો હતો. એલફીનસ્ટનની પાસે બચાવના સાધન બહુ થોડા હતા છતાં તે નીડર રહ્યો અને કે તમામ વાત તેના જાણવામાં આવતી હતી તોપણ પોતે એવી હોંશીયારીથી રહ્યો કે કોઇ તેની તૈયારીઓ કળી શકતું નહતું. છેવટે પેશવા ખુલી રીતે સામે થયો. પેશવાઈ લશ્કર અંગ્રેજી છાવણી ઉપર ધસી આવ્યું અને એલફીનસ્ટને એ લશ્કરને પોતાના થોડા સરખા માણસોની મદદ વડે નસાડી મુક્યું. દરમ્યાન જનરલ સ્મીથ એલફીનસ્ટનની મદદે આવ્યો બાજીરાવ પેશવાની તદન હાર થઇ અને પુના અંગ્રેજ સરકારે લઇ લીધું. બાજીરાવને પેનશન આપ્યું. એલફીનસ્ટનની આ વખતની તેની બહાદુરી વિષે પ્રખ્યાત કેનીંગ કહી ગયો છે કે "એલફીનસ્ટન દીવાની અમલદાર છે આપણા દીવાની અમલદારોની પાસે આપણે લડાઈની બહાદુરીની આશા રાખતા નથી. આપણા લડવૈયાઓ તાણે છે આવા લડવૈયામાં એલફીનસ્ટન ટોળી નાખે એવો લડવૈયો છે એમ તેણે પેશવાની સાથેની લડાઈમાં બતાવી આપ્યું છે. તે દિવાની કામમાં એવો છે એ તો બધા જાણે છે." બાજીરાવની સાથે લડાઈ પુરી થયાં પછી એલફીનસ્ટનનું કામ વધારે આકરૂં થયું. હવે તેણે લોકોની ઉપર રાજ્ય કરવાનો વખત આવ્યો. તે વખતના અંગ્રેજી રાજ્ય કર્તાઓ લોકોની ઉપર બહુ લાગણી ધરાવતાં લોકોની ઉપર રાજ્ય ચલાવવાના નવા ધારાઓ દાખલ કરતા પહેલા લોકો પોતે કેવા રાજ્યથી માહેતગાર છે અને તેઓને કેવું રાજ્ય પસંદ પડશે તેનો વિચાર કરતા. આ પ્રમાણે એલફીનસ્ટન વર્ત્યો. પુરાણા મરાઠા કુટુંબો કેમ જળવાઈ રહે તે બાબત તેણે કાળજી રાખી તેઓની જાગીરો અનામત રાખી અને આવા વિચારથી તેણે શીવાજીના વારસોને સારૂં સતારા રાજ્ય સ્થાપ્યું. આથી મરાઠા બહુ રાજી થયા તેણે લોકોની લાગણી જાણવાને પ્રયત્ન કર્યો અને તે લાગણી ન દુખાય તેવી કાળજી રાખી. ૧૮૧૯ ની સાલમાં આવા કોમળ ગુણવાળો એલફીનસ્ટન મુંબઇનો ગવરનર નીમાયો. તેણે લોકોના મન હરી લીધા. કેળવણી ઉપર તેણે બહુ ધ્યાન આપ્યું. હિંદુસ્થાનમાં લોકને કેળવણી આપવી એ અંગ્રેજ સરકારની પહેલી ફરજ છે. એમ જાણનાર એલફીનસ્ટનને પહેલો ગણીએ તો ચાલે. હાલ મુંબઇમાં એલફીનસ્ટન કોલેજ છે તે આ લોકપ્રીય ગવરનરની યાદગીરીમાં સ્થપાએલી; ન્યાય ખાતામાં પણ તેણે બહુ સુધારા કર્યા છે આમ તેણે આઠ વરસ સુધી મુંબઇમાં રાજ્ય ચલાવ્યું. જ્યારે [illegible] પદ છોડ્યું ત્યારે તેણે [illegible] કામ કરવામાં બહુ [illegible]. ત્યાર બાદ તેણે પોતાનો બાકીનો વખત [illegible]

માં આવ્યો અને હિંદુસ્તાનનો ઇતિહાસ લખ્યો જે પુસ્તક આજ તલક વખણાય છે તેને એ વખત ગવરનર જનરલપણું આપવા ની વિલાયતમાં કોશેશ થઇ પણ એ મોટો હોદ્દો લેવાની પોતાની ખરાબ તબીયતને લીધે તેણે ના પાડી. ૧૮૫૯ ના ડીસેંબરની ૨૬ મી તારિખે ૬૧ વરસની ઉમરે આ મહાન પુરૂષ મરણ પામ્યો.

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

1. કાગળની એકજ બાજુએ લખવું.
2. અક્ષર મોટા શાહીથી લખવા.
3. નામ તથા ઠેકાણું બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારું નહિ પણ અમારી જાણને સારૂં.
4. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—[અધિપતિ.]

પ્રીટોરીયા, તા. ૭-૧૧-૦૫.

મે. ઇન્ડીયન ઓપીનીયનના અધી० લેગ.

સાહેબ—

આ સાંગે તેટેહું અમારી મસ્જીદના પેશ ઈમામ તરફનું ચરચાપત્ર મેહેરબાનીની રાહે આપના નામીચા પત્રમાં પ્રસીધ કરી સેવક ને ઉપકારમાં લાવશો.

લી. તમારો તાબેદાર સેવક
હાજી હબીબની સલામ

જનાબ હામીયે વ ઇસલામ વ મુહીબ્બે ઊંરેસ અનામ મોલવી ગુલામ મોહીદીન સાહેબ દરવારે પેસઇમામ જમે મસ્જીદ પ્રીટોરીઆના તરફથી બધા મુસલમાંના અહેલે સુન્નત વ જમાઅતને ખબર આપવામાં આવે છે કે—

કીંબરલી (કેપ કોલોની) ની અહેલે સુન્નત વ જમાઅતે અમારા ઉપર એક રૂકો નીચે પ્રમાણે લખીને મોકલ્યો હતો.

અહીંઆ કીંબરલીમાં કેટલાએક માણસો (વહાબીયા નજદીયા) ટોળીમાંના એવી રીતે બેહુદી વાતો કરે છે કે જે જનાવર કોઇ પીર મુરશીદ નામ વાતરીક નજર મશહુર કરે અને જબાહના વખતે વા અલ્લાહનો નામ લીએ તો તે જનાવર જબાહ કીધેલો મુરદાર થાય અને તેનો ગોશ્ત ખનઝીરના ગોસ્તની માફક થાય અને જબાહ કરનાર મુરતદ થાય અને મશહુર કરનારે મુશરીક થાય અને જે લોકો અઈમ્મા અર્બે આ મુજ તહીદીનના મુકલ્લીદ દીન છે એટલે હનફી શાફઇ માલીકી હનબલી કહેવરાવવાવાળા મુશરીક છે. અને મૌલુદ શરીફ વ ગ્યારવી શરીફ પઢનારે અને પઢાવનાર .... આવી રીતનો કાગળ પહોંચવતાંજ મેં તેનો જવાબ નીચે પ્રમાણે લખી મોકલ્યો હતો.

પીર વ મુરસદના નામના નજર કીધેલા જનાવર હલાલ હોવાના સારૂ અને અઈમ્મા અર્બે આ વાને (હનફી શાફઇ માલીકી હનબલી) માંથી કોઇપણ જમાઅની તાબેદારી ઉપાડવાના બારામાં અને મૌલુદ શરીફ વ ગ્યારવી શરીફ બીદાઅત સૈયીઆ ન થવાના બારામાં એક ફતવો ખુલાસાની સાથે તા. ૧૨ મી માહેરજબ સને ૧૩૨૩ હીજરીના દીવસે કુરઆન વ અહદીશની માફક કીંબરલી અહેલે સુન્નત વ જમાઅતના ઉપર મોકલ્યો હતો અને તે ફતવો જુમાના દહાડે કીંબરલીની જમે મસ્જીદમાં સલાતુલ જુમાના બાદ હાજર જમાઅતના રૂબરૂ વાંચી સંભળાવ્યો હતો અને તે વખતે જમાયતમાં અહેલે સુન્નત વ જમાઅતના ઘણા લોકો અને વહાબીઆની ટોળીમાંના પણ બધા લોકો હાજર હતા.

મજકુર ફતવો વાંચી સંભળાવવાથી અહેલે સુન્નત ઘણા ખુશી થયા મગર વહાબીઓને ઘણી દીલગીરી પેદા થઇ અને થોડા દહાડા પછી તેઓએ જવાબના સવાલ અમારા ઉપર મોકલ્યો છે કે કેટલીએક આએતો કુરાનની વ કેટલીક હદીસો નકલી પોતાના એતેકાદો ખાતેરાની સાબુતી કરવા બદલ મોકલી છે, પણ તેઓનો બાતીલ દાવો દલીલો વ હદીસો પેશ કરવાથી સાબીત થતું નથી કેમકે આ ટોળી વહાબીઓની જે આયતે કુરઆની યેહુદ વ નસારાના સાનમાં નાજલ થઇ છે તે આઇયતોને એહેલે સુન્નતના તરફ રજુ કરે છે અને પોતાના ફાસદી મજહબને ચાલુ કરવા માંગે છે અગરચે એઓને ઈલમ હોતે તો દલીલોના શાને નુજુલના તરફ ખીઆલ પહોંચાડતે અને તફસીરોને જોતે પણ પોતાનીજ હાલત વ દલાલતથી અવા મુન્નારાને ગુમરાહ કરે છે અને જે જવાબના સવાલ વહાબીઓએ મોકલ્યો છે તેનો પણ રદીઓ હમો મોકલીશું.

એટલા વાસ્તે બનરીક મુખતેસર અહેલે સુન્નત વ જમાઅતને જાહેર કરવામાં આવે છે કે સહેર કીંબરલીમાં "વહાબીઆ" મજહબના માણસો આસરે પચાસ સુધી હશે તેમાંથી થોડાંક મુખ્ય નામો નીચે પ્રમાણે છે. જેઓ તેઓના આગેવાનો જણાય છે.

1. ઠોકણી મહમદ સઇદ ટાવરે રહેનાર આંબોલ.
2. ,, મહમદ ઈબરાહીમ બાંગી રેહનાર સીવરપન
3. ,, અબદુલ અજીજ ઉકયે રે. બેરેથા.
4. ,, અબ્બાસખાન પઠાણ રે. સેરેલા.
5. ,, કાજી હુસેન રહેનાર બેરેલા
6. ,, હસનમીઆં પેનકર રહેનાર બેરેલા
7. ,, મહમદ શહરુદીન અનવારે રહેનાર દસગાવ.
8. ,, મીઆં સાહેબ આંદલે રે ખરસી.

તેઓ આગેવાન જણાય છે તેના સીવે બધા અમારા અહેલે સુન્નત વ જમાઅતને નમનતાઇ સાથે અરજ ગુજારીએ છુએ કે આવા ફરેલ તથા પોકાથી હુશીઆર રહેવું. કેમકે ખારા બધા લોકોને આવી રીતે બેહકાવવુ એ વહાબીઓનો રોજગાર છે અને હરેક જગ્યોએ પોતાની શરારત કરે છે અને પોતાના બાતીલ તરીકાથી હાથ ઉઠાવી સીધો રસતો કબુલ નથી કરતા.

પરવર દીગાર તેના પોતાના ફજલો કરમથી જમી મુસલમાનો અહેલે સુન્નત વ જમાઅતને તરકકી બક્ષે અને બધી બલા ઓથી બચાવે અને વહાબીઓને બી તોફીક દે, કે પોતાની ગુમરાહીને મુકીને હીદાયતને કબુલ કરે. આમીન.

ઉપલી હકીકત જે જાહેરમાં મુકી છે તે અત્રેની પ્રીટોરીઆની અહેલે સુન્નત વ જમાઅતની મંજુરીથી મુકી છે.

ગુલામ મોહેદીન દરવારે પેશઇમામ
જમે મસજીદ પ્રીટોરીયા.

હિંદુસ્થાનના સમાચાર.

One could go on indefinitely enumerating peculiarities to be observed here, but enough has, I hope, been said to show that one could easily get through two or three hours in a boat watching these Hindoos bathing, meditating, at their devotions, chatting, or otherwise employed.

(To be continued)

Correspondence

An Appeal to my Indian Brothers in South Africa

To the Editor, INDIAN OPINION.

Sir,—I shall owe a debt of gratitude to you, if you will kindly spare a small space in your valuable paper, for this appeal to my devoted countrymen.

My brothers, Hindus and Mohomedans, I do not think the majority of you will be unaware of what is going on in our motherland. Being weighted with numerous oppressive measures, which have been protested against from time to time on every reasonable ground, but unsuccessfully, our country has sought to do away with "every" sort of British goods in India, and to thus encourage our own industries, which is the only source left to us for our very existence. Every one knows I suppose, of the "Swadeshi Movement" the significance of which even if I had a hundred thousand tongues, I could not describe.

The latest Indian papers bring very cheering news. On the day when the Partion of Bengal was proclaimed, a "Natitional fund, was started in Bengal. It was made incumbent of every true Indian to part with at least a day's income, which sum was to go to the above fund. Yet, little though the sum was, lakhs of rupees were collected on that day. People poured in to contribute their portion with their hearty wishes and thousands were deprived of this honour through insufficiency of the boxes. It has not as yet been decided as to how this fund is to be disposed of, but it is presumed that it must be either for legally fighting against the Government for our political rights, or partially for the "Federation Hall" which is being erected in Calcutta as a standing protest against the partition, or for the development of our own industries. But be it what it may, it is to be utilized for the best interests of the country.

My brothers, it gives me great pain to say that none of our countrymen in South Africa have come forward and done anything in this matter. It is a matter of very great shame that we do not anticipate the necessity of our whole country in which crores are interested. And who are those crores? Our brothers, fathers, mothers and ourselves. See the example before you. Even the Chamars, Dhobies and Hajams (cobblers, washermen and barbers) have contributed the best within their powers. Here in South Africa, half-a-crown per head at the least is next to nothing for such occasions. Mr. Editor step forward and do all in your power in this matter; address the readers of INDIAN OPINION, as I presume your widely circulated paper reaches every nook and corner of South Africa. I am confident that a substantial amount of money will be raised, and it will be a material help to the "national fund"; and I dare say everyone who claims to be a true Indian and a worthy son of that sacred soil will prove himself by doing all he can in respect of raising this fund.

I am, etc.,

LACHASINGH MAINI,

PUNJAB.

Johannesburg,

Nov. 23rd, 1905.

MR. DOORASAMI S. CHETTY writes to us, in reply to Mr. M. Jameson's letter, pointing out that the fact of many Indians having the same name—Moonsamy, for instance—proves that unless they annex their caste, which serves as a surname, to legal documents or even letters, difficulties must inevitably be the result.

Several other correspondents write us to the same effect.

DOORASAMY S. CHETTY.—Your letter did not appear last week for the reason then stated. You would be the first man to regret it had we printed it as received.

Our Weekly London Letter

(FROM OUR SPECIAL CORRESPONDENT)

London, Nov. 18, 1905.

The Parthian Shot

In his speech, last Thursday, at the Byculla Club, Bombay, the retiring Viceroy seems to have lost sight of the honourable traditions observed by those of his predecessors who resigned office because they strongly objected to the decisions of the Ministers of the Crown. Lord Lytton, before leaving India, did not publicly denounce the action and intentions of the Gladstone Cabinet, or assert that the great majority of Englishmen in Government service in India looked forward with alarm to the reversal of his policy. That a Governor-General, still vested with all the responsibilities of his high office, should publicly insinuate that His Majesty's Ministers were violating great principles which he himself considers essential to the security of British rule, that, speaking in a club dining-room, he should solemnly warn them that these principles, "though they have momentarily disappeared, will reappear, and that before very long," is an unprecedented departure from all ordinary rules of conduct deemed binding on servants of the Crown, whatever position they may hold. Lord Curzon talked in a lofty way about "my highest conception of my duty to the state" but that conception must be greatly in need of revision. As for the reiterated denial that he resigned on personal grounds, that is scarcely compatible with the documents published in the recent Blue-book. There is every reason to suppose that if the Secretary of State had consented to the appointment of Lieut.-General Sir Edward Barrow to the Council, Lord Curzon would have remained at his post.

Royalty in India

The Prince and Princess of Wales are spending the whole of this week in Rajputana, the region, to quote Sir Alfred Lyall's 'Asiatic Studies,' within which pure-blooded Rajput clans have maintained their independence under their own chieftains, and have in some instances, kept together their primitive societies, ever since the dominion of the Rajputs over the great plains of north-western India was overthrown by Mahomedan invaders. Much of Rajputana is a desert, but the romantic scenery of the Aravelli Hills, the architectural elegance of many of the chief cities, the mountain posts, that often stood a siege of a year and longer till the garrison, in a last desperate sally, came to die gloriously, and above all, the history of a gallant and noble race, which may be read in Colonel James Tod's "Annals of Rajasthan," will give this part of the royal tour a particular interest. "There is not a petty state in Rajasthan, says Tod, that has not its Thermopylæ, and scarcely a

city which has not produced its Leonidas.

India's New Ruler

Lord Minto, who landed in Bombay on Friday, goes straight to Calcutta, arriving there on Wednesday. He will then meet the members of his Council, including Lord Kitchener; and it may be interesting to recall Lord Lytton's reminiscences of a similar experience. "I found, as I approached Calcutta," he wrote to Lord Salisbury, "that the spirit of anticipating antagonism to the new Viceroy was so strong on the part of the Council that any appearance of scolding or lecturing them at starting would have been fatal to our future relations. The choice, therefore, lay between saying nothing" (on their first ceremonial meeting, that is) "or saying something studiously sedative to the quills of these fretful porcupines." By the time he reached Allahabad, Lord Lytton had made up his mind to hold his peace; but Sir John Strachey persuaded him from silence, and he made a speech which his military secretary, Sir George Colley, declared had an extraordinary effect. "It was the simple earnestness," Colonel Colley said in a letter to Lady Lytton, "which carried home more than anything else, and there was a sort of holding of the breath in the Council-room at some parts."

Facts and Comments

Newcastle.—Mr. J. S. Done writes to us that nearly all the Indians here, men and women and children, are busily ploughing the hill sides and planting same with mealies, tobacco, beans, etc. It is very pleasing to the eye to view the luxuriant verdure all around. A great novelty in this district is that in recently erected buildings the windows and doors are all secured with iron bars and double bolts. This necessary precaution is owing to the dastardly murder that took place here some months back.

Lord Curzon and India.—The Delhi Municipality recently presented an address to His Excellency Lord Curzon concluding with an expression of the hope and conviction that His Excellency's affection for India will some time bring him out again. In referring to this in his reply, His Excellency said:—"Who knows but that I may, perhaps, as a simple tourist one day wander in a *Tum Tum* among the buildings and monuments that I loved, and to which while responsible for them I endeavoured to devote so true and reverent a care. However, that may be, I can never forget my seven happy visits to Delhi as Viceroy, or the courtesy and consideration which I have always [illegible] [illegible] received from its inhabitants."—*The Hindu.*

A Boxing and Wrestling Display is to be held in the Indian Drama Hall, Depot Road, Durban, on Saturday the 23rd inst.

In London, if anywhere, should be the greatest school of Indian languages which has ever existed. Yet, such is British incuriousness and want of practical imagination, that it is in London that the inquirer will find less opportunity for obtaining Eastern learning than in any great capital of Europe.—*Pioneer* (Allahabad.)

India and British Rule.—It is because British rule is not like the rule that it replaced in India, but is enlightened and is able to foresee the future as well as direct the present, that the Indian people demand their rulers to fulfil their engagements to raise by degrees the status and manhood of the Indian nation.—*The Hindu.*

The Scientific Mind.—"The age calls itself scientific; but it is not so really. The scientific habit of mind is very different from that which blindly accepts what it supposes to be the conclusions of men of science. It is that scientific habit that is wanted—a conscious search for the causes of things by the path of exact observation and accurate experiment, and an indisposition to accept conclusions in matters intellectual until the facts upon which they are based and the reasoning by which they are reached are understood."—*Morning Advertiser.*

Not Guilty.—Last week, on Monday, at the Umlazi Court, Pinetown, before Mr. Colenbrander, A.R.M., three Indians named R. Chetty, and Kothandapany Naidoo, Special Constables Natal Police, Durban, and Moonsamy Reddy, Natal Police, Pinetown, were charged with the crime or offence of extortion while on duty and acting as Natal Police. Sergt. Nixon prosecuted and Mr. Advocate Gabriel, of Durban, defended the three accused. The trial lasted the whole day, during which the five witnesses brought to support the charge were severely cross-examined by Mr. Gabriel, who completely broke down the prosecution. The Prosecutor then notified the Court that he would withdraw the charge against the three accused. The Magistrate in discharging the accused told them that not only was the charge against them withdrawn, but that he would record a verdict of "not guilty." He was perfectly satisfied that the witnesses who had come to give evidence against them had not spoken the truth, and that they had concocted the charge against the accused merely for the purpose of shielding themselves because they (the witnesses) had not taken out their £3 licenses.

Efficiency.—What is efficiency? The efficient man does things well, but that is not enough. It is much, but it is necessary to do the whole work of life as well as to do the parts of it carefully. This is part of efficiency; but to cover the sense of the word, he must realise the whole possibilities of his service and fulfil them.—*British Weekly.*

Indian Mails.—The German East Africa Liner, *S.S. Bundesrath* sail direct for Bombay on 6th January.

The India-African Liner *Mirzapur*, taking passengers, will leave Durban for Calcutta on or about 1st January. Messrs. B. Ebrahim Ismail & Co., Commercial Road, Durban, have the arrangements for Indian passengers.

The Natal Direct Liner *Umhloti* sails for Calcutta and Madras, transferring passengers at Columbo for Bombay, on or about the 6th January. Messrs. King & Sons, West Street, Durban, are the Agents.

What Indeed?—"Inquirer" writes to the *Times of Natal*: "Can any of your readers solve the following problem? A certain burgess in the City has some store property. Some time ago an Asiatic of undoubted respectability and wealth applied for a retail licence for the store, and it was refused, on the ground that it was in what the Town Council chose to call the European area. Two days ago a European applied for a bottle license for the same premises and it was refused, solely on the ground, as far as I can make out from the evidence, that the locality was inhabited principally by Indians, natives, and other coloured people. What is the poor man to do?

"Sammy."—"Misapplied" thus writes to the *Natal Mercury*:—

Sir,—It is not infrequently that one hears the term "Sammy," applied to an Indian, evidently hurled as a taunt and a provocation; but if those using it were aware of the actual sense conveyed by the word, one would soon see a permanent elimination of the terms from the speaker's vocabulary. The term literally means, in the Tamil language, God, and is generally applied to the Deity. It is, however, too often resorted to as a form of address, implying deep reverence for the person addressed. In this sense it is chiefly used by the low caste Sudras to the high caste Brahmins. It is also availed of by the employee in addressing his employer, by the pupil to his tutor, by the female to her husband, or protector, and in many other similar instances. It will thus be seen that in each case the term is quoted to express the respect from a lower to a higher personage, and there is no exception whatever where it denotes anything but the most respected feeling. I hope this will prove adequate enough to cause those using the term [illegible] [illegible] [illegible] so frequently to stop.

ઇંડિઅન ઓપિનિઅન.

પુસ્તક ૩. ફીનીક્સ—શનીવાર, તારીખ ૨૩ મી ડીસેમ્બર, ૧૯૦૫. અંક ૫૧

અઠવાડિક પંચાંગ.

—•••—

ખ્રીસ્તી—તા૦ ૨૩ મી ડીસેમ્બરથી તા૦ ૨૯ ડીસેમ્બર સુધી ઇ૦ સ૦ ૧૯૦૫

હીંદુ—માગસર વદ ૧૨ થી. માગસર વદ ૪ સુધી, સંવત ૧૯૬૨

મુસલમાની—તા. ૨૫ સવાલથી તા. ૨ જીલકાદ. સુધી ૧૩૨૩ હીજરી.

વાર.	ખ્રીસ્તી તારીખ	હિંદુ તીથી.	મુસલમાની તારીખ	સુર્યોદય ક. મી.	સુર્ય અસ્ત. ક. મી.
શની...	૨૩	૧૨	૨૫	૪ ૫૭	૬ ૫૭
રવી...	૨૪	૧૩	૨૬	૪ ૫૭	૬ ૫૮
સોમ .	૨૫	૧૪	૨૭	૪ ૫૮	૬ ૫૮
મંગળ.	૨૬	૩૦	૨૮	૪ ૫૮	૬ ૫૯
બુધ...	૨૭	૧	૨૯	૪ ૫૮	૬ ૫૯
ગુરુ...	૨૮	૩	૧	૪ ૫૯	૬ ૫૯
શુક્ર...	૨૯	૪	૨	૪ ૫૯	૬ ૫૯

ઇંડિઅન ઓપિનિઅન.

શનીવાર તા૦ ૨૩ ડીસેમ્બર, ૧૯૦૫.

કેપનો ઇમીગ્રેશન કાયદો.

અગત્યનો ઠરાવ.

કેપમાં ઇમીગ્રેશન કાયદા ઉપર અગત્યનો ઠરાવ થયો છે તે વિશે આગળ લખી ગયા છીયે. નરોત્તમ લલુ કરીને કોઇ શખ્સ છે તે નાતાલમાં નવ વર્ષ રહેલો. તેની પાસે નાતાલનું ડોમીસાઇલ સર્ટીફીકેટ પણ હતું. છતાં તેને કેપટાઉનમાં ઉતરવાની અમલદારોએ મના કરી. તે એવા કારણથી કે નરોત્તમ લલુ દક્ષિણ આફ્રિકાનો વતની ન ગણાય કેમકે તેના બાયડી છોકરાં હિંદુસ્થાનમાં છે. કેપના કાયદા પ્રમાણે જે માણસો દક્ષિણ આફ્રિકામાં પોતાનું વતન કરી રહેલા હોય તેને કેપમાં દાખલ થવાની છુટ છે. પણ ઉપર બતાવ્યું તે કારણથી અમલદારોએ એમ ઠરાવ્યું કે તે માણસ દક્ષિણ આફ્રિકાનો વતની ન ગણાય. કાયદો વતન અને રહેઠાણમાં તફાવત માને છે. વતન તે કોઇ જ્યાં માણસ હમેશાં રહેવા માંગતો હોય રહેઠાણ તે એ કે જ્યાં માણસ થોડા દિવસ કે વર્ષ રહી પાછો પોતાને દેશ ચાલ્યો જાય.

નરોત્તમ લલુ કેસ સુપ્રીમ કોર્ટમાં લઇ ગયો. કોર્ટે પુરાવા ઉપરથી એમ ઠરાવ્યું છે કે:—

(૧). નરોત્તમ નાતાલમાં નવ વર્ષ રહ્યો.

(૨). નરોત્તમ કહે છે કે તેનો વીચાર દક્ષિણ આફ્રિકામાંજ રહેવાનો છે.

(૩) વતન સાબીત કરવાને સારૂં બાયડી છોકરાં દક્ષિણ આફ્રિકામાં છે એમ સાબીત કરવાની જરૂર નથી.

(૪). તે માણસ પોતે કહે છે કે તેનો દક્ષિણ આફ્રિકા જાતુને સારૂં છોડવાનો ઇરાદો નથી

(૫). વળી તેની પાસે નાતાલનું ડોમીસાઇલ સર્ટીફીકેટ છે.

(૬). આ બધા કારણથી નરોત્તમ લલુને દક્ષિણ આફ્રિકાનો વતની ગણવો જોઇયે અને તેથી તેને કેપમાં ઉતરવાનો હુકમ થયો.

આ કેસમાં બાયડી છોકરાંનો ખુલાસો થયો તે આપણા લાભની વાત છે. પણ જડજે એમ પણ ઠરાવ્યું છે કે નાતાલનું ડોમીસાઇલ સર્ટીફીકેટ એ ચોક્કસ વતનનો પુરાવો નહિં ગણી શકાય આજ સુધી એમ મનાતું કે કેપમાં દક્ષિણ આફ્રીકામાં રહેનાર માણસ જઇ શકવાનો ધારો છે એટલે નાતાલના ડોમીસાઇલ સર્ટીફીકેટથી ગમે તે હિંદી કેપ જઇ શકે. હવે એવું એવું સર્ટીફીકેટ કબુલ રહેશેજ એમ ન કહી શકાય. આ કામ કેપના હિંદીઓએ ઉઠાવી લેવા જેવું છે કેમકે તે એવું સરળ છે કે તેમાં સરકાર ઇનસાફ આપશે.

હિંદુ અને મુસલમાન વચ્ચે તકરાર.

મી. હાજી હબીબે અમને આ બાબત ઉપર કાગળ લખ્યો છે તે અમે બીજી જગ્યાએ છાપીયે છીયે. કરાંચીના મહાજન વિષે મી. હાજી હબીબ જે વાત લખે છે તે ખરી હોય તો અમે દીલગીર છીયે. અમે એમ પણ માનીયે છીયે કે હિંદુઓની સંખ્યા મોટી હોઇ તેઓએ વધારે નમન રાખવાની ચાલવાનું છે. જો હિંદુ મુસલમાન વચ્ચે સંપ રહેશે હોત તો હિંદ બેમ જે દુકો માંગે છે તે ક્યારના મળ્યા હત એમ મી. હાજી હબીબનું કહેવું છે એ પણ અમે માનીયે છીયે

આવી બાબતોમાં દરેક કોમના મુખી ઓએ મળીને એક સલાહ કરવાની જરૂર છે એમાં કંઇજ શક નથી. અને અમે એના ચીન્હો પણ જોઇયે છીયે કે થોડા વખતમાં એવું પરીણામ પણ આવશે.

છતાં અમો જે આગળ કહી ગયા છીયે તેની ઉપર તો અમારે ભાર મુકવો જોઇયે. તે એ કે ગમે તેવી તકરાર બન્ને કોમ વચ્ચે હોય તોપણ તેનો ઇનસાફ બિજાના હાથમાં નહિં જવો જોઇયે. બાઇયો એક બીજા વઢી મરે તે સહન કરવું વધારે સહેલું છે. પણ બન્નેની પાસે જે કંઇ હોય તે બિજો માણસ લઇ જાય તે ન સહન થાય તેવું છે. અને આપણ બધાના મનની લાગણી એવા પ્રકારની હોવી જોઇયે. જેમ મી. રસુલ બતાવી ગયા છે તેમ બિજો માણસ વચ્ચમાં પડવાથી તકરાર કરનાર એકકેને ફાયદો થવાનો સંભવ નથી.

હિંદુસ્થાન આપ બળપર ટકી શકે કે નહિં.

(મળેલું.)

હિંદુસ્થાનના સંબંધમાં કયું મોટું કામ કરવાનું છે તે બ્રિટનને વારંવાર યાદ દેવરાવવું બહુ જરૂરનું છે. નિયમ તથા સુલેહ જાળવવામાં, જાહેર જુસ્સાને તથા સ્વદેશાભિમાનની લાગણીને કેળવવામાં, ધર્મની સામાન્યતા રાખવા, તથા સ્વરાજ્યમાં પ્રવૃત થવામાં હિંદુસ્થાનની પ્રજાને કુશળ બનાવવી તે બ્રિટનની મોટી ફરજ છે. જ્યારે આ મહાન કાર્ય સંપુર્ણ થશે ત્યારે હિંદુસ્થાનમાં એવું બધારણ ઉત્પન્ન થશે કે જે પરદેશીના હુમલાની હીલચાલો સામે પોતાનું રક્ષણ કરી શકશે.

આ બાબતમાં કેટલુંએક કરવામાં આવ્યું છે. પણ હિંદુસ્થાન પોતાના પગપર ઉભી શકે એવી સ્થિતિ આવે તે પહેલાં હજી ઘણું કરવાનું બાકી છે. હિંદુસ્થાનની સમસ્ત પ્રજાના લાભ માટે દરેક હિંદીએ પોતાના લાભનો ભોગ આપવો તે બહુ જરૂરનું છે. આ સ્વાર્થત્યાગપણું દુર્લભ છે છતાં દેશના જાહેર જુસ્સાને તથા ખીલવવા માટે તે

એક અગત્યનું સાધન છે અને તે (સાધન) વિના ચાલી શકે તેમ નથી. હિંદુસ્થાનમાં જે જ્ઞાતીભેદ ચાલે છે તે વિષે વીચારતાં તો આ અસ્વાર્થીપણાનું સાધન મેળવવું અઘરૂં છે. જયાં સુધી જ્ઞાતીભેદનો ચાલ પ્રવરી રહેલો છે ત્યાં સુધી સ્વતંત્ર અને સંગાથી પ્રજાના ગુણવાળા થવું એ અસંભવીત છે. હિંદના સ્વાર્થ માટે જ્ઞાતીભેદ નાબુદ કરવાની બહુ જરૂર છે. જો કે રેલવે વીગેરે મુસાફરીના સાધનો થવાથી સખ્ત જ્ઞાતીભેદ ઘણે દરજ્જે નરમ થએલ છે. પ્રજા વર્ગનો કેળવાએલો ભાગ જો આગેવાની લઇ આ પ્રચારને ધિક્કારી નાંખી હિંદની પ્રજાને તેમાંથી બચાવવા બહાર નીકળી પડે તો ધીમે ધીમે તે રીવાજનો નાશ થતો જાય, અને હાલ જે લાખો માણસો જુલમમાં રીબાય છે તે રીબાતા બચે.

વર્તમાનપત્રો ઘણી વખત પોકારે છે કે હિંદુસ્થાનના રાજ્યપ્રકરણમાં હિંદીઓને વધારે મોટો ભાગ આપવાનો વખત હવે આવી પહોંચ્યો છે. વિદ્વાન બુદ્ધિવાન હિંદીઓની મદદ, શિખામણ અને અભિપ્રાયનો જેટલો ઉપયોગ આજ લગી કરવામાં આવતો તે કરતાં જો વધારે ઉપયોગ કરવામાં આવે તો ઘણી મોટી જુસ્સો થતી અટકે એટલુંજ નહિ પણ તેથી રાજ્ય વહીવટમાં મોટી ફતેહ મળી શકે. આથી કરી ગવરમેન્ટ હિંદીઓના સંબંધમાં વધારે આવી શકશે. તેમજ દીવસો દીવસ વધારે કેળવાતા હિંદીઓના આગળ વધવાની આશા તથા રાજ્ય લોભને કેટલે દરજ્જે સંતોષ પમાડ્યાં કહેવાશે. આ મત ખરેખરો વજનવાળો છે અને દરેક દેશ પરદેશના વીચારવંત તેમાં ફેર આણ્યા વીના રહેશે નહિં.

હિંદુસ્થાનનાં રાજ્યપ્રકરણમાં હિંદીઓ બહુ સામેલ કરવામાં આવ્યા છે તે ખરૂં છે, પણ મોટી જગ્યાઓ તો કોઇકજ હિંદીઓ મેળવી શકે છે દાખલા તરીકે ચીફ કમીશ્નર તથા લેફટેનન્ટ ગવર્નરની જગ્યાએ એક હિંદી નીમાયલો નથી તે કહેવું ભુલ ભરેલું નથી. એક દેશી સીવીલીયન ઓફીસરને આવી જગ્યાએ નીમવાથી સરકારે બહુ સારૂ પગલું ભરેલું કહેવાશે. હિંદી પ્રજામાં તેથી બહુ સંતોષની લાગણી ફેલાશે અને બ્રિટન સરકાર પોતાના રાજ્ય કારભારમાં તથા અમારૂ આપેલા વચનોમાં વિશ્વાસ મુકવા લાયક છે એમ ગણાશે. દેશીઓની રાજ્ય કારભારની શક્તિની આથી ખરેખરી કસોટી થશે અને જેમ વધારે દેશીની નીમણુક થતી જશે તેમ વધારે સારા પરીણામો આવશે. [illegible] વીના આવા અજમાયસ થાય તે ઇચ્છવા જોગ છે અને તે અજમાયશ ફાયદાકારક નીવડે તે ખાત્રી ભરેલું છે. જુદાં જુદાં દેશી રાજ્યોમાં દેશીઓની રાજ્ય કારની શક્તિની કસોટી થઇ છે. આમાંના ઘણાં રાજ્યો બીજા કોઇ રાજ્યોની મદદ શિવાય અથવા તો મુખ્ય રાજ્યકર્તાના વચ્ચે આવવા શિવાય પોતાનો કારભાર સુલેહથી ચલાવે છે. કેટલાંક દેશી રાજ્યોનો કારભાર વખાણવા લાયક રીતે ચાલે છે અને તે રાજ્ય કારભારની ખીલેલી શક્તિના નમુના રૂપ થઇ પડેલ છે.

દેશની અંદર શાંતી રાખવાને અને પર દેશી હુમલા સામેના બચાવને વાસ્તે દેશી લશ્કરના બંધારણમાં મુશ્કેલી બતાવવામાં આવે છે તે કબુલ કરવા જેવી નથી. આવું બંધારણ નો ચાલે છેજ અને જો કે દેશી લશ્કર જુદી જાતના તત્વોથી બનેલું છે તોપણ સઘળી મુશ્કેલી સામે થવામાં શક્તિવાન છે. એમ તો માનવુંજ જોઇએ કે હિંદુસ્થાનમાં એકસંપી રાજ્યના બંધારણ પછી દેશી લશ્કરને ચાલુ ધોરણ પ્રમાણેજ ભળવવું જોઇએ અને કોઇ જબરી સત્તાના હુમલાની વખતે ગ્રેટબ્રિટનને મદદ કરવી જોઇએ.

આ ફેરફારો એકદમ થાય તેમ નથી તે દેખીતું છે પણ હવે એવો વખત આવેલ છે કે જ્યારે હિંદુસ્થાનની રાજ્યનીતિ માટે જે જે શબ્દો કહેવામાં આવ્યા છે તે પ્રમાણે બ્રિટીશ સરકારે કરી દેખાડવું જોઇએ. આવી રાજ્યનીતિથી હિંદુસ્થાનને સલાહ, જાહોજલાલી અને સુખમાં પોતાના દેશીય રાજ્યકર્તા નીચે રાખી માત્ર તેની ઉપરની દેખરેખ શિવાયની ચીંતામાંથી માન સહીત મુક્ત થવા ગ્રેટબ્રિટનને પ્રસંગ મળશે. અને તેના સ્વરાજ્યવાળા મુલકોમાં એક વધારે રાજ્યનો ઉમેરો કરી મોટું માન મેળવશે.

રૂશિયન ચડાઇ—બંગાળ ઉપર.

(મળેલું)

કેટલાક જમાના થયા હિંદુસ્થાનના અંગ્રેજ રાજ્યકર્તાઓ રૂશિયન ચડાઇની ચિંતા રાખ્યા કરતા હતા, અંતે તે ચીંતા ખરી પડી. આ ચડાઇ બહારથી નહીં પણ અંદરથી આવી છે. કારણ કે ખુદ અંગ્રેજી અમલદારો વટલ્યા છે. બંગાળીઓ હાલાક વખત થયા તેમની ઉપર અંગ્રેજી રાજને બદલે રૂશિયન રાજનો અનુભવ લે છે. બંગભંગનો કાયદો કરી લોકોની લાગણી સખત પ્રકારે દુખવી. લાચાર પ્રજાએ શું હિંદુ કે શું મુસલમાન સર્વેએ અંગ્રેજી [illegible] આમની [illegible] કરી પોતાનો જુસ્સો નરમ પાડ્યો, પણ અમલદારોને ભાગ્યે આમ પોતાની લાગણી દેખાડે તે બિલકુલ પ્રસંદ નથી તેથી હમણા એક નવો કાયદો કરી જુલમ કરવાની પોતાની શક્તિનો ખ્યાલ આપ્યો છે. પ્રજાના ખાનગી વ્યવહારમાં ખલલ પાડવા પ્રયત્ન કર્યો છે.

વિદ્યાર્થી વર્ગ આ હિલચાલમાં મુખ્ય ભાગ લે તેનો દંડ કરવો, નિશાળમાંથી કાઢી મુકવા અથવા પરિક્ષામાં બેસવા દેવા નહિં જરૂર પડશે તો શિક્ષકોને પોલીસની સત્તા આપવામાં આવશે.

વાહ ! ઉદાર અંગ્રેજી રાજ્યના અધિકારીઓને ! કોઇ પણ માણસ પોતાને ગમે તે માલ વાપરે તેમાં રાજનો અટકાર બીન કાયદેસર છે એ ઉદાર રાજ્યનો પ્રથમ નિયમ છે. હિંદુસ્થાનના વેપારી નિયમ એવા ધોરણ ઉપરજ ઘડાયાં છે. free tradeની એજ પોલીસી છે. છતાં સત્તામાં અંધ થઇ ઇંગ્લાંડ જન્મ્યા છતાં રૂશિયન રીતીમાં વટલી જઇ રૂશિયન રાજ્યની પુરેપુરી ફતેહ થવા દીધી છે. આવી રીતે રૂસિયામાં Terrorism વર્તે છે અને હિંદુસ્થાનમાં Russianism વર્તે છે.

ખુદાની કુદરત ન્યારી છે.

(એક રસીક વાર્તા.)

ક્રિસ્ટમસના અરસામાં આખી યુરોપમાં જુદી જુદી જાતના ચોપાનીઆ બહાર પડે છે. તેમાં કેટલીક ઘણી જાણવા જેવી બીનાઓ પ્રગટ થાય છે. ઇંગ્લાંડમાં પ્રખ્યાત મી. સ્ટેડે જે ચોપાનીયું બહાર પાડ્યું તેમાં તેણે કાઉન્ટ ટોલસ્ટોયની જીંદગીનું વૃતાંત આપ્યું છે. અમે આ પત્રમાં કાઉન્ટ ટોલસ્ટોય કોણ છે તે બતાવી ગયા છીએ. તે પોતે લક્ષાધિપતિ છતાં અત્યંત ગરિબી હાલતમાં રહે છે. દુનિયામાં તેના જેવા વિદ્વાન પુરૂષો ઘણા થોડા છે. તેણે પોતાના લખાણો માણસોની જીંદગી કેમ સુધરે એ બતાવવા સારૂં કરેલા છે. અને તેવા હેતુથી કેટલીક નાની વારતાઓ પણ લખી છે; તેમાંની એક જે સરસ ગણાય છે તેનો તરજુમો અમે નીચે આપીએ છીએ. તેનું નામ અમે ઉપર આપ્યું તે છે. એ વારતા વિષે અમારા વાંચક વર્ગનો અમે મત માગી લે છીએ. એ જો તેમને રસિક લાગી હોય અને તેમાંથી તેમને ફાયદો માલમ પડ્યો હોય તો અમે તેવી બીજી વારતાઓ પણ આપશું. આ વારતાની જે મુખ્ય બિનાઓ છે તે બનેલી હકિકત છે એમ કહેવાય છે.

વલાડીમીર શહેરમાં આક્સીનોવ નામે વેપારી રહેતો હતો. તેને બે દુકાન અને એક ઘર હતાં. આક્સીનોવ ગોરો રૂપાળો અને મજબુત

માણસ હતો તેને ગાવાનો શોખ હતો. જ્યારે તે ઊઠ જુવાન હતો ત્યારે તેને દારૂ પીવાની ટેવ હતી. પરણ્યા પછી ઘણે ભાગે દારૂ છોડી દીધો. એક વખત આઇવન મેળામાં જતો હતો ત્યારે તેની બૈરીએ કહ્યું તમે ન જાઓ તો સારૂં. મને ગઇ રાતે ખરાબ સ્વપ્નું આવ્યું હતું. આઇવને હસીને કહ્યું "તને બીક છે કે હું મેળે જઇને દારૂ પીઉં તેથી તું એમ બોલે છે." તેની બૈરીએ જવાબ આપ્યો "મને શેની બીક છે તે હું પોતે નથી જાણતી. હું તો એટલું જાણું છું કે મને ખરાબ સ્વપ્નું આવ્યું તે એ હતું કે તમે ગામમાંથી પાછા આવ્યા ને પાઘડી ઉતારી ત્યારે તમારા સૌ વાળ ધોળા થઇ ગએલા મેં જોયા." આઇવન હસીને બોલ્યો "એ તો સારૂં સ્વપ્નું; જો જે હું માલ વેંચી ત્યારે સારૂં બાત માલની ચીજ લાવું છું કે નહિં" એમ કહી તે પોતાની ગાડીમાં ચડી બેઠો. અરધે રસ્તે ધરમશાળા આવી ત્યાં તેણે ગાડી છોડી. ત્યાં તેને એક ઓળખીતો વેપારી મળ્યો. તે બને સાથે એક કોટડીમાં રાત રહ્યા.

આઇવન તો વહેલો સુઇ ગયો ને સવાર નહોતું પડ્યું તેટલામાં તે ગાડી જોડી રવાના થયો કે જેથી વહેલો બપોર પહેલાં ઠેકાણે પહોંચે. પચીસેક માઇલ દૂર ગયા બાદ ઘોડા ને જોગાણ દેવા એક ધરમશાળા આવી ત્યાં રોકાયો. ઘોડા છોડયા અને પોતે પોતાની સારંગી કાઢી વગાડવાનું શરૂ કીધું તેટલામાં એકદમ ઘોડાગાડી આવી પહોંચી. તેમાંથી એક અમલદાર બે સીપાઇ સાથે ઉતર્યો. તે આઇવનની પાસે આવ્યો અને તેને સવાલ પુછવા લાગ્યો. આઇવને તેને બધા જવાબ આપ્યા. અને પોતાની સાથે ચા લેવાનું આમંત્રણ કરયું પણ અમલદારે તેના ઉપર ધ્યાન દીધું નહિં અને સવાલો પુછયા કીધા "તમે ગઇ કાલે રાત્રે ક્યાં હતા. તમે એકલા હતા કે તમારી સાથે કોઇ હતું. તમારી સાથેના માણસોને આજ સવારે તમે જોએલા કે નહિં તમે ધરમશાળા સવાર પડયા પહેલાં શા માટે છોડી!" આઇવનને આ સવાલ ઉપરથી અચંબો લાગ્યો છતાં તેણે બધા જવાબ આપ્યા. અને પછી બોલ્યો "હું એક ચોર હોઉં એવી રીતે મારી ઉલટ તપાસ કેમ કરોછો. હું મારે કામે જાઉં છું મને કંઇ એવા સવાલ પુછવાની જરૂર નથી." ત્યારે અમલદારે કહ્યું "હું આ ભાગનો પોલીસ અમલદાર છું અને આ સવાલો પુછવાનું કારણ એ છે કે જે માણસની સાથે તમે રાત રહ્યા હતા તે માણસને કોઇએ મારી નાખ્યો છે. અને તેનું ગળું કપાએલું જોવામાં આવે છે. એટલા સારૂં અમારે તમારી જડતી લેવી જોઇશે" પછી અમલદાર અને સીપાઇઓએ આઇવનનો સામાન છોડયો અને તપાસતા તેમાંથી તેને છરી મળી. મહતાજ પોને ધમકાવીને બોલ્યો "આ છરી કોની છે?" આઇવન પોતે લોહી વાળી છરી જોઇને ધ્રુજતાઇ ગયો. અમલદારે પુછ્યું "આ છરી ઉપર લોહી ક્યાંથી આવ્યું?" આઇવન કંઇ બોલી નહિં શક્યો. તોતડાઇને કહ્યું "એ-એ-ક-છરી મ-મ-મ-મારી- નથી, મ-મ મને- ખ-ખબ-ર-નથી." ત્યારે અમલદાર બોલ્યો આજ સવારે અમે પેલા માણસને ગળું કપાએલો જોયો. આ કામ તારા શિવાય બીજા કોઇનું નથી અંદરથી કોટડીને ચાવી હતી. બીજો કોઇ માણસ ત્યાં હતો નહિં લોહી વાળી છરી તારા સામાનમાંથી નીકળી છે અને તારી બોલચાલ અને તારો ચહેરો બતાવે છે કે તુંજ ગુન્હેગાર છે. તેં એને કેવી રીતે માર્યો અને તેના પૈસા કેટલા ચોર્યા એ જલદીથી કહી દે." આઇવન બોલ્યો, "હું સોગન ખાઇને કહું છું કે એ કામ મારૂં નથી. એ માણસને પાછો મેં જોએલો પણ નહિં હતો. મારા પોતાના પૈસા સિવાય મારી પાસે બીજું કંઇ નથી. છરી મારી નથી. આમ બોલતાં આઇવન ધ્રુજતો હતો અને કેમ જાણે તેણેજ ગુન્હો કર્યો નહોય તેમ તે દિસતો હતો.

(અપુર્ણ)

ચરચા પત્ર.

[અમારા ચરચાપત્રીઓ નીચેના નિયમો યાદ રાખશે તો તેઓના પત્રો ઉપર તુરત ધ્યાન મળવાનો સંભવ છે.

૧. કાગળની એકજ બાજુએ લખવું.
૨. અક્ષર ચોખા શાહીથી લખવા.
૩. નામ તથા ઠેકાણું બરોબર લખવા, તે હમેશાં બહાર પાડવા સારૂં નહિ પણ અમારી જાણને સારૂં.
૪. લખાણ હમેશાં ટુંકું અને મુદ્દાસર કરવું.—[અધિપતિ.]

કેળવણી અને તે મધ્યે આપણા આગેવાનોની બેદરકારી.

ડરબન તા. ૮-૧૨-૦૫.

શ્રીયુત ભારત હીતેચ્છુ ઇનડીઅન ઓપીનીઅનના અધીપતી સાહેબ જોગ.

શ્રીયુત ભારતની હાલની દશામાં સંતોષપણે ઉન્નેખ કરનાર મારા મન્ત્રીણ ? પૈસાનો શોખ અને મોજમજામાં મસ્ત થયેલા અમારા આગેવાનો તથા વાચાળોને બદનામીના રૂપમાં જાહેર કરવા માંગી થોડી હકીકતથી ગોનાં મુક ઉડાવતાં અમારા હીંદી તેમાં ખાસ કરી ગુજર આગેવાનો જાણે એક પુરાણી શરાબના અતી ઘણા મદ્યપાનથી બેભાન થઇ સારા નરસા કે સીધા, ઉંધા મારગે ચાલી પોતાની બદનામીના વાવટે પરદેશી હીંદ ભુમીની અતી નાગાણુ અને દેવાળુ હાલતને પાળી આવ્યા કાંઇપણ વીચાર કરતા અસર નહી જણાય તો તેથી શું. તે લોકોથી આફ્રીકા હીંદ પાછા મેળવી શકશે! પોતાની ભર ઉંઘમાં ઉંઘતી અને હલકી પાપ રીએ ઉતરતી જતી દુરમતીનું શું કારણ છે. તેનો તેઓ ખ્યાલ પણ ધ્યાન કરતા જણાતા નથી, બેહજતને ફાળકે ચડી, પોતે નહી પણ પોતાના દેશી રાજવંશીઓને બદ નામ અને જલીલ કરવાનો એનેરઠ આગેવાનોને કેમ વીચાર નહી હોય. તે સમજવું મુશકેલ લાગે છે, પૈસાના લોભી આગેવાનો પોતાને બે ટોકડા વધારે મળવાની આશામાં પોતાની પવીત્ર માતૃભુમીને હલકી ગણાવવા કાંઇપણ કચાસ રાખતા નથી. તે ઉપરાંત પોતે પોતાની નાદાન સમજ અને દુષ્ટ વીચાર રોકી કરી, ગભરુતાના અતી ઉંડા ખાડાના અંધારામાં પડયા પડયા પોતાને ડસવા આવતા ઝેરી સાપની ચમકને ઈશ્વરનુ સ્વરૂપ સમજી તેને આધીન થવા તૈયાર થતાં વીચાર નથી કરતા કે તે આપણો કેવી રીતે બચાવ કરશે. તેજ પ્રમાણે અમેના આગેવાનો અતી જલીલ છુંદગીમાં અભણ હોવાથી અને આર્થીક કે સંસારીક જ્ઞાન માત્ર પણ નહી ધરાવવાથી બહારથી આવતા અનેક શખસો માટે સેંકડો પૈડો એકઠા કરી અંધારા કુવામાં ઝંપલાવી દીએ છે કે જેમાં પાણીને બદલે સાપ વીંછી શીવાય બીજા કોઇનો વાસ જણાતો નથી અફસોસ અને હજાર અફસોસ સાથે અમારે જણાવવાની ફરી જરૂર પડે છે. તેવા બેશરમાળાની ઉપરાણીઓમાં સેંકડોથી હજારો પૈડની સંપત્તાબંધ મોટી રકમો એવા કાળા કુવાઓમાં નાંખવાને પોતાનું કરતવ્ય સમજે છે. ભાઇઓ તેનું કારણ શું ? તે સમજવામાં તમોને જરાપણ મોભકું પડશે નહી જે અભણતા અને અજ્ઞાનતાએ લોકોના વારસામાં આવેલી તેજ પાછી પોતાના કુટુંબના વારસા તરીકે અનામત રાખવા બનતી કોશીશ કરવી તેજ તે લોકોની ફરજ હોય એવું સ્પષ્ટ રીતે જાહેરમાં મુકાએલું દેખાય છે. તમો પુછશો તે પહેલાં હું જણાવી દઉં છું કે તેવા આગેવાનો બીલકુલ અજ્ઞાન છે જેઓ જાહેરમાં મોટા વાચાળો કરી ખરા પૈસાનો ખોટો ઉપયોગ કરનારા અમારા ગુજરાતી ભાઇઓજ છે, જે લોકો પોતાના કુમળા દીલવાળા અને ભણવાની લાયકાત ધરાવતા કોમળ ગુલાબની કળી જેવા રૂપના પ્રવીણ બાળકોને પોતાની છુંદગી સુધારવા માટે કંઇપણ સાધન ધરાવતા નથી, તેઓ સમજે છે કે અમારા બાળકો ક્ષમીઓ સુધી હોટલવાળા મવાલી કરી પોતાના સુખ માટે

નીરવાહ કરશે, પણ તે એવકુફોને ક્યાં ખબર છે કે તેઓ પોતાની પાછળ ઉછળતા ગુલાબની કળી સરખા પોતાના સ્વદેશી બાળકોને કે ગુલાબના છોડવાને બદલે બુવરના કાંટા ઉપર સુવાની કોશેશ કરે છે. અગર એમ કહીએ કે તેઓના રસ્તામાં કુવા ખોદી તેમાં કાંટાની જાળ બીછાવે છે અગર તેઓને ખરાબ રાહે ચાલવાનો રસ્તો પોતે માબાપેજ શોધી કાઢેલો છે. તે સરવે ફળ કેવું ફક્ત કેળવણી પ્રત્યેની બેદરકારીનું.

શું અમારા આગેવાનો પોતાના જુના ખ્યાલો અને નીમ મુલ્લાં ખાતરએ ઇમાનના મસલાની ગેરસમજુતીના અંધારામય ખ્યાલે પોતાને સુધરવા વીચાર રાખતા નહી હોય.

હું નથી સમજી શકતો કે કોટ પાટલુન પહેરવાથી કયુ જગ્યાએ કાફર થવાનો મસલો લખાયલો છે, તેમ હું એ પણ નથી સમજી શકતો કે વ્યાજના નાણે મસજદ બનાવવી. હરામ ગોશનો વેપાર કરવો. સાહેબે માલને જકાત કે ખેરાત આપવી, વ્યાજ લેવું કે દેવું. ખુદ નબી પોતાની સરકારને ઠગવી તે કઇ આયત યા હદીસમાં લખયુ કરી ફરમાન આપેલું છે તેના હકને હક સમજાવનારૂં તમારી પાસે કયું સાધન છે, ફક્ત જેહાલત, પણ આવા જાહીલો વીચાર કરતા નથી કે અમે તો કબરમાં પગ લટકાવી બેઠા છીએ પણ અમારી પછાત આવનારી અમારી ઓલાદને સારે રસ્તે ચાલવાની કોશીશ કરીએ, કે તેઓને કેળવણી આપવી તે લોકોના ઇસલામી ફરમાનની પહેલી ફરજ છે. અફસોસ કે પોતાના ફરજને છોડયું તે ઉપર અમારૂં કહેવું નથી, પણ પોતાને લાગતી વારંવાર કોક રેમાં ઝપલાઇ હાથ પગ તુટી જતાં પણ સમજતા કે ધ્યાન આપતા નથી, તેઓના હકો કેમ ગયા તે શું જાણતા નથી. સરકારમાં તેઓની ઇજ્જત કેમ નથી તેથી શું તેઓ વાકેફ નથી. ઇનસાફી રાજ્યના મોટા અવાજે સુબો પાડે છે કે તમો નવા સુધારાને પોતાને માટે યોગ્ય ગણો તમો સારી કેળવણી લઇ લાયક થાઓ. જેવી રીતે અમો વરતીએ છીએ તેવીજ રીતે તમો પણ વરતો જે નીયમો અમે પાળીએ છીએ તે નીયમોને તમો પણ અનુસરો, તમારામાંથી લાયક નરો પેદા કરો, તો તમો હક માંગતા અને આવી હક લેવા માગો અગર બંગીઓને અમારી ખુરશી ઉપર અમારી સાથે બેસાડવા માંગો તેમાં તમો ફાવશો નહી તેમ નથી પણ તમો પણ બંગી જેવાજ ગણવામાં આવશો. આજે તમો નાદાન બની લોકોને કહો છો કે અમોને સુધારાનો રસ્તો બતાવો અમારી ગએલી ઇજ્જત પાછી મળવાનો પ્રયત્ન બતાવો પણ સમજતા નથી કે તમો શું બાળક છો. નહી પણ તમારા બાળકોને કેળવવા પ્રયત્ન કરો. જેમ હજારો પોંડ ખરચ હાજી સૈયદ સાહેબ, મૌલવી સાહેબ, બીબાજી સાહેબના ઉપરાણામાં આપો છો, તેજ હજારો પોંડનું ફંડ ભેગું કરી પોતાના કુમળી કળી જેવા નીરદોસ બાળકોને સારી કેળવણી આપવા પ્રયત્ન કરો બહેતર છે કે "પરના ઉકરા પછી ચાટે અને ઉપાધ્યાને આટો આવે" તેજ લોકો તમો છો. આજે તો તમારા માટે શખતાઇનાજ ઉપાયો લેવાય છે, હવે તો તમને આઠીથી ઘણી ભુકવામાં આવશે, તો કાંઇ અજબ વાત નથી. કારણ કે તમે પૈસાના પુજારી છો પૈસા આગળ પોતાની ઇજ્જતનો કંઇ હીસાબ ગણતા નથી. જો તમો ભણેલા હોત તો તમને સમજ પડત કે ઇજ્જત શું ચીજ છે, પણ તમે સમજો શું જે સમજવાનો દાવો છે તેથી તમે હજારો ગાઉ દુર પડેલા છો અને જ્યાં સુધી તમો તે દીવાની રોશનીને મેળવવાની કોશીશ નહી કરો ત્યાં સુધી તમે કોઇ કાળે પણ ફાવી શકશો નહી. એક તરફ જપાનીઓના પ્રાક્રમે તમારી આંખ ઉઘાડી નહી. તેમ અફસોસ કે બંગાળાના મહાન પ્રાક્રમો તમો વાંચવા તો શું પણ જાણવા છતાં આળસ ઉડાળતા નથી તો તમારૂં પરીણામ શું થવાનું. તેનો એક નાદાન માણસ પણ તુરત ખ્યાલ કરી લેશે.

તમને કયાં યાદ છે કે ગઈ કાલે પરદેશી જપાનીને અંગુઠાનું નીસાન કરતાં જે બોલવું પડયું તે બદલ હાઇ કમીસરે બતાવેલી હીકમતી એને મઢેની માફીનું કારણ શું તે ફક્ત કેળવણી અગર તે જપાનીમાં પણ તમારા જેવીજ કેળવણી હોત તો તે પણ મુંગે મહોડે બેસી રેહત, અને જો તમારામાં કેળવણી હોત તો આજે તમારે ઉઠાવી પડતી હાડમારીનો તમો પણ તેવીજ રીતે તાબડતોબ અંત લાવત પણ શું કરવું આપણું નાણું ખોટું તો પરખનારનો શો દોષ.

સી. "તુરકી."

ટ્રાન્સવાલની જમીન સારૂ ફંડની જરૂર.

મહેરબાન ઈંડીયન ઓપીનીયન પત્રના અધીપતી સાહેબ જોગ.

સલામ સાથ લખવાનું કે આપણા લોકોની જમીન ટ્રાંસવાલમાં છે. તે આપણા સ્વદેશીઓના નામ ઉપર ટ્રાન્સફર થતી નથી. જે સંબંધે ટેસ્ટ કેસ કરવાનો મારો વીચાર છે. અને તેમાં ખરચાની પુરી મદદ હોય તોજ બની શકે, અને તેવી મદદ મેળવવા બાબત મારો મત એ છે કે ટ્રાંસવાલમાં વસતા અને જમીનની માલીકી ધરાવનારા આપણા સ્વદેશી ભાઈઓ પોતાની જમીનની કીંમતના પ્રમાણમાં સેંકડે ટકો એક કાઢે તો કુલ સરવાળે સારી રકમ થઈ શકે. અને ટેસ્ટ કરવાની હીમત ઘણી સારી થાય. જમીન ટ્રાન્સફર ન થવાના કારણથી જે લોકો હીમત હારી બેઠા છે, તેઓએ નારાજ ન થતાં આ કામમાં સામેલ થઇ મદદ અવશ્ય આપવી જોઈએ. કારણ જે કોઈપણ કામ ખરચો કર્યા વીના તો થઇ શકતુંજ નથી. તેમજ પુરતો પ્રયાસ કર્યા વીના ફતેહમંદીથી કામ પાર ઉતારવાનું પણ બનતું નથી. જમીનના પ્રમાણમાં સેંકડે ટકો એક કોઇને વધારે પડતો લાગે તેમ હોય તો મહેરબાની કરી જણાવશોજી અને તે બાબતમાં કોઈ પણ ગૃહસ્થ પોતાનો મત જાહેર કરી જણાવશે તો આભાર સહીત ધ્યાન દઈ શકાશે પણ મને તો એમ લાગે છે કે ઉપર પ્રમાણે જો ફંડ ભરવામાં આવે તો ઉપર જણાવેલા કામનો અંત આણવા સારૂ છેવટ સુધી લડીને લંડન પ્રીવી કાઉનસીલમાં જવું તો ફાવીશું. કારણ કે કાફરાઓ આપણા કરતાં કાળા છે અને તેમના કરતાં આપણે વધારે ગોરી હાલતમાં હોઈએ તેવું ખાતરી સરકાર જોઈ શકશે નહી. અને મને એમ લાગે છે કે કયું કાયદો છે તેમાં એમ નથી કે અમુક કોઇને હક આપવો ને અમુકને નહી. પણ આતો દેખીતુંજ છે કે "દુરે તે ચરે ને બાંધ્યો ભુખે મરે." ઈંડીયામાં પણ જગ્યે જગ્યોએ આ વાતના હેંડબીલો છાપી મોકલવાં. તથા કલકતા, મુંબઇ અને મદ્રાસ વગેરેમાં વકીલો રાખીને ત્યાંની સરકારમાં આપણી બાબત પુરી ચરચા થવી જોઇએ. આપણા લોકોની ટ્રાંસવાલમાં આટલા પાઉંડની કીંમતની જમીન છે. અને તે જમીન આપણા લોકોના નામપર થઇ શકતી નથી. જેથી તેનો જે ઉપાય વાજબી લાગે તે લેવા જોઇએ અને તેમાં પણ અવશ્ય કરીને પૈસાની મદદ તો પહેલી જોઇએ. આવી બાબતોમાં કેટલાક ભાઇઓ આંખ આડા કાન કરી જાય છે. અને હીંમત હારી જાય છે તેઓએ ધ્યાનમાં લેવાનું છે કે "કોઈ કરે કામ ને કોઈ ભરે સલામ" એટલે કે પ્રથમ તો ખરચ કરવાનું હોય છે અને ફળ ત્યારબાદ મળે છે.

આ સબંધના મારા મતને મળતા જે ભાઇઓ થશે અને જણાવશે તેમજ વધારે જરૂરની સુચના આપશે તો તેઓ ગૃહસ્થનો ઘણોજ ઉપકાર થશે. મારી જમીન સ્ટાંડરટનમાં છે તે ઘણાં વરસથી મારી પોતાની માલીકીની છતાં મારા નામપર થઇ નથી. જેની ફીકરમાં દેશ મુકી અહે આવેલો છું. અને રાત દીવસ એજ વીચારમાં છુ કે જ્યાં સુધી જમીન પોતાના નામપર નથી ત્યાં સુધી તેપર ખરચેલી તમામ રકમ જોખમમાંજ છે. એટલે આ બાબત મારા એકલા માટેજ નહી, પરંતુ આપણા સરવે લોકોને આવા જોખમમાં રાખનાર કાયદા સામે બનતા ઈલાજો અવશ્ય લેવાજ જોઇએ. કેમકે તોફાનમાં સપડાયલા એકજ જહાજપર આપણા સર્વ દેશી ભાઈઓ સ્વાર છે. જે વધારે ભીતાકારક છે.

ઉડીઆની અંદર એ વીષે અનેકવાર પત્રોની અંદર આર્ટીકલો મોકલી ત્યાં વસતા આપણા દેશીઓની લાગણી આ વાત-ઉશ્કેર થઈ છે. તેમજ નેશનલ કોંગ્રેસમાં પણ ઠેરાવ મુકેલો છે. પણ અફસોસ તેવું એ

છે કે એ બાબત આજ સુધી કાંઇપણ ઈલાજ લેવામાં આવ્યો નથી. પણ આપણા અત્રેના આગેવાન મી. મોહનલાલ કરમચંદ ગાંધી એ વીષે સલાહ આપશે. તેમજ ઉપાય લેશે. આર્ટીકલો નાંખીને નામ પ્રસીદ્ધ કરવું એમ બોલનારા પણ ઘણા છે. પણ આ બાબતે મારો એવો હેતુ નથી. આપણે સંકટમાં છીએ તે સંકટનું વાદળ દુર કરવા આપણાથી બને તેવા ઇલાજો લીધા વગર છુટકો નથી. તેમ અમથા આર્ટીકલ નાંખી માથાફોડ કરવાનું નથી. એટલે આ કામનો ઇલાજ લેવા જે ભાઇઓ તૈયાર થશે, અને ફંડ ઉઘાડશે કે જે ફંડની મદદ વડે આપણે આપણા પોતાના નામપર જમીન ટ્રાન્સફર કરવા માટેનો ટેસ્ટ કેસ કરી શકીએ, તે ગૃહસ્થોનો આપણા સર્વ સ્વદેશીપર આભાર થશે. સદરહુ ફંડ તૈયાર થઇ શરૂ થાય તો તેમાં પોંડ ૧૦૦ સો આપવા માટે તૈયાર છુ. એટલે જે ભાઇઓ તરફથી આ ફંડ શરૂ કરવામાં આવે, અને આ ઉપાય પસંદ કરતા હોય તે ભાઇઓએ જવાબ આપવા મેહેરબાની કરવી એજ.

તા. ૧૧-૧૨-૦૫, સ્ટાંડરટન.

લી. સેવક,
ઇસા હાજી સુમાર.

નાદારી કોર્ટની નોટીસો વિગેરે.

ન્યુજરમનીના મહમદ ઇબ્રાહીમ આવાની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણદારની ખાસ મીટીંગ તા. ૯ જાન્યુઆરીના રોજ ડરબનના મેજીસ્ટ્રેટની કોરટમાં મળશે.

ડેંગાટના અલી કાસમની નાદાર મીલકતના સંબંધમાં તેના લેણદારની મીટીંગ ડરબનના માજીસ્ટ્રેટની કોરટમાં તા. ૯ જાન્યુઆરીને રોજ ૧૦ વાગે મળશે.

ડરબનના મુસા હુસેને પોતાની એસ્ટેટ એસાઇન કરેલ છે. તેના લેણદારની મીટીંગ તા. ૯ મીના રોજ મેજીસ્ટ્રેટ કોરટમાં મળશે.

ડરબનના પારસી કાવસજીની નાદાર મીલકતના સંબંધમા તેના લેણદારની મીટીંગ તા. ૯ મી જાન્યુઆરીને રોજ ડરબન મેજીસ્ટ્રેટ કોરટમાં મળશે.

નવા સમાચાર.

રૂટરનો તાર આવ્યા છે તે ઉપરથી જણાય છે કે હિંદુસ્થાનના દેશી લશકરમા પણ ખળભળાટ થઇ રહયો છે. તાર ટુંકા છે એટલે સઘળા ખબર સમજાતી નથી તો કે અમે અનુમાન કરી શકીએ છીએ કે હિંદુસ્થાનમાં કોઇ લશકર જગાડવાની આ એક કોઠી છે: એવી અફવા અમારા માનવામાં આવતી નથી: જો દેશી લશકરમાં લાગણી ઉશકેરાઇ હોય તો તેના કારણો હોવા જોઇએ પણ તે માલમ પડતા નથી એટલે આગલી રાજનીતીપર વીચાર કરતાં, અમો ધારીએ છીએ તેમ ગોરું લશકર વધારવાને કોઇ લાગતા વળગતાએ આ ગપ ઉડાવી છે.

ડરબન ઝોરાસ્ટ્રીઅન અંજુમનના સેક્રેટરી ઓ લખી જણાવે છે કે પોરબંદરવાળા ફેખશરૂ ડાક્તરના પુત્ર ફ્રીરજી ફેખશરૂ તા. ૨૯ મી નવેમ્બર તે શરોસ રોજ ખુરદાદ મહીનો સ્ફંદેરમદ ૧૨૭૫ને દીને વાંદાબેંક મધ્યે હુક થયા છે.

જાણવા જોગ હકીકત.

સ્ટારના સપ્તાહિક અર્જીમાંથી અમે નીચેનો ઉતારો કરીએ છીયે.

લેટયુસની અસર તંતુઓને થંડક આપનારી છે એટલે જેઓને ઊંઘ ન આવે તેણે તેનો ઉપયોગ કરવો.

ટમાટોની અસર કલેજાં ઉપર થાય છે તેથી કલેજાંના દરદમાં ઉપયોગી છે. સેલરી તથા કુંજળી તે તંતુઓને જાગ્રત કરે છે.

પોરબંદરની સીધી સ્ટીમર.

સ્ટીમર ખુદેસરાય અહીંથી તા. ૧ લી જાનેવારીએ ઉપડશે તે પોરબંદર થઇ મુંબઇ જશે વાસ્તે પોરબંદર તથા કાઠીયાવાડ જનારાઓએ તૈયાર થઈ રહેવું હવે પછી પોરબંદર જવાની તક મળશે નહિ. વધારે વીગત ઓસમાન અહમદ પી. ઓ બોક્સ ૧૨૬ માં પુછવાથી મળશે.

પ્રીટોરીયા હિંદુ સ્મશાન ફંડ.

મે. ઇ. ઓ. ના અધિપતિ સાહેબ.

પ્રીટોરીઆ હિંદુ સ્મસાન ફંડમાં આવેલ પૈસાની યાદી આપના માનવંતા પેપરમાં છાપી આભારી કરશો.

મણીભાઈ લાલભાઈ, | ચુનીલાલ ઉજમશી,
દેસાઈ, ટ્રેઝરર. | શેઠ, સેક્રેટરી.

પ્રીટોરીયા હિંદુ સ્મશાન ફંડ.

પ્રીટોરીયા તા. ૧૬ મી. ડીસેમ્બર ૧૯૦૫

મી. ચુનીલાલ ઉજમશી શેઠ.	૩	૦	૦
,, મણીભાઇ લાલભાઇ દેસાઇ.	૨	૧૦	૦
,, જગા રતનજી મુખાર.	૧	૦	૦
,, લલુ વીઠ્ઠલ દરજી.	૦	૧૦	૦
,, ભુલા ભાણા કાછી.	૦	૫	૦
,, જાલા નથુ મેસ્ત્રી.	૦	૧૧	૦
,, કાલીદાસ મુળજી સોની.	૦	૭	૬
,, વલભ નીઝા કુંભાર.	૦	૨	૬
,, મકા મોરાર.	૦	૫	૦
,, વસન રણછોડ.	૦	૫	૦
,, વાઘા ડાહ્યાની વીશી.	૦	૪	૦
,, લલુ પ્રાગ.	૦	૩	૦
,, માવજી લખા.	૦	૫	૦
,, મકન છીબા.	૦	૫	૦
,, ડાહ્યા હરીભાઇ પટેલ.	૦	૫	૦
,, રૂગનાથ નથુ ધોબી.	૦	૫	૦
,, રામા સીદીબા મોચી.	૧	૦	૦
,, છગા ડાહ્યા.	૦	૭	૬
,, માધવજી ભોલા મોચી,	૦	૭	૬
,, જેરામ જીવણ.	૦	૧૫	૦
,, મોતી રઘા પટેલ.	૦	૧૦	૦
,, ધના નારાણ.	૦	૨	૬
,, જેઠી ડાહ્યા.	૦	૩	૦
,, કાલા મકન.	૦	૫	૦
,, ભગા વલભ.	૦	૨	૬
,, ડાહ્યા દયાળ.	૦	૨	૬
,, કાકુ નરસી.	૦	૨	૬
,, કારા જીવણ ધોબી.	૦	૧૦	૦
,, નારાણ અમરશી.	૦	૧૦	૦
,, લક્ષ્મીદાસ ધરમશી.	૦	૫	૦
,, રામા દુલભ.	૦	૮	૦

અધુરૂ

ગુજરાતમાં આવેલ ડાભેલમાં મદ્રેસાના ફંડમાં ભરાએલા નાણા.

જરમીનસ્ટન.

મી. હસન ઇબરાહીમ.	૭	૧૦	૦
,, મહમદ ઇબરાહીમ લીલા.	૨	૧૦	૦
,, બીલાલ હસન.	૦	૧૦	૦
,, અબરામ ફકીર.	૦	૧૦	૦
,, એસ. પી. નેકુ.	૦	૫	૦
,, બાબર નાના.	૦	૫	૦
,, ઇસપ આદમ નાના.	૧	૧૦	૦
,, આકુજી અહમદ સીદાત.	૦	૧૫	૦
,, મુસા અબરામ ,,	૦	૫	૦
,, મુસા અબરામજી.	૦	૩	૦
,, હસન અસમાલ.	૦	૨	૬
,, વરાન ખુસાલ દેસાય.	૦	૫	૦
,, આકુજી અસમાલજી.	૦	૧૦	૦
,, મુસા કારા.	૦	૫	૦
,, અમેજી હસન.	૦	૫	૦
,, હસન મુસા.	૦	૨	૬
,, ઈસમાઇલ અમેજી હલમ.	૦	૫	૦
,, મુસા યુસપ.	૦	૭	૬
,, અમેજી અહમદ.	૦	૫	૦
,, અબરામજી અસમાલજી.	૦	૧	૦
,, હસન અહમદ.	૦	૫	૦
,, ઇબરાહીમ અમેજી.	૦	૧૦	૦
,, ઇસમાઇલ ઇબરાહીમ.	૦	૫	૦
,, આદમ અહમદ ભેંસી.	૦	૫	૦
,, ઈસપ ફકીર.	૦	૫	૦
,, ઇસમાઇલ અહમદ.	૦	૫	૦

इन्डियन ओपिनियन.

पुस्तक ३. फीनिक्स, नाताल—शनिश्चर, ता. २३ वीं डीसम्बर, १९०५. नम्बर ५१.

इन्डियन ओपिनियन.

शनिश्चर, ता. २३ वीं डीसम्बर, १९०५.

गत मेल स्टीमरमें एस. एस. पत्थरका पुत्र रतनम् पत्थर इंग्लान्ड तरफ रवाना हुए हैं. वहां आपकी इच्छा विद्या सम्पादन करनेकी है.

दक्षिण आफ्रिकामें मुसलमान भाइयों तरफसे हीजाज रैलवे फन्ड जारी किया गया है. जिसमें ६३५ पौन्ड वसूल हो चुका है.

ट्रान्स्वालमें हिन्दीयोंको परमिट देनेमें बडी अदलबदल हो गई है. परमिट आफिस जोहानिस्बर्गमें जारी है, जिसका कबजा कोलोनियल आफिसको सौंप देनेका लार्ड सेलबोर्नने हुक्म किया है.

प्रोफेसर परमानन्दजी गत ता० १४ वीं गुरुवारको मेल स्टीमर "ग्रीटन" द्वारा पोर्ट इलीझाबेथ पधारे. वहांसे आप इंग्लान्ड जायेंगे, और अमेरीका भी जायेंगे. आशा है, कि आप इंग्लान्ड जाकर हिन्दवासियोंकी तकलीफें विलायतवासियों पास जाहिर करेंगे.

ट्रांस्वालके सरकारी गेझटमें रैलवेके मुसाफिरोंके लिये कानून प्रकाश हुआ है. उसमें कहा है, कि मुसाफिरोंको एक गाडीसे दूसरी गाडीमें बैठानेका अधिकार स्टेशन मास्टर, गार्ड वगैरह अफसरोंको दिया गया है. ऊंचे दरजेका टिकटवाले मुसाफिरोंके लिये बैठक न होवे, तो नीचे दरजेकी गाडीमें बैठा सकें. कदापि ऐसा हुआ, तो जो भाडा दिया होवे उसमेंसे थोडा पीछा मिलेगा. किसी मुसाफिर उस आज्ञाका भंग करे, तो २ पौंड जुर्माना और ७ दिनकी जेल है.

नाताल सनातन धर्म्म सभाकी ओरसे गत ता० १७ वीं रवीवारको डर्बनमें आये हुए श्रीलक्ष्मीनारायणके मन्दिरमें एक सभा जमा हुई थी. प्रमुखस्थान मि० आर. एम. सोलंकीको दिया गया था. श्रोतायोंकी भीड भली जमा हुई थी. प्रथम नियम कर्म किया गया, और प्रमुखकी आज्ञासे मि० तुलजाशंकरने "धर्म्म" विषयपर व्याख्यान दिये. बाद मि० सोलंकीने और मि० शेलटने व्याख्यानपर अच्छा विवरण किया. मि० शेलट जब व्याख्यान दे रहे थे, तब श्रोतायोंकी दृष्टी उनकीपर ठेर रही थी और एकतार हो गये थे. इसबार मि० शेलटने अपने व्याख्यानसे स्वदेशाभिमानपर श्रोतायोंको अच्छी तरहसे प्रेममय बनवाया था और जिसकी असर श्रोतायोंपर बहुत फैल रही थी. अन्तमें ईश्वर स्तुति करके सभा विसर्जन हुई. हर्षका विषय है, कि सभामें दिन प्रतिदिन अधिक आदमियों जमा होते जाते हैं.

पाठकगणोंको मालुम होगा, कि आज प्राय: छ: महीने पहिले क्लेनफोन्टीन नामे स्थानमें एक हिन्दुस्थानी आदमीको चीना कूलियोंने जानसे मार डाला था. उन कूलियोंको ट्रांस्वालकी गर्दीस कचहरीसे फांसीकी आज्ञा मील गई. उसी स्थानमें गत ता० १५वीं शुक्रवारको फीर भी चीना कूलियोंने आक्रमण किये. इस समय एक मदरासी आदमीका जान गया. कहते हैं, कि कुछ चीना कूलियों मिलकर इस अभागी मदरासीकी झोंपडीका दरवाजा तोडकर भीतर घुसे और लकडोंसे पीटकर बेहोश कर दिया. बेचारेका कोट उठाकर चलते हो गये. जिसमें कुल जमा ४ पौन्ड और पांच शिलींग था. इस खबर पैनेनीके पुलीस स्टेशनपर दिया जानेसे घायल हुए आदमी, जिसका नाम रामसामी था, उनको दवाखानामें ले गये. यह मदरासी अधिक मार पडनेसे दुसरी सबेरे मर गया. पुलीस तहकीकात कर रही है. लेकीन अबतक कोइ चीना पकडा नहीं गया. ट्रांस्वाल सरकारसे हमारी प्रार्थना है, कि इस बारेमें तहकीकात करके बन्दोबस्त करना चाहिये और हिन्दुस्थानी आदमियोंको चीना कूलियोंके जुलमसे बचाना चाहिये.

बम्बईसे रुटर तारद्वारा खबर देता है, कि पुनामें प्रकाश होते "कालपत्र" नामे समाचारपत्रके सम्पादकको गिरफ्तार किया गया है. देखते हैं, कि फल क्या आता है.

रुटरका तार आया है, कि हिन्दुस्थानके देशी सैन्यमें खलबल पड गई है. तारमें विशेष खबर दी नहीं गई है. इसलिये हमें यह बारेमें अधिक नहीं कह सकतें.

बिदेश वर्तमान.

स्वदेशी हलचलके निमित हिन्दुस्थानमें कई कई शहरों और नगरोंमें स्वदेशी चीजों की दुकानें स्थिर की गई है.

बिहार प्रान्तमें आये हुए छपरा शहरमें एक संस्कृत पाठशाला स्थापन की गई है. क्रियाके समय समस्त गामवासियों भारी उत्साहके साथ उपस्थित हुए थे.

हिन्दुस्थानके अखबारोंसे मालुम होता है, कि राजपुताना और अजमेर तरफ फिर अकाल आपहूंचा है. खेती बीलकुल नष्ट हो गई. आदमी और जानवर भूखे मरते हैं. अकाली आदमियोंको बचानेके लिये क्रिश्चियन मीशन और आर्य्य समाजने कम्मर बान्धी है.

हिन्दुस्थानमें हिन्दी भाषाकी उन्नती करने पर अब बडा प्रयास चल रहा है. इनका प्रथम प्रबल संयुक्त प्रान्त हीमें था. परन्तु अब बंगाल तरफ बढ रहा है. इस जागृती मध्य प्रांतमें भी अब उजय दे रही है. समाचार मीला है, कि इसी कार्यके लिये छोटानागपुरमें "हिन्दी गोष्टी" नामे सभा स्थापन हुई है.

नामदार प्रिन्स आफ वेल्सने बम्बईवाले मि० करीमभाइ इब्राहीमको और मि० हासुन जे. देसाईको "सर नाइट" का खिताब और बम्बईके पुलिस कमिशनर मि० एच. जी. जेलको "मेम्बर आफ धी रॉयल विक्टोरियन आर्डर" का खिताबसे विभूषित किया है. यह तीनो महाशयों अपने अपने उत्तम कार्यके लिये खिताब पाये गये हैं.

रावलपीन्डीकी सनातन धर्म्म सभाके सभापति पन्डित गुलाबचन्द लिखते हैं, कि कुछ समय पहिले मुकुन्दराम नामे ब्राह्मणने मुसलमानी धर्म्म अंगिकार कर लिया था. अब वह सनातन धर्म्म सभा तरफसे शुद्धि पा गया है. शुद्धिके समय बहुत हिन्दुगण जमा हुए थे और सब कोईने मुकुन्दरामके हाथसे गंगाजल ग्रहण किया. यह दुसरी शुद्धि है, पहिलेभी सनातन धर्म्म सभाने किया है.

இந்தியன் ஒப்பினியன்.

புஸ்தகம் 3.] நெட்டால் பீனிக்ஸ், 1905௵ டிசம்பர்௴ 23௳ சனிக்கிழமை. [இலக்கம் 51

இந்தியன் மெயில்.

ஜெர்மன் கம்பெனிக்கப்பல் [illegible].

டிசம்பர்௴ 27௳ புதன்கிழமை. இக்கப்பலில் [illegible].

இந்தியா ஆப்பிரிக்கா லைன்.

[illegible] புறப்படும்.

மெயில்கள் [illegible] போகும்.

[illegible].

"இந்தியன் ஒப்பினியன்"

1905௵ டிசம்பர்௴ 23௳ சனி.

இந்தியா போர்ச்சேவகர்கள்.

இந்தியா சேனுவீரர்களில் தங்களுக்குள் சில அதிருப்தி மேலிட்டு பட்டாளத்தில் ஒருவருக்கொருவர் சண்டைசெய்துக்கொண்டு விலக நாட்டமாயிருக்கிறதாக 'ரியூட்டர்' நிருபகேசர்களால் எழுதப்பட்டிருப்பதைப் பார்க்கிறோம். என்றாலும் தந்திசமாச்சாரம் சுருக்கமாக இருக்கிறபடியால் எங்களுக்கு அதின் முழுவிஷயமும் தெரியவில்லை. ஆகையால் இந்த சங்கதி எங்களுக்கு முற்றிலும் பொய்யாகத் தோன்றுகிறது. அப்படியே சேனையில் ஏதேனும் மனக்கலக்கம் சேரிடுமாகில் அதைப்பற்றி பிரிட்டிஷாருக்குத் தெரியப்படுத்தவேண்டியது. என்ன சுய அரசாளில் இப்படிக்கான விஷயங்கள் நடந்ததுமில்லை, ராஜசமூகம் எட்டினதுமில்லை. ஆகையால் பிரிட்டிஷ் சைன்னியத்தை அதிகரிக்கச்செய்ய 'ரியூட்டர்' தெரிவிக்கவேண்டியது.

திரான்ஸ்வால் சீனர்களின் குரூர செய்கை.

சிலதினங்களுக்குமுன் திரான்ஸ்வால் பொன்சுரங்கங்களில் வேலைபார்த்துவரும் சீனகூலியாட்கள் சில ஐரோப்பியர்களை கொலைபுரிந்தார்கள். அதுவுந்தவிர, சென்ற 15௳ வெள்ளிக்கிழமை இரவு இராமசாமி என்பவனுடைய வீட்டுக்குப்போய் கதவை உடைத்துக்கொண்டு உள்ளே பிரவேசித்து ஷை இராமசாமியை அடித்துக்காயப்படுத்திவிட்டு பிறகு வீட்டுக்குத்திரும்பும்போது அவன் சட்டைப்பையிலிருந்த நாலு பவுன் ஒரு கடிகாரமும் திருடிக்கொண்டு ஓட்டம்பிடித்தார்கள் அதன் பிறகு போலீசாருக்கு சங்கதி எட்டி, போலீசார்வந்து பார்வையிட இராமசாமி படுகாயத்துடன் அந்தகாருத்திலிருந்தான். இவனை மருத்தவசாலைக்குக் கொண்டுபோனார்கள். சிலநாளைக்குள் மருத்துவசாலையில் அதே அவஸ்தையிலிருந்து இறந்துவிட்டான். கொலையாளிகள் இன்னும் பிடிபடவில்லை. ஆகையினால், இந்தியர்களுக்குப்பலதடவைகளிலும் சீனர்களால் குரூர ஆபத்து சம்பவிக்கிறபடியால் நம்மைசரியாகப் பாதுகாக்கும்படி திரான்ஸ்வால் கவர்ன்மெண்டாருக்கு அவசியம் தெரிவிக்கவேண்டியது.

கைத்தொழிற்சாலை.

சுதேச உத்தியோகம்.

இந்தியா, குஜராத், கடியா என்னும் கிராமத்தில் ரங்காலால் விட்டல் லால்ஜீ என்பவர், நாம் தம் காலம் உபயோகிக்கும் 'கண்டென்ஸ் மில்க்' என்னும் டின் பாலை உற்பத்திசெய்வதற்காக ஒரு சாலையை திறந்திருக்கிறார். மிஸ்டர். ஹரி சங்கர காண்டேகர் என்பவர் வெங்குர்லா என்னுமிடத்திற்குச் சமீபத்தில் 'காண்டல்' மெழுகுவத்தி சாலை ஒன்றை ஏற்படுத்தியிருக்கிறார். கோவாவுக்குச்சமீபத்தில் டிச்சோலி என்ற கிராமத்தில் குயவன் ஒருவன் அந்த இடத்தில் நல்லமண் இருக்கக்கண்டு, பலவகையான மண்பாத்திரங்களை உற்பத்திசெய்ய ஒரு கட்டிடத்தைஸ்தாபித்து வேலை நடத்திவருகிறான்.

சுயவாஞ்சையில்லாத ஒரு இந்தியன்.

சிலதினங்களுக்குமுன், உசேன் என்னும் ஒரு இந்தியன் ஒருகால் சார்லிஸ்டவுனுக்குச் சமீபமாகப் போய்க்கொண்டிருக்கையில் ரஸ்தாவில் கிடந்த 35 பவுன் செக்கு ஒன்றை கண்டெடுத்தான். அது இன்னதென்று தெரியாமல் அதை வேறொரு இந்தியனிடம் கொண்டுபோய்க்காண்பித்து இது என்னவென்று கேட்டான். அவன், இதுவொரு 35 பவுன் செக்கு, இதை டர்பனுக்குக்கொண்டுபோய் பாங்கியில் மாற்றிக்கொள்ளலாம் என்றான். [illegible] செக்கை எடுத்துக்கொண்டு டர்பனுக்கு வந்து பாங்கிக்குப்போய் செக்கை கொடுத்து பணம் கேட்டான். பாங்கிக்காரர் சந்தேகித்து அவனை போலீசாரிடம் ஒப்புவித்தார்கள். கோர்ட்டார் விசாரிக்கையில் தன் அறிவுகெட்டத்தனம் [illegible]. [illegible] கோர்ட்டார் அவனுக்கு இரண்டு வருஷம் சிறை விதித்தார்கள்.

பங்காளமாகாணத்தில் பங்காளியர்கள் தங்கள் நாட்டை இதுகாலம் ஆங்கிலேயருக்குக்கட்டுப்பட்டு நடத்திவந்ததை எல்லாம் நீக்கி இப்போது தங்கள் இஷ்டப்பிரகாரம் புதுப்பித்து நடத்த யோசனைசெய்கிறார்கள். பங்காளியசிறுவர்களுக்கு சர்வகலாசாலையைப்பற்றிப் பழக்கமில்லாவிட்டாலும் தங்கள் இஷ்டம்போல் தங்கள் தேசத்தை நடத்திவரவே பிரயத்தனஞ்செய்கிறார்கள்.

சென்ற ஞாயிற்றுக்கிழமை ஜொஹானஸ்பர்கில் மி. டெலை என்பவர் வீட்டில் ஆரியசமாஜ சங்கம் ஒன்று கூடினார்கள். இந்த சங்கம் வாரந்தோறும் நடைபெறும்.

இந்தியா, பூனாதேசத்தில் 'காள்' என்னும் பத்திரிகையின் பத்திராதிபர், ஆங்கிலேய கவர்ன்மெண்டாரை பலமாக தூஷித்து தன் பத்திரிகையில் பிரசுரித்திருந்தமையால் கவர்ன்மெண்டாருக்குத்தெரிந்து, அப்பத்திராதிபர் இராஜதுரோகத்திற்காக அவரைச் சிறைப்பிடித்தார்கள்.

வித்வான் பரமானந்தர் இங்கிலாந்திற்குப் பிரயாணமாகிவிட்டார். இவர் போர்ட்எலிஸபெத், கேப்டவுன் துறைமுகங்களில் இறங்கி அங்கு இரண்டொருநாளிருந்து புறப்படுவார்.

***

சீனதேசத்திலுள்ள சிறுவர்கள் ஜப்பானுக்குப்போய் அங்கு மிகவும் கவலையோடு இருந்து இராஜாங்க முறைமையும், அநேகமான கைத்தொழிலையும் கற்றுவருகிறார்கள். அதுபோலவே நமது இந்திய சிறுவர்களும் சிலர் அங்கு சென்று பயின்றுவருகிறார்கள்.

***

இந்தியாவில் தக்ஷணம், கர்நாடகம் முதலான இடங்களில் சென்ற அக்டோபர் மாதம்வரை மழையில்லாமல் பயிர்கள் எரிந்துபோய்விட்டதால், ஏழைஜனங்களுக்கு [illegible] ஏற்படுத்தும்படி [illegible] திருக்கிறார்கள்.

Pohoomull Brothers,

WHOLESALE & RETAIL DEALERS.

Depots in India, Egypt, Gibraltar, Malta, China, Japan, Manilla, Zanzibar, Beira, Salisbury, Johannesburg, Durban, &c., &c.

All fashionable goods, silks of every variety, IMPORTED DIRECTLY

Corner Longmarket & Parliament Streets.

Telegrams: "POHOOMULL," CAPE TOWN. Box 1126.

DURBAN: 100 QUEEN STREET. Box 621.

ABDOL GANIE, - General Dealer.

SOFT GOODS, GROCERIES and MERCHANDISE of all description always in stock.

5 & 7 CROSS STREET, CAPE TOWN

અબદુલ ગની.
જનરલ ડીલર.
કાપડ, ગ્રોસરી અને બીજા દરેક જાતનો માલ સ્ટોકમાં રાખનાર.
૫-૭ ક્રોસ સ્ટ્રીટ, કેપટાઉન.

अबदुलगनी,
जनरल डीलर,
कपड़, ग्रोसरी और दुसरी सब रकमका माल स्टोकमें रखनेवाला.
५-७, क्रोस स्ट्रीट, केपटौन.

மேற். அப்தில்கனி ஸ்டோரில் மேன்மையான பலவித சாமான்கள் எப்பொழுதும் இருப்பிலிருக்கின்றன.
அப்தில்கனி, ஜெனரல் டீலர்,
5. அண்ட் 7. கிராஸ் ஸ்டிரீட், கேப்டவுன்.

Prof. L. Doovey, Indian Herbalist and Palmist, Cape Town,

Inventor of the famous RHEUMATIC LOTION.

Testimonials from REV. I. J. RETIEF, ARTHUR GARCIA, ESQ., R.M., UITENHAGE, and many others.

પ્રોફેસર એલ. દવે.
ઇન્ડિઅન વનસ્પતિ ઔષધિ રાખનાર અને જાણનાર તથા રેખાશાસ્ત્રી. સંધીવાની પાણી જેવી પ્રસિદ્ધ દવાના શોધક. રેવરન્ડ એફ. જે. રટીફ, આરથર ગ્રેશીઆ એસક્વાયર વિગેરેનાં સરટીફીકેટો છે.
કેપટાઉન

प्रोफेसर एल. दवे, (इन्डियन.)
वनस्पतिके औषधोंका संग्रह रखनेवाले और पिछाननेवाले हस्तरेखाशास्त्री तथा सन्धीवाके लीये पानीलेप जगतप्रसिद्ध दवाका शोधक. सर्टीफिकेट बहुत मिला है. केपटौन.

வாத பிட்டிப்புக்கு மிகவும் பெயர்பெற்ற [illegible] இந்தியன் பண்டிதர். [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] கேப்டவுன்.

J. M. H. Gool

Importer of Indian Produce and Exporter of Cape Snoek in all parts of South Africa, except Durban, Natal, where JALBHOY & SORABJI BROS., are our Sole Agents.

જુસફ મોલવી હમીદ ગુલ.
ઇન્ડિઅન પ્રોડ્યુસ મરચંટ.
નાતાલમાં ડરબન શિવાય તથા સાઉથ આફ્રિકામાં બધે ઠેકાણે; કેપ સ્નુક મચ્છી પહોંચાડવામાં આવે છે. ડરબનમાં અમારા ખાસ એજન્ટ જાલભાઇ એન્ડ સોરાબજી બ્રધરસને ત્યાંથી બધી ખબર મળી શકશે.
૧૨૯ કેસલ સ્ટ્રીટ,
ટેલીગ્રાફ એડ્રેસ "ગુલ,"
કેપ ટાઉન.

129 CASTLE ST., CAPE TOWN

Telegrams and Cablegrams: "GOOL," Cape Town.

Haji Sulaiman

Shah Mahomed,

Estate Owner,

164 BREE STREET,

—CORNER OF—

BLOEM STREET, CAPE TOWN.

TELEGRAMS: "SHAHMAHOMED," CAPETOWN.

A. CADER,

General Importer and Agent

SUB-AGENT FOR THE

Indian Department, German East African Line.

42 CHURCH STREET, CAPE TOWN.

Ebrahim Noroodeen,

General Dealer

—AND—

Family Grocer,

140 ALBERT ROAD, WOODSTOCK.

BRANCHES: Capetown, Salt River, Observatory, and Wynberg.

RATANJEE NOWROSJI,

Direct Importer and Mineral Water Manufacturer

રતનજી નવરોઝજી.
ડાયરેક્ટ ઇમ્પોરટર અને મીનરલ વોટર બનાવનાર.
ક્લેરમોન્ટ કેપકોલોની

CLAREMONT, CAPE COLONY.

SHAIKH ALIE,

ESTATE OWNER.

HOUSES TO LET.

19 EYER STREET, CAPE TOWN.

W. F. JOHNSTONE,

Timber Merchant, - -
Builder and Contractor.

DURBAN, NATAL, P.O. BOX 138.
JOHANNESBURG - - - - - - - P.O. BOX 1869.

A. M. KHARVA

GENERAL MERCHANT.

Upper Murchison St.,

LADYSMITH.

